લે-મિઝેરાબ્લ

ઉર્ફે પતિતપાવન

— વિક્ટર હ્યૂગો

સંપાદક : ગોપાળદાસ પટેલ



વિશ્વ સાહિત્ય અકાદમી

વિશ્વ સાહિત્યનો આસ્વાદ માણો

ગાંધીવાદી સ્વતંત્ર વિચારક અને રાષ્ટ્રીય કેળવણીકાર શ્રી મગનભાઈ પ્રભુદાસ દેસાઈની પ્રેરણાથી શ્રી ગોપાળદાસ જીવાભાઈ પટેલે વિશ્વ-સાહિત્યની કહી શકાય એવી વિશ્વના મોટા સાહિત્ય સમ્રાટોની જાણીતી મોટી નવલકથાઓના, પોતે વિચારી કાઢેલી એક ખાસ શૈલીમાં, 'વિસ્તૃત' અને 'સચિત્ર' સંક્ષેપો ઢગલાબંધ બહાર પાડ્યા છે. આ સુંદર અને ઉપયોગી પરંપરાને કાયમી સ્વરૂપ આપવાને **"વિશ્વ-સાહિત્ય અકાદમી"** નામની ખાસ નવી સંસ્થા સ્થાપવામાં આવી છે.

અકાદમીની મંગલ-યોજનાનું આ પ્રથમ પુષ્પ છે. તે શ્રી મગનભાઈ દેસાઈના 'શિક્ષણ અને સાહિત્ય' માસિકમાંથી ચૂંટવામાં આવ્યું છે. દર મહિને ગુજરાતી વાચકને આવું એક સુગંધીદાર પુષ્પ ભેટ આપવાનો અકાદમીએ સંકલ્પ કર્યો છે. બત્રીસ પાંખડીવાળું આ પુષ્પ દર માસની પહેલી તારીખે ખીલશે. આ માળામાં હવે પછી નીચેની પુસ્તિકાઓ પ્રસિદ્ધ થશે:

અમરવેલ, અવળ-વાણી, આઈન્સ્ટાઈનની ધર્મદૃષ્ટિ, હૅરોલ્ડ લાસ્કીની જીવનદૃષ્ટિ, દીન-દુઃખિયાંનો બેલી આલ્બર્ટ શ્વાઈટ્ઝર, કલાગુરુ રવિશંકર રાવલ અને નંદલાલ બોઝ, માતૃભાષામાં ન્યાય, ચિંતન-મણિમાળા, યોગ અને સાચું પર્યાવરણ, ડૉ. ભમગરાનું આરોગ્ય-વિજ્ઞાન, ડૉ. વી. પી. ગિદવાણીનો 'નિસર્ગોપચાર'.

વિશ્વ-સાહિત્ય અકાદમી ગ્રંથમાળા-૧

લે મિઝેરાબ્લ

ઉર્ફે

પતિતપાવન

[વિક્ટર હ્યૂગો કૃત નવલકથાનો વિક્રમ સંક્ષેપ]

સંપાદક

ગોપાળદાસ જીવાભાઈ પટેલ

"અજ્ઞાન અને દારિદ્ર આ પૃથ્વી ઉપર જ્યાં લગી કાયમ હશે, ત્યાં લગી આ જાતનાં પુસ્તકો હરગિજ નિરુપયોગી નહિ બને."

— વિક્ટર હ્યૂગો

વિશ્વ-સાહિત્ય અકાદમી
સરદાર-બ્રિગેડ હૉલ,
૧૭૦, સત્યાગ્રહ છાવણી,
સેટેલાઈટ, અમદાવાદ-૧૫

પ્રકાશક :

ડૉ. રજનીકાન્ત જોશી
વિશ્વ-સાહિત્ય અકાદમી, સરદાર-બ્રિગેડ હૉલ,
૧૭૦, સત્યાગ્રહ છાવણી, સેટેલાઈટ, અમદાવાદ-૧૫

મુદ્રક :

ધુરંધર
ઓશો આત્મદર્શન જ્ઞાનમુદ્રા,
ધરતી પે અપના ડેરા, ૧૭૦, સત્યાગ્રહ છાવણી,
ફૂલવાડી આશ્રમ, સેટેલાઈટ, અમદાવાદ-૧૫

બીજી આવૃત્તિ, પ્રત ૨૦૦૦

મુખ્ય વિક્રેતા :

નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ-૧૪
અને
વર્લ્ડ ક્લાસિક મ્યૂઝિયમ, સરદાર-બ્રિગેડ હૉલ,
૧૭૦, સત્યાગ્રહ છાવણી, સેટેલાઈટ, અમદાવાદ-૧૫
ફોન : ૬૭૫૧૫૦૧, ૬૭૪૬૫૭૮

કિંમત ૧૦૦ રૂપિયા

તા. ૧-૫-'૯૮

અર્પણ

પરમ પિતા-ગુરુ

શ્રી. મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

-ને ચરણે

જેમના સંસ્પર્શે મારા બધા દોષો
ગળાઈ ગયા, અને હું માટીમાંથી
માનવ બન્યો.

ગોપાળદાસ જીવાભાઈ પટેલ

કૃતાંજલિ

જગ-વિખ્યાત ફ્રેન્ચ સાહિત્યકાર વિકટર હ્યૂગોની આ મશહૂર અમર કૃતિનો કિશોરભોગ્ય વિક્રમ સંક્ષેપ ભાઈ ગોપાળદાસે, મારી સૂચનાથી તૈયાર કર્યો છે. પરિવાર સંસ્થાએ એક વિસ્તૃત સચિત્ર સંક્ષેપ પણ પ્રસિદ્ધ કર્યો છે. હ્યૂગોની આ કથા એવી છે કે, સર્વ-વયીઓને તેમાં રસ પડે; એટલું જ નહિ વારંવાર વાંચતાંય થાક ન લાગે — બલ્કે ફરી ફરી વાંચવા મન થાય. આવો સુંદર સંક્ષેપ ભેટ આપવા બદલ ગુજરાતી વાચકોએ ગોપાળદાસનો અને પ્રકાશક સંસ્થાનો આભાર માનવો ઘટે છે.

હ્યૂગોની આ કથા આજના યુગમાં પણ ખૂબ રસથી અને પ્રેમપૂર્વક વંચાય છે. તે બતાવે છે કે, વ્યક્તિ અને વસ્તુ વચ્ચે જ પસંદગી કરવાની હોય, તો વ્યક્તિ જ ચડે; કેમ કે પસંદગી વ્યક્તિ જ કરે છે વસ્તુ વ્યક્તિ માટે છે, નહીં કે વ્યકિત વસ્તુ માટે. આજના જડવાદો વ્યકિતને વસ્તુ માટે બનાવીને દુનિયાનો ધાર્યો ઘાટ ઉતારવા તાકે છે, એમ ખરું. છતાં, તે સિદ્ધાંતના પિયેર રૂપ એવા રશિયામાં પણ ટૉલ્સ્ટૉય ઈ૦. જેવા સાહિત્ય-સ્વામીઓ રસપૂર્વક પાછા વંચાય છે. એ બતાવે છે કે, માનવ-હૃદય છેવટે છે તેવું જ છે. તેનો પ્રેમ અન્ય માટે છે; પ્રેમપાત્ર જનોને સારુ ઘસાઈ મરવાને માટે તે હૃદયમાં ઊંડી ભાવના પણ છે જ. આ તે કાયદા-કાનૂન દ્વારા તેમાં ભાગ્યે ફેરફાર કરી શકાય. ગરીબાઈ ઈ૦ ગુનો નથી; પરંતુ આવા માનવપ્રેમ કે હૃદયધર્મનો દ્રોહ એ મૂળ ગુનો છે. આવા પ્રેમધર્મની સાક્ષાત્ વફાદારીનું આ કથાચિત્ર વાંચતાં અપૂર્વ સંતોષ અને આત્મતૃપ્તિ થાય છે. ભાઈ ગોપાળદાસની આ ચોપડી માટે કાંઈક લખવાને મિષે હ્યૂગોની આ કથાનું ચિંતન-મનન કરવાની જે તક મળી, તેને માટે આભારપૂર્વક, તે મહાન માનવ-કથાકાર માટેની આ મારી કૃતાંજલિ પૂરી કરું છું.

ભાઈ ગોપાળદાસે ગુજરાતી ભાષામાં વિશ્વ-સાહિત્યનો જે અદ્ભુત ધોધ વહેવડાવ્યો છે તે માટે તેમને અને તેમની પ્રકાશક સંસ્થાને ધન્યવાદ આપું છું.

મગનભાઈ દેસાઈ

૨-૧૦-૧૯૬૮

જીવનધર્મ કયો !

'લે મિઝેરાબ્લ' આ નવલકથાએ વિશ્વ-સાહિત્યમાં ક્યારનું સ્થાન મેળવ્યું છે. નવલકથા અને નવલકથાકાર બંનેની શતાબ્દી ઊજવવાનો આ સમય છે.

આ નવલકથા વાંચીને જ મારા મનમાં એક વિચાર જાગ્યો તે મેં અનેક ઠેકાણે વાપર્યો છે.

દરેક નવલકથામાં નાયક નાયિકા ઉપરાંત એક મંગલમૂર્તિની પણ આવશ્યકતા હોય છે. 'લે મિઝેરાબ્લ'માં નાયક ઉપર પોતાની ક્ષમાયુક્ત ઉદારતાની અમીટ અસર પાડનાર એક બિશપ પ્રારંભમાં આવીને ગાયબ થઈ જાય છે. ફરી એનાં દર્શન તો શું, ઉલ્લેખ પણ મળે નહીં. અને છતાં એ મંગલમૂર્તિ બિશપની અસર આખી વાર્તામાં આખર સુધી દેખાય છે.

રવિબાબુની 'ઘરે બાહિરે'માં નાયક નાયિકાના જીવન ઉપર નત નયને અનિમિષે આશીર્વાદ રેડનારા અધ્યાપક એ મંગલમૂર્તિ છે.

મહાભારતમાં શ્રીકૃષ્ણ ભગવાન, વ્યાસ અને વિદુર એ ત્રણેને આપણે મંગલમૂર્તિ ગણી શકીએ. રામાયણ માટે 'કઠોરગર્ભા' સીતાને આશ્રય આપનાર અને એમનાં બાળકોનું સંગોપન કરનાર વાલ્મીકિ પોતે જ મંગલમૂર્તિ છે.

આ નવલકથાને કારણે એનો નાયક જૉં વાલજૉં ઐતિહાસિક વ્યક્તિ જેવો થઈ ગયો છે.

જીવનમાં સર્વશ્રેષ્ઠ શું? ત્રાજવાનો અણિશુદ્ધ કાનૂની ન્યાય? કે માણસાઈની અપાર ઉદારતા, ક્ષમા અને પ્રેમ? આ વાર્તામાં ચળકતો પોલીસ ઑફિસર કાનૂનમાં માને છે. ત્યાં એ હાર્યો ત્યારે એને અણગમતો ઉદારતાનો ધર્મ સ્વીકારવાને બદલે એ આત્મહત્યા કરે છે. એની સ્વધર્મ-નિષ્ઠા અને એના ધર્મની વિફલતા બંને આપણા હૃદય ઉપર અંકાઈ જાય છે.

આવી વિશ્વમાન્ય નવલકથાનો વિક્રમ સંક્ષેપ ગુજરાતીમાં આણી આપનાર મારા જૂના સાથી શ્રી. ગોપાલદાસભાઈને હાર્દિક અભિનંદન.

૧૨-૧૦-'૬૩

काका कालेलकर

વિશ્વ-સાહિત્ય અકાદમીનું નિવેદન

ગો. – ગોપાળદાસ જીવાભાઈ પટેલના નામથી કયો વિશ્વ-સાહિત્ય-પ્રેમી ગુજરાતમાં અજાણ છે? તેમની પ્રથમ પુણ્યતિથિ તારીખ ૨ જી જુલાઈ ૧૯૯૭ના પુણ્ય-પ્રસંગે શ્રી દર્શનસિંગ શીખની અધ્યક્ષતામાં એક જાહેર પ્રાર્થના-સભા યોજવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી ગોપાળદાસ પટેલે તૈયાર કરેલ 'ગુરુ નાનકની વાણી' પુસ્તકનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. આ પ્રાર્થના-સભામાં હાજર રહેલ ઉત્સાહી વિશ્વ-સાહિત્યના રસિયાઓએ તેમને પોતાની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. શ્રી મગનભાઈ પ્રભુદાસ દેસાઈની પ્રેરણાથી માતૃભાષા ગુજરાતીમાં તેમણે વિશ્વ-સાહિત્યનો અદ્ભુત ધોધ વહેવડાવ્યો છે. શિષ્ટ, સરળ, શુદ્ધ, માતૃભાષા ગુજરાતીમાં સુંદર છપાઈ અને સુરમ્ય ઉઠાવ [સચિત્ર] સાથે ગુજરાતની ભાવી પેઢીને તેમણે એકલે હાથે, વિદેશી સાહિત્ય સમ્રાટોનાં ઢગલાબંધ પુસ્તકો ભેટ આપ્યાં છે. આ સુંદર અને ઉપયોગી પરંપરાને કાયમી સ્વરૂપ આપવા માટે 'વિશ્વ-સાહિત્ય અકાદમી' નામની નવી સંસ્થા તેમની પુણ્ય-તિથિએ સ્થાપવામાં આવી છે. આ નવી સંસ્થા સ્વતંત્રપણે ગુજરાતમાં ઉત્તમ સાહિત્યના સર્જન અને પ્રસાર માટે સર્વાંગી બનતા બધા પ્રયત્નો કરશે.

તા. ૧ લી મે ૧૯૯૮થી સ્વાધ્યાય માટે બત્રીસ પાનની નાનકડી પુસ્તિકાઓ [જગતના ઘડવૈયા, ભારતના ઘડવૈયા, ગુજરાતના ઘડવૈયા અને જ્ઞાન-વિજ્ઞાનની પુસ્તિકાઓ] ગુજરાતી વાચકને ભેટ આપવાનો, પણ તેણે સંકલ્પ કર્યો છે.

વિશ્વ-સાહિત્ય અકાદમીની મંગલ યોજનાનું આ પ્રથમ સુગંધીદાર પુષ્પ છે. તેની મહેક પણ જબરી છે. 'લે-મિઝેરાબ્લ' પુસ્તકનો આ વિક્રમ સંક્ષેપ છે. તેના વનમાળી પણ 'ગોપાળદાસ પટેલ' જ છે. આ અગાઉ શ્રી ગોપાળદાસ પટેલે વિક્ટર હ્યૂગોની જગ-પ્રસિદ્ધ નીચેની પાંચ સુંદર વાર્તાઓ પ્રસિદ્ધ કરીને ગુજરાતી વાચકની કીમતી સેવા બજાવી છે.

૧. લે મિઝેરાબ્લ યાને દરિદ્રનારાયણ.

૨. 'નાઈન્ટી થ્રી' યાને ક્રાંતિ કે ઉત્ક્રાંતિ.

૩. લાફિંગ મૅન યાને ઉમરાવશાહીનું પોત અને પ્રતિભા.

૪. 'ટોઈલર્સ ઑફ ધ સી'—યાને પ્રેમ-બલિદાન.

૫. 'હંચબૅક ઑફ નોત્રદામ'—યાને ધર્માધ્યક્ષ.

આપણી યુવાન પેઢીને સમૃદ્ધ કરવી હશે તો આવું સુંદર સાહિત્ય ઢગલાબંધ તેમને પીરસવું પડશે. તેથી તેમને એ વિશ્વ-સાહિત્યનાં મોટાં પુસ્તકોનો વાર્તારસ સહેજે સુલભ થા, પોતાના અમૂલ્ય સાહિત્ય-વારસા તરફ તેમની પહેલેથી નજર જાય, તેમની સુરુચિ કેળવાય તથા માનવ-સાહિત્યમાં સંઘરાયેલ અમર સંસ્કાર-વારસાના પરિચયમાં તેઓ આવે. એથી તેમની દૃષ્ટિ અને એમનું વ્યક્તિત્વ પણ બહુદેશી, વ્યાપક અને સર્વાંગિણ બને. ઉદાર મતવાદી કેળવણી સાધવામાં એ વસ્તુ સારું કામ દઈ શકે.

હવે પછી આ ગ્રંથમાળામાં શ્રી ગોપાળદાસ પટેલે ઓશોનાં પદો પરથી તૈયાર કરેલ સંતોની પ્રસાદી [કબીર, મીરાં, પલટૂ, દાદૂ, મલૂક, ૧૦ની અમૃત-વાણી] અને ચાર્લ્સ ડિકન્સ તથા સર વૉલ્ટર સ્કૉટની વાર્તાઓ 'આઈવન હો', 'બ્લીક હાઉસ', અને 'ઑલ્ડ ક્યૂરિયૉસિટી શૉપ' પ્રકાશિત કરવાની યોજના કરી છે. 'લે-મિઝેરાબ્લ'ની હિંદી આવૃત્તિ અને 'થ્રી-મસ્કેટિયર્સ' ૧ થી ૫ હાલ પ્રેસમાં છે.

ઉપરાંત વિશ્વ-સાહિત્ય પરિવાર શ્રેણીમાં બત્રીસ પાનની નાનકડી નીચેની પુસ્તિકાઓ દર માસે પ્રસિદ્ધ થશે.

અમરવેલ, અવળ-વાણી, માતૃભાષામાં ન્યાય, ભારતનું બંધારણ, રાષ્ટ્રીય એજંડા, આઈન્સ્ટાઈનની ધર્મદૃષ્ટિ, હૅરોલ્ડ લારકીની જીવનદૃષ્ટિ, બર્ટ્રાન્ડ રસેલની ચિંતનસૃષ્ટિ, રવિશંકર રાવલ અને નંદલાલ બોઝની કલાદૃષ્ટિ, નિસર્ગવાદી ગાંધી.

ડૉ૦ વી. જી. પટેલ અને તેમના પરિવારે હ્યૂગોની આ સુંદર મઝાની વાર્તા છાપવાની પરવાનગી આપી, તે માટે અકાદમી તેમનો ખાસ આભાર માને છે.

આ પુણ્યના વેપારમાં મદદ કરનાર સૌને ધન્યવાદ.

તા. ૧-૫-'૭૮

ડૉ૦ રજનીકાન્ત જોશી [મંત્રી]
જીવણલાલ શાહ [પ્રમુખ]
વિશ્વ-સાહિત્ય અકાદમી, અમદાવાદ-૧૫

અનુક્રમણિકા

	અર્પણ		૩
	કૃતાંજલિ	મગનભાઈ દેસાઈ	૪
	જીવનધર્મ કયો !	કાકા કાલેલકર	૫
	નિવેદન		૬
૧.	હડધૂત મુસાફર		૩
૨.	બિશપનો મહેમાન		૭
૩.	છેલ્લી ચિનગારી		૧૬
૪.	પેરીસનાં પંખીડાં		૧૯
૫.	મા-દીકરી		૨૪
૬.	ફેન્ટાઇન		૩૪
૭.	જાવર્ટ		૪૦
૮.	વળી પાછો જીન વાલજિન		૪૭
૯.	નં. ૯૪૩૦		૫૫
૧૦.	'વૉટર્લૂનો સારજંટ'		૫૯
૧૧.	પેરીસમાં વસવાટ		૬૭
૧૨.	પીઠનો મઠ		૭૭
૧૩.	નવા ચહેરા, નવી પિછાન		૮૮
૧૪.	મેરિયસનો પડોશી		૯૬
૧૫.	મેરિયસ પગલાં ભરે છે		૧૦૯
૧૬.	થોડાક પાછળ		૧૧૯
૧૭.	સ્ત્રીની ઈર્ષ્યા		૧૨૯
૧૮.	મોરચો પડ્યો		૧૪૧
૧૯.	દાદાને ત્યાં		૧૫૭
૨૦.	એકરાર		૧૬૬
૨૧.	અંત		૧૭૪

લે મિઝેરાબ્લ

[વિકટર હ્યૂગો રચિત 'લે મિઝેરાબ્લ'નો ગોપાળદાસ પટેલે કરેલો વિક્રમ સંક્ષેપ]

૧

હડધૂત મુસાફર

૧૮૧૫ના ઑક્ટોબર માસની શરૂઆતના એક દિવસે, સૂર્યાસ્ત પહેલાં કલાક અગાઉ, એક પગપાળો મુસાફર ડી૦ના નાના શહેરમાં દાખલ થયો. તેના હાથમાં ગઠ્ઠાદાર દંડો હતો, અને ખાંધ પર વજનદાર ઝોયણો.

ચાલતો ચાલતો તે સીધો પોલીસ-થાણામાં ગયો, અને ત્યાં પોતાનો પીળો પરવાનો બતાવી આવ્યો. લાંબી જેલમાંથી છૂટેલા અને ભયંકર ગણાના ગુનેગારને એ પરવાનો આપવામાં આવે છે; અને દરેક ગામમાં દાખલ થતાં તેણે પોલીસ અમલદારને તે બતાવી આવવો પડે છે.

થાણામાંથી નીકળી તે ચાલતો ચાલતો એક વીશી તરફ ગયો. વીશીવાળાએ તેનો ચીંથરેહાલ દેખાવ જોઈને જ કહ્યું, 'પૈસા રોકડા.'

પેલાએ લેંઘાના ખિસ્સામાંથી પૈસાંભરેલી વજનદાર કોથળી બતાવતાં કહ્યું, 'આ રહ્યા!'

'તો હું પણ સેવામાં હાજર છું.' વીશીવાળાએ જવાબ વાળ્યો.

પરંતુ વાળુ તૈયાર થતું હતું તેવામાં તે વીશીવાળાએ છાનામાના ચિઠ્ઠી લખીને થાણામાંથી આ અજાણ્યા વિષે માહિતી પુછાવી લીધી. માહિતી મળતાં જ તેણે દેવતા પાસે તાપવા બેઠેલા પેલા મુસાફરને કહ્યું, 'તને અહીં વાળુ તેમજ પથારી મળી શકે તેમ નથી. અહીંથી ચાલતી પકડ!'

પેલાએ પૈસા અગાઉથી રોકડા આપવા કહ્યું, તથા તબેલામાં કે માળિયામાં ગમે ત્યાં પડી રહેવાનું કબૂલ્યું. પણ વીશીવાળાએ કશું સાંભળવા ઘસીને ના પાડી.

મુસાફર ખિન્ન થઈ, ઝોયણો ખભે નાખી બહાર નીકળી ગયો. દરમ્યાન પેલો વીશીવાળો આસપાસ ભેગા થયેલા લોકોને એ મુસાફર વિષે હાથ લાંબા કરી કરી, કંઈ કંઈ વાતો કહેવા લાગ્યો. સૌને તે સાંભળી ધ્રુજારી વછૂટી ગઈ.

ભૂખ લાગી અને અંધારું થવા આવ્યું, એટલે પેલો મુસાફર ફરતો ફરતો ક્યાંક નાની વીશી જેવું દેખાયું તે તરફ વળ્યો. વીશીવાળાએ ઉતારો આપવાની હા પાડી, એટલે તે પોતાનો ઝોયણો નીચે ઉતારી, થાકથી સૂજેલા પોતાના પગ શેકતો દેવતા પાસે બેઠો; અને ખાવાનું પીરસાય તેની રાહ જોવા લાગ્યો.

ત્યાં બેઠેલામાંનો એક જણ હમણાં જ પેલી મોટી વીશીના તબેલામાં પોતાનો ઘોડો બાંધવા ગયો હતો. ત્યાંથી તે આ નવા આવેલા મુસાફર વિષે અનેક વાતો સાંભળી લાવ્યો હતો. તેણે વીશીવાળાને પાસે બોલાવી કાનમાં કંઈક કહ્યું, એટલે તે તરત પેલા મુસાફર પાસે ગયો અને તેના ખભા ઉપર જોરથી હાથ મૂકીને બોલ્યો, 'અલ્યા એય, ઊઠ, અહીંથી ચાલતી પકડ!'

પેલો સમજી જઈને તરત થેલો અને દંડો ઉપાડી બહાર નીકળ્યો. બહાર કેટલાક છોકરાઓ તેની રાહ જોતા હોય તેમ ઊભા હતા; તેમણે તેના ઉપર પથરા ફેંકવા માંડ્યા. પેલાને ગુસ્સો ચડી આવ્યો. તેમના તરફ દંડો વીંઝતો તે એવો તો તડૂક્યો કે છોકરાઓ પડીને નાઠા!

થોડે દૂર જતાં જેલખાનાનો દરવાજો આવ્યો. તેણે અંદરના ઘંટની દોરીનો છેડો ખેંચ્યો. દરવાજાની નાની બારી ઊઘડી. મુસાફરે નમ્રતાથી ટોપી ઊંચી કરીને કહ્યું, 'જેલર સાહેબ, મહેરબાની કરી મને આજની રાત અંદર સૂવા દેશો!'

અંદરથી જવાબ આવ્યો, 'બેટમજી, આ કંઈ વીશી નથી. પહેલાં કશું પરાક્રમ કરીને કેદ પકડાઈ જા; એટલે તારે માટે આ દરવાજો તરત ખૂલશે.'

મુસાફર હવે ગામને છેડે આવેલી વાડીઓ તરફ આવી પહોંચ્યો હતો. એક વાડી વચ્ચેના નાના મકાનની બારીમાંથી પ્રકાશ આવતો હતો. તેણે બારીના કાચમાંથી અંદર જોયું. છોકરાં સાથે કલ્લોલ કરતું એક કુટુંબ બેઠું હતું. આશાભર્યા હૃદયે તેણે ટકોરા માર્યા.

'પૂછવા બદલ માફ કરજો; પણ પૈસા લઈને તમે મને થોડું ખાવાનું આપશો? તથા આજની રાત બહારની ઓરડીમાં ક્યાંક પડી રહેવા દેશો?'

'તમે કોણ છો?'

'હું બંદરેથી આવ્યો છું; અને આખો દિવસ ચાલ્યો છું.'

'પણ તમે વીશીમાં કેમ નથી જતા?'

'ક્યાંય જગા નથી.'

'અરે, એ તે કંઈ વાત છે? આજે નથી બજારનો દિવસ કે નથી મેળાનો દિવસ!'

મુસાફરે આનાકાની સાથે કહ્યું, 'કોણ જાણે શાથી, પણ મને ના પાડી.'

ઘરધણીનો ચહેરો હવે એકદમ બદલાવા લાગ્યો. તેણે પણ ગામમાં આવેલા ભામટા વિષે વાતો સાંભળી હતી. તરત ભીંતેથી બંદૂક હાથમાં લઈ, પેલા તરફ તાકીને તેણે બૂમ પાડી, 'અલ્યા, તું પેલો ભામટો તો નથી ને? ચાલ, ભાગ અહીંથી!' અને પછી ભડાભડ બારણું બંધ કરી દીધું.

રાત હવે ઝપાટાબંધ વધવા લાગી હતી. કડકડતી ઠંડી બચકાં ભરતી હતી. થોડે દૂર રસ્તા પાસે એક નાની ઝૂંપડી જેવું દેખાયું. મુસાફરે માન્યું કે રસ્તો સમારનારાઓ દિવસે નાનાં ઝૂંપડાં જેવું ઊભું કરે છે, તેમાંનું કંઈક હશે. ટાઢમાંથી તો બચાશે એમ માની તે નીચો નમી અંદર પેઠો. અંદર પરાળની પથારી જેવું બિછાવેલું હતું. થાકયો હોવાથી તે ખાંધેથી ઝોયણો પણ ઉતાર્યા વિના તરત તેના ઉપર આડો

પડચો. એટલામાં બારણા પાસે ખોખરો ઘુરકાટ સંભળાયો. એક શિકારી કૂતરો પોતાના ઘોલકામાં કોઈ માણસને પેઠેલો જોઈ, તેના ઉપર તૂટી પડવાની તૈયારીમાં હતો. મહામહેનતે, ઝોયણાને તથા દંડાને વીંઝતો વીંઝતો પેલો બહાર નીકળીને નાઠો; પણ તેનાં ફાટેલાં કપડાંનાં બાકોરાં વધુ પહોળાં તો થયાં જ.

કંઈક દૂર ગયા પછી એક દેવળનું શિખર નજરે પડતાં તે ત્યાં ગયો અને દરવાજા પાસેના પથ્થરના બાંકડા ઉપર આડો પડચો. થોડી વાર પછી એક ડોસીમા અંદરથી નીકળ્યાં. તેમણે તેને આમ સૂતેલો જોઈ કહ્યું, 'ભાઈ, આમ કેમ સૂતો છે? વીશીમાં કેમ જતો નથી?'

'મારી પાસે પૈસા નથી.'

'અરેરે, મારી પાસે પણ અત્યારે બે પેન્સ જ છે.'

'લાવો એટલા તો એટલા.'

'લે; પણ એટલા વડે તું વીશીમાં તો નહીં જ રહી શકે. આ કકડતી ઠંડીમાં તું આખી રાત અહીં શી રીતે પડચો રહીશ? તું ભૂખ્યો પણ થયો હશે. કોઈ દયા લાવીને કદાચ તને ઘરમાં લેશે. પૂછ તો ખરો.'

'મેં બધાં બારણાં ઠોકી જોયાં છે.'

'પછી?'

'બધેથી મને હાંકી કાઢવામાં આવ્યો છે.'

પેલી ભલી બાઈએ તેના ખભા ઉપર હાથ મૂકી, બિશપના મહેલ પાસેના એક નાના મકાન તરફ આંગળી કરીને કહ્યું, 'પેલું બારણું તેં ઠોકચું છે?'

'ના.'

'તું તે બારણું ઠોક. એ બારણું કોઈને માટે કદી બંધ નથી રહેતું.'

૨

બિશપનો મહેમાન

૧

ઈ.સ. ૧૮૦૬માં ૬૬ વર્ષની આધેડ વયના મોં. ચાર્લ્સ મિરેલ ડી૦ પરગણાના બિશપ (ધર્માચાર્ય)ને પદે નિમાઈને આવ્યા હતા. તેમની સાથે તેમનાં વૃદ્ધ કુમારિકા બહેન શ્રીમતી બૅપ્ટિસ્ટાઇન હતાં. તે તેમનાથી ૧૦ વર્ષ નાનાં હતાં. ઉપરાંતમાં તે બહેનની જ ઉંમરની એક નોકરડી હતી. તેનું નામ મૅગ્લોઈર હતું.

મોં. મિરેલ નિમાઈને આવ્યા, ત્યારે ધર્માચાર્ય માટેનો આલેશાન મહેલ તેમને ઉઘાડી આપવામાં આવ્યો. તે મહેલ પથ્થરનો બનાવેલો હતો, અને તેમાં મોટી મોટી કમાનોવાળાં ભવ્ય દીવાનખાનાં તથા ઓરડાઓ હતા. મહેલની આસપાસ મોટો બગીચો હતો. તેની પડોશમાં ધર્માદા ઈસ્પિતાલનું સાંકડું નીચું મકાન હતું. તેને ઉપર એક જ માળ હતો અને આસપાસ નાનોસરખો બગીચો હતો.

મોં. મિરેલ પોતાના આગમન બાદ ત્રીજે દિવસે ઈસ્પિતાલની મુલાકાતે ગયા. છવ્વીસ પથારીઓ અડોઅડ સંકડાશમાં ગોઠવેલી હતી. અંદર પૂરતી તાજી હવા આવી શકે એવું પણ ન હતું. કોઈ રોગચાળો ફાટી નીકળતો, ત્યારે તો સો સો દરદીઓ એકીસાથે આવી પડતા. તેવે વખતે તેમની જગા ક્યાં કરવી, એની કોઈને ભાગ્યે સૂઝ પડતી.

મોં. મિરેલે એ બધું જોઈ, તરત ઈસ્પિતાલના વ્યવસ્થાપકને બોલાવી હુકમ આપ્યો કે, ઈસ્પિતાલને મહેલમાં ખસેડવી, અને ઈસ્પિતાલનું મકાન પોતાને રહેવા માટે ખાલી કરી આપવું!

વ્યવસ્થાપક એ હુકમ સાંભળી આભો જ બની ગયો. પરંતુ બીજે જ દિવસે ૨૬ ગરીબ દરદીઓની પથારીઓ ધર્માચાર્યના મહેલના ભવ્ય ઓરડાઓમાં ગોઠવાઈ ગઈ. તેના ભવ્ય બગીચામાં બેસી, દરદીઓ નિરાંતે તડકો ખાવા લાગ્યા.

મોં. મિરેલને ધર્માચાર્ય તરીકે રાજ્ય તરફથી પંદર હજાર ફ્રાંકની રકમ* મળતી હતી. જે દિવસે મોં. મિરેલે ઇસ્પિતાલના મકાનમાં ઘર બદલ્યું, તે જ દિવસે તેમણે પોતાના ઘરખર્ચ માટેનું અંદાજપત્ર તૈયાર કરી દીધું. તેનું નામ હતું ઘરખર્ચ; પરંતુ એક હજાર ફ્રાંક જેટલી રકમ ઘરખર્ચ માટે બાદ કરતાં, જુદી જુદી કેટલીય રકમો કેળવણી, ગરીબ-રાહત, કેદી-રાહત, સ્ત્રી-વિકાસગૃહ વગેરે સંભાળતી ધર્માદા સંસ્થાઓની મદદ માટે લખી દીધેલી હતી!

બિશપે પોતાના ઘરના બારણાને નકૂચો કે સાંકળ રહેવા દીધાં ન હતાં. તે કહેતા કે, 'વૈદના ઘરનું બારણું કદી બંધ ન કરવું જોઈએ; અને પાદરીના ઘરનું બારણું હંમેશ ઉઘાડું રહેવું જોઈએ.'

શરૂઆતમાં તો સ્ત્રીઓ એ સદા-ઉઘાડા બારણાથી ગભરાઈ હતી; પણ છેવટે બિશપની શ્રદ્ધામાં તેઓ પણ ભાગીદાર બની. વળી, ઘરમાં ચોરી જવા જેવું હતું પણ શું? જોકે, એક વાત કબૂલ કરી દેવી જોઈએ કે, જૂની મિલકતમાંથી છ ચાંદીની તાસકો, એક મોટો ચમચો, અને દાદીમાના સંભારણાની રૂપાની બે દીવીઓ એટલાં વાનાં હજુ બાકી હતાં. ચાંદીનાં વાસણો રોજ વાપરીને બિશપના સૂવાના ઓરડામાંના એક હાટિયામાં મૂકવામાં આવતાં. પણ તે હાટિયાની કૂંચી તાળામાં જ રહેતી, દીવીઓનું સ્થાન અભરાઈ ઉપર હતું.

મૅગ્લોઇર ડોસી આજે સાંજના કાંઈક ખરીદવા શહેરમાં ગઈ હતી. ત્યાંથી એક ભયંકર ભામટો શહેરમાં આવ્યાની

* આશરે ૮૯૦૦ રૂપિયા.

વાત તે સાંભળી લાવી હતી. "એ ભામટો ભારે ખૂની માણસ છે; અને કોઈ વીશીવાળાએ તેને પૂરા પૈસા લઈને પણ પોતાને ત્યાં એક રાત પૂરતોયે રહેવા દેવાની હિંમત કરી નથી. હજુ તે ભામટો ગામમાં જ ક્યાંક ભટક્યા કરે છે. બધા લોકો વેળાસર બારણાં બરાબર બંધ કરી, સાવધાન થઈ ગયા છે; પણ આપણે તો અહીં બારણાને સાંકળ-નકૂચો કાંઈ જ નથી. નામવર જો રજા આપે, તો તે વાળુ કરવા બેસે તે દરમ્યાન લુહારને અબઘડી બોલાવી લાવું અને આજની રાત પૂરતી સાંકળ નંખાવી લઉં. નામવરને હંમેશ 'અંદર આવો' એમ જ બોલવાની ટેવ છે; અને મધરાતેય આ ઘરનું બારણું ઉઘાડવા કોઈને રજા માગવી પડે તેવું શું છે?"

બિશપ વાળુ કરવા ખુરશીમાં આવીને બેઠા ત્યાં સુધીમાં તેમને કાને પડે તે રીતે મૅગ્લોઈર ડોસીએ ફરીથી આ આખી વાત કહી સંભળાવી. તે જ ઘડીએ મુખ્ય બારણા ઉપર કોઈએ જોરથી લાકડી વડે ટકોરો માર્યો.

'અંદર આવો,' બિશપે કહ્યું.

એની સાથે જ, જોરથી ધક્કો મારીને ઉઘાડી નાખ્યું હોય તેમ, બારણું ઊઘડી ગયું, ને પેલો મુસાફર અંદર દાખલ થયો.

મૅગ્લોઈરમાં તો ચીસ પાડવા જેટલાય હોશ ન રહ્યા; અને બૅપ્ટિસ્ટાઈન પણ ચોંકીને અર્ધી ઊભી થઈ ગઈ. બિશપે પોતાની શાંત નજર આવનાર ઉપર ઠેરવી. પણ તે કંઈ પૂછે તે પહેલાં પેલાએ મોટા અવાજે સંભળાવી દીધું —

'મારું નામ જીન વાલજિન છે. લશ્કરી વહાણ ઉપર કેદી-ગુલામ તરીકે ૧૯ વર્ષ સજા ભોગવીને હું ચાર દિવસ ઉપર જ છૂટ્યો છું; અને પૉંટO જવા નીકળ્યો છું. શહેરમાંથી બધાએ મારા પીળા પરવાનાને કારણે મને તગેડી મૂક્યો છે. હું ખુલ્લાં ખેતરોમાં પડી રહેત, પણ વાદળ ઘેરાયેલાં હોવાથી

વરસાદની બીકે હું પાછો ફર્યો છું. દેવળ પાસેની એક છાટ પાસે હું સૂતો હતો, તેવામાં એક ભલી બાઈએ મને આ બારણું ઠોકી જોવા કહ્યું. આ વીશી છે? મારી પાસે પૈસા છે. ૧૯ વર્ષ વહાણમાં કેદી તરીકે મજૂરી કરીને હું ૧૦૯ ફ્રાંક* કમાયો છું. હું બહુ થાકયો છું અને મને કકડીને ભૂખ લાગી છે. તમે મને આજની રાત રહેવા દેશો?'

'મૅગ્લોઈર બાનુ,' બિશપે કહ્યું, 'ટેબલ ઉપર બીજું ભાણું મૂકો, અને અંદરના ઓરડાવાળી પથારી ઉપર નવી ચાદર બિછાવો.'

બંને સ્ત્રીઓ બિશપની આજ્ઞાનું પાલન કરવામાં પાછું જુએ તેમ ન હતી. મૅગ્લોઈર તરત આજ્ઞા મુજબ તૈયારી કરવા અંદર ચાલી ગઈ. બિશપે પેલા તરફ ફરીને કહ્યું, 'બેસો અને જરા તાપતા થાઓ સાહેબ; આપણે હમણાં જ વાળુ કરવા બેસીશું. વાળુનું પરવારીશું, ત્યાં સુધીમાં તમારી પથારી તૈયાર થઈ ગઈ હશે.'

હવે પેલો આ બધાનો અર્થ સમજ્યો. તેના ચહેરા ઉપર ઘેરી નિરાશા અને કાળી કઠોરતાને બદલે નવાઈ અને આનંદની ઉજ્જવળતા છવાઈ રહ્યાં. તે ગાંડાની પેઠે ખચકાતો ખચકાતો બોલ્યો, 'સાચી વાત? સાચી વાત?'

દરમ્યાન મૅગ્લોઈર બાનુએ વાળુનું પીરસવા માંડયું હતું. પેલો ભુખાળવાની પેઠે ખાવા મંડી ગયો.

વાળુનું પત્યા પછી મહેમાનને ઊંઘે ઘેરાતો જોઈ, બિશપે એક મીણબત્તી પોતાના હાથમાં લીધી અને બીજી તેના હાથમાં આપીને કહ્યું, 'આવો સાહેબ, હું તમને તમારી સૂવાની જગા બતાવું.'

જેટલી વખત બિશપ તેમના મૃદુ ગંભીર અવાજે 'સાહેબ' શબ્દ બોલતા, તેટલી વખત પેલાના મોં ઉપર ઉજાસ છવાઈ

---

* આશરે ૬૪ રૂપિયા.

જતો. આટલાં વર્ષ 'કુત્તા' સિવાય બીજું સંબોધન તેણે સાંભળ્યું ન હતું,

પેલાએ પોતાની ઝોયણો અને દંડો ઉપાડી લીધાં. તેની પથારીવાળા ઓરડામાં જતાં બિશપનો સૂવાનો ઓરડો વચ્ચે આવતો હતો. તેઓ ત્યાં થઈને જતા હતા, ત્યારે મૅગ્લોઈર વાળુ વખતે વાપરેલાં ચાંદીનાં વાસણ ઓશીકા તરફના હાટિયાની ટોપલીમાં પાછાં મૂકતી હતી.

અડધી રાતે જીન વાલજિન ઊંઘમાંથી જાગી ઊઠ્યો.

તે બ્રી૦ના એક ગરીબ ખેડૂત-કુટુંબમાં જન્મ્યો હતો. નાની વયે જ તે માબાપ વિનાનો બન્યો હતો : મા રોગમાં સારવારને અભાવે મરી ગઈ, અને બાપ લાકડાં કાપતાં ઝાડ ઉપરથી પડીને મરી ગયો. તેની મોટી બહેને તેને ઉછેરીને મોટો કર્યો. બહેન પોતે જ્યારે વિધવા થઈ, ત્યારે તેનાં સાત બાળકોમાંનું સૌથી મોટું બાળક આઠ વર્ષનું હતું, અને નાનું એક વર્ષનું. જીન વાલજિન હમણાં જ પચીસમે વર્ષે પહોંચ્યો હતો. હવે બહેન અને તેના કુટુંબનું ગુજરાન ચલાવવાનો ભાર તેને માથે આવ્યો. તે ફેવ૦માં કઠિયારો બન્યો.

લાકડાંની મોસમમાં તે રોજના ૧૮ સૂ (પોણા બે આના) કમાતો. તે ઉપરાંત લણવાની કે બીજી જે કાંઈ મજૂરી મળે, તે પણ તે કરતો. તેની બહેન પણ કામકાજ કરતી. પણ સાત સાત છોકરાં લઈને તે કેટલું કરી શકે? એ આખું કુટુંબ ધીમે ધીમે કરુણ ગરીબાઈમાં ઘેરાવા તથા ગૂંગળાવા લાગ્યું.

તેવામાં એક શિયાળો ખરાબ આવ્યો, અને જીન વાલજિન કામ વિનાનો તથા કુટુંબ રોટી વિનાનું થઈ ગયું. અને સાત છોકરાં!

ઈ. સ. ૧૭૯૫ની સાલમાં રવિવારની એક રાતે, એક ભઠિયારાની દુકાનના બારણાનો કાચ તૂટ્યો. બાકોરામાંથી એક

હાથ અંદર પેસીને રોટી ઉપાડવા લાગ્યો. ભઠિયારાએ દોડતા બહાર આવીને ચોરને પકડ્યો. ચોરે રોટી ફેંકી દીધી હતી પણ તેના હાથમાં કાચ પેસી જઈ લોહી દદડતું હતું. તે જીન વાલજિન હતો.

આ ગુના માટે જીન વાલજિનને લશ્કરી વહાણ ઉપર સખત મજૂરીવાળી પાંચ વર્ષની કેદની સજા ફટકારવામાં આવી. વહાણ ઉપરની સજાનું કપરાપણું, તે સજા ભોગવનાર સિવાય બીજા કોઈને કલ્પનામાં આવવું મુશ્કેલ છે.

પરિણામે, વહાણ ઉપરના કેદીઓ તેમાંથી નાસી છૂટવા પ્રયત્ન કર્યા જ કરતા હોય છે. ચોથા વર્ષને અંતે જીન વાલજિનનો નાસી છૂટવાનો વારો આવ્યો. તેના સોબતીઓએ રાબેતા મુજબ તેને મદદ કરી. તે નાસીને બે દિવસ ખેતરોમાં લપાતો ફર્યો. બીજા દિવસની સાંજે તેને પકડી પાડવામાં આવ્યો. આ ગુના માટે ત્રણ વર્ષ વધારીને તેની કુલ સજા આઠ વર્ષની કરવામાં આવી. છઠ્ઠા વર્ષમાં ફરી તેનો નાસવાનો વારો આવ્યો. પાસે જ બંધાતા એક વહાણમાં તે સંતાયો. તરત તે પકડાઈ ગયો. પણ તે વખતે તેણે જે સામનો કર્યો, તે કાયદાની ભાષામાં 'હુલ્લડ' ગણાયું. અને તેને વધુ પાંચ વર્ષની સજા થઈ. તેમાંનાં બે વર્ષ તેને બેવડી સાંકળ પહેરવાની હતી. કુલ તેર વર્ષ. તેરમા વર્ષમાં તેણે નાસવાનો છેલ્લો પ્રયત્ન કર્યો અને તે ચાર કલાક ભાગી છૂટયો. તે ચાર કલાક બદલ તેને બીજાં ત્રણ વર્ષની સજા થઈ. આમ કુલ ૧૯ વર્ષ સજા ભોગવી, તે ૧૮૧૫ના ઑકટોબરમાં છૂટયો,

કેદનાં લાંબાં વર્ષ દરમ્યાન, તેના ચિત્તમાં અનેક વિચાર આવ્યા હતા. તે હાડતૂટ મજૂરી કરવા તૈયાર હતો, પણ તેને પૂરતું કામ કે ખાવાનું કેમ મળતું નહોતું? પોતે ગુનો કરતાં પકડાયો તે ખરી વાત; પરંતુ, ભૂખે મરતાં નાનાં છોકરાંને માટે એક રોટી ચોરવા બદલ આટલી મોટી સજા શા માટે

તેને કરવામાં આવી? એને જેલમાં પૂર્યા પછી એ નાનાં છોકરાંનું શું થયું હશે? તેની કેદના ચોથા વર્ષને અંતે એક જ વાર તેને બહેનના સમાચાર મળ્યા હતા. તે પેરીસમાં એક કંગાળ લત્તામાં રહેતી હતી, અને તેની સાથે નાનામાં નાનો એક છોકરો હતો. બીજાં છ ક્યાં હતાં? કદાચ તે પોતે જ જાણતી નહીં હોય. રોજ વહેલી સવારે તે એક છાપખાનામાં ગડી વાળવાના અને સાંધવાના કામે જતી. તે વખતે તે છોકરો બહાર ટાઢમાં પગથિયાં ઉપર પડયો રહેતો. સાત વાગ્યે નિશાળ ઊઘડે ત્યારે તે તેમાં જતો. એ પછી એ લોકોના કશા સમાચાર તેને મળ્યા ન હતા. જીન વાલજિનને આ બધામાં સમાજનો કશો ન્યાય દેખાતો ન હતો. અને તે પોતે જ હવે એ અવિચારી સમાજને પૂરેપૂરા ધિક્કારથી સજા કરવાના ઈરાદા સાથે જેલમાંથી બહાર નીકળ્યો હતો.

દેવળના ઘડિયાળમાં બેના ટકોરા પડયા. તેણે ફરી ઊંઘવાનો વિચાર કર્યો; પણ તેના મનમાં ઊભરાતા અનેક વિચારોમાં બિશપના સૂવાના ઓરડાના હાટિયામાં મુકાતાં જોયેલાં ચાંદીનાં વાસણનો વિચાર વારંવાર ક્યાંકથી ધસી આવતો હતો. તેમાં જે કડછી જેવો પીરસવાનો ચમચો હતો, તેની કિંમત ૨૦૦ ફ્રાંક જેટલી હશે; અર્થાત્ ૧૯ વરસે તે જે રકમ કમાયો હતો તેનાથી લગભગ બમણી!

આવા વિચારમાં ને વિચારમાં તેણે એક કલાક કાઢી નાખ્યો. પછી ત્રણનો ટકોરો પડતાં જ તે અચાનક બેઠો થઈ ગયો. આખું ઘર શાંત હતું. પગમાંથી જોડા કાઢી તે શ્વાસ ઘૂંટીને ધીમે પગલે બિશપના સૂવાના ઓરડા ભણી ચાલ્યો. કૂંચી હાટિયાના તાળામાં જ હતી. તેણે હાટિયું ઉઘાડી વાસણ-વાળી ટોપલી ઉપાડી. પછી જલદી પોતાની પથારી પાસે આવીને વાસણો પોતાના ઝોયણામાં ઠાલવી દીધાં; ખાલી ટોપલીને બારીમાંથી બહાર ફગાવી દીધી; પોતે બાગમાં થઈને

તેની દીવાલ તરફ દોડ્યો; વાઘની પેઠે છલંગ મારી તેને કૂદી ગયો, અને નાઠો.

બીજે દિવસે મૅગ્લોઈરે બિશપને આ ચોરીના સમાચાર સંભળાવ્યા. 'ભલા ભગવાન, આવા માણસને ઘરમાં પેસવા દેવો, અને બાજુના ઓરડામાં જ સુવાડવો! બાપરે, તે માત્ર ચોરી કરીને જ ગયો; નહિ તો, — મારાં તો રુવાંટાં જ ઊભાં થઈ જાય છે.'

બિશપ નાસ્તો પૂરો કરી ટેબલ પાસેથી ઊઠતા જ હતા, તેવામાં બારણા ઉપર ટકોરો પડ્યો.

'અંદર આવો', બિશપે કહ્યું.

બારણું ઊઘડ્યું અને એક વિચિત્ર તથા ઉશ્કેરાયેલું ટોળું તેમની નજરે પડ્યું. ત્રણ માણસો ચોથાને ગળપટા આગળથી પકડીને ઊભા હતા. તે ત્રણે સિપાઈઓ હતા; અને ચોથો જીન વાલજિન હતો.

બિશપ સાહેબ કાલ રાતના પોતાના મહેમાનને જોઈ ઝટ આગળ દોડી આવ્યા.

'વાહ ભાઈ!' તેમણે મૂંજીની પેઠે નીચે મોંએ ઊભેલા જીન વાલજિન તરફ જોઈને કહ્યું, 'પેલી રૂપાની દીવાદાનીઓ પણ મેં તમને આપી દીધી હતી; વાસણ સાથે તે પણ કેમ ન લેતા ગયા?'

જીન વાલજિને આંખો ઉઘાડી બિશપ સામે એવી નજરે જોયું કે જેનું વર્ણન માનવ ભાષામાં થઈ શકે તેમ નથી.

'નામવર', જમાદાર બોલ્યો. 'ત્યારે તો આ માણસ કહેતો હતો તે સાચી વાત છે? અમે તેને ચોરી કરીને જાણે ભાગી જતો હોય તેમ રસ્તા ઉપર થઈને જતો જોયો, એટલે પકડ્યો. તેની પાસે આ વાસણ હતાં.'

બિશપ વચ્ચે જ બોલી ઊઠ્યા, 'અને તેણે તમને કહ્યું કે, એક ઘરડો પાદરી કે જેને ત્યાં તે રાતવાસો રહ્યો હતો

તેણે તે વાસણ તેને રાજીખુશીથી આપ્યાં છે, ખરું ને? તો પણ તમે તેને અહીં પાછો લાવ્યા એ ખરેખર ભૂલ થઈ છે.'

'તો પછી, અમે તેને જવા દઈએ?'

'અલબત્ત', બિશપે જવાબ આપ્યો.

'તો હું શું છૂટો છું?' તે જાણે ઊંઘમાં બોલતો હોય તેમ બોલ્યો.

'મારા મિત્ર, આ વખતે જતા પહેલાં પેલી તમારી દીવાદાનીઓ લઈ જવાનું ભૂલી ન જતા.' બિશપે ઉમેર્યું.

તે તરત અભરાઈ પાસે ગયા અને ત્યાંથી બંને દીવાદાનીઓ લાવીને તેમણે જીન વાલજિનને આપી. બંને સ્ત્રીઓ એક શબ્દ પણ બોલ્યા વિના કે જરા પણ હાલ્યા વિના જોઈ રહી.

જીન વાલજિન આખે શરીરે ધ્રૂજતો હતો. સિપાઈઓ ચાલ્યા ગયા પછી બિશપે જીન વાલજિન પાસે જઈ ધીમેથી કહ્યું, 'ભાઈ, તું પણ શાંતિથી હવે જા. આ બધાના પૈસાનો ઉપયોગ પ્રમાણિક માણસ બનવામાં કરજે. તું હવે પાપના પંજામાંથી મુક્ત થાય છે. તારા અંતરાત્માને મેં ખરીદી લીધો છે. તેને ઘોર વિચારો અને અધોગતિમાંથી ઉપાડીને હું ઈશ્વરના હાથમાં સોંપું છું.'

૩
છેલ્લી ચિનગારી

જીન વાલજિન જાણે કેદમાંથી નાસી છૂટયો હોય તેમ ડી૦ શહેરમાંથી નીકળી ગયો. આખી સવાર તેણે અજાણતાં એક મોટા ચકરાવામાં ગોળ ફર્યા કરવામાં પૂરી કરી; છતાં તેને ભૂખ જેવું કંઈ લાગ્યું ન હતું. અવનવી લાગણીઓ તેનામાં ઊછળી રહી હતી. તેના હૃદયમાં વીસ વીસ વર્ષથી જામેલું કશુંક પડ ખસી રહ્યું હતું; પણ તેની જગાએ શું આવતું હતું તે એને સમજાતું ન હતું.

સૂર્ય આથમવા આવ્યો ત્યારે એક તદ્દન નિર્જન સપાટ પ્રદેશમાં એક ઝાડવા પાછળ તે બેઠો હતો. ડી૦થી તે લગભગ નવેક માઈલ દૂર આવી ગયો હતો. તે કશા ઊંડા વિચારમાં પડેલો હતો. તેવામાં દૂરથી આવતો કોઈનો આનંદી અવાજ તેને કાને પડયો.

દશેક વર્ષનો એક ગારુડી જેવો છોકરો રસ્તે રસ્તે ચાલ્યો આવતો હતો. તેની ઝોળી તેની બગલ નીચે લટકતી હતી, અને સારંગી પીઠ પાછળ. તે ગાતો હતો તથા વચ્ચે વચ્ચે પોતાની પાસેના થોડા પૈસા કૂકાની પેઠે ઉછાળીને રમતો હતો. તે પૈસામાં બે ફ્રાંકનો ચાંદીનો ગોળ ઢબૂ જેવો સિક્કો પણ હતો. પેલા ઝાડવા પાસે આવીને તેણે પૈસા ઉછાળ્યા, ત્યારે પેલો બે ફ્રાંકનો ઢબૂ ગબડી ગયો અને જીન વાલજિન પાસે જઈ પહોંચ્યો. જીન વાલજિને તરત કશા વિચાર વિના તેના ઉપર પોતાનો પગ દબાવી દીધો.

પેલો છોકરો જરા પણ ગભરાયા વિના સીધો જીન વાલજિન પાસે આવ્યો, અને બોલ્યો —

'સાહેબ, મારો સિક્કો!'

'તારું નામ શું, અલ્યા?'

'નાનો જર્વે, સાહેબ.'

'ચાલ ભાગ, અહીંથી.'

'મારો ચાંદીનો ઢબૂ આપી દો, સાહેબ.'

જીન વાલજિને માથું નીચું કરી દીધું; કશો જવાબ ન આપ્યો.

છોકરાએ ફરીથી કહ્યું, 'મારો બે ફ્રાંકનો ઢબૂ, સાહેબ!' એમ કહી, તેણે જીન વાલજિનનો ગળપટો પકડી ધીમેથી હલાવવા માંડ્યો, અને તેના પગને જરા ખસેડવા પ્રયત્ન કર્યો.

જીન વાલજિને હવે પોતાનું માથું ઊંચું કર્યું; તથા જાણે નવાઈ પામ્યો હોય, તેમ છોકરા તરફ નજર કરી પોતાનો દંડો ઉપાડ્યો, અને બિહામણા અવાજે ત્રાડ નાખી, 'કોણ મૂઓ છે?'

'હું સાહેબ, નાનો જર્વે સાહેબ. મારો સિક્કો આપી દો; તમારો પગ લઈ લો, સાહેબ.' છોકરો હવે રડતો રડતો પોતાના ઢબૂ માટે જીદ કરવા લાગ્યો.

જીન વાલજિન કૂદકો મારી ઊભો થયો. પોતાનો પગ સિક્કા ઉપર રાખીને જ તે તડૂક્યો, 'જાય છે કે નહીં?'

નજર પહોંચે ત્યાં સુધી આખા મેદાનમાં બીજું કોઈ માણસ જતું કે આવતું દેખાતું ન હતું. છોકરાને એકદમ આખે શરીરે ધ્રુજારી આવી ગઈ. પછી ક્ષણભર જડસડ બની જઈ, પાછું જોવાની હિંમત કર્યા વિના કે ચીસ પાડ્યા વિના તે પૂરપાટ ભાગ્યો અને દેખાતો બંધ થયો.

સૂર્ય આથમી ગયો. જીન વાલજિને આખો દિવસ કશું ખાધું ન હતું. કદાચ તેને તાવ જ ભરાયો હતો. છોકરો નાસી ગયો ત્યારનો તે ત્યાં જ ઊભો રહ્યો હતો, અચાનક તે ઝબકી

ઊઠ્યો. સામે બરફથી ઢંકાયેલા આલ્પ્સ પર્વત ઉપરથી હાડકાં પરોવી નાખે તેવી ટાઢ વાવા લાગી હતી. પોતાની ટોપી કપાળ ઉપર ખેંચી, બટન ભીડી, આગળ ચાલવા તેણે પગ ઉપાડ્યા. એકાદ ડગલું ભરી દંડો લેવા તે નીચો નમ્યો.

તે જ વખતે પેલો બે ફ્રાંકનો ધોળો ઢબૂ તેની નજરે પડ્યો. એકદમ કાંઈ આંચકો લાગ્યો હોય, તેમ તે બે ત્રણ ડગલાં પાછો હઠ્યો. તેની નજર તે જગા ઉપર જ ચોંટી રહી. છલંગ મારી, ગાંડાની પેઠે તેણે તે સિક્કો ઉપાડી લીધો; અને જે દિશામાં પેલો છોકરો ગયો હતો તે દિશામાં 'નાના જર્વે! નાના જર્વે!' કરતો તે દોડ્યો.

ક્યાંયથી કશો જવાબ ન મળ્યો. તેનો અવાજ એવો ફાટેલો હતો કે પેલા છોકરાએ સાંભળ્યો હોત, તોપણ તે બીનીને દૂર જ ભાગ્યો હોત. થોડા વખત બાદ જીન વાલજિનને ઘોડા ઉપર બેઠેલો એક પાદરી મળ્યો. તેની પાસે જઈ, તેણે પૂછ્યું, 'પાદરી સાહેબ, તમને કોઈ છોકરો મળ્યો?'

'ના.'

'નાનો જર્વે, ગારુડીના છોકરા જેવો હતો, સાહેબ.'

'ના, મને કોઈ જ સામે નથી મળ્યું,'

જીન વાલજિને પાંચ-ફ્રાંકના બે સિક્કા પોતાની કોથળીમાંથી કાઢ્યા અને પેલા પાદરીના હાથમાં મૂકી કહ્યું, 'આ તમારાં ગરીબ-ગુરબાં માટે, પાદરી સાહેબ. પેલો છોકરો દશેક વર્ષનો હતો; તેની પાસે ઝોળી અને સારંગી હતાં.'

'ભાઈ, એવા છોકરા આ બાજુના રહેવાસી હોતા નથી; આ રસ્તે થઈને તેવા ઘણા આવે-જાય છે ખરા.'

જીન વાલજિને ઝડપથી બીજા બે પાંચ-ફ્રાંકના સિક્કા ખેંચી કાઢ્યા અને પાદરીને આપીને કહ્યું, 'તમારાં ગરીબ-ગુરબાં માટે.' પછી આવેશમાં આવી જઈને તેણે આંસુભરી

આંખે પાદરીને કહ્યું, 'મને ગિરફતાર કરાવો, પાદરી સાહેબ; હું લૂંટારો છું.'

પાદરીએ નવાઈ પામી ઘોડાને એડી લગાવી, અને ચાલતી પકડી. જીન વાલજિન પેલો છોકરો ગયો હતો તે દિશામાં ફરીથી દોડ્યો. એક જગાએ ત્રણ રસ્તા ભેગા થતા હતા. ત્યાં ધૂમસના ધૂંધળા વાદળમાં તેની છેલ્લી બૂમ 'નાના જર્વે'—ક્યાંય લીન થઈ ગઈ. ત્યાર પછી તે છૂટે મોંએ રડી પડ્યો : ૧૯ વર્ષમાં પહેલી જ વાર.

૪
પેરીસનાં પંખીડાં

ઈ. સ. ૧૮૧૭માં ફ્રાંસના જુદા જુદા પ્રાંતોમાંથી ચાર જુવાનિયાઓ પેરીસમાં ભણવા આવ્યા હતા. ચારે પૈસાદારના છોકરા હતા અને પેરીસમાં આવ્યા હતા એટલે ભણવા ઉપરાંત પ્રેમ પણ કરતા હતા! ચારેને એક એક સુંદર પ્રિયતમા હતી. શહેરોમાં એવી યુવતીઓ ગમે ત્યારે મળી રહે.

તે ચારમાંથી એક ફેન્ટાઈન નામે છોકરી હતી. તે મ૦માં જન્મી હતી; પણ તેના બાપ કે માને તેણે કદી જોયાં-જાણ્યાં ન હતાં. તે પોતાને ફેન્ટાઈન નામથી ઓળખાવતી; પરંતુ તે નામ તેને કોણે ક્યારે આપ્યું હતું, તે કોણ જાણે?

દશ વર્ષની ઉંમરે ફેન્ટાઈન ગામ છોડી પરાંમાંનાં ખેડૂતોને ત્યાં નોકરીએ જોડાઈ હતી. પંદર વર્ષની ઉંમરે તે પોતાનું નસીબ અજમાવવા પેરીસમાં આવી. તે સુંદર હતી; તેને માથે સુંદર સોનેરી વાળ હતા, અને તેના દાંત ફૂટડા હતા. સોનું અને મોતી એ બે મોંઘી મિલકતો તેને હતી : સોનું માથા ઉપર, અને મોતી મોંમાં.

તે જીવવા માટે કામકાજ કરતી; અને પછી પ્રેમ કરવા લાગી તે પણ જીવવા માટે. કારણ કે, હૃદયને પણ ભૂખ હોય

છે. પેલા જુવાન કૉલેજિયનને મન તો ઘડીભરની ગમ્મત હતી; પણ ફેન્ટાઈનને મન તે સર્વસ્વ હતું. આ તેનો પ્રથમ પ્રેમ હતો, એટલું જ નહીં પણ એક જ પ્રેમ હતો. બાકીની ત્રણની બાબત જુદી હતી: તેઓ રીઢી થઈ ગયેલી હતી.

ચારે જુવાનિયાઓ મિત્રો હતા, અને ચારે પ્રિયતમાઓ સખીઓ હતી. જુવાનિયાઓને ભણતર પૂરું કરી જ્યારે ઘેર જવાનું થયું, ત્યારે તેઓએ પોતાની પ્રિયતમાઓની વિદાય લેવાનો અનોખો રસ્તો વિચારી કાઢ્યો. તેઓની પ્રિયતમાઓ હરહંમેશ તેમની પાસેથી 'કંઈક નવાઈનું' માગ્યા કરતી હતી. તેઓ તે બધીને એ 'નવાઈનું કંઈક' આપવાનું કહી, દૂરની એક હોટલમાં લઈ ગયા. સાંજ પડવા આવતાં, "અમે તમારે માટે 'નવાઈનું કંઈક' લઈ આવીએ છીએ" એમ કહી, તેમને હોટલમાં જ રાખી, પોતે બહાર તૈયાર રાખેલી ગાડીઓમાં બેસી રવાના થઈ ગયા! કલાક બાદ રાહ જોઈ રહેલી એ ચારે અપ્સરાઓને હોટલવાળાનો નોકર એક ચિઠ્ઠી આપી ગયો, જેમાં એ ચારેની હંમેશ માટે દર્દભરી વિદાય રમૂજી ભાષામાં લેવામાં આવી હતી! અલબત્ત, હોટલનું બિલ ચૂકવી દેવામાં આવ્યું હતું.

પેલી અનુભવી ત્રણેને તો આ મશ્કરીથી રમૂજ પડી; પણ ફેન્ટાઈન જ્યારે એક કલાક બાદ પોતાની ઓરડીએ પાછી ફરી, ત્યારે તે જોરથી રડી પડી. પેલા કૉલેજિયનને તે પોતાનો પતિ જ માનતી હતી; તે એક બાળકીની મા પણ બની ચૂકી હતી.

કામકાજ કરવાની તેની જૂની ટેવ છૂટી ગઈ હતી. હવે ક્યાંથી કામ મેળવવું એ પણ સવાલ હતો. તેને માંડ વાંચતાં આવડતું હતું; અને લખવામાં તો માત્ર પોતાની સહી કરતાં તે શીખી હતી. દશ મહિના આથડ્યા બાદ તેણે પોતાના વતન મO શહેર તરફ પાછા ફરવાનું નક્કી કર્યું. ત્યાં કોઈ

ઓળખીતું મળી આવે, અને તેને કદાચ કામ મળે. પણ તેણે પોતાના બાળકને તો છુપાવવું જ જોઈએ; નહીં તો વતન તરફ તો તેના જેવી કુંવારી-માને કોઈ પાસે પણ ન આવવા દે. એટલે પતિના વિયોગ કરતાં પણ વધુ કારમા એવા પોતાની બાળકીના વિયોગની શકયતા તેને નજીક દેખાવા લાગી. પણ ફેન્ટાઈન બહુ દૃઢ મનવાળી બાઈ હતી. તેણે પોતાનો સરસામાન વેચી કાઢ્યો અને સાદાં કપડાં પહેરી લીધાં. દેવું વગેરે ચૂકવતાં તેની પાસે ૮૦ ફ્રાંક બાકી રહ્યા. તે મૂડી સાથે ૨૨ વર્ષની ઉંમરે તેણે પેરીસ છોડ્યું.

વચ્ચે વચ્ચે થાકે ત્યારે પરામાં ફરતાં વાહનોમાં થોડું થોડું બેસી લઈને બપોરના અરસામાં તે મોંટ૦ આવી પહોંચી. રસ્તા ઉપર જ 'વૉટર્લૂનો સાર્જંટ' નામવાળી એક વીશી હતી. તેના બારણા પાસે એક ગાડું અથવા ગાડાનું હાડપિંજર પડેલું હતું. એક વખત કોઈ રાક્ષસી તોપને વહી જવા માટેનું વાહન તે હશે. તેની ધરી નીચે તોરણની પેઠે એક ભારે સાકળ લટકતી હતી. એ સાંકળનો મધ્ય ભાગ જમીન સરસો લટકતો હતો અને આ સાંજે તેના ઉપર બે નાની છોકરીઓ એકબીજીને બરાબર વળગીને ઝૂલતી હતી. એક અઢી વરસની હતી અને બીજી અઢાર મહિનાની. થોડે દૂર વીશીના બારણામાં બેઠેલી વીશીવાળી બાઈ એક દોરી વડે તેમને હીંચોળતી હતી.

વીશીનાં માલિક થેનારડિયર દંપતી હતાં. બાઈનો દેખાવ પેલી તોપ-ગાડીને મળતો આવે તેવો રાક્ષસ હતો. માત્ર અત્યારે તે હાલરડું ગાઈને પોતાનાં બાળકોને હીંચોળતી હતી, એટલે જ તેના ચહેરા ઉપર વાત્સલ્યનો મધુરો ભાવ છવાયેલો દેખાતો હતો.

'તમારે બે સુંદર બાળકો છે, બાનુ!' એમ કહી ફેન્ટાઈન પાસે આવી. તેની પાસે પણ એક બાળક હતું

અને એક ભારે પેઠી હતી. તેનું બાળક ખરેખર જોવા લાયક હતું. તે બે કે ત્રણ વર્ષની મધુર ચહેરાવાળી બાળકી હતી. તે નિરાંતે ઊંઘતી હતી.

જંગલીમાં જંગલી પ્રાણી પણ તેના બચ્ચાને કોઈ પંપાળે તો નરમ થઈ જાય છે. થેનારડિયર બાનુએ માથું ઊંચું કરી આભાર માન્યો, અને વીશીના બારણા પાસેની પાટલી ઉપર તેને બેસવા કહ્યું, બંને સ્ત્રીઓ થોડી વારમાં વાતોએ વળગી.

'મારું નામ થેનારડિયર બાનુ છે; અમે આ વીશી ચલાવીએ છીએ.'

આગંતુક બાઈએ પણ પોતાની વાત જરા ફેરફાર સાથે કહી સંભળાવી. પોતે મજૂરણ બાઈ છે; પતિ ગુજરી ગયો છે; પેરીસમાં કામકાજ ન મળવાથી પોતાના વતન તરફ પાછી જાય છે; આજ સવારે જ પગે ચાલતાં પેરીસ છોડ્યું છે; બાળકી પણ થોડું થોડું ચાલવા લાગે છે, પરંતુ નાની હોવાથી થાકી જાય છે; અને હમણાં તો ઊંઘી જ ગઈ છે. એટલું કહી, તેણે પોતાની વહાલી બાળકીને આંખો ઉપર ચુંબન કર્યું. તે તરત જાગી ઊઠી. પેલા બાળકોને હીંચતાં જોઈ તે તેમના તરફ આનંદથી દોડી ગઈ. ત્રણે બાળકો આનંદથી કિલ્લોલ કરતાં રમવા લાગ્યાં.

'તમારી એલકીનું નામ શું, બાઈ?'

'કોસેટ; હમણાં જ ત્રીજામાં પેઠી.'

'બરાબર મારી મોટીના જેટલી જ. જુઓને, છોકરાંને હળી જતાં વાર લાગે છે? બીજું કોઈ તો ત્રણેને સગી બહેનો જ ધારી લે!'

બસ જાણે આ શબ્દની જ ફેન્ટાઈન રાહ જોઈ રહી હતી. તેણે તરત એ બોલનારીનો હાથ પકડી લીધો. તેના મો

સામું સ્થિર નજર કરીને કહ્યું, 'તમે મારી બાળકીને થોડા દિવસ રાખશો, બાનુ?'

થેનારડિયર બાનુના મોં ઉપર થઈને નવાઈનો એક ચમકારો પસાર થઈ ગયો.

'તમે જુઓ છો ને બાઈ; એને લઈને વતન જવાની મારે પંચાત છે. ભગવાને જ મને આજે તમારા બારણા પાસે થઈને મોકલી. તમારાં સુખી છોકરાં જોઈને જ મને એમ થયું કે, આ છોકરાંની મા ખરેખર માયાળુ હશે. એ ત્રણે સગી બહેનો જેવી જ છે. મારું ઠેકાણું પડશે એટલે હું જલદી આવીને મારી છોકરીને પછી લઈ જઈશ. એટલા દિવસ તમે તેને અહીં રાખશો?'

'વિચાર કરીએ.' બાનુએ જવાબ આપ્યો.

'હું તમને દર મહિને છ ફ્રાંક મોકલાવીશ.'

અંદરથી અચાનક પુરુષનો અવાજ આવ્યો, 'સાત ફ્રાંકથી ઓછા નહીં; અને છ મહિનાનાં નાણાં અગાઉથી.'

'સારું કબૂલ છે,' માએ જવાબ આપ્યો.

'અને બીજા પરચૂરણ ખર્ચ માટે ૧૫ ફ્રાંક વધુ.' પુરુષના અવાજે ઉમેર્યું.

'કુલ ૫૭ ફ્રાંક.' થેનારડિયર બાનુએ કહ્યું.

'હું જરૂર આપીશ; મારી પાસે ૮૦ ફ્રાંક છે. અને પગે ચાલીને જવા માટે મારી પાસે પૂરતું રહેશે. હું ત્યાં ખૂબ મહેનત કરીશ; અને મારી પાસે થોડુંક બચશે, એટલે આવીને મારી ઘેલડીને તરત પાછી લઈ જઈશ.'

'નાની પાસે કપડાં પૂરતાં છે? તે બધાં આપી દેવાં પડશે.' પુરુષનો અવાજ આવ્યો.

'હા, હા, જરૂર. મારી બાળકીને ઉઘાડી મૂકીને તો નહીં જ જાઉં.'

પેટી અને પૈસાની કોથળી ઠીક ઠીક હલકી કરીને, ફેન્ટાઇન, થોડા દિવસમાં પાછા ફરવાની આશા સાથે, હૃદય ફાટી જાય તેમ રડતી રડતી, બીજી સવારે મોંટ૦માંથી ચાલી નીકળી.

૫
મા-દીકરી

થેનારડિયરની વીશી પડી ભાગવા બેઠી હતી. ફેન્ટાઇનના ૫૭ ફ્રાંક, લેણદારોનો તગાદો થોડોઘણો ઓછો કરવામાં જ, વપરાઈ ગયા. પણ બીજે જ મહિને ફરીથી પૈસાની જરૂર પડી. આ વખતે તેની પત્ની પેરીસ જઈને કોસેટનાં કપડાં ૬૦ ફ્રાંકમાં ગીરો મૂકી આવી. એ રકમ પણ ખરચાઈ જતાં, થેનારડિયર દંપતી હવે કોસેટ જાણે ફોગટની ગળે પડી હોય, એમ માનવા તથા વર્તવા લાગ્યાં. કોસેટને તેનાં પોતાનાં કપડાં રહ્યાં નહીં એટલે તેને થેનારડિયરનાં બાળકોનાં ઊતરેલાં કપડાં અર્થાત્ છેક જ ચીંથરાં મળવા લાગ્યાં. તેને ખાવાનું પણ બધાંનાં ભાણાંમાં રહેલું જ મળતું.

તેની મા દર મહિને સાત ફ્રાંક મોકલતી તથા કાગળ લખાવીને તેની બાળકીની ખબર મંગાવતી થેનારડિયર દંપતી અચૂક જવાબ આપતાં કે, ‘કોસેટ ઘણી મજામાં છે; તેને બરાબર ગોઠી ગયું છે.’

પરંતુ વરસ પૂરું થવા ન આવ્યું તેવામાં થેનારડિયર તડૂકી ઊઠ્યો: ‘વાહ, એ દુત્તી શું સમજી બેઠી છે? સાત ફ્રાંકમાં આવડી મોટી વાંદરીને હું શી રીતે પૂરો મહિનો ખવાડું?’ અને તેણે મહિને બાર ફ્રાંક માગવા માંડ્યા. કોસેટની માને એમ ઠસાવવામાં આવ્યું કે, તેની બાળકી ઘણી સુખી તથા નીરોગી હોઈ, ખાસાં ફૂલી-ફાલી છે; એટલે તે બાર ફ્રાંક મોકલવા પણ કબૂલ થઈ.

ધીમે ધીમે થેનારડિયરને ખબર મળી કે, કોસેટ ઘણુંખરું કાયદેસર બાળક ન હોવાથી, તેની મા તેને વતનમાં પોતાના બાળક તરીકે જાહેર કરી શકે તેમ નથી. એટલે તેણે મહિને ૧૫ ફ્રાંકની માંગણી કરી, તથા સાથે ધમકી મોકલી કે એટલા ફ્રાંક નહીં મોકલો, તો બાળકને મારે પાછું તમારી પાસે મોકલવું પડશે. માએ ૧૫ ફ્રાંક મોકલવા માંડ્યા.

વરસ જતાં ગયાં તેમ તેમ કોસેટની કંગાળ સ્થિતિ પણ વધતી ચાલી. તે પાંચ વરસની થઈ ત્યારથી જ ઘરની નોકરડી બની રહી. ફેરાફાંટા ખાવા, ઓરડા વાળવા, આંગણું વાળવું, તાસકો ધોવી, અને નાનાં બચકાં ઉપાડવાં વગેરે કામો તેના નબળા ખભા ઉપર વધતાં જ ચાલ્યાં. પછી તો, થેનારડિયર દંપતી તેની પાસેથી એ પ્રમાણે કામ લેવાનો હક જ માનવા લાગ્યાં; કારણ કે, કોસેટની મા હવે પૈસા બરાબર મોકલી શકતી ન હતી, તથા ઘણા મહિનાની રકમ ચડી ગઈ હતી.

ત્રણ વર્ષને અંતે ફેન્ટાઈન મોંટ૦ આવી હોત, તો પોતાની દીકરીને ઓળખી શકી જ ન હોત. કોસેટ પાસે માત્ર તેની મોટી સુંદર આંખો જ બાકી રહી હતી; પરંતુ તે આંખો સામે નજર પણ કરી શકાય તેમ ન હતું. તેને જોઈને તેની માનું તો હૃદય જ ફાટી જાય.

બીજી બાજુ તેની માની શી સ્થિતિ હતી?

જૂના જમાનાથી મ૦ શહેરના વતનીઓનો ધંધો કાળા મણકા અને તેનો મસાલો બનાવવાનો હતો. કાચા માલની વધતી જતી મોંઘવારીને કારણે અત્યાર સુધીમાં આ ધંધો પડી ભાગવાની અણી ઉપર આવી ગયો હતો. પરંતુ ફેન્ટાઈન મ૦ પાછી ફરી, તે એરસામાં એ માલના ઉત્પાદનમાં એક અસાધારણ ક્રાંતિ થઈ હતી. ૧૮૧૫ના અંત ભાગમાં એક અજાણ્યો માણસ ત્યાં આવીને વસ્યો હતો. તેને એ મણકા

બનાવવાના મસાલામાં એકને બદલે બીજી વસ્તુ વાપરવાનું સૂઝ્યું. એ નાના ફેરફારથી કાચા માલની કિંમતમાં મોટો ઘટાડો થઈ ગયો; તેથી પ્રથમ તો કારીગરોના પગારમાં વધારો થઈ શક્યો. બીજું, માલની જાતમાં સુધારો થયો; એ થઈ વાપરનારના ફાયદાની વાત. ત્રીજું, માલ સસ્તો વેચાવા છતાં નફો ત્રણ ગણો વધી ગયો; એ થઈ માલ બનાવનારને ફાયદાની વાત.

ત્રણથી ઓછા વર્ષમાં તો એ નવી રીતનો શોધનાર માલદાર બની ગયો. તે આ શહેરમાં પહેલવહેલો જ્યારે આવ્યો હતો, ત્યારે તેનો પોશાક, રીતભાત અને ભાષા છેક મજૂર જેવાં જ હતાં.

વાત એમ બની હતી કે, તે આ શહેરમાં ડિસેમ્બર મહિનાની રાતે જ્યારે ખભે ઝોયણો અને હાથમાં ગઠ્ઠાદાર દંડો લઈને દાખલ થયો, ત્યારે શહેરના થાણામાં આગ લાગી હતી, આ માણસે પોતાના જાનના જોખમે આગમાં ઝંપલાવીને, અંદર સપડાયેલાં બે બાળકોને બચાવીને બહાર કાઢ્યાં. તે બાળકો થાણદારનાં જ હતાં. તેથી તે વખતે કોઈને તેનો પરવાનો માગવાનું સૂઝ્યું ન હતું. ત્યારથી તે એ ગામમાં જ રહેતો હતો અને મેડલીન બાપુને નામે ઓળખાતો હતો.

મેડલીન બાપુનો નફો એટલો મોટો હતો કે, બીજે જ વર્ષે કારખાના માટે તે એક મોટું મકાન બંધાવી શક્યા. તેમાં સ્ત્રી-કામદારો માટે જુદો વિભાગ હતો. કોઈ પણ ભૂખ્યો માણસ ત્યાં આવે, એટલે તેને રોજી અને રોટી મળી રહેતાં. પણ તેનું ચારિત્ર્ય સારું હોવું જોઈએ, અને તે પ્રમાણિક હોવો જોઈએ. એટલા નિયમનું કડક પાલન કરવામાં આવતું.

મેડલીન બાપુ ખૂબ કમાયા; પણ માત્ર પૈસો એકઠો કરવો એ જ તેમનું ધ્યેય ન હતું. પોતા કરતાં બીજાનો લાભ જ તે વધુ જોતા. જાણવા પ્રમાણે ૧૮૨૦માં લેફાઈટ બૅંકમાં

તેમના ખાતામાં સાડા છ લાખ ફ્રાંક જમા થયેલા હતા. પણ એટલા પૈસા બાજુએ બચત મૂકતા પહેલાં, તેમણે, દશ લાખ જેટલા ફ્રાંક જુદી જુદી રીતે શહેર તેમજ ગરીબો પાછળ ખર્ચી નાખ્યા હતા. મફત ઈસ્પિતાલ, છોકરાની અને છોકરીની જુદી એવી બે નિશાળો, તથા અનાથ – અપંગ માટે એક સેવાશ્રમ – એટલું તો તે પોતા થકી જ ચલાવતા.

પાંચ વર્ષ બાદ, ઈ. સ. ૧૮૨૦માં રાજાએ તેમને નગરપતિ બનાવ્યા. તેમ છતાં મેડલીન બાપુ તો પહેલાં જેવા જ સાદા અને મળતાવડા રહ્યા. આમેય તે બહુ થોડા માણસો સાથે બોલતા; ખુલ્લાં ખેતરોમાં એકલા ફરવાનું તેમને વધુ ગમતું. હવે તે જુવાન ન હતા, તેમ છતાં તેમનામાં રાક્ષસી બળ છે, એમ મનાતું. બેસી પડેલા ઘોડાને ઊભો કરવો, કાદવમાં ખૂંપી ગયેલા પૈડાને બહાર કાઢવું, અથવા વકરેલા સાંઢને શીંગડાં પકડી ઊભો રાખવો, એ તેમને મન રમત-વાત હતી.

લોકો ચાલીસ ચાલીસ ગાઉથી તેમની સલાહ લેવા આવતા, કેટલાય ઝઘડા તેમની પાસે પતી જતા. તેમના પ્રત્યેનો આદરભાવ એવો ચેપી હતો કે, છ-સાત વરસમાં તો આખા પ્રદેશમાં ફેલાઈ ગયો.

પણ એક માણસ એવો હતો કે જે એ ચેપથી મુક્ત રહ્યો હતો. તે હતો પોલીસ ઈન્સ્પેક્ટર જાવર્ટ. તે મોં. મેડલીન તરફ હંમેશાં શંકાની દૃષ્ટિથી જ જોતો. તેને એમ લાગ્યા જ કરતું કે, આ માણસને તેણે ક્યાંક જોયો છે, અને તેય બહુ સારા માણસ તરીકે નહીં. આ શહેરમાં તે ઈન્સ્પેક્ટર તરીકે નિમાઈને આવ્યો, ત્યારે મેડલીન બાપુ સમૃદ્ધ તથા જાણીતા બની ચૂક્યા હતા. તે પહેલાં જાવર્ટની નોકરી દક્ષિણ તરફનાં વહાણો ઉપર હતી.

ગુનેગાર માટે ધિક્કાર, અને સરકારી માણસો તરફ અંધશ્રદ્ધા અને વફાદારી—એ બે લાગણીઓ જાવર્ટમાં મુખ્ય હતી. એક વાર પણ કાયદાની મર્યાદા તોડનાર ગુનેગાર તરફ તે હંમેશાં તિરસ્કાર અને ઘૃણાની નજરે જોતો; અને બીજી બાજુ, સરકારી અમલદાર કદી ભૂલ ન કરે, એમ તે માનતો. ગુનેગારોની દુનિયા ઉપર ગુપ્તપણે ચોકી રાખવા જ જાણે તેનો અવતાર હતો. બદમાશમાં બદમાશ ગુનેગારો પણ તેનું નામ સાંભળતાં જ ભાગવા માંડતા અને તેનું મોં નજરે પડતાં જ તેઓના મોં ઉપરનું લોહી ઊડી જતું.

મોં. મેડલીન એક સવારે શહેરની એક શેરીમાં થઈને જતા હતા, એવામાં તેમણે દૂર કંઈક ધાંધળ જેવું જોયું. ત્યાં જઈને જોતાં માલૂમ પડ્યું કે, ફોશલવેં નામનો એક ડોસો પોતાના માલભરેલા ગાડા નીચે આવી ગયો હતો. ઘોડો જમીન ઉપર ફસડાઈ પડ્યો હતો, અને તેની સાથળો ભાગી ગઈ હતી. ડોસો ગાડા નીચે એવી રીતે આવી ગયો હતો કે આખા ગાડાનું વજન તેની છાતી ઉપર જ દબાતું જતું હતું. ગાડાની નીચે પેસી તેને ઊંચું કરવામાં આવે, તો જ ડોસો બહાર નીકળી શકે, એમ હતું. જાવર્ટ ત્યાં હાજર હતો, અને દુમકલાસ લઈ આવવા તેણે માણસ દોડાવ્યો હતો.

મોં. મેડલીને પૂછ્યું, "દુમકલાસ આવતાં કેટલી વાર લાગશે?"

'ઓછામાં ઓછો પા કલાક.' જવાબ મળ્યો.

આગલી રાતે વરસાદ પડ્યો હોવાથી જમીન ઢીલીપોચી થઈ ગઈ હતી. એટલે ગાડું દરેક ક્ષણે ઊંડું ને ઊંડું ઊતરતું જતું હતું, અને પાંચેક મિનિટમાં તો ડોસાની બધી પાંસળીઓ ભાગી જાય એ નક્કી હતું. કોઈ મજબૂત માણસ ગાડા નીચે પેસી ગાડાને પીઠ વડે ઊંચું કરે, તો તેને એક-બે—અરે,

ચાર જેટલી સોનામહોરો ઈનામ આપવાનું મોં. મેડલીને જાહેર કર્યું.

'અહીં કંઈ દયાભાવની ખોટ નથી —' એક અવાજ આવ્યો. બોલનાર જાવર્ટ હતો. 'ખોટ તો એટલા જોરની છે. પીઠ વડે આ ગાડું ઊંચકનાર માણસમાં રાક્ષસનું જોર જોઈએ. એવો એક માણસ જ મેં આજ સુધીમાં જોયો છે; પણ તે ટુલાં બંદર ઉપર વહાણમાં કેદી હતો. તેને અમે જીવતો દુમકલાસ જ કહેતા.' આ બોલતાં બોલતાં જાવર્ટે મેડલીન બાપુ સામે શકરાબાજ જેવી નજર કરી.

તે સાંભળી, મેડલીન બાપુનું મોં ફીકું પડી ગયું. પણ એવામાં ડોસાએ કારમી ચીસ પાડી, 'બાપરે, મરી ગયો.

એ ચીસ સાંભળતાં જ મેડલીને પોતાનું માથું ઊંચું કર્યું અને જાવર્ટની નજરની પરવા કર્યા વિના તરત તે ઘૂંટણિયે પડયા, અને લોકો બૂમ પણ પાડી શકે તે પહેલાં તો ગાડા નીચે સરકી ગયા. ગાડાના જંગી વજન નીચે લગભગ ચપ્પટ સૂઈને બે વખત પોતાની કૂણીને ઢીંચણ સુધી લાવવાનો તેમણે નિષ્ફળ પ્રયત્ન કર્યો. આજુબાજુ ઊભેલા ખેડૂતો અને ફોશલવેં ડોસો પોતે પણ બુમરાણ કરી ઊઠયો : 'મેડલીન બાપુ, બહાર નીકળો, તમે પણ સાથે લોચો થઈ જશો.'

મેડલીને કશો જવાબ ન આપ્યો. લોકોનો શ્વાસ થંભી ગયો. પૈડાં વધુ નીચે કળી ગયાં. હવે તો મેડલીનથી પણ બહાર નીકળી શકાય તેમ ન હતું. એ જ ઘડીએ અચાનક આખું ગાડું હાલ્યું, અને ધીમે ધીમે ઊંચું થવા લાગ્યું. પૈડાં કાદવમાંથી અર્ધાઅર્ધ બહાર આવ્યાં. એક ગૂંગળાતો અવાજ સંભળાયો, 'જલદી કરો, ટેકો કરો!"

એ અવાજ મેડલીનનો હતો. તેમણે હવે આખરી પ્રયત્ન કર્યો હતો. એકી સાથે વીસ-વીસ હાથોએ ગાડું અધ્ધર પકડી રાખ્યું, ડોસો બચી ગયો. મેડલીન બહાર નીકળી ગયા.

તેમનું મોં ભૂરું થઈ ગયું હતું, અને તેમનું શરીર પરસેવાથી નીતરતું હતું. ડોસાએ ઘૂંટણિયે પડી તેમના પગને ચુંબન કર્યું. માત્ર જાવર્ટે પોતાની શાંત તીણી દૃષ્ટિ હજુ મેડલીન ઉપરથી ખસેડી ન હતી.

ફોશલવેં ડોસાને સારવાર માટે મેડલીન બાપુના સેવા-શ્રમમાં પહોંચાડી દેવામાં આવ્યો. બીજી સવારે ડોસાને પથારીમાં પડખે પડેલી એક હજાર ફ્રાંકની નોટ મળી. સાથે ચિઠ્ઠીમાં મોં. મેડલીને એક લીટી લખી હતી: 'મેં ખરીદી લીધેલા તમારા ગાડાની અને ઘોડાની કિંમત.' ગાડું ભાગી ગયું હતું અને ઘોડો મરી ગયો હતો.

ફોશલવેં સાજો થયો, પણ તેનો પગ નકામો જ રહ્યો. એટલે સેવાશ્રમની સેવિકા સાધ્વીઓ અને પાદરીઓની ભલા-મણથી મેડલીન બાપુએ તેને પેરીસના સેંટ એન્ટોઈન વિભાગમાં આવેલા સાધ્વીઓના મઠમાં માળીની નોકરી મેળવી આપી.

લગભગ આ અરસામાં ફેન્ટાઈન પોતાના વતન મ૦ શહેરમાં પાછી આવી હતી. મોં. મેડલીનના કારખાનાનું બારણું તેને મિત્રતાભર્યો આવકાર આપવા તૈયાર હતું; અને તે સ્ત્રીઓના વિભાગમાં કામે જોડાઈ ગઈ.

પોતે પરણેલી છે કે પોતાને સંતાન છે એ બાબતનો જરા પણ ઉલ્લેખ તે ભૂલેચૂકેય કરતી નહોતી. શરૂઆતમાં તો તે થેનારડિયરને નિયમિત પૈસા મોકલતી. તેને સહી કરતાં જ આવડતું, એટલે તેને ધંધાદારી લહિયા પાસે કાગળો લખાવવા પડતા. પણ એમાંથી જ કારખાનામાં અને આસ-પાસનાં માણસોમાં તેના ચારિત્ર્ય અંગે વાતો શરૂ થઈ.

તે એક જ સરનામે મહિનામાં બે વાર કાગળ લખાવતી અને પૈસા ભરતી. એટલે લહિયા પાસેથી સરનામું લઈ, એક જણ પોતાને ખર્ચે મોંટ૦ જઈ આવીને તેના બાળકને નજરે જોઈ પણ આવ્યું.

આ બધું થતાં વરસ નીકળી ગયું હતું. એવામાં એક સવારે કારખાનાની મુકાદમ બાઈએ નગરપતિને નામે ૫૦ ફ્રાંક ફેન્ટાઈનના હાથમાં મૂકી તેને કહ્યું, 'તારા જેવી ભ્રષ્ટ સ્ત્રીને કારખાનામાં રાખી શકાય તેમ નથી. તું હવે છૂટી છે. અને નગરપતિએ જણાવ્યું છે કે, તું આ શહેર પણ છોડી જાય તો સારું.' આ જ સમય દરમ્યાન થેનારડિયરે માસિક ૭ ને બદલે ૧૨ ફ્રાંક માગ્યા પછી પોતાની માગ વધારીને ૧૫ ફ્રાંકની કરી હતી.

ફેન્ટાઈન આભી જ બની ગઈ. તેણે તોતડાતે અવાજે થોડીક આજીજી કરી જોઈ; પણ મુકાદમ બાઈએ તેને કારખાના બહાર નીકળી જવાનો હુકમ કર્યો.

શરમથી ગૂંગળાતી તે કારખાના બહાર નીકળી અને પોતાની ઓરડીએ પાછી આવી. મોં. મેડલીનને આ કશાની ખબર ન હતી. તે પોતે નિયમ તરીકે કારખાનાના સ્ત્રી-વિભાગમાં કદી જતા નહીં. તે વિભાગની મુકાદમ તરીકે એક કુમારિકા બાઈને તેમણે પાદરીની ભલામણથી નીમી હતી. મેડલીન તેના ઉપર દરેક બાબતમાં સંપૂર્ણ વિશ્વાસ મૂકતા.

ફેન્ટાઈને શહેરમાં નોકરડી તરીકેની નોકરી શોધવા માંડી. પરંતુ કોઈએ તેને રાખી નહીં. સરસામાન અને ભાડાનું દેવું ન પતે ત્યાં સુધી તેનાથી શહેર પણ છોડાય તેમ ન હતું. બધું વેચી સાટી તેણે ૫૭ ફ્રાંક દેવા પેટે વહેંચી આપ્યા. છતાં તેને ૧૦૦ ફ્રાંકનું દેવું રહ્યું. તે હવે લશ્કરનાં કપડાં સીવવાના કામે લાગી. તેમાં તેને રોજના ૭ પેન્સ મળતા. તેમાંથી ચાર પેન્સ તો તેને દીકરીને મોકલવા માટે જ બચાવવા પડે. પરિણામે, થેનારડિયરને મોકલવાની રકમમાં તે અનિયમિત બનતી ચાલી.

વધારે પડતી મજૂરી અને કંગાલિયતથી ધીમે ધીમે તેનું શરીર ઘસાવા લાગ્યું. તેને જે થોડીક સૂકી ઉધરસ રહેતી હતી, તે ખૂબ વધી ગઈ. એટલામાં શિયાળો આવ્યો. ફ્રાંસના આ

ભાગમાં શિયાળામાં દિવસે પણ પ્રકાશ જેવું હોય જ નહીં; અને દિવસોય ટૂંકા એટલે કામ ઘણું ઓછું ઊતરવા લાગ્યું. થેનારડિયર દંપતીના પૈસા માટેના તગાદા પણ ઘણા વધી ગયા. એક દિવસ તો થેનારડિયરે લખ્યું કે, 'કોસેટ હવે છેક જ ઉઘાડી થઈ ગઈ છે; આ શિયાળામાં તેને એકાદ ગરમ કપડું પણ નહીં મળે, તો તે લાંબું નહીં જીવે માટે ગમે તેમ કરીને દસ ફ્રાંક તો તરત મોકલો જ.'

ફેન્ટાઈને આખો દિવસ એ કાગળ હાથમાં ચોળ્યા કર્યો. પછી રાતે હજામની દુકાને જઈ, તેણે પોતાના વાળ કપાવી નાખ્યા. હજામે તે સોનેરી વાળના તેને દસ ફ્રાંક આપ્યા. ફેન્ટાઈને ગૂંથેલું ગરમ ફરાક ખરીદીને થેનારડિયર દંપતીને મોકલ્યું. તેઓ તે જોઈ ગુસ્સે થઈ ગયાં. કારણ, તેમને પૈસા જ જોઈતા હતા. એ ફરાક તો તેમની નાની છોકરીને જ પહેરવા મળ્યું; કોસેટ ટાઢે ધ્રૂજતી જ રહી.

ફેન્ટાઈન હવે માથે ગોગ ટોપી બાંધવા લાગી, જેથી તેનું બોડું માથું ઢંકાઈ રહે.

ફેન્ટાઈનના મનમાં અને શરીરમાં ધીમે ધીમે કાળા ફેરફાર થતા જતા હતા. પોતાને કામ વગરની રખડતી કરી મૂકનાર મેડલીન બાપુને તે સૌથી વધારે ધિક્કારવા લાગી. હવે તેને માત્ર કોસેટ પ્રત્યે જ માયા-મમતા જેવું બાકી રહ્યું હતું; અને પૈસાવાળી થયા બાદ તેને ફરી પોતાની પાસે લાવવાની આશામાં જ તે મોત સામે ઝઝૂમી રહી હતી. તેની ઉધરસ વધતી ચાલી, અને તેને રાતે પરસેવો વળવા માંડ્યો.

એક દિવસ તેને થેનારડિયર તરફથી કાગળ મળ્યો કે, 'કોસેટને મુદતિયો તાવ લાગુ થયો છે; એની મોંઘી દવાઓ અમારાથી લવાય તેમ નથી. એક અઠવાડિયામાં ૪૦ ફ્રાંક નહીં મોકલો તો તમારી દીકરીને મરી ગયેલી જાણજો.'

ફેન્ટાઈન ગાંડાની પેઠે ખડખડાટ હસી પડી. 'જુઓ તો

ખરા; મારી પાસે ૪૦ ફ્રાંક માગે છે; હું ક્યાંથી લાવવાની હતી?'

કાગળ હાથમાં રાખી, તે શેરીમાં દોડી ગઈ. તેને હવે જાતનું ભાન રહ્યું ન હતું. રસ્તામાં એક ટોળું એકઠું થયું હતું. દાંત ખેંચનારો અને દાંતનાં ચોકઠાં બેસાડનારો એક દાક્તર ટોળા આગળ ઊભો રહી રમૂજી ભાષણ આપતો હતો. ફેન્ટાઈન પણ તે ટોળામાં ઊભી ઊભી તેની રમૂજ ઉપર હસવા લાગી. તેને હસતી જોતાં વેંત જ પેલો દાંત ખેંચનારો બોલી ઊઠ્યો, 'વાહરે મારી હસતી પરી! તારે બહુ સુંદર દાંત છે. જો તું મને તારા આગલા બે દાંત વેચવા ઈચ્છે, તો તને દરેકના વીસ ફ્રાંક આપવા હું તૈયાર છું.'

ફેન્ટાઈન તરત કાનમાં આંગળીઓ ખોસી, ત્યાંથી ચાલતી થઈ. 'બાપરે, મારા આગલા બે દાંત! વાળ તો ફરી પણ ઊગે; પણ દાંત! પછી તો હું ડાકણ જેવી જ દેખાઉં. તેના કરતાં પાંચમે માળથી પડતું મૂકવું સારું.'

પણ રાત સુધીમાં તો કોસેટનું દયામણું મોં તેને ગભરાવવા લાગ્યું. તે તરત પેલા દાક્તર પાસે દોડી ગઈ. મોડી રાતે તે પાછી ફરી, ત્યારે તેનું મોં લોહીલુહાણ થઈ ગયું હતું અને તેના ખીસામાં ૪૦ ફ્રાંક ખખડતા હતા. 'મારી દીકરીને હવે દવા વગર પેલા તાવથી મરવું નહીં પડે!'

એ પૈસા થેનારડિયરને પહોંચ્યા; પણ કોસેટ માંદી હતી જ ક્યાં?

ફેન્ટાઈને હવે ઓરડી કાઢી નાખી અને માળિયામાં રહેવાનું શરૂ કર્યું. તેની આંખો હવે વિચિત્ર રીતે તગતગવા લાગી. દરેક ઉધરસે તેને ખભાની ડાબી હાંસડીએ દુખાવો થતો. દિવસના તે સત્તર કલાક સીવણકામ કરતી. પણ એવામાં એક ઠેકેદારે કેદખાનાની બધી સ્ત્રી-કેદીઓને સસ્તામાં

કામે રોકી લીધી. એટલે બહારની મજૂરીનો દર રોજના નવ સૂ (સવા ત્રણ પૈસા) થઈ ગયો. આખા દિવસના કામના નવ સૂ!

લેણદારોના તગાદા હવે વધી ગયા; અને થેનારડિયરે પણ ફેન્ટાઈનને આખરી કાગળ લખ્યો કે, 'પાછલા ચડેલા સો ફ્રાંક તરત જ મને નહીં મળે, તો રોગમાંથી ઊઠેલી કોસેટને હું ઘરમાંથી કાઢી મૂકીશ.'

'સો ફ્રાંક!' ફેન્ટાઈને વિચાર્યું. 'પણ કયા ધંધામાંથી મને દિવસના સો સૂ પણ મળે તેમ છે? ભગવાન જાણે આ લોકો મારી પાસે શું કરાવવા ઈચ્છે છે? ઠીક! હવે હું મારી પાસે જે બાકી રહ્યું છે, તે જ વેચીશ!'

અને એ અભાગણી સ્ત્રી પોતાનું રૂપ વેચવાનો ધંધો કરવા લાગી.

૬

ફેન્ટાઈન

દસ મહિના બાદ, ૧૮૨૩ના જાન્યુઆરીની શરૂઆતમાં લશ્કરી અમલદારોની હોટલ પાસે એક બજારુ સ્ત્રી પોતાના ધંધાના વેંતમાં આંટા મારતી હતી. તે વખતે ગામનો એક તવંગર વંઠેલ જુવાનિયો તેની મશ્કરીઓ કરતો તેને સતાવી રહ્યો હતો. 'વાહ કૂતરી! શું તારું રૂપ! તારે કેટલા દાંત છે, બોખી!' ઈ૦.

પેલી બિચારી બરફથી ઢંકાયેલા રસ્તા ઉપર જેમ તેમ અડબડિયાં ખાતી આંટા મારતી હતી, અને ગામના ઉતાર જેવા પેલા જાણીતા જુવાનિયાની પજવણી સામે જોયું-ન-જોયું કરતી હતી. પણ તેથી તો પેલાને વધારે શૂર ચડવા લાગ્યું. પેલી કંઈક ચિડાય કે વકરે એવું કરવા ખાતર, એક વખત તેની પીઠ ફરી કે તરત તેની પાછળ છાનામાના જઈ, પેલાએ

મૂઠી ભરીને બરફ તેની ખુલ્લી બોચી નીચે સરકાવી દીધો. પેલી ચીસ પાડી ઊઠી અને પાછી ફરીને જુવાનિયા ઉપર ચિત્તાની પેઠે લપકી. પછી પોતાના નખથી તેના ગાલ ઉતરડીને તે એવા શબ્દો બોલવા લાગી, કે જે કાગળ ઉપર લખી શકાય નહીં.

ધાંધલ સાંભળી હોટલમાંથી તેમજ રસ્તા ઉપરથી લોકો ટોળે વળ્યા; અને તાળીઓ તથા બૂમો પાડી બંનેને વકરાવવા લાગ્યા. એટલામાં અચાનક ટોળામાંથી એક ઊંચો માણસ ધસી આવ્યો અને એ સ્ત્રીને તેનાં કાદવથી ખરડાયેલાં કપડાં વડે પકડીને બોલ્યો, 'ચાલ મારી સાથે.' સ્ત્રીએ માથું ઊંચું કર્યું અને જાવર્ટને ઓળખ્યો. તે એકદમ ફીકી પડી ગઈ અને ભયથી ધ્રુજવા લાગી. દરમ્યાન પેલો હરામી જુવાનિયો પોબારા ગણી ગયો.

લોકો પાછળ પાછળ હુરિયો બોલાવતા થાણે આવ્યા. ફ્રેંચ કાયદામાં આ વર્ગની સ્ત્રીઓને પોલીસની જ મુનસફી ઉપર છોડી દીધેલી હોય છે. 'એક વેશ્યાએ એક ફ્રેંચ નાગરિકનું, મતદારનું, ત્રણ માળવાળા મકાનના માલિકનું અપમાન કરી તેને શારીરિક વ્યથા પહોંચાડી હતી. જાવર્ટે ફેન્ટાઇનને છ મહિનાની સજા ફરમાવી.

'છ મહિના! જેલમાં! બાપરે, મારી વહાલી કોસેટનું શું થશે? ઈન્સ્પેક્ટર સાહેબ, થેનારડિયરોનું મારે સો ફ્રાંક દેવું છે.'

તે પગ ઉપર ઊભી થઈ શકી જ નહીં. પોલીસો તેને ઘસડીને લઈ ચાલ્યા. ફેન્ટાઇન કરગરવા લાગી : 'મારો કશો વાંક નહોતો, સાહેબ. તેમણે મને નાહક ચીડવ્યા કરી. મને થયું કે ભલે તેઓ સાહેબ થોડો આનંદ કરે. પણ તેમણે પછી વિના કારણ મારી બોચી નીચે બરફ સરકાવી દીધો. મારી તબિયત સારી રહેતી નથી, અને બરફ એકદમ બોચી નીચે આવ્યો એટલે હું ચિડાઈ ગઈ. હું તેમની માફી માગવા

તૈયાર છું. હું સો ફ્રાંક નહીં મોકલું તો થેનારડિયરો મારી માંદી દીકરીને શેરીમાં હાંકી કાઢશે. તે બહુ નાની છે; તેનાથી કામકાજ પણ શું થઈ શકે? સાહેબ, હું ખરાબ જાતની સ્ત્રી નથી; પણ મને કારખાનામાંથી કાઢી મૂકી, અને મારે દીકરી માટે પૈસા મોકલવાના હતા, એટલે આ ધંધા કરવા પડે છે.'

આ અગાઉ થોડો વખત થયાં એક માણસ થાણામાં કોઈ ન જુએ તેમ અંદર દાખલ થયો હતો. તેણે બધું સાંભળ્યું હતું. તે હવે આગળ આવ્યો અને બોલ્યો, 'જરા થોભો!'

જાવર્ટે નજર ઊંચી કરી, અને મોં. મેડલીનને ઓળખ્યા. 'નગરપતિ સાહેબ, આપ શું —'

પણ 'નગરપતિ' એટલા શબ્દો સાંભળતાં તો ફેન્ટાઈન અચાનક જમીન ઉપરથી સીધી ઊછળી, તથા મેડલીન સામે જઈને 'તું જ નગરપતિ છે કેમ?' એમ બોલીને તેમના મોં ઉપર થૂંકી.

મોં. મેડલીને પોતાનું મોં લૂછી નાખ્યું અને કહ્યું, 'ઈન્સ્પેક્ટર જાવર્ટ, આ બાઈને મુક્ત કરો.'

ક્ષણભર તો જાવર્ટને પોતાની ઇંદ્રિયો ખરેખર ઠેકાણે છે કે નહીં તેની જ શંકા થઈ આવી. એક બજારુ સ્ત્રીને નગરપતિના મોં સામું થૂંકતી જોવી, એ જેમ કલ્પનામાં પણ ન લાવી શકાય; તેમજ એક નગરપતિ એ જ બજારુ સ્ત્રીને પાછો મુક્ત કરવાનો આદેશ આપે, એ તો તેથી પણ વધુ ન માનવા જેવી વાત હતી.

ફેન્ટાઈન પણ એ શબ્દો નગરપતિ બોલ્યો એમ માની ન શકી. તેણે તે શબ્દો જાવર્ટના જ માની લીધા. તે તેના સામું જોઈને બોલી, 'સાહેબ, આ ઠચરો બદમાશ નગરપતિ જ મારા બધા દુ:ખનું અને પાયમાલીનું મૂળ કારણ છે. તેના કારખાનાની કેટલીક નવરી ડાકણોએ મારે માટે ગમે તેવી

બાતો કરવા માંડી, એટલે આણે તે ઉપરથી મને નોકરીમાંથી જ કાઢી મૂકી. એક બાઈને આમ રોજગાર વગરની રઝળતી કરવી, એ પુરુષ માણસનું લક્ષણ કહેવાય? પછી રોજગાર વગરની થઈ, એટલે જ મારે આ ધંધા કરવા પડ્યા. મારે મારી નાની દીકરી માટે પૈસા મોકલવા પડતા. બાકી હું મૂળે ખરાબ સ્ત્રી નથી.'

આટલું કહી, તે સિપાઈઓ તરફ ફરીને બોલી, 'જુઓ દોસ્તો, જાવર્ટ સાહેબે મને છૂટી કરી છે એટલે હું જાઉં છું. હું હવે આવું તોફાન કદી નહીં કરું. સદ્‌ગૃહસ્થ લોકો જરા હસવા માટે અમારા જેવીને થોડું અડપલું કરે પણ ખરા; એમાં વળી અમારે ચિડાવું શું? સાહેબ, એ તો મારી તબિયત ખરાબ રહેતી હતી, અને તેમાં વળી મારી પાસે એ એક જ સારો રેશમી પોશાક હતો તે બગડ્યો, એટલે મને ગુસ્સો ચડી ગયો.'

આટલું કહી, તે બહાર નીકળવા જતી હતી, તેવામાં જ જાવર્ટ જાણે ઊંઘમાંથી ચોંકી ઊઠ્યો હોય તેમ વિકરાળ ચહેરો કરી બોલી ઊઠ્યો, 'સાર્જંટ, જોતા નથી, પેલી ડાકણ નાસી જાય છે તે? કોણે તમને તેને છૂટી કરવાનું કહ્યું છે?'

'મેં.' મોં. મેડલીને જણાવ્યું.

ફેન્ટાઈનની આંખ ફાટી ગઈ. રૂંધાતે હૈયે તે જાવર્ટ તથા મોં. મેડલીન એ બંને જણા તરફ નજર કરવા લાગી.

જાવર્ટ ફીકા મોંએ તથા ભૂરા પડી ગયેલા હોઠો સાથે નગરપતિ તરફ જોઈને બોલ્યો :

મોં. નગરપતિ સાહેબ, એ નહીં બની શકે.'

'શાથી?'

'આ તુચ્છ સ્ત્રીએ એક સદ્‌ગૃહસ્થનું અપમાન કર્યું છે.'

'ઈન્સ્પેકટર જાવર્ટ, જુઓ સાંભળો; તમે આ છોકરીને પકડીને લઈ જતા હતા, ત્યારે હું તે તરફ થઈને જતો હતો.

લોકોનું ટોળું ત્યાં જ ઊભું હતું. મને તપાસ કરતાં બધી વાત સમજાઈ છે. તમારે પેલા માણસને જ કેદ પકડવો જોઈતો હતો. આ બાઈનો કશો વાંક ન હતો.'

જાવર્ટે વિરોધ કરતાં કહ્યું, 'એણે અહીં જ મારા દેખતાં મોં. નગરપતિનું પણ અપમાન કર્યું છે.'

'એ મારે પોતાને લગતી વાત છે.'

'સાહેબ હું આપની ક્ષમા માગું છું; પરંતુ એ અપમાન આપનું નથી, પણ ન્યાયની અદાલતનું છે. એ સ્ત્રીએ છ મહિના જેલ જવું જ પડશે,'

મોં. મેડલીને ધીમેથી પણ મક્કમતાથી જવાબ આપ્યો — 'એક વખત આ વાત લક્ષ દઈને સાંભળી લો — તે એક દિવસ માટે પણ જેલ જશે નહીં!'

જાવર્ટ આ મક્કમ શબ્દો સાંભળતાં જ સ્થિર નજર કરી કંઈક અદબભર્યા અવાજે બોલ્યો — 'આ ગુનો શેરીમાં બનેલો હોઈ, મારી હકૂમતનો છે. અને હું આ છોકરીને સજા કરવાનો જ છું.'

આના જવાબમાં મોં. મેડલીન પોતાના હાથની અદબ વાળીને એવા કડક અવાજે બોલ્યા કે, તેમનો એવો અવાજ પહેલાં આ શહેરમાં કોઈએ કદી સાંભળ્યો ન હતો :

'આ બનાવ શહેરની પોલીસને લગતો છે અને ક્રિમિનલ કોડની નવમી, અગિયારમી અને છાસઠમી કલમ અનુસાર એનો ફેંસલો આપવાનું કામ મારું છે. હું હુકમ કરું છું કે, આ બાઈને એકદમ મુક્ત કરવામાં આવે.'

જાવર્ટે છેલ્લો પ્રયત્ન કર્યો — 'પણ, નગરપતિ સાહેબ —'

'જો એક શબ્દ પણ બોલ્યા, તો તમારા ઉપર હું મનસ્વી ગેરકાયદેસર અટકાયત માટે કામ ચલાવીશ.'

'મને બોલવા દો સાહેબ —'

'એકદમ અહીંથી ચાલતા થાઓ!' મોં. મેડલીને કહ્યું.

જાવર્ટે આ પ્રહાર રશિયન સૈનિકની પેઠે ખુલ્લી છાતીએ ઝીલ્યો. તે નગરપતિને જમીન સુધી નમન કરી, બહાર ચાલ્યો ગયો.

ફેન્ટાઈન ઘેનમાં હોય એમ બારણાને અઢેલીને ઊભી હતી. પોતાની નજર સમક્ષ બે વિરોધી સત્તાઓ વચ્ચે એક ભયંકર યુદ્ધ ખેલાયેલું તેણે જોયું. બંનેના હાથમાં તેની જિંદગી, તેનો આત્મા, અને તેનું બાળક હતાં. એ બેમાંનો એક માણસ તેને અંધકારમાં હંમેશ માટે ડુબાડી દેવા ઈચ્છતો હતો; બીજાએ તેને પ્રકાશમાં ફરી સ્થાપિત કરી હતી. દેવે દાનવને હરાવ્યો હતો; પણ કંપાવી મૂકે તેવી વાત એ હતી કે ફેન્ટાઈન પોતાને બચાવનાર દેવને જ આ ઘડી સુધી પોતાની બધી બરબાદીનું મૂળ ગણી ધિક્કારતી આવી હતી. અને જે ઘડીએ પોતે તેનું ઘોર અપમાન કર્યું હતું, તે ઘડીએ જ તેણે તેને હંમેશના અંધકારમાંથી બચાવી હતી.

મોં. મેડલીન હવે તેના તરફ વળ્યા અને મહા પ્રયત્ને આંસુ રોકીને ધીમેથી બોલ્યા: 'મેં તારી બધી વાત સાંભળી છે. તેં જે કહ્યું તેમાંનું કશું હું જાણતો ન હતો. તેં મને અરજી કેમ ન કરી? આજે હવે હું તારું બધું દેવું ચૂકવી દઉં છું અને તારી બાળકીને તેડવા માણસ મોકલું છું. તું પોતે જવા ઈચ્છે, તો તું જ તેને તેડવા જઈ શકે છે. ત્યાર પછી તારે અહીં રહેવું હોય તો અહીં રહેજે, અને પેરીસમાં રહેવું હોય તો પેરીસમાં રહેજે — આજથી તારું અને તારી બાળકીનું બધું ખર્ચ મારે માથે છે. તારું ઘોર દુઃખ હવે દૂર થાઓ; અને તું તારું આત્મગૌરવ ફરીથી પ્રાપ્ત કર. હું તો એમ પણ કહું છું કે, પરમાત્માની નજરમાં તું કદી સદ્‌ગુણી અને પવિત્ર મટી જ નથી, બહેન!'

બિચારી ફેન્ટાઈન સહન કરી શકે તેનાથી આ ઘણું વધારે હતું. તે માત્ર બે કે ત્રણ વાર 'ઓહ, ઓહ, ઓહ' એટલું બોલી શકી; અને પછી કોઈ રોકી શકે તે પહેલાં મોં. મેડલીન સામે ઘૂંટણિયે પડીને તેમનો હાથ પકડી તેણે પોતાના હોઠ ઉપર દબાવ્યો-ન-દબાવ્યો, તેવામાં તો મૂર્છિત થઈ તે જમીન ઉપર ઢળી પડી.

૭

જાવર્ટ

મોં. મેડલીને ફેન્ટાઈનને પોતાના મકાનમાં જ સ્થાપેલા સેવાશ્રમમાં ખસેડી; અને તેની સારવાર સેવાશ્રમની સાધ્વીઓને સોંપી. તેને સનેપાતનો તાવ ચડી આવ્યો હતો.

મોં. મેડલીને થેનારડિયર દંપતીને કાગળ લખ્યો. ફેન્ટાઈનને તેમનું ૧૨૦ ફ્રાંકનું દેવું હતું. મેડલીને ૩૦૦ ફ્રાંક મોકલ્યા અને તરત જાતે આવીને બાળકીને મૂકી જવા જણાવ્યું; કારણ કે, તેની મા પથારીવશ હતી.

થેનારડિયર તો ચમકી જ ઊઠ્યો, 'વાહ, આ તો ખરી મજા! હવે આ દેડકીને ગમે તેમ કરી હાથમાંથી જવા જ ન દેવાય!'

જવાબમાં થેનારડિયરે વધારાના ૨૦૦ ફ્રાંકનું બિલ રવાના કર્યું. મોં. મેડલીને ૩૦૦ ફ્રાંક મોકલ્યા, અને લખ્યું, 'કોસેટને લઈને તરત આવો.'

'ભલા ભગવાન!' થેનારડિયરે કહ્યું, 'આ તો ખરી દૂઝણી ગાય!'

દરમ્યાન ફેન્ટાઈનનો તાવ અટક્યો નહીં; કોસેટ ક્યારે આવશે એની આશામાં જ તે જાણે ટકી રહી હતી. ડાક્ટરે એક દિવસ તેને તપાસ્યા પછી પોતાનું માથું ધુણાવ્યું. મોં. મેડલીન પાસે ઊભા હતા. તેમણે તરત પૂછ્યું : 'કેમ લાગે છે?'

'તેના કોઈ પ્રિયજનને તે મળવા માગે છે?'

'હા, તેની બાળકીને.'

'તો તેને હવે તરત ભેગી કરી દો.'

મોં. મેડલીન ચમકી ઊઠયા. પણ થેનારડિયર હજાર બહાનાં કાઢીને દિવસ ભાગ્યા કરતો હતો. 'કોસેટ માંદી છે; આ ટાઢમાં તેને મુસાફરી કરાવાય તેમ નથી; બીજાં કેટલાંક નાનાં દેવાંનો હિસાબ કરવાનો બાકી છે —' વગેરે.

મોં. મેડલીને કહ્યું, 'હું અબઘડી માણસ મોકલું છું; જરૂર લાગશે તો હું જાતે જ જઈશ.'

મોં. મેડલીને ફેન્ટાઈનના લખાવ્યા પ્રમાણે નીચે મુજબ કાગળ લખ્યો; ફેન્ટાઈને નીચે સહી કરી.

'મોં. થેનારડિયર —

'તમે આ ચિઠ્ઠી લાવનારને કોસેટ સોંપી દેશો; તે બધી બાકીની નાની રકમો ચૂકવી દેશે.

—આપની ફેન્ટાઈન.'

પરંતુ ઈશ્વરે જુદું જ ધાર્યું હતું.

બીજી સવારે મોં મેડલીન પોતાની કચેરીમાં કેટલાંક અગત્યનાં કામો પતાવી રહ્યા હતા, જેથી જરૂર પડે તો પોતે જ કોસેટને લઈ આવવા જઈ શકે. તે વખતે જાવર્ટે બહારથી કહેણ મોકલ્યું કે, પોતે નગરપતિ સાહેબને મળવા માગે છે.

જાવર્ટના મોં ઉપર આજે એક પ્રકારની પશ્ચાત્તાપની અને દૃઢતાની વિચિત્ર છાયા હતી. અંદર આવીને સલામ કર્યા બાદ તે ગંભીરતાથી બોલ્યો —

'નગરપતિ સાહેબ, હું આપને અરજ કરવા આવ્યો છું કે, આપ મને નોકરીમાંથી બરતરફ કરાવો. છ અઠવાડિયાં અગાઉ પેલી છોકરીવાળી વાત બન્યા પછી, મેં ગુસ્સે થઈને પેરીસના પોલીસ વડા સમક્ષ આપના ઉપર એક ગંભીર આક્ષેપ કર્યો હતો. વીસ વર્ષ ઉપર હું ટુલોં બંદરે લશ્કરી

વહાણો ઉપર દેખરેખ રાખનાર મદદનીશ હતો. તે વખતે જીન વાલજિન નામના એક કેદીને મેં જોયો હતો. વહાણ ઉપરથી છૂટયા પછી એ જીન વાલજિને એક બિશપને ત્યાં ચોરી કરી હતી અને પછી એક ગારુડીના છોકરાને રાજમાર્ગ ઉપર લૂંટયો હતો. આઠ વર્ષથી એ માણસ અલોપ થઈ ગયો હતો. કેટલાંક કારણોસર મારી ખાતરી થઈ કે, આપ જ એ કેદી છો; અને એ જાતનો આક્ષેપ મેં પેરીસના પોલીસ વડા સમક્ષ કર્યો.'

'તેમણે તમને શો જવાબ આપ્યો?' મેડલીને પૂછયું.

'કે હું ગાંડો થયો છું; કારણ કે, સાચો જીન વાલજિન જડયો હતો અને તે જ વખતે તેમની કેદમાં હતો.'

મોં. મેડલીનના હાથમાં જે ચોપડી હતી, તે એકદમ પડી ગઈ. તે એક જ શબ્દ બોલી શકયા — 'હં!'

"હું આપને વિગતે બધી વાત કહું સાહેબ. એઈલી ......કલોયેમાં એક ચેંપમેથ્યુ નામનો ડોસો હતો. તે બહુ કંગાળ હાલતમાં રહેતો હતો. આ મોસમમાં તે સફરજનની ચોરી કરતાં પકડાયો. એ તો એક સામાન્ય ફોજદારી અદાલતનો જ મામલો કહેવાય. પણ નસીબનો જોગ કે, કેદખાનાની ઓરડી સમરાવવાની હતી, તેથી મૅજિસ્ટ્રેટે તેને અર્રાસની જેલમાં ખસેડવાનો હુકમ કર્યો. આ જેલમાં બ્રેવેટ નામનો એક જૂનો ગુનેગાર કોઈ ગુનાસર પકડાઈને આવેલો હતો. તેને દરવાજા ઉપર કૂંચીનું કામ સોંપેલું હતું. તેણે ચેંપમેથ્યુને જોતાં જ ઓળખી કાઢયો અને કહ્યું કે, 'વાહ, આ તો મારો જૂનો સોબતી જીન વાલજિન! કેમ અલ્યા, મારી સામે જો તો ખરો! ઓળખાણ પડે છે કે નહીં!'

'પેલો ચેંપમેથ્યુ ઢોંગ કરી અજાણપણું બતાવવા ગયો; પણ બ્રેવેટે તરત કહ્યું કે, 'અલ્યા ૨૦ વર્ષ પહેલાં તું ને હું ટુલોં બંદરે વહાણ પર સાથે હતા તે ભૂલી ગયો?'

ચેંપમેથ્યુ છેક જ નામુક્કર જવા લાગ્યો એટલે તે બાબતની તપાસ શરૂ થઈ. બ્રેવેટ ઉપરાંત વહાણ ઉપર બીજા બે કેદી તેને ઓળખી શકે તેમ હતું. તે બેને વહાણ ઉપરથી લાવવામાં આવ્યા. તેમણે પણ પેલા ઢોંગી ચેંપમેથ્યુને જીન વાલજિન તરીકે ઓળખી કાઢ્યો.

"એ જ અરસામાં મારો કાગળ પેરીસ ગયો, એટલે ન્યાયાધીશે મને પણ તેને ઓળખવા બોલાવ્યો. હું પણ ત્યાં જઈ તેને જોઈ આવ્યો, તો તે ખરેખર જીન વાલજિન જ હતો. હવે તેની સફરજનની ચોરી ગંભીર ગુનો બની જશે. તેનો કેસ હવે જૂરી સમક્ષ ઉપલી અદાલતમાં ચાલશે, અને તેને સજા પણ જીવનભર વહાણ ઉપર સખત કેદની થશે. વળી ગારુડીના છોકરાને લૂંટવાની બાબત પણ છે જ. આવતી કાલે જ તેનો ફેંસલો છે.

"મારે આજે સાંજે જ તે મુકદ્દમામાં જુબાની આપવા અહીંથી ઊપડવાનું છે. પણ તે પહેલાં, આપની સામે આવો ગંભીર આક્ષેપ મૂકવા બદલ બરતરફીની સજા લેવા હું આવ્યો છું. શંકા લાવવી અને તપાસ કરવી એ મારા જેવાનું કામ જ કહેવાય; પણ કશા પુરાવા વિના ગુસ્સામાં આવી જઈ, વેરબુદ્ધિથી આપ જેવા માનવંત નગરપતિ તથા મેજિસ્ટ્રેટ સાહેબ ઉપર સીધો આક્ષેપ કરવો, એ બહુ ગંભીર બાબત છે. મેં આપની મારફત સરકારનું જ અપમાન કર્યું કહેવાય. તેથી નગરપતિ સાહેબ, હું માગણી કરું છું કે, ઇન્સ્પેકટર જાવર્ટને બરતરફ કરવામાં આવે."

'ઠીક છે, એ બાબત આપણે પછી વિચારીશું,' કહી મોં. મેડલીને પોતાનો હાથ જાવર્ટ તરફ ધર્યો.

જાવર્ટ કડકાઈથી પાછો ખસી ગયો અને બોલ્યો, 'નગરપતિસાહેબનો હાથ મારા જેવા એક હલકટ જાસૂસ માટે

ન હોઈ શકે. મારી જગાએ બીજો માણસ આવી પહોંચશે, ત્યાં સુધી અલબત્ત હું મારી ફરજ ઉપર ચાલુ રહીશ.'

તે જ દિવસે પાછલે પહોરે મોં. મેડલીન રાબેતા મુજબ ફેન્ટાઈનની ખબર કાઢવા ગયા. પરંતુ ફેન્ટાઈનની પથારી પાસે સીધા જતા પહેલાં તેમણે સિસ્ટર સિમ્પ્લાઈસને બહાર બોલાવી. સેવાશ્રમનો કારભાર તે બાઈના હાથમાં હતો. તે નમ્ર, તપપરાયણ, સંસ્કારી બાઈ હતી. આખા સંપ્રદાયમાં અખંડ સતવાદી તરીકે તેની ખ્યાતિ હતી. મોં. મેડલીને સિમ્પ્લાઈસને અવાજમાં એક પ્રકારના થડકા સાથે ફેન્ટાઈનની ખાસ સંભાળ રાખવા ભલામણ કરી.

ત્યાર પછી મેડલીન બાપુ સીધા પોતાની કચેરીમાં ગયા. ત્યાં તેમણે ફ્રાન્સના રસ્તાઓના નકશાને કાળજીથી તપાસીને કેટલીક નોંધ કરી. પછી એક દિવસમાં સાઠ માઈલ પહોંચાડે અને બીજે દિવસે તેટલા જ માઈલ પાછો લાવે તેવા એક ઘોડાને તથા વજનમાં હલકી ડમણીને ભાડે ઠરાવ્યાં. ભાડું અગાઉથી ચૂકવી દીધું તથા બંનેની કિંમત પણ અનામત આપી રાખી. પછી બીજે દિવસે ડમણીને સવારે સાડા ચારે પોતાના મકાનના બારણા આગળ હાજર કરવાનું જણાવી, તે ઘેર પાછા ફર્યા.

મોં. મેડલીનની ડમણી પાછલી રાતના અંધારામાં મ૦ શહેરની બહાર નીકળી. ડમણીને તે પોતે જ હાંકતા હતા. રસ્તામાં સામેથી આવતી ટપાલ-ગાડીના જંગી પૈડા સાથે તેમની ડમણીનું પૈડું અથડાયું. બૂમાબૂમ થઈ ગઈ; પણ મોં. મેડલીનની ડમણી પવનવેગે આગળ ધસ્યે જ ગઈ.

રસ્તામાં એક જગાએ નવું ડમણિયું તથા બીજી જગાએ ઘોડો બદલ્યા પછી, તે જ્યારે અર્રાસ અદાલતને મુકામે પહોંચ્યા, ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું. પરંતુ ચૅંપમેથ્યુંવાળું કામ હજુ હાથમાં લેવાતું હતું.

આ તરફ ફેન્ટાઈનની આખર-ઘડી આવી ગઈ હતી. મોં. મેડલીન ડમણી લઈ બહારગામ ગયા એમ તેણે જાણ્યું, ત્યારે તે કોસેટને લેવા જ ગયા હશે એમ માની, એ એકદમ ઉત્સાહમાં આવી ગઈ. રાતે ડાકટર આવ્યો, ત્યારે ફેન્ટાઈનની તબિયતમાં થયેલો અચાનક સુધારો જોઈ, ને પણ નવાઈ પામ્યો. નગરપતિ જો ખરેખર કાલે કોસેટને લઈને આવે, તો કદાચ ફેન્ટાઈન બચી પણ જાય, એવો ભરોસો તેને પડયો.

પણ મોં. મેડલીન તો અર્રાસની અદાલતમાં જ્યાં ચેંપમેથ્યુનો મુકદ્દમો ચાલવાનો હતો ત્યાં દોડી ગયા હતા; કોસેટને લેવા નહીં!

અદાલતમાં પહોંચી તેમણે મુકદ્દમા વખતે હાજર રહેવાની પરવાનગી ન્યાયાધીશ પાસે માગી. ન્યાયાધીશે ચિઠ્ઠી ઉપર તેમનું નામ વાંચતાં જ, પોતાની બેઠક પાછળ અધિકારી વર્ગના માણસો માટે અનામત રખાતી બેઠક ઉપર તેમને જગા કરી આપી. જાવર્ટ તો જુબાની લખાવીને ક્યારનો પોતાને મથકે પાછો ફરી ગયો હતો.

સરકારી વકીલે ચેંપમેથ્યુને ઘોર અપરાધી, રીઢો ગુનેગાર તથા સમાજ અને તેની શાંતિને ખતરારૂપ ઠરાવવા નામઠામ અને પુરાવા સાથે જોરદાર ભાષણ કર્યું. વહાણ ઉપરના સાથીદારોએ પણ તેને જીન વાલજિન તરીકે ઓળખી બતાવ્યો.

ચેંપમેથ્યુ બિચારો આ બધી માથાકૂટ સમજી જ ન શક્યો. તેણે ટૂંકમાં એટલો જ જવાબ રજૂ કર્યો કે, 'સરકારી વકીલ મારું ગામ, નામ, ઠામ બધું જાણે છે, એ ઉપરથી તે બહુ હોશિયાર માણસ હોવા જોઈએ. કારણ કે મને પોતાને જ મારું ગામ ક્યાં છે, કે મારો જન્મ ક્યાં થયેલો તેની કશી ખબર નથી. હું તો એટલું જાણું છું કે, મારાં મા અને બાપ પણ રસ્તે રખડતાં માણસ હતાં; જોકે મને એની પણ પૂરી ખબર નથી. મેં કશાની ચોરી કરી નથી. આ સફરજનની

ડાળી, હું વહેલી સવારે આવતો હતો ત્યારે, આગલી રાતના સખત તોફાનમાં તૂટીને રસ્તા ઉપર પડેલી હતી. તે ચોરવા હું કોઈની ભીંત કૂદીને વાડામાં પેઠો નથી. કારણ કે, મને રોજ ખાવા મળ્યું હોય તેવું મારી આખી ઉંમરમાં બન્યું નથી; એટલે પેટમાં ભૂખ હોય માટે અચાનક ચોરી કરવા જેવું કામ કરી બેસું, એ મારે માટે જરા પણ સંભવિત નથી.'

પણ ચૅંપમેથ્યુને જવાબ આપતો તરત અટકાવવામાં આવ્યો. તેની આ બધી વાતો, તથા વહાણ ઉપરના સાથીઓને બિલકુલ ન ઓળખતો હોવાનો તેનો ઢોંગ — એ બધું તેની ચાલાકી જ ગણી લેવામાં આવ્યું.

એટલામાં મેડલીન બાપુએ પોતાની બેઠકેથી નીચે પાંજરા પાસે આવી, વહાણ ઉપરના કેદીઓને પોતાની સામું જોવા કહ્યું. પછી તરત ન્યાયાધીશને સંબોધીને તેમણે કહ્યું કે, 'આપને જે માણસ જોઈએ છે, તે આ ચૅંપમેથ્યુ નથી; તેને તરત છોડી મૂકો. કારણ કે, જીન વાલજિન હું છું.'

સાંભળનારા સૌનો શ્વાસ થંભી ગયો. જજ સાહેબના મુખ ઉપર મોં. મેડલીનના સ્વાસ્થ્ય બાબતની ચિંતા અને સહાનુભૂતિની લાગણી સ્પષ્ટ છવાઈ રહી. સરકારી વકીલે તો પ્રેક્ષકોમાં કોઈ ડાકટર હોય તો નગરપતિ સાહેબની સારવાર માટે તરત દોડી આવવાની વિનંતિ કરી.

તેના જવાબમાં મેડલીન માત્ર હતાશભર્યું પણ સંતોષનું ફીકું હાસ્ય હસ્યા.

૮

વળી પાછો જીન વાલજિન

સવાર થવા આવી. ફેન્ટાઈને ઊંઘ વગરની અને તાવ ભરેલી રાત જેમ તેમ પસાર કરી હતી. છેક સવાર લગોલગ તે જરા ઊંઘે ભરાઈ. તે તકનો લાભ લઈ, સિમ્પ્લાઈસ તેની દવાનું મિશ્રણ તૈયાર કરવા દવાઓના ઓરડામાં ગઈ, અચાનક તેણે પાછા ફરીને જોયું તો મોં. મેડલીન ચૂપકીથી ત્યાં દાખલ થયા હતા અને સામે ઊભા હતા. તેમણે ધીમે અવાજે પૂછ્યું: 'ફેન્ટાઈનને કેમ છે?'

સિમ્પ્લાઈસે ટૂંકામાં ગઈ કાલની બધી વાત કહી સંભળાવી. તે કોસેટને હજુ લાવ્યા નથી એમ જાણી, ફેન્ટાઈનનું શું થશે, તેની ચિંતા તે બતાવવા જતી હતી, તેવામાં મોં. મેડલીનના માથા તરફ નજર પડતાં તે ચોંકીને બૂમ પાડી ઊઠી:

"ભલા ભગવાન! આપને શું થયું છે? આપના બધા વાળ તદ્દન ધોળા થઈ ગયા છે!"

મોં. મેડલીન માત્ર એટલું જ બોલ્યા: 'હું ફેન્ટાઈનને જોઈ શકું?'

'આપ તેની બાળકીને તેડી મંગાવવાના નથી?'

'જરૂર; પણ તેને તેડી લાવતાં હજુ ઓછામાં ઓછા બેત્રણ દિવસ થાય. પરંતુ મારે ફેન્ટાઈનને તો હમણાં જ જોવી જોઈએ; હું કદાચ બહુ ઉતાવળમાં છું.'

સિમ્પ્લાઈસ એ 'કદાચ' શબ્દનો કશો અર્થ સમજી ન શકી.

ફેન્ટાઈન તો નગરપતિને જોતાં જ હસતી હસતી ધીમેથી બોલી — 'અને કોસેટ?'

તેને ખાતરી હતી કે કોસેટ તેમની સાથે છે જ.

મોં. મેડલીન તેની પથારી પાસે ખુરશી ઉપર શાંતિથી બેઠા. ફેન્ટાઈન કહેવા લાગી કે, "આપ તેને લેવા જ ગયા હતા; હું રાતે કેટલાય સમયથી આપને દૂરથી જોઈ શકતી હતી. આપના મુખારવિંદની આસપાસ અદ્‌ભુત પ્રકાશ ઝળહળી રહ્યો હતો. પણ કોસેટ ક્યાં? આપ લોકોએ તેને મારી પથારીમાં જ કેમ ન સુવાડી? હું આંખ ઉઘાડતાં જ તેને જોઈ શકત! પેલાં થેનારડિયરો તેને કેવી રીતે રાખતાં હતાં? તે દૂબળી પડી ગઈ છે? મને તો તે આટલે વર્ષે ન પણ ઓળખે. પણ આપને તે જરૂર 'દાદા' કહેતી હશે. મુસાફરીમાં તેને ખૂબ મઝા પડી હશે. આપને કદાચ મારે વિષે તે બહુ સવાલો પૂછતી હશે."

મોં. મેડલીને તેને શાંતિથી કહ્યું, 'મા, હવે જરા શાંત થા; કોસેટ મજામાં છે; અને તારી પાસે તેને જલદી લાવીશું. પરંતુ તું બહુ આવેશમાં આવી જઈને બોલ્યા કરે છે, તે સારું નહીં.'

વસ્તુતાએ ફેન્ટાઇનને શબ્દે શબ્દે ઉધરસ ચડતી હતી. પણ અચાનક બારણા સામે નજર પડતાં જ તેની આંખ ફાટી ગઈ. તે એકદમ ચૂપ થઈ ગઈ અને છળી મરી હોય તેમ પથારીમાં અર્ધી બેઠી થઈ ગઈ. બારણાને બીજે છેડે જાવર્ટ ઊભો હતો.

વાત એમ બની હતી કે, આખી અદાલત મોં. મેડલીને કરેલા અદ્‌ભુત સ્વાર્પણથી ચોંકીને સ્તબ્ધ બની ગઈ હતી. મોં. મેડલીન તે વખતે છેવટનું એક વાક્ય બોલીને અદાલતમાંથી ચાલી નીકળ્યા હતા : 'આપ સાહેબો હજુ મને કેદ પકડવાનું જાહેર કરતા નથી, તો હાલ તુરત હું આપની રજા લઉં છું; કારણ કે મારે કેટલાંક તાકીદનાં કામો પતવવાનાં છે. હું કોણ છું અને ક્યાં જાઉં છું, તે સરકારી વકીલ બરાબર જાણે છે.

એટલે જ્યારે યોગ્ય લાગે, ત્યારે આપ લોકો મને પકડવાનો હુકમ મોકલીને પકડી શકો છો.'

તે જ્યારે બારણામાંથી જવા લાગ્યા, ત્યારે દરેક જણ આપોઆપ તેમને જવાનો માર્ગ આપવા લાગી ગયું.

અર્રાસથી તે મ૦માં આવી પહોંચ્યા, ત્યારે છ વાગવા આવ્યા હતા. આવીને તરત જ તેમણે પોતાના બૅંકવાળ । મૉં. લેફાઈટને કંઈક કાગળ લખી ટપાલમાં નાખ્યો અને પછી સીધા તે સેવાશ્રમમાં આવી પહોંચ્યા.

પેલો ન્યાયાધીશ ભલો તથા સમજુ હતો. પણ ચૅંપમેથ્યુને છોડી જ મૂકવો પડ્યો, એટલે સાચા જીન વાલજિનને સજા થવી જ જોઈએ,—એ વિચાર તેને આવ્યો. તેણે તરત મૉં. મેડલીનની શોધ શરૂ કરાવી. તેમને મ૦ તરફ પાછા ફરેલા જાણી, તેણે ઉતાવળે તેમની ધરપકડનો હુકમ લખી નાખ્યો અને ઇન્સ્પેક્ટર જાવર્ટને પહોંચાડવા ખાસ માણસ દોડાવ્યો. જાવર્ટ એ હુકમ મળતાં જ પહેરા ઉપરથી ચાર સિપાઈઓ અને એક જમાદારને સાથે લઈ, મૉં. મેડલીનને મકાને આવી પહોંચ્યો.

ફેન્ટાઈનને એક જ ખ્યાલ આવ્યો કે, જાવર્ટ તેને પોતાને કેદ પકડવા આવ્યો છે. તેને લાગ્યું કે, કોસેટને મળ્યા વિના તેને જેલમાં જવું પડશે. તે પોતાનું મોં બંને હાથમાં દબાવી દયામણે અવાજે પોકારી ઊઠી, 'નગરપતિ સાહેબ, મને બચાવો '

જીન વાલજિન (હવેથી તેનું તે જ નામ વાપરીશું,) ઊભો થઈ ગયો. તેણે ફેન્ટાઈનને શાંત અવાજે કહ્યું, 'ગભરાઈશ નહીં; એ તારે માટે નથી આવ્યા.' પછી જાવર્ટ ભણી જોઈને તેમણે કહ્યું, 'તમારે શું જોઈએ છે, તે હું જાણું છું.'

'તો ચાલ ઉતાવળ કર –' જાવર્ટે એકદમ તોછડાઈથી જવાબ આપ્યો.

ફેન્ટાઈને એ સાંભળી પોતાની આંખ ઉઘાડી. પોલીસ જાવર્ટે નગરપતિને બોચીએથી પકડ્યા હતા. નગરપતિનું માથું નીચું ઝૂકી ગયું હતું. 'નગરપતિ સાહેબ!' ફેન્ટાઈને ચીસ નાખી.

જાવર્ટ તેના બધા દાંત દેખાય એમ હસીને બોલ્યો, 'અહીં કોઈ નગરપતિ નથી!'

જીન વાલજિને નમ્રતાથી જાવર્ટને કહ્યું, 'મને ત્રણ દિવસ આપો; ત્રણ દિવસમાં જઈને હું આ દુખિયારી બાઈનું બાળક લઈ આવું. જે કહેશો તે નુકસાની હું આપને ભરી આપીશ. તથા મરજી હોય, તો આપ મારી સાથે આવી શકો છો. અત્યારે આ બાઈના જીવનમરણનો સવાલ છે, નહીં તો હું આવી વિનંતિ ન કરત.'

'અલ્યા, મશ્કરી કરે છે કે શું?' જાવર્ટે બૂમ પાડી. 'ત્રણ દહાડા, અને તે પણ આ કૂતરીના ભટોળિયાને લઈ આવવા સારુ! વાહ, આ તો અમીર-ઉમરાવો જેવી વાત છે!'

'મારી બાળકીને લઈ આવવા?' ફેન્ટાઈને ચીસ પાડી. 'તો શું કોસેટ અહીં આવી નથી? નગરપતિ સાહેબ, મને મારી બાળકી લાવી આપો!'

જાવર્ટે જોરથી પોતાનો પગ પછાડ્યો. 'તું ચૂપ મરીશ, ડાકણ? આ ખરો સેતાનોનો મુલક છે, જ્યાં વહાણ ઉપરના કેદીઓ મેજિસ્ટ્રેટો થઈને બેસે છે, અને રસ્તે રખડતી રાંડોની ઉમરાવજાદીઓની પેઠે સારવાર થાય છે, પણ હવે એ બધું ઠીક કરી લેવાનો વખત આવી પૂગ્યો છે.' આમ કહી તેણે જીન વાલજિનના બોચી આગળના કૉલરોને જોરથી આમળ્યા.

ફેન્ટાઈન સફાળી ઊભી થઈ. તેણે જીન વાલજિન સામે નજર કરી. જાવર્ટ તરફ નજર કરી. પછી કંઈક બોલવા મોં ઉઘાડયું, પણ ગળામાંથી કશો અવાજ ન નીકળ્યો. કશુંક પકડવા તેણે હાથ પહોળા કર્યા, એટલામાં અચાનક તે ઓશીકા તરફ માથું પછડાય તેમ ઢળી પડી. તેની આંખો ફાટેલી રહી, અને તેનો જીવાત્મા તેનું દુ:ખી ખોળિયું છોડી, વિદાય થઈ ગયો.

જીન વાલજિને હવે પોતાનો હાથ બોચી તરફ ઊંચો કરી જાવર્ટનો હાથ ખસેડી નાખ્યો; અને પછી જાવર્ટને કહ્યું, 'તમે આ બાઈનો જીવ લીધો.'

'ચાલ, હવે રહેવા દે,' જાવર્ટ તપી જઈને બોલ્યો. 'હું અહીં ગાળો સાંભળવા નથી આવ્યો. નીચે સૈનિકો ઊભા છે; જલદી કર, નહીં તો બેડી પહેરાવવી પડશે.'

ઓરડાના ખૂણામાં એક જૂનો લોઢાનો ખાટલો હચમચી ગયેલી હાલતમાં પડયો હતો. આંખના પલકારામાં જીન વાલજિને તેનો એક સળિયો ખેંચી કાઢયો. પછી એ સળિયો હાથમાં રાખી તે ધીમે ધીમે ફેન્ટાઈનની પથારી પાસે ગયો. ત્યાં જઈને પાછું જોઈ તેણે જાવર્ટને તદ્દન ધીમા અવાજે કહ્યું, 'અત્યારે મારા કામમાં કશી ખલેલ ન પહોંચાડવાની તમને મારી સલાહ છે.'

જાવર્ટ પણ એ સળિયો અને એ હાથ જોઈ ધ્રૂજી ઊઠયો. તેણે સિપાઈઓને બોલાવવા જવાનો વિચાર કર્યો, પણ તે દરમ્યાન જીન વાલજિન કદાચ નાસી જાય તો? એટલે તે જીન વાલજિન ઉપર આંખ ચોંટાડી રાખી, દંડો બરાબર હાથમાં પકડી, બારણા વચ્ચે ઊભો રહ્યો.

જીન વાલજિન પથારી પાસે જઈ, ફેન્ટાઈન સામે નજર રાખી ઘૂંટણિયે પડયો, અને તત્ક્ષણ ધ્યાનસ્થ થઈ ગયો. દુનિયાનું કશું ભાન તેને ન રહ્યું. તેના ચહેરા ઉપર ફક્ત

એક પ્રકારની અવર્ણનીય કરુણા છવાઈ રહી. ત્યાર બાદ તેણે ફેન્ટાઈનના કાન પાસે મોં લઈ જઈ, ધીમે અવાજે કશું કહ્યું. સિસ્ટર સિમ્પ્લાઈસને તે ક્ષણે એવો આભાસ થયો કે, તે શબ્દો સાંભળી મૃત ફેન્ટાઈનના મોં ઉપર જાણે આનંદભર્યું સ્મિત છવાઈ રહ્યું.

ત્યાર બાદ જીન વાલજિને ફેન્ટાઈનનું માથું માની પેઠે ઊંચકી ઓશીકા ઉપર બરાબર ગોઠવ્યું, અને તેની ફાટેલી આંખો ધીમેથી બંધ કરી. ત્યાર બાદ જાવર્ટ તરફ ફરીને તેણે કહ્યું કે, 'હવે હું તમારી આજ્ઞામાં છું.'

જાવર્ટે જીન વાલજિનને શહેરની જેલમાં પૂરી દીધો. આખા શહેરમાં તે સમાચારથી ધમાલ મચી રહી. પણ જ્યારે સૌએ જાણ્યું કે, તે માણસ તો એક વારનો વહાણ ઉપરનો કેદી હતો, ત્યારે દરેક જણે તુચ્છકારપૂર્વક તેની વાત મન ઉપરથી કાઢી નાખી.

આખા શહેરમાં માત્ર બે કે ત્રણ જણ મોં. મેડલીનની સ્મૃતિને વફાદારીથી વળગી રહ્યાં. મોં. મેડલીનના ઘરની નોકરડી તેમાંની એક હતી. સાંજ પડચે આ ભલી ડોસી પોતાની ઓરડીમાં ચમકેલી હાલતમાં શોકવિષ્ટ થઈને બેઠી હતી. તેવામાં અચાનક બારણું સહેજ ઊઘડ્યું, અને મોં. મેડલીન દાખલ થયા. ડોસીએ ગળામાં અર્ધે આવેલી ચીસ જોરથી દબાવી દીધી. 'આપ સાહેબ અહીં ક્યાંથી ?'

'હા, હું જેલની બારીનો એક સળિયો ખેંચી કાઢીને અહીં આવ્યો હું ઉપર મોટા ઓરડામાં જાઉં છું. તમે જઈને સિસ્ટર સિમ્પ્લાઈસને બોલાવી લાવો; એ હેજુ પેલી બાપડીની પથારી પાસે જ બેઠાં હશે.'

જીન વાલજિને દીવો લઈ, પોતાના ઓરડામાં જઈ, એક ખાનામાંથી બિશપવાળી બે દીવાદાનીઓ કાઢી અને એક જૂના ખમીસના કપડામાં વીંટી લીધી. ત્યાર બાદ, પોતાની

તમામ મિલકત ગરીબગુરબાં માટે સિસ્ટર સિમ્પ્લાઈસને સોંપવાનો કાગળ લખી કાઢ્યો; અને સિસ્ટર સિમ્પ્લાઈસ આવતાં તેના હાથમાં મૂકી દીધો. સિસ્ટરે તે વાંચી કશુંક બોલવા પ્રયત્ન કર્યો, પણ તેના ગળામાંથી અવાજ ન નીકળી શક્યો. તે થોડી વારે એટલું બોલી શકી: 'એ બિચારી દુખિયારીને છેલ્લી વાર જોવા આપ નહીં પધારો?'

'ના, મારી પાછળ પોલીસ આવતા જ હશે; અને તેના ઓરડામાં જો હું ફરી વાર પકડાઉં, તો તે મૃતાત્માને ફરીથી આઘાત થાય.'

પણ એટલામાં તો દાદર ઉપર દોડધામ કરતાં પગલાં સંભળાયાં. ડોસી તેના ગળામાંથી નીકળે તેટલો મોટો અવાજ કાઢીને બૂમો પાડતી હતી: 'ભલા સાહેબ, હું સોગંદપૂર્વક કહું છું કે, અહીં આખો દિવસ કે સાંજે કોઈ જ આવ્યું નથી.'

જાવર્ટનો અવાજ આવ્યો: 'પણ એ ઓરડીમાં દીવો બળે છે.'

એ ઓરડાનું બારણું એવી રીતે ખૂણા પાસે આવેલું હતું કે તેને ઉઘાડે એટલે અંદરની જમણી બાજુની ભીંત સાથે તેનો ત્રિકોણ બની રહે. જીન વાલજિન તરત એ ખૂણામાં ભરાઈ ગયો. સિસ્ટર સિમ્પ્લાઈસ તરત મીણબત્તીવાળા ટેબલ પાસે ઘૂંટણિયે પડીને પ્રાર્થના કરવા લાગી ગઈ.

સાધ્વીને પ્રાર્થના કરતી જોતાંવેંત જાવર્ટ ભારે સંકોચ સાથે બારણામાં જ ઊભો રહી ગયો. સત્તા તરફ આદરભાવ એ તો જાવર્ટના ઘડતરનું મુખ્ય અંગ હતું. તેમાંય ધર્મસત્તાનું સ્થાન તેને મન રાજસત્તા કરતાં પણ મોટું હતું. તેણે ધીમેથી પૂછ્યું, 'સિસ્ટર, આ ઓરડામાં તમે એકલાં જ છો?'

એક કારમી ઘડી આખા ઓરડામાં તોળાઈ રહી. સિસ્ટર સિમ્પ્લાઈસ પ્રાણાંતે પણ જૂઠું બોલે, એ તો બને જ નહીં.

ડોસીને તો સિસ્ટર સિમ્પ્લાઇસનો અચૂક સાચો જવાબ કલ્પનામાં સાંભળાવા લાગતાં તમ્મર આવી ગયાં.

સિસ્ટરે આંખો ઊંચી કરીને ધીમેથી જવાબ આપ્યો, 'હું એકલી જ છું.'

'તોપણ હું ફરી પૂછવા બદલ માફી માગું છું — તમે આજ સાંજે અહીં પેલા જીન વાલજિનને હરગિજ નથી જોયો? તે ભાગી ગયો છે, અને અમે તેને શોધીએ છીએ.'

સિસ્ટરે જવાબ આપ્યો, 'ના નથી જોયો.'

ઉપરાઉપરી તે બે અસત્યો બોલી હતી : જરાય ખચકાયા વિના, ઝડપથી, જાણે ભગવાનની સ્તુતિ કરતી હોય તેમ.

જાવર્ટ આજુબાજુ સહેજ પણ નજર કર્યા વિના તરત પાછો ફરી ગયો.

એક કલાક બાદ ધૂમસમાં થઈને જીન વાલજિન ઉતાવળે શહેરથી દૂર ભાગી રહ્યો હતો. તેના હાથમાં માત્ર કપડે વીંટાળેલું નાનુંસરખું પોટલી જેવું કંઈક હતું.

તે આમ જાવર્ટના પંજામાંથી છટકીને ભાગ્યો તો ખરો, પણ છેવટે ફરી પકડાઈ ગયો. જે દિવસે તે પકડાયો, તે દિવસનાં છાપાંમાં તેના ટૂંક અહેવાલો પ્રસિદ્ધ થયા.

એક છાપાએ (૨૫મી જુલાઈ, ૧૮૨૩) મોં. મેડલીનની પૂર્વ-વિગતો આપીને પછી જણાવ્યું હતું કે, 'તે મેડલીન બીજો કોઈ નહીં, પણ ૧૭૯૫માં લૂંટ માટે સજા પામેલો જીન વાલજિન નામનો ગુનેગાર જ હતો. તેને ફરી જીવનભર કેદ અને સખત મજૂરીની સજા ભોગવવા ટુલોં બંદરે વહાણ ઉપર મોકલી આપવામાં આવ્યો છે.'

બીજા છાપાએ થોડી વિશેષ વિગતો આપીને જણાવ્યું હતું કે, 'આ ગઠિયામાં રાક્ષસી બળ હોવાથી, જેલખાનાના સળિયા તોડી તે ભાગી છૂટચો હતો. પરંતુ ત્રણચાર દિવસ બાદ પેરીસથી મોંટ૦ જતી ટપાલગાડીમાં તે બેસવા જતો

હતો તેવામાં પોલીસે તેને ફરી ઝડપી લીધો. કહેવાય છે કે, વચગાળાના આ ત્રણ કે ચાર દિવસના છુટકારાનો લાભ લઈ, તેણે છ થી સાત લાખ ફ્રાંક જેટલી રકમ આપણા એક મુખ્ય બેંકવાળા લેફાઈટને ત્યાંથી ઉપાડી લીધી હતી. તે રકમ તેણે મોંટ૦ની બહાર વગડામાં કયાંક દાટી દીધી છે. પોલીસને પ્રયત્ન કરવા છતાં તે જગા હાથ આવી નથી. એ ગઠિયા ઉપર આઠ વર્ષ પહેલાં ધોરી રસ્તા ઉપર એક પ્રમાણિક નાના છોકરાને લૂંટી લેવાના આરોપસર કામ ચલાવવામાં આવ્યું હતું.'

અહીં જ સાથે સાથે જણાવતા જઈએ કે, મોં. મેડલીન પકડાઈ જવાની સાથે મોંટ૦ ગામની સમૃદ્ધિ પણ વિદાય થઈ ગઈ. તેમની હાજરીમાં જ આખા ધંધા માટે આત્મારૂપ હતી. આત્મા જતાં ખોળિયું ચોગરદમ સડા અને વિનાશનું ધામ બનીને પીંખાઈ ગયું.

વહાણના કેદી તરીકે આ વખતે જીન વાલજિનનો નંબર ૯૪૩૦ હતો.

૯

નં. ૯૪૩૦

૧૮૨૩ના વર્ષના ઑકટોબર માસના અંત ભાગમાં, ભરદરિયે ભારે તોફાનને કારણે નુકસાન પામેલું લડાયક જહાજ 'ઓરાયન' સમારકામ માટે ટુલોં બંદરમાં દાખલ થયું. પ્રેક્ષકોની ભીડ સવાર-સાંજ ડક્કા ઉપર કાયમ જામેલી રહેલા લાગી.

એક સવારે ખલાસીઓ જહાજના સઢ ખોલતા હતા. તેવામાં ટોચે આવેલા સઢના ઉપરના છેડાને પકડનારો ખલાસી અચાનક લથડયો અને નીચે મોંએ પાણી તરફ પડવા લાગ્યો. તેના હાથમાં દોરડાનો એક છેડો આવી ગયો. તે બંને હાથે પકડી તે અધવચ લટકવા લાગ્યો. પણ તેની એ અંતરિયાળ દશા જોઈને કિનારા પરનાં માણસોનાં મોંમાંથી એકીસાથે તીણી ચીસ નીકળી પડી.

પેલા લટકતા ખલાસીના હાથ ધીરે ધીરે થાકતા જવા લાગ્યા. હાથના રહ્યાસહ્યા જોરથી તે દોરડાને આધારે ઊંચે ચડવા પ્રયત્ન કરતો, પણ તેથી તો દોરડું વધારે ઝૂલવા લાગતું. તેના હાથમાંથી દોરડું છૂટવાની આખરી ઘડી હવે લગોલગ આવી લાગી. અને એ કારમો દેખાવ જોવો ન પડે તે માટે કેટલાક પ્રેક્ષકો તો આડું પણ જોઈ ગયા.

એટલામાં અચાનક એક માણસ ખિસકોલીની ચપળતાથી કૂવાથંભના તાણિયા ઉપર ઊંચે ચડતો દેખાયો. તેનાં રાતાં રંગનાં કપડાં પરથી તે સજા પામેલો ગુનેગાર હતો એ નક્કી હતું; અને તેના માથા ઉપર લીલી ટોપી હતી એટલે તે જીવનભરની સજા પામેલો હતો એ પણ સ્પષ્ટ હતું.

વાત એમ બની હતી કે, તૂતક ઉપર કેદની સજાની કામગીરી બજાવતો એક કેદી, પેલા ખલાસીને લટકતો જોઈ, પહેરા ઉપરના અમલદાર પાસે એકદમ દોડી ગયો. બધા જ ખલાસીઓ જ્યારે ઢજીને પાછા પડતા હતા, ત્યારે તેણે પેલા લટકતા ખલાસીને બચાવવા પોતાના જાનના જોખમે ત્યાં દોડી જવા પરવાનગી માગી. પેલા અમલદારે 'હા' કહેવા ડોકું હલાવવાની સાથે તે હથોડાના એક ટચકાથી પોતાના પગ ઉપરની સાંકળ છૂટી કરીને, એક દોરડું સાથે લઈ ઊંચે ચડવા લાગી ગયો. ટોચ ઉપરના કઠારાએ પહોંચી તેણે થોડી વાર થોભી આજુબાજુ નજર કરી લીધી. પછી કઠારા ઉપર એક જગાએ પોતાની સાથેના દોરડાનો એક છેડો ગાંઠ્યો. બીજો છેડો તેણે પેલા લટકતા માણસ તરફ નાખ્યો અને તે દોરડાને આધારે એક પછી એક મૂઠી ભરી તેણે ઊતરવા માંડ્યું.

પેલા લટકતા ખલાસીની હવે આખરી ક્ષણ જ આવી લાગી હતી. તેના હાથ હવે વધુ એક ક્ષણ પણ દોરડું પકડી રાખી શકે તેમ રહ્યું ન હતું. પેલા કેદીએ પોતાના દોરડાનો છેડો એ ખલાસીને ગાંઠવા માંડ્યો. એક હાથે તેણે પોતાનું

દોરડું પકડ્યું હતું, અને બીજે હાથે તે આ કામ બની શકે તેટલી ઝડપથી પતવતો હતો. થોડી વાર બાદ તે પાછો કઠેરા તરફ ઊંચે ચડવા લાગ્યો. ત્યાં પહોંચતાંવેંત તેણે દોરડું ખેંચી પેલા ખલાસીને ઉપર તાણી લીધો. નીચે ઊભેલા ટોળાએ તાળીઓ પાડી તેને વધાવી લીધો. સ્ત્રીઓ એકબીજીને વળગીને ડૂસકાં ભરવા લાગી, અને ચારે તરફથી એકે અવાજે એક જ પોકાર ઊઠ્યો, 'આ બહાદુર કેદીને એકદમ છોડી મૂકવો જોઈએ!'

પરંતુ પેલા કેદીએ તો તરત જ પોતાને કામે પાછા ઊતરી જવાનું જ નિરધાર્યું હતું. અને વધુ જલદી ઊતરી શકાય તે માટે તે પહેલા કઠેરા પાસેના દોરડા ઉપરથી સીધો સરકતો સરકતો નીચેના કઠેરા તરફ આવવા લાગ્યો. દશ હજાર આંખો પણ તેની પાછળ પાછળ જ સરકતી હતી. એવામાં અચાનક સૌ ચોંક્યા. અધવચ એક જગાએ આવતાં તે કંઈક ખચકાયો અને થાક કે તંમરને કારણે લથડિયું ખાઈ ગયો. આખું ટોળું એક કારમી ચીસ પાડી ઊઠ્યું — પેલો કેદી દરિયામાં ગબડી પડ્યો હતો. એક બીજું વહાણ 'ઓરાયન'ની નજીક જ લાંગરેલું હતું. પેલો કેદી બરાબર એ બેની વચ્ચે જ પડી ગયો હતો. ચાર માણસો ઝપાટાભેર એક હોડી લઈને ઊતરી પડ્યા. પણ પેલો માણસ મૂએલો કે જીવતો બહાર પાછો દેખાયો જ નહીં. એ બે વહાણોના ગમે તે એકને તળિયે તેની કાયમની જળશય્યા થઈ ગઈ હતી. એ કેદીનો નંબર ૯૪૩૦ હતો, અને તેનું નામ જીન વાલજિન હતું. બીજે દિવસે તેના કરુણ મરણની ટૂંક નોંધ છાપાંમાં આવી.

૧૦
'વૉટર્લૂનો સારજંટ'

હવે આપણે કોસેટની ખબર લેવા થેનારડિયરની વીશી તરફ પાછા વળીએ. તે વીશીના પાટિયા ઉપર 'વૉટર્લૂનો સારજંટ' નામવાળું પાટિયું હોવાથી આપણે તરત તેને શોધી શકીએ. તે પાટિયામાં વૉટર્લૂના રણમેદાનનો દેખાવ આપી, સેનાપતિ જેવા દેખાતા કોઈ ઘાયલ માણસને ઊંચકીને આવતો બીજો માણસ ચીતરેલો હતો. થેનારડિયરને પૂછો, તો તે પોતાની બહાદુરીના એક બનાવ તરીકે તે ચિત્રની વાત કહી બતાવે. પણ ખરી વાત એટલી જ હતી કે, નેપોલિયન વૉટર્લૂના રણમેદાનમાં હાર્યો, તે ૧૮૧૫ના જૂનની ૧૮મી તારીખની રાતે, ઘાયલ થયેલા કે મરેલા સૈનિકોની સારી સારી ચીજો ચોરી લેવા થેનારડિયર ત્યાં પહોંચ્યો હતો. તે દિવસોમાં લશ્કરી કાયદા પ્રમાણે એ જાતના ચોરોને 'દેખો ત્યાંથી ઠાર કરો'ની જ સજા થતી.

થેનારડિયરે પોતાનું ડમણિયું દૂર ઊભું રાખ્યું હતું; તેમાં તેની પત્ની બેઠી હતી. તે પોતે લોહીનો કાદવ ખૂંદતો ખૂંદતો સાવધાનીથી મેદાનમાં આગળ વધતો હતો. તેવામાં ચંદ્રના ઝાંખા પ્રકાશમાં તેણે મડદાંના એક ઢગલામાંથી એક ખુલ્લો હાથ આગળ નીકળેલો જોયો. તે હાથની આંગળી ઉપર સોનાની વીંટી ચમકતી હતી. થેનારડિયરે નીચા નમી તે વીંટી કાઢી લીધી. પણ તે પાછો ઊભો થવા ગયો ત્યારે તેણે જોયું કે પેલો હાથ તેના કોટના છેડા સાથે ભિડાઈ ગયો હતો! થેનારડિયરે નીચા નમી જોવા માંડ્યું કે તે મડદામાં જીવ છે

કે કેમ. પછી તેણે ખેંચાખેંચ કરી એ મડદું ઢગલામાંથી બહાર કાઢ્યું. મડદાના શરીર ઉપરનાં કપડાંના દોરી-પટ્ટા ઉપરથી લાગતું હતું કે તે આ ટુકડીનો નાયક-અમલદાર હશે. થેનારડિયરે તેનાં કપડાં ફંફોસી ઘડિયાળ, પૈસાની થેલી, ચાંદીનો ક્રૂસ વગેરે ચીજો કાઢી લીધી. એવામાં ખુલ્લી હવા લાગતાં પેલો અમલદાર ભાનમાં આવ્યો. તેણે પૂછ્યું, 'કોણ જીત્યું?'

'અંગ્રેજો.' ડાકુએ જવાબ આપ્યો.

'મારા ખિસ્સામાં પૈસાની થેલી, ઘડિયાળ વગેરે હશે. તે તું કાઢી લે.'

ડાકુએ ખિસ્સાં ફંફોસીને કહ્યું, 'નથી કોઈ કાઢી ગયું લાગે છે.'

પેલાએ કહ્યું, 'તેં મારી જિંદગી બચાવી છે; હું તને જરૂર એ બધું આપી દેત. હવે મારી પાસે કશું નથી.'

એટલામાં પહેરેગીરનાં પગલાં પાસે આવતાં સંભળાયાં.

ડાકુ ઉતાવળ કરવા લાગ્યો. તેણે કહ્યું, 'જુઓ હું તમારી પેઠે ફ્રેંચ લશ્કરનો માણસ છું; પણ હવે મારે જવું જોઈએ. હું જો પકડાઈ જઈશ, તો મને ગોળીએ દેશે. તમે પણ હવે તમારાથી ભગાય તેમ ભાગજો.'

'તારો હોદ્દો શો છે?'

'સારજંટ.'

'તારું નામ શું?'

'થેનારડિયર.'

'હું એ નામ કદી ભૂલીશ નહિ. અને તું પણ મારું નામ યાદ રાખજે — પોન્ટમર્સી.'

મડદાંને લૂંટીને ઊભી કરેલી થાપણમાંથી જ થેનારડિયરે પોતાની આ વીશી ઊભી કરી હતી. તેનું ખરું પરાક્રમ આટલું જ હતું.

૧૮૨૩ની સાલ ચાલતી હતી. નાતાલનો તહેવાર આવ્યો હતો. ખેલાડીઓ અને મેળાની દુકાનોવાળાઓએ આવીને મોંટ૦ ગામમાં ડેરા-તંબૂ ખડા કરી દીધા હતા. થેનારડિયરની વીશીમાં તે રાતે કેટલાક ગાડાંવાળા, ફેરિયા વગેરે ટોળે વળી પ્યાલીઓ ગટકાવતા અને વાતોમાં ગરમાવો લાવતા બેઠા હતા. બાનુ ચૂલા પરની વાળુને સંભાળી રહી હતી અને થેનારડિયર મહેમાનોને વાતોમાં તેમજ પીવામાં સાથ આપતો હતો.

કોસેટ તેની રોજની જગાએ — એટલે કે મોટા ટેબલ નીચે ચૂલાને અજવાળે બેઠી બેઠી થેનારડિયરની બે છોકરીઓ માટે મોજાં ગૂંથતી હતી. તેની આંખ ઉપર થેનારડિયર બાનુએ થોડા વખત પહેલાં જોરથી મુક્કો મારેલો; તેનું લોહી જામી જઈને કાળું ચકામું પડી ગયું હતું.

મોંટ૦ ગામ ઊંચાણ ઉપર આવેલું હોઈ, ત્યાં પાણીનું દુઃખ ભારે હતું. લોકોને દૂર જંગલમાં આવેલ તળાવડામાંથી અથવા ગામથી દૂર પાએક કલાકને રસ્તે આવેલા ઝરામાંથી પાણી ભરી લાવવું પડતું. પાણી ભરનારો ભિસ્તી શિયાળામાં પાંચ વાગ્યા સુધી જ પાણી ભરતો. તે પછી જેને પાણી જોઈએ, તેને જાતે જ ભરી લાવવું પડે.

એ વીશીમાં ઊતરેલો એક ફેરિયો, તે વખતે, પોતાના તરસ્યા રહેલા ઘોડા માટે ફરિયાદ કરતો તથા પાણી ભરેલી ડોલ માગતો અંદર આવ્યો. કોસેટ તેને જોઈ, ટેબલ નીચે બેઠી બેઠી પણ કંપી ઊઠી. ટાંકીમાં પાણી થઈ રહેવા આવ્યું હતું.

બાનુએ કોસેટને તડૂકીને કહ્યું, 'અબઘડી પાણી ઘોડાને પાઈ દે.'

'પાણી થઈ રહ્યું છે, બાનુ,' કોસેટે મંદ અવાજે જવાબ આપ્યો.

ધણીધણિયાણી બંનેએ એકીસાથે બારણું ઉઘાડી, બહાર આંગળી કરીને કહ્યું, 'જા, અત્યારે ને અત્યારે ભરી આવ.'

કોસેટને થેનારડિયર બાનુનો મુક્કો માથા ઉપર તોળાઈ રહેલો દેખાયો. તેનું માથું નીચું ઝૂકી ગયું. ધુમાડિયા નજીકના ખૂણામાં પડેલી જંગી ડોલ તેણે હાથમાં લીધી. તે જ વખતે થેનારડિયર બાનુએ એક ખાનામાંથી ફંફોસીને પંદર-સૂનો સિક્કો તેના તરફ ફેંક્યો અને કહ્યું, 'પાછી ફરે ત્યારે ભઠિયારાને ત્યાંથી પાંઉ લેતી આવજે.'

કોસેટ બહાર નીકળી. બારણું બંધ થઈ ગયું.

મેળાની દુકાનવાળાના માંડવાઓ દેવળથી માંડીને થેનારડિયરની વીશી સુધી પથરાયેલા હતા. છેલ્લી દુકાન બાળકોનાં રમકડાંની હતી. તેનો ભપકો જરા ઓર હતો. દુકાનની બરાબર આગળની બાજુએ એક સફેદ રૂમાલ ઉપર બે ફૂટ ઊંચી એક મોટી ઢીંગલી મૂકવામાં આવી હતી. તેનાં રંગબેરંગી કપડાં અને ઠઠારો જોવા આખો દિવસ ગામનાં બાળકો ટોળે વળ્યા કરતાં હતાં. કોઈનાં માબાપ તે ઢીંગલી ખરીદવાની હિંમત કરી શકે તેમ ન હતું.

રાતે જ્યારે હાથમાં ડોલ લઈ, કોસેટે શેરીમાં ડગ માંડ્યાં, ત્યારે એ સ્થિતિમાં પણ ઢીંગલી સામે તે નજર કર્યા વિના રહી શકી નહીં. તેણે તેનું નામ 'મહારાણી' પાડ્યું હતું. આખા દિવસમાં અત્યારે જ આટલે નજીકથી નજર માંડીને ઢીંગલી સામું જોવાનો તેને અવસર મળ્યો હતો.

પણ એટલામાં થેનારડિયર બાનુએ બારણું ઉઘાડી, તેને ત્યાં ઊભેલી જોઈને તરત બૂમ પાડી, 'હું જાણતી જ હતી; ઊભી રહે દેડકી, તારું ગોળ-મટોળ માથું જરા ચપટું કરી આપું.'

આ શબ્દો સાંભળ્યા પછી, પાછળ વાઘ પડ્યો હોય તેમ છળીને કોસેટ નાઠી. દુકાનોનું અજવાળું પૂરું થયું અને ખાવા ધાતો અંધકાર કોસેટને ગભરાવવા તથા ગૂંગળાવવા લાગ્યો. પણ થેનારડિયર બાનુના મુક્કાની બીકની મારી તે બિચારી જે નાઠી, તે છેક ઝરા આગળ જ આવીને થોભી.

રોજની પેઠે કિનારાનું એક ઝાડવું પકડી, તે ડોલ ભરવા પાણી તરફ નીચી નમી, તેવો જ પેલો પંદર-સૂનો સિક્કો તેના ખિસ્સામાંથી પાણીમાં ગબડી ગયો.

ડોલ ભરાઈ તો ખરી; પણ તે ડોલ ઊંચકીને ઘેર પહોંચવું એ જુદી વાત હતી. તેના નાનકડા હાથ ઠંડા પવનથી ઠરી જતા હતા; તથા ડોલના ભારથી તેની હથેળી ઉપર સોજો ચડી આવ્યા જેવું દરદ થતું હતું. જંગલ પૂરું પણ થયું નહીં ત્યાર પહેલાં તો તે બેસી પડી. થોડી વારે ઊભી થઈને તેણે ફરી ડોલ હાથમાં લીધી, ત્યારે અતિશય દુ:ખના માર્યા 'ઓ ભગવાન!' એ શબ્દો તેના મોંમાંથી નીકળી પડ્યા.

અચાનક કોસેટને લાગ્યું કે, એક જોરદાર હાથે તેની ડોલ ઊંચકી લીધી છે. તેની પાછળથી લગોલગ આવી લાગેલો કોઈ માણસ એક શબ્દ પણ બોલ્યા વિના તેની ડોલ ઊંચકીને તેની સાથે ચાલતો હતો.

'તું ડોલ છોડી દે, બેટા, હું જ ઊંચકી લઈશ.'

કોસેટે જરા પણ અંદેશા વગર ડોલ છોડી દીધી. પેલો તેની સાથે સાથે જ ચાલવા લાગ્યો. વાતવાતમાં તેણે પૂછી લીધું કે, તે આઠ વરસની છે તથા વીશીમાંથી પાણી ભરવા આટલે દૂર આવી છે.

'તારે મા નથી?'

'મને ખબર નથી,' બાળકે જવાબ આપ્યો. 'બીજાં છોકરાંને મા હોય છે; મને કોણ જાણે નથી.'

પેલો માણસ એકદમ ઊભો રહ્યો. તેણે ડોલ જમીન ઉપર મૂકી દીધી. પછી કોસેટના બે ખભા ઉપર પોતાના હાથ મૂકી, તેણે અંધારામાં તેનું મોં જોવા પ્રયત્ન કર્યો.

'તારું નામ શું, બેટા?'

'કોસેટ.'

પેલા માણસને જાણે વીજળીનો આંચકો લાગ્યો. તેણે ડોલ ઉપાડીને ફરી ચાલવાનું શરૂ કર્યું.

'ચાલ મા, મારે આજની રાત કોઈ વીશીમાં જ રહેવાનું છે. હું તારી વીશીમાં જ આવીશ.'

રસ્તામાં ભઠિયારાની દુકાન આવી ગઈ, પણ કોસેટને પાંઉ ખરીદવાનું યાદ રહ્યું નહીં. વીશી નજીક આવતાં જ તેણે ધીમેથી પેલાના હાથમાંથી ડોલ લઈ લીધી, તથા બારણું ઉઘાડી, નવા મહેમાનને આદરપૂર્વક અંદર પધારવા કહ્યું. પણ મહેમાનનો ચીંથરેહાલ દેખાવ જોઈ, તેને કશો ખાસ ઉમળકાભર્યો આવકાર વીશીવાળાં તરફથી મળ્યો નહીં.

કોસેટ તો આવીને ટેબલ નીચે પોતાના ગૂંથવાના કામે બેસી ગઈ. શેઠાણીએ તરત કોસેટ પાસે પાંઉ માગ્યો. તે બિચારી એની વાત ભૂલી જ ગઈ હતી; એટલે ઝટ જવાબ આપી બેઠી, 'ભઠિયારખાનું બંધ થઈ ગયું હતું.' થેનારડિયર બાનુને એનો જવાબ સાચો ન લાગ્યો; એટલે બીજે દિવસે તપાસ કરીને પછી તેની ખબર લેવાનો નિશ્ચય કરી, તેણે પૈસા પાછા માગ્યા.

કોસેટે ખિસ્સું ફંફોસી જોયું પણ પૈસા ન મળે! બાનુએ તરત ખીંટી ઉપર ભરવેલો ચાબખો હાથમાં લીધો. કોસેટ ચીસ પાડી ઊઠી.

પેલો નવો મહેમાન તે જ ઘડીએ હાંફળો હાંફળો ઊઠ્યો અને ટેબલ નીચે કંઈક શોધતો હોય એમ નમી, ઝટ ઊભો થયો અને બોલ્યો, 'લો બાનુ; એ નાની છોકરીના ખિસ્સા-માંથી હમણાં જ ગબડી પડતો મેં જોયો હતો.'

બાનુએ એ સિક્કો લીધો, પણ તે સમજી ગઈ કે એ સિક્કો પોતે આપેલો સિક્કો નથી; કારણ કે આ તો પંદરને બદલે વીસ-સૂનો સિક્કો હતો.

થોડી વારમાં બાનુની બે હૃષ્ટપુષ્ટ છોકરીઓ ધમાચકડી કરતી ઓરડામાં દાખલ થઈ અને અંગારા પાસે બેસી એક

ઢીંગલી સાથે રમવા લાગી. કોસેટ ગૂંથવાનું ભૂલી એ ઢીંગલી તરફ જોઈ રહી. તેવામાં બાનુની નજર તેના ઉપર પડી, એટલે તરત તે તડૂકી, 'ડાકણ, તું મફતનું ખાઈને આવું કામ કરે છે કેમ?'

મહેમાને શેઠાણીને પાંચ ફ્રાંક આપી, કોસેટને રમવા માટે કામમાંથી મુક્તિ અપાવી. કોસેટ હવે એક સીસાની નાની તરવારને ચીંથરાં વીંટી, તેની ઢીંગલી બનાવીને રમવા લાગી.

મહેમાન વાળુ કરવા બેઠો. બાનુની બે છોકરીઓ થોડી વારે પોતાની ઢીંગલી પડતી મૂકી, બિલાડીના બચ્ચાને પકડી, તેને કપડાંના રંગબેરંગી ટુકડા પરાણે વીંટવા લાગી. કોસેટે તેમણે પડતી મૂકેલી ઢીંગલી લઈને રમવા માંડ્યું. પાએક કલાક પછી અચાનક પેલી છોકરીઓમાંથી એકનું ધ્યાન એ તરફ જતાં જ તેણે પોતાની માને કહી દીધું. મા એકદમ ગુસ્સે થઈને ઊછળી. પોતાની છોકરીઓની ઢીંગલીને હાથ લગાડવા બદલ કોસેટને તેણે એવી લાત લગાવી કે કોસેટ ચીસ પાડી ઊઠી.

પેલો આગંતુક બોલ્યાચાલ્યા વિના બહાર ચાલ્યો ગયો અને થોડી વારમાં આખા ગામની ઈર્ષ્યાની વસ્તુ—દુકાનની પેલી ઢીંગલી—ખરીદી લાવ્યો. તેણે કોસેટ સામે તે ઢીંગલી મૂકી અને કહ્યું, 'લે; આ ઢીંગલી રમ.'

કોસેટ તો આભી જ બની ગઈ, અને ટેબલ નીચે પેસી ગઈ. બાનુ તથા તેની બે છોકરીઓ પણ સડક થઈ ગઈ. થેનારડિયર બધી પરિસ્થિતિ સમજી લઈ તરત પોતાની ધણિયાણી પાસે ગયો અને તેના કાનમાં બોલ્યો, 'હવે જો તું આ માણસ આગળ હલકી પડી, તો ખબરદાર! એ ઢીંગલીની કિંમત કંઈ નહીં તોય ૩૦ ફ્રાંક હશે. એ માણસની મરજી બરાબર સાચવજે. એ દેખાય છે તેવો ગરીબ નથી.'

તરત બાનુએ પોતાની જીભમાં ઉમેરાય તેટલું મધ ઉમેરી કોસેટને કહ્યું, 'બેટા, એ ઢીંગલી તારે માટે સાહેબ લાવ્યા છે. તું લઈ લે, એ તારી છે.'

'સાચી વાત છે, સાહેબ? આ મહારાણી મારે માટે છે?' કોસેટે પૂછ્યું.

મહેમાનની આંખો આંસુથી ભરાઈ ગયેલી હતી. રડી ન પડાય તે માટે તેણે માત્ર ડોકું ધુણાવી હા કહી, અને ઢીંગલીનો હાથ તેના હાથમાં મૂક્યો.

કોસેટે ઢીંગલીને અડતાંવેંત પોતાનો હાથ પાછો ખેંચી લીધો. પછી અજાણતાં પોતાની આખી જીભ બહાર કાઢી; અને એકદમ આવેશમાં આવી, પેલી ઢીંગલીને પકડી લીધી.

બીજે દિવસે સવારે બિલ આપતી વખતે થેનારડિયરે પોતાને થયેલા આ નુકસાનનો બદલો બરાબર લીધો! તેણે એક રાતના રહેવાના ભાડાનું તથા સાદા ભોજનનું બિલ ૨૩ ફ્રાંકનું બનાવ્યું, અને પોતાની ધણિયાણીને તે વસૂલ કરવા મોકલી.

પેલો હાથમાં પોટલી અને ડંડો લઈ નીચે આવવા જ નીકળતો હતો. થેનારડિયર બાનુએ તેને પલાળવા સારુ ઘરાકીના અભાવની, ટૂંકી કમાણીની વગેરે વાતો કરી; તથા છેવટે ઉમેર્યું કે, અધૂરામાં પૂરું પેલી ગેલકી પણ મફતની તેમને માથે પડી છે, અને અર્ધું ઘર તો તે એકલી ખાઈ જાય છે.

મહેમાને સહાનુભૂતિપૂર્વક કહ્યું, 'એનો ભાર, તમે કહો તો, હું લઈ લઉં.' બાનુ તો તરત કબૂલ થઈ ગઈ, અને તેને આશીર્વાદ જ દેવા મંડી. પણ થેનારડિયરે વચ્ચે પડીને, મોકો જોઈ, મોંઘા થવા કહ્યું કે, 'એ છોકરી ગમે તેમ તોપણ મને સોંપાયેલી થાપણ છે, અને તેના ઉપર મને મમતા બંધાયેલી છે. માટે તેને ગમે તે અજાણ્યાના હાથમાં સોંપી ન દેવાય.

મારે તેની અવારનવાર ખબર કાઢતા રહેવું પડે; એટલે તેને કોણ ક્યાં લઈ જાય છે, તે મારે પહેલાં જાણવું જોઈએ.'

મહેમાને કહ્યું કે, 'હું કોસેટને લઈ જાઉં, તો એટલેથી જ બધી વાત પૂરી થવી જોઈએ. પછી તેને તમારે યાદ જ કરવાની નહીં. તમારા હાથમાંથી હંમેશને માટે મુક્ત કરવા માટે જ હું તેને લઈ જાઉં. બોલો કબૂલ છે?'

'તેના અત્યાર સુધીના ખર્ચના ૧૫૦૦ ફ્રાંક મને મળે, તો પછી મને વાંધો નથી.'

પેલાએ તરત ત્રણ નોટો પાકીટમાંથી ખેંચી કાઢીને ટેબલ ઉપર મૂકી દીધી. પછી કોસેટ આવતાં જ પોતાની બચકીમાંથી સાત વર્ષની છોકરી માટેનાં તૈયાર કપડાંની જોડ કાઢીને તેને પહેરાવી દીધી. તે કપડાં શોક માટેનાં કાળા રંગનાં હતાં.

થોડી વાર પછી બંને જણ ગામ બહાર ચાલી નીકળ્યાં. કોસેટના હાથમાં તેની 'મહારાણી' હતી. પોતાને કોણ ક્યાં લઈ જાય છે, તેનો કશો અંદેશો તેના નિર્દોષ મનમાં ન હતો. એ અજાણ્યો માણસ જ તેને અત્યારે સૌ કરતાં પોતાનો લાગતો હતો.

૧૧
પેરીસમાં વસવાટ

જ્યારે કોસેટ અને તેનો તારણહાર વીશી છોડી ગયાં, ત્યારે પાએક કલાક વીત્યા પછી, થેનારડિયરે પોતાની પત્નીને ૧૫૦૦ ફ્રાંકની નોટો બતાવી.

તેની પત્ની તરત બોલી ઊઠી, 'બસ એટલા જ?'

થેનારડિયર માટે આટલું મહેણું બસ હતું. તે માથા ઉપર ટપલો મારીને બોલ્યો, 'ખરી વાત; તેણે તો મને પંદર હજાર ફ્રાંક પણ આપ્યા હોત. આ કોસેટની વાતમાં કંઈક રહસ્ય જરૂર છે. પેલા પાસે તેને માટે તૈયાર કપડાં ક્યાંથી હતાં? જરૂર તે તેને લેવા માટે જ આવેલો!'

આટલો વિચાર આવતાં તે તરત પેલી નોટો ખિસ્સામાં સરકાવતોકને જલદી જલદી દોડ્યો. આગળ જતાં એક જગાએ રસ્તો ફંટાતો હતો, ત્યાં પૂછપરછમાં થોડો વખત બગડ્યો. પછી નજરે જોનાર કોઈએ પેલાં બેએ લીધેલો રસ્તો જ્યારે બતાવ્યો, ત્યારે તે એ તરફ દોડ્યો. પણ એ નિર્જન જંગલનો રસ્તો હતો. થેનારડિયર ફરી વાર કપાળ ઉપર જોરથી ટપલો મારીને બોલ્યો, 'ખરેખર હું ગધેડો જ છું; ઘેરથી મારી બંદૂક કેમ સાથે લેતો ન આવ્યો?'

પેલાં બે થાક ખાવા એક તળાવડાને કિનારે જરા ફંટાઈને બેઠાં હતાં. ત્યાં થેનારડિયર થોડી વારે હાંફતો હાંફતો આવી પહોંચ્યો. તેણે તરત પંદરસો ફ્રાંક ખિસ્સામાંથી બહાર કાઢ્યા અને કોસેટને પાછી ફરવા કહ્યું. કોસેટ ધ્રૂજી ઊઠી અને પોતાના તારણહારને વળગી પડી.

પેલાએ થેનારડિયરને પૂછ્યું, 'કેમ, શું છે?'

થેનારડિયર બોલ્યો, 'સાહેબ, એ છોકરી મને એની મા સોંપી ગઈ છે. એની માને જ હું એ છોકરી પાછી સોંપી શકું. આપ કહેશો કે એની મા તો મરી ગઈ છે; તો પછી જે માણસ તેની માના હાથનું મુખત્યારનામું લાવે, તેને જ હું એ છોકરી આપી શકું. બીજા કોઈને નહીં!'

પેલા માણસે તરત ખિસ્સામાંથી પાકીટ કાઢ્યું. થેનારડિયર આનંદથી કંપી ઊઠ્યો: 'આ માણસ વધારે પૈસા આપવા માગે છે! બસ હવે તો હું માગું તેટલા આપે તો જ કોસેટને લઈ જવા દઉં '

પેલાએ પાકીટમાંથી એક ચિઠ્ઠી કાઢીને થેનારડિયરને આપી. થેનારડિયરે ચિઠ્ઠી હાથમાં લઈને વાંચી —

મO

માર્ચ ૨૫–૧–'૨૩

મોં. થેનારડિયર —

તમે આ ચિઠ્ઠી લાવનારને કોસેટ સોંપી દેશો; તે બધી બાકીની નાની રકમો ચૂકવી દેશે.

— આપની ફેન્ટાઈન.

થેનારડિયરનું મોં ફીકું પડી ગયું. પણ તે નમતું આપે તેમ ન હતો. તેણે કહ્યું, 'સહી તો બરાબર ફેન્ટાઈન જેવી કરેલી છે; પણ ચાલશે; હવે ચિઠ્ઠીમાં લખ્યા પ્રમાણે મારી બાકી નીકળતી રકમો ચૂકવી દો, એટલે બસ!'

પેલો માણસ હવે બોલ્યો, 'જુઓ મોં. થેનારડિયર, જાન્યુઆરીમાં આ છોકરીની માએ હિસાબ ગણ્યો હતો, ત્યારે તમારા ૧૨૦ ફ્રાંક નીકળતા હતા. ત્યાર બાદ નવ મહિના પસાર થયા છે, એટલે મહિને ૧૫ ફ્રાંકના હિસાબે તમે બીજા ૧૩૫ ફ્રાંક માગો. તેને બદલે તમને ૬૦૦ ફ્રાંક પહેલાં મળ્યા છે, અને હમણાં જ ૧૫૦૦ મેં આપ્યા.'

થેનારડિયરનું મોં કાળું ઠણક થઈ ગયું. પણ તે હવે જાત ઉપર ગયો અને બોલ્યો, 'મને અબઘડી બીજા ૩૦૦૦ ફ્રાંક નહીં મળે, તો હું કોસેટને પાછી લઈ જઈશ.'

અજાણ્યાએ જવાબમાં કોસેટને માત્ર શાંતિથી કહ્યું, 'બહેન, ચાલ ઊઠ.'

તેણે કોસેટનો ડાબો હાથ પકડયો, અને જમણે હાથે પોતાનો દંડો ઉપાડયો. એ દંડાની વિકરાળતા અને આજુ-બાજુની નિર્જનતા થેનારડિયરના લક્ષમાં આવ્યા વિના ન રહ્યાં. તે તાકતો જ રહ્યો, અને પેલો કોસેટને લઈ આગળ ચાલ્યો. થેનારડિયર પોતાના નબળા હાથ તરફ જોતો, અને કપાળ કૂટતો થોડી વાર પછી પાછો ફર્યો.

તે રાતે પેરીસમાં એક ઘર આગળ કોસેટ અને તેનો તારણહાર આવી પહોંચ્યાં, ત્યારે કોસેટ તેની પીઠે નિરાંતે ઊંઘતી હતી. મહારાણી તેના હાથમાં જ હતી.

પેરીસના એક વેરાન ભાગમાં તે મકાન આવેલું હતું. તે ઘરનો એક ઓરડો આગલે દિવસે બપોરે જ જીન વાલજિન ભાડે રાખી ગયો હતો. ઘર ભાડે રાખી તે મોંટ૦ જતા ટપ્પામાં બેસી ગયો હતો અને અધવચ જ ઊતરી ગયો હતો. ત્યાંથી જંગલને રસ્તે અમુક નિશાનીઓ ઓળખતો ઓળખતો, તે જ્યાં પોતાની બધી મિલકત દાટેલી હતી, ત્યાં ગયો હતો. ત્યાંથી પરવારીને તે મોંટ૦ ગામ તરફ વળ્યો, તે વખતે જ રસ્તામાં ડોલ ઊંચકીને જતી કોસેટનો તેને અંધારામાં ભેટો થયો હતો.

નં. ૫૦-૫૨ તરીકે ઓળખાતા આ મકાનમાં, ઉંમરે છેક ભિન્ન અને દુઃખે એકદમ સમાન એવા, જગતથી તજાયેલા આ બે જીવો એકબીજાની હૂંફે રહેવાના હતા અને વિકસવાના હતા.

એ ઓરડાની સવાર કોસેટના હસવાથી, વાતોથી અને ગાવાથી શરૂ થતી. જીન વાલજિન દિવસે બહાર બ ઓછું

નીકળતો. સામાન્ય રીતે સાંજ થયે તે એક-બે કલાક ફરવા નીકળતો; અને તે પણ નિર્જન શેરીઓમાં જ. કોસેટને જીન વાલજિન સાથે ફરવાનું બહુ ગમતું; એટલો વખત તે મહારાણી સાથેની પોતાની મનભાવતી રમત પણ પડતી મૂકવા તૈયાર થતી.

જીન વાલજિને મકાનના મૂળ સરસામાનમાં કે પોતાનાં કપડાંમાં કશો ફેરફાર કર્યો ન હતો. તેથી રસ્તા ઉપર કોઈ કોઈ વેળા કેટલીક પરગજુ બાઈઓ તેને ભિખારી ધારી, એકાદ સૂ દાન કરતી. તે પણ નીચો નમી તેનો સ્વીકાર કરી લેતો. ઘણી વાર એમ બનતું કે, કોઈ ખરો ભિખારી તેની પાસે હાથ ધરતો, ત્યારે તે આજુબાજુ નજર કરી લઈ, જલદી જલદી તેના હાથમાં ચાંદીનો સિક્કો મૂકી ભાગી જતો. એ કારણે થોડા વખતમાં તે આ લત્તામાં 'દાન કરતો ભિખારી' એ નામે જાણીતો થયો.

આમ શિયાળો પૂરો થવા આવ્યો.

પાસેના દેવળ નજીક એક ભિખારી રહેતો હતો. તે સામાન્ય રીતે એક અવડ કૂવાની ધારે ભીખ માગવા બેસતો. જીન વાલજિન તેના હાથમાં કશું મૂક્યા વિના કદી જતો નહિ; અને કોઈ કોઈ વાર તેની સાથે વાત પણ કરતો. ભિખારીની ઉંમર ૭૫ વર્ષની હતી, અને તે આખો વખત માળા ફેરવ્યા કરતો.

એક રાતે જ્યારે જીન વાલજિન એકલો ફરવા નીકળ્યો હતો, ત્યારે તેણે પેલા ભિખારીને તેની રોજની જગાએ ફાનસ નીચે બેઠેલો જોયો. જીન વાલજિને તેની પાસે જઈ, તેના હાથમાં રોજ પ્રમાણેની રકમ મૂકી. પણ એટલામાં પેલા ભિખારીએ એકદમ પોતાનું મોં ઊંચું કર્યું અને જીન વાલજિન સામે તાકીને નજર કરી લીધી. વીજળીના ઝબકારાની પેઠે એ બની ગયું, પણ જીન વાલજિન ચોંકી ઊઠ્યો. કારણ કે તે પેલા ભિખારીનું મોં ન હતું, પણ જાણે જાવર્ટનું મોં હતું!

બીજે સાંજે જીન વાલજિન તે તરફ જ ફરવા ગયો. તેણે પેલા ભિખારીના હાથમાં રકમ મૂકીને તેની ખાસ ખબર પૂછી. તો તે પેલો જૂનો ભિખારી જ હતો! જીન વાલજિનને લાગ્યું કે ગઈ કાલે તેને ભ્રમ જ થયો હતો.

થોડા દિવસ બાદ સાંજના આઠેક વાગ્યાનો સુમાર હતો. જીન વાલજિન ઘરમાં કોસેટને જોડણી શીખવતો બેઠો હતો. તેવામાં તેણે દાદરનું બારણું ઊઘડતું અને પાછું વસાતું સાંભળ્યું. આ એક નવીન ઘટના હતી. કારણ કે તેના સિવાય એ ઘરમાં ઓરડીઓ ભાડે આપનાર ડોસી જ રહેતી હતી. અને તે તો દીવાબત્તીનું ખર્ચ બચાવવા સાંજના છ વાગ્યાથી જ સૂઈ જતી. જીન વાલજિને તરત મીણબત્તી બુઝાવી નાખી અને કોસેટને પથારીમાં સુવાડી દઈ, જરા પણ અવાજ ન કરવા કહ્યું. જીન વાલજિન પછી પોતાની પીઠ બારણા તરફ રાખીને ચૂપ બેસી રહ્યો. લાંબા વખત સુધી કશો અવાજ સંભળાયો નહીં. એટલે તેણે ચૂપકીથી પોતાની ડોક ધીમે ધીમે ફેરવીને જોયું, તો બારણાની કૂંચીના કાણામાંથી પ્રકાશનું એક ટપકું ચમકી રહ્યું હતું. અર્થાત્ કોઈ ત્યાં ઓરડાનો ગણસાર સાંભળવા હાથમાં મીણબત્તી સાથે ગુપચુપ ઊભું હતું. થોડી મિનિટ બાદ પ્રકાશ ચાલ્યો ગયો, પણ પગલાંનો અવાજ ન સંભળાયો. ત્યાં ઊભેલું માણસ પગરખાં હાથમાં લઈને ચૂપકીદીથી સરકી ગયું હતું.

જીન વાલજિન આખી રાત ઊંઘી શક્યો નહીં. સવાર થતાં જ થાકથી તેની આંખ મીંચાવાની તૈયારીમાં હતી. તેવામાં દાદર ઉપરની અંધારી ગલીનું બારણું ઊઘડવાનો અવાજ સાંભળી, તે જલદી જલદી કૂંચીના કાણા પાસે જઈ પહોંચ્યો અને જોવા લાગ્યો. ગઈ રાતનો જ પગલાંનો અવાજ પાસે આવવા લાગ્યો. અત્યારે તે માણસ તેના બારણા પાસે થોભ્યા વિના જ દાદર તરફ ચાલતો થયો. દાદર પાસે

જતાં જ પ્રકાશનું કિરણ તેના ઉપર પડ્યું; એટલે જીન વાલજિન જાવર્ટની પીઠ બરાબર ઓળખી શક્યો !

સાંજ પડી ત્યારે જીન વાલજિન નીચે ઊતર્યો અને રસ્તા ઉપર દૂર સુધી નજર કરી આવ્યો. કોઈ નજરે ન પડ્યું એટલે તે તરત કોસેટ પાસે ગયો અને બોલ્યો, 'બેટા, જલદી ચાલ જોઈએ.'

તે બંને હતભાગીઓની પાછળ જતા પહેલાં આપણે વાર્તામાં થોડીક પાછળ નજર કરી લઈએ. મ૦ની જેલમાંથી નાસી છૂટેલા જીન વાલજિનની શોધ કરવાની થતાં, તે પેરીસમાં જ છુપાઈ શકે એમ માની, જાવર્ટની બદલી પેરીસમાં કરવામાં આવી હતી. તે વખતે જીન વાલજિનને પકડી આપવામાં તેણે જે ખંત અને હોશિયારી દાખવ્યાં હતાં, તેથી ખુશ થઈ, પોલીસવડાએ તેને કાયમ માટે પેરીસ ખાતે જ રાખી લીધો હતો.

જીન વાલજિનની વાત ધીમે ધીમે જાવર્ટના મનમાંથી વિસારે પડવા આવી હતી. તેવામાં અચાનક એક દિવસે ૧૮૨૩ના ડિસેમ્બરના અરસાનું છાપું જોતાં તેના વાંચવામાં આવ્યું કે, જીન વાલજિન દરિયામાં લપસી પડવાથી ડૂબી મૂઓ. તે બાજુની તો હવે નિરાંત થઈ, એમ માની જાવર્ટે તપકીરનો સડાકો આરામથી ખેંચ્યો.

થોડા દિવસ બાદ પેરીસના પોલીસખાતાને જિલ્લાના ખાતા તરફથી એક બાળકીનું મોંટ૦માંથી વિચિત્ર સંજોગોમાં અપહરણ થયાના સમાચાર મળ્યા. એ શહેરના એક વીશી-વાળાને ત્યાં ફેન્ટાઈન નામની એક સ્ત્રી કોસેટ નામની પોતાની બાળકી મૂકી ગઈ હતી. તે બાળકીને કોઈ અજાણ્યો શખસ આવીને તાજેતરમાં ઉઠાવી ગયો હતો. જાવર્ટના હાથમાં એ અહેવાલ આવતાં તે તરત ચોંકી ઊઠ્યો. જીન વાલજિને પકડાતી વખતે ફેન્ટાઈનની બાળકીને છોડાવી લાવવા જ ત્રણ દિવસની

મુદત માગી હતી! વળી બીજી વાર જીન વાલજિન પેરીસમાં પકડાયો, ત્યારે તે મોંટ૦ જતી ટપાલગાડીમાં જ બેસવા જતો હતો! મોંટ૦માં એને શું કામ હોઈ શકે? હવે જાવર્ટને સમજાયું કે પેલી ફેન્ટાઈનની છોકરી ત્યાં હતી! પણ જીન વાલજિન તો ડૂબીને મરી ગયો હતો એમ કહેવાય છે, તેનું શું? જાવર્ટે થેનારડિયરને ત્યાં વધુ તપાસ કરી. થેનારડિયર સમજી ગયો કે, પોલીસની તપાસનું લફરું વળગશે, તો પોતાની બીજી પણ ઘણી બાબતો ઉઘાડી થશે. એટલે તેણે એવું જ કહેવા માંડ્યું કે, એ છોકરીને લઈ જનાર માણસ તેનો દાદો જ હતો, એવું પછીથી તેને માલૂમ પડ્યું છે!

આમ બધી વાત જાવર્ટના મનમાંથી સરી જવા લાગી હતી, તેવામાં માર્ચ ૧૮૨૪ના અરસામાં પેરીસના અમુક લત્તામાં દાન કરતો એક ભિખારી રહેતો હોવાની વાત તેના સાંભળવામાં આવી. તેની સાથે એક સાતઆઠ વરસની છોકરી રહેતી હતી. તે લોકો મોંટ૦થી અહીં રહેવા આવ્યાં હતાં, એટલું એ ઘર ભાડે આપનારી ડોસી જાણતી હતી. ફરી પાછું મોંટ૦! જાવર્ટના કાન ખડા થઈ ગયા.

જેને પેલો માણસ અવારનવાર દાન આપતો, તે ઘરડો ભિખારી પહેલાં પોલીસખાતાનો માણસ હતો. જાવર્ટ એક દિવસ તેની જગાએ તેનાં કપડાં પહેરીને બેઠો. જાવર્ટને પેલાનું મોં જોઈ આભાસ થયો ખરો કે, એ જીન વાલજિન જ હતો. પછી જાવર્ટે એ મકાનમાં એક ઓરડો ભાડે લઈ, વધુ ખાતરી કરવા પ્રયત્ન કર્યો. પણ પહેલી રાતે જીન વાલજિન ચેતી ગયો હોવાથી જાવર્ટને ફાવ્યું નહીં. પછી બીજે દિવસે તો જીન વાલજિન કોસેટ સાથે ઘર છોડીને જ નાઠો.

જાવર્ટ બે માણસો સાથે ઝાડ પાછળ સંતાઈને તૈયાર ઊભો હતો. તેણે જીન વાલજિનને ભાગતો જોઈને તરત જ ગિરફતાર ન કરી લીધો, તેનું કારણ હતું, એ જીન વાલજિન

જ છે, તથા તે ઘર છોડીને જ નાસી જાય છે, એની તેને પૂરી ખાતરી ન હતી. તે દિવસોમાં છાપાંઓએ પોલીસો સામે પોકારો ઉઠાવી ઉઠાવીને તેમને જરા બીતા કરી મૂકયા હતા. કોઈ બુઢ્ઢો પેન્શનર પોતાની દીકરી સાથે રાજમાર્ગ ઉપર ફરવા નીકળ્યો હતો, ત્યારે ક્યારનોય મરી ગયેલો જીન વાલજિન નામનો ગુનેગાર માની તેને પોલીસે પકડી લીધો, એવો આક્ષેપ પોતાને માથે આવે એની જાવર્ટને બીક લાગતી હતી.

છતાં, રસ્તા ઉપર ચાલતી વેળા પેલા બુઢ્ઢાની હિલચાલ એવી હતી કે, તે જાણે પોલીસને થાપ આપવા જ પ્રયત્ન કરતો હોય. એટલે આ કોઈ જુદો માણસ જ હોય, તો પણ તે કોણ છે, કયાં જાય છે, વગેરે માહિતી તો મેળવવી જ, એમ માની જાવર્ટે તેનો પીછો છુપાઈને પકડવા માંડયો.

તેવામાં એક શેરીમાં થઈને જતાં જતાં એક ખુલ્લી દુકાનનો ઉજ્જવળ પ્રકાશ જીન વાલજિન ઉપર પડતાં જાવર્ટ તેને બરાબર ઓળખી શકયો. એ જીન વાલજિન જ હતો! તરત જાવર્ટે પાસેની પોલીસ-ચોકીમાંથી વધુ મદદ મેળવવાની પેરવી કરી. તેમાં થોડો વખત બગડયો અને પેલો આગળ નીકળી ગયો. પણ જાવર્ટને ખાતરી જ હતી કે, જીન વાલજિન ગમે તે રીતે નદીની પેલી પાર ચાલી જવા જ પ્રયત્ન કરશે. અને પુલ ઉપરના ટોલવાળાને પૂછતાં ખાતરી પણ થઈ કે, એક ડોસો અને એક છોકરી હમણાં જ ત્યાં થઈને ગયાં.

થોડે દૂર ચાર રસ્તાનું વિશાળ ચોગાન આવતું હતું. જીન વાલજિન તે ચારમાંથી એક રસ્તામાં પેઠો. એ જોતાં જ જાવર્ટના મોં ઉપર થઈને સ્મિત પસાર થઈ ગયું. તે રસ્તો એવો હતો કે જેને આગળ એક જ મોં હતું; વચ્ચે બીજી કોઈ ગલી તેમાંથી ફંટાતી ન હતી. જાવર્ટે તરત એક માણસને ઉતાવળથી ચકરાવો લઈ રસ્તાનું મોં સામેથી રોકી લેવા

દોડાવ્યો; અને પોતે પહેરો ભરીને પાછી ફરતી એક લશ્કરી ટુકડીને મદદમાં લઈ, ગલીમાં તેની પાછળ ધીમેથી પેઠો.

કોસેટ થાકવા લાગી એટલે જીન વાલજિને તેને ઊંચકી લીધી. જાવર્ટ પોતાનો પીછો પકડી રહ્યો છે, તેની હવે તેને પણ ખાતરી થઈ હતી. પરંતુ પુલ વટાવ્યા પછી પોતે કયા રસ્તામાં પેઠો છે તેની પેલાઓને ખબર પડી નહીં હોય, એમ માનીને તે આગળ વધી રહ્યો હતો. તેવામાં રસ્તાને છેડે ઊભેલા પોલીસવાળાને જોઈ તે ચમક્યો. જીન વાલજિન તરત પાછો ફર્યો. એક ઠેકાણે વચમાં ઊભા રહી તેણે જોયું તો પાછળ જાવર્ટ પોતાનાં માણસો સાથે ધીમે ધીમે આવી રહ્યો હતો. બંને છેડા જાવર્ટે રોકી લીધા હતા અને વચ્ચે બીજી કોઈ ગલી ફંટાતી ન હતી.

જીન વાલજિન જે ભાગમાં અધવચ ઊભો હતો, ત્યાં જ ઘોર અંધારું હતું. કાંઈ પણ ઉપાય થઈ શકે તો તે એટલા ભાગમાં જ. તે ભાગમાં એક બાજુએ વિશાળ વંઢો હતો. તેની પાછળના ભાગમાં એવી નીરવ શાંતિ વર્તાતી હતી કે વંઢાને અડીને મકાન હોવાને બદલે વાડો કે બગીચો હોય એવો સંભવ વધારે હતો. એ વંઢો ઓળંગીને અંદર પહોંચાય, તો જરૂર બચી જવાય. પણ કોસેટને લઈને એ વંઢો ઠેકવો શી રીતે? જાવર્ટ અને તેનાં માણસો બધા ખૂણા તપાસતાં તપાસતાં ધીમે ધીમે આગળ વધતાં હતાં. આ ભાગમાં આવી પહોંચતાં તેમને પાએક કલાક લાગે.

જીન વાલજિન વંઢાના છેડા તરફ ઉતાવળો દોડ્યો. ત્યાં જોયું તો પાસેના મકાનની ભીંતનો એ વંઢા સાથે ઊંચે સુધી ખૂણો થતો હતો. વહાણ ઉપરની લાંબી સજા દરમ્યાન તેણે નિસરણી કે દોરડું કે ખાંચાના આધાર વિના બે ભીંતોના કાટખૂણે માત્ર હાથના સ્નાયુઓને બળે અને કોણી તથા ઘૂંટીને આધારે છઠ્ઠા માળ સુધી પણ ચડી જવાની અને ત્યાં

સ્થિર રહેવાની કળા સંપાદન કરી હતી. પણ કોસેટનું શું? દોરડું હોય તો કદાચ કંઈક રસ્તો નીકળે. પણ આટલી મધરાતે અને ઘેરાયેલી સ્થિતિમાં આખું રાજ્ય આપી દેતાં પણ દોરડું ક્યાંથી મળે?

જીન વાલજિનના માથામાં તણખા ઊડવા લાગ્યા. તે ચારે તરફ વિકરાળ ફાટેલી આંખોએ જોવા લાગ્યો. અચાનક તેની નજર દીવાના થાંભલા ઉપર પડી, તે દિવસોમાં દોરડા વડે બત્તીને ઊંચી ટીંગાવવામાં આવતી અને બાજુના થાંભલા સાથે જડેલી લોખંડની પેટીમાં તે દોરડાને વીંટવા-ઉકેલવાની ગરગડી રહેતી. ચાંદની રાત હોવાથી આજે બત્તી બંધ હતી. જીન વાલજિન તરત તે તરફ ગયો, અને છરીના અણિયાથી પેટીનું તાળું ખોલી નાખી થોડી વારમાં દોરડા સાથે કોસેટ પાસે આવ્યો. પોતાનો ડગલો કાઢી તેણે કોસેટની બગલો નીચે વીંટયો અને તેના દોરડા ઉપર દોરડાનો એક છેડો બાંધી લીધો. ત્યાર બાદ દોરડાનો બીજો છેડો દાંતમાં દબાવી, તે જાણે ભીંતમાં જડેલા ખીલા ઉપર ચડતો હોય તેમ વંઢાના ખૂણાની બાજુઓએ કૂણીઓ ટેકવતો ઉપર ચડી ગયો.

ઉપર ચડ્યા બાદ કોસેટને તેણે ખેંચી લીધી. તે ઉપર આવી એટલે તેને પીઠ ઉપર વળગાડી, તે વંઢા ઉપર ઘૂંટણિયે સરકવા લાગ્યો. થોડે દૂર એક છાપરાનો છેડો વંઢાને લાગેલો હતો અને તેનો બીજો ઢાળ બાગમાં જમીન નજીક ઢળતો હતો. જીન વાલજિન તે ઢાળ ઉપર સરકતો સરકતો જમીન ઉપર પહોંચી ગયો.

૧૨
પી૦નો મઠ

નીચે પહોંચી જીન વાલજિન એ છાપરા નીચેનું ખંડેર જોઈ વળ્યો. કોઈ માણસનો વસવાટ ત્યાં ન હતો. એક મોટા બગીચાના ખૂણા ઉપર એ બાંધકામ જીર્ણ અવસ્થામાં પડેલું હતું. બાગનો છેડો જ્યાં દૂર અંધારામાં અલોપ થતો હતો, ત્યાં કિનારી ઉપર કેટલાંક મકાનોના ઓળા દેખાતા હતા. કોસેટને લઈ, કેટલીય વાર સુધી, જીન વાલજિન એ ખંડેરના અંધારામાં જ ભરાઈ રહ્યો.

પણ કોસેટ ટાઢથી ધ્રૂજતી હતી. એટલે જીન વાલજિને તેને પોતાનો કોટ ઉતારી ઓઢાડી દીધો; અને પોતે તેને બેસવાનું કહી, બહાર તપાસ કરવા નીકળ્યો. બગીચામાં ક્યાંકથી ઘૂઘરો ટણકતો હોય એવો અવાજ સંભળાતો હતો. દૂર નજર કરીને જોયું તો માણસ જેવું કોઈ પ્રાણી તરબૂચના ક્યારામાં એક પગે ખોડંગતું હોય તેમ ફરતું હતું. આ માણસ અંધારામાં પોતાને જોઈ એકદમ બૂમ પાડી ઊઠે, અને રસ્તા ઉપર જાવર્ટે પહેરો તો મૂક્યો જ હોય, એમ માની તે તરત ખંડેરમાં પાછો ફરી ગયો. પણ કોસેટના હાથ ઉપર હાથ ફેરવવા જતાં જ તે ફરીથી ચમક્યો — કોસેટનો હાથ બરફ જેવો ઠંડો પડી ગયો હતો. જીન વાલજિને ગભરાઈને તેને બોલાવી તથા ઢંઢોળી, પણ તે બોલી નહીં.

'અરે મરી ગઈ કે શું?' એવો વિચાર આવતાં જ તે પગથી માથા સુધી ધ્રૂજતો ધ્રૂજતો ઊભો થઈ ગયો. આવી ઠંડી રાતે ખુલ્લામાં સૂવાથી નાની બાળકી મરી જાય તેમાં

નવાઈ પણ શી? તેણે નીચા નમી શ્વાસોચ્છ્વાસનો ધબકારો સાંભળવા પ્રયત્ન કર્યો. નહીં જેવો શ્વાસ ચાલતો હતો; પણ થોડા વખતમાં જ કોસેટને પથારી અને અગ્નિનો તાપ ન મળે, તો તે ભાગ્યે જ બચી શકે, એ નક્કી હતું.

જીન વાલજિન મરણિયો થઈ હવે બાગમાં ફરતા પેલા માણસ પાસે દોડ્યો. તેણે પોતાના ખિસ્સામાંથી પડીકામાં વીંટેલી ચાંદીના સિક્કાની થપ્પી કાઢી; અને થોડા કૂદકામાં જ તેની પાસે જઈ પહોંચી ધીમેથી કહ્યું, '૧૦૦ ફ્રાંક રોકડા, જો તું મને એક રાત તારા મકાનમાં આશરો આપે તો!'

પેલો ચમકીને તેના તરફ ફાટી આંખે જોઈ જ રહ્યો. જીન વાલજિનનો મૂંઝાયેલો ચહેરો ચંદ્રના પ્રકાશમાં બરાબર દેખાતો હતો.

'ઓત્તારી, આ તો મેડલીન બાપુ!' પેલો બોલી ઊઠ્યો. 'ભલા ભગવાન, તમે અહીં આકાશમાંથી સીધા ઊતરી આવ્યા કે શું? તમને ઓળખતો ન હોય તે તો તમને દેખીને જ છળી મરે. તમારો કોટ ક્યાં? ટોપો ક્યાં?'

'તું કોણ છે ભાઈ? અને આ કઈ જગા છે?' જીન વાલજિને નવાઈ પામી પૂછ્યું.

'વાહ, એ પણ ખરું! તમે તો મને નોકરી અપાવી છે, અને તે પણ આ મઠમાં જ. છતાં મને ઓળખી શકતા નથી? હું પેલો બુઢ્ઢો ફોશલવેં! તમે ગાડા નીચેથી બચાવ્યો હતો તે. વાહ, લોકોની જિંદગીઓ તમે બચાવો છો ખરા, પણ પછી તેમને ભૂલી જાઓ છો! તે બિચારા તો તમને હંમેશ સવાર-સાંજ પ્રાર્થનામાં યાદ કરતા હોય છે!'

જીન વાલજિનને હવે બધું યાદ આવ્યું. તેણે પૂછ્યું, 'પણ તારા ઘૂંટણે આ ઘૂઘરો શાનો બાંધ્યો છે? તું અત્યારે આ બગીચામાં શું કરે છે?'

'કેમ વળી, આ હિમ પડવા માંડ્યું છે એટલે તરબૂચને ઢાંકું છું. અને ઘૂઘરો તો પેલીઓને ખસી જવાની ચેતવણી મળે તે માટે બાંધ્યો છે.'

'કોને?'

'વાહ, આ મઠમાં માત્ર સ્ત્રીઓ જ રહે છે, અને અને ઢગલાબંધ છોકરીઓ. હું રહ્યો પુરુષ; અને પુરુષ સામો મળે તો તેઓને મોટો ગજબ જ થઈ જાય! માટે મને આ ઘંટ બાંધી રાખ્યો છે, જેથી હું પાસે છું એમ જાણી તેઓ દૂર જતાં રહે. પણ બાપુ, હવે મને કહો તો ખરા કે તમે અહીં આવી શક્યા શી રીતે? આ મઠમાં કોઈ પુરુષ આવી શકતો નથી. માત્ર હું એકલો જ અંદર રહું છું, અને બીજો છેક મોટા દરવાજા પાસેનો દરવાન.'

'પણ મારેય અહીં રહેવું પડે તેમ છે.'

'હેં! એ કેવી વાત? એ શી રીતે બને?'

'શી રીતે બને, એ હું ન જાણું. પણ આજે તો તું મારો જીવ બચાવી શકે તેમ છે.'

'ભગવાનની ભારે મહેરબાની થાય, જો હું તમારું ઋણ થોડું પણ અદા કરી શકું તો, મેડલીન બાપુ. આ ડોસાનો જીવ તમારો જ છે, એમ સમજી લો.'

'તો હું તારી પાસે બે ભીખ માગું છું. એક તો એ કે, મારે વિષે તું જે કંઈ જાણે છે, તે બાબત કશી વાત કોઈને કહેવી નહીં, તથા મારે વિષે કશું વધારે જાણવા તારે પ્રયત્ન કરવો નહીં; બીજી વાત, તારે રહેવાનું જે કાંઈ ઠેકાણું હોય ત્યાં પેલી બચીને જલદી લઈ જઈને તપાડવાની વ્યવસ્થા કર.'

'હેં!' હજુ એક બાળકી પણ અંદર છે?'

પરંતુ પછી તે એક શબ્દ પણ વધુ બોલ્યો નહીં. તેને ભરોસો હતો કે મેડલીન બાપુ ભગવાનના માણસ છે, અને તે જે કાંઈ કરતા હશે, તે જીવદયાનું જ કામ હશે.

અર્ધા કલાકમાં તો કોસેટ એક સારી તાપણીના તાપથી ફરી સજીવ બનીને પેલા બુઢ્ઢા માળીની પથારીમાં ઘસઘસાટ ઊંઘી ગઈ.

પીઝનો પ્રાચીન મઠ કઠોર તપસ્વિની સાધ્વીઓનો મઠ હતો. વ્રત, તપ, ઉપવાસ અને જપમાં જ તેમનો સમય વ્યતીત થતો. તેમાંય વ્રતના જે ખાસ દિવસો ગણાય. તે દિવસોમાં તો વળી વિશેષ કઠોર નિયમો તેમને પાળવાના હોતા.

સાધ્વીઓની વડી અધ્યક્ષ-માતા ત્રણ વર્ષ માટે ચૂંટાતી. બધી સાધ્વીઓ અધ્યક્ષ-માતાના હુકમોનો સંપૂર્ણ અમલ કરતી. એ વસ્તુ તેમના વ્રત-તપનો એક ભાગ જ ગણાતો.

જે વેદીની સમક્ષ સાધ્વીઓએ પોતાની કઠોર સાધનાઓ જીવન દરમ્યાન કરેલી હોય, તે વેદીની નીચેના ઊંડા ભોંયરામાં, મર્યા બાદ, સાધ્વીઓનાં શબ ઉતારવામાં આવતાં. પણ હવે સરકારે વાંધો નાખી એ રિવાજની બંધી કરી હતી, અને દૂર આવેલી જમીન ઉપરના કબ્રસ્તાનના એક ખાસ ખૂણામાં એક ખાસ કલાકે સાધ્વીઓનાં શબ દાટવાની સગવડ કરી આપી હતી. સાધ્વીઓને મન સરકારની એ દખલગીરી અક્ષમ્ય હતી.

આ મઠની સાથે કન્યાઓની એક છાત્ર-શાળા પણ જોડેલી હતી. તેમાં ઊંચાં ખાનદાનની તાલેવંત છોકરીઓ જ મુખ્યત્વે દાખલ થતી. નવા ભ્રષ્ટ જમાનાથી કલંકિત ન થાય તે રીતે પોતાની છોકરીઓને ઉછેરવાની કેટલાંક માબાપને ખાસ ઈચ્છા રહેતી. પર્વના કેટલાક ખાસ દિવસોએ આ છોકરીઓને ખાસ મહેરબાની તરીકે અને ખાસ અધિકાર તરીકે સાધ્વીઓનો પોશાક પહેરવાની અને એક આખો દિવસ સાધ્વીઓના બધા કઠોર આચારનું અનુસંધાન કરવાની પરવાનગી મળતી.

વહેલી સવારે, આંખ ઊઘડતાં જ મેડલીન બાપુને પથારીમાં બેઠેલા તથા ઊંઘતી કોસેટ તરફ જોઈ રહેલા જોઈને

ફોશલવેં પણ બેઠો થઈ ગયો અને માથું હલાવતો બોલ્યો, "મેડલીન બાપુ, તમે છો તો નસીબદાર! અમારી સાધ્વીઓ-માંથી એક આજે મરણપથારીએ પડેલી છે, તેથી તેને માટે ૪૦ કલાકની પ્રાર્થના ચાલવાની છે. અને જો તે મરી જશે, તો પછી મરણ પછીની લાંબી પ્રાર્થના ચાલશે. એટલે આજે તો આ તરફ કોઈ આવવાનું નથી એ નક્કી. પણ પછી જ્યારે નિશાળની છોકરીઓ ચારે બાજુ ભટકતી હોય, ત્યારે તેમની આંખોમાંથી બચવું તમારે માટે અશક્ય છે. તમને બહારથી અંદર લાવવાની યુક્તિ તો મને આવડે તેવી છે— 'મારી મદદમાં મારા બુઢ્ઢા ભાઈને અને તેની નાની દીકરીને લાવવા દો' એમ હું કહી શકું; પણ તે માટે એક વાર તમારે બહાર તો જવું પડે ને! તમે જે રસ્તે થઈને અંદર આવ્યા, તે રસ્તે થઈને એક વાર બહાર ન જઈ શકો?"

'અશક્ય.'

એટલામાં ઘંટનો અવાજ આવવા લાગ્યો. આ મઠમાં મૌનનું જ સામ્રાજ્ય હોઈ, ઘંટનો અવાજ જ સૌને એકમાત્ર ભાષા બની રહી હતી. ફોશલવેં ઘંટના જુદા જુદા અવાજોનો અર્થ સમજતો હતો. તે બોલી ઊઠ્યો, 'લો, એ સાધ્વી મરી ગઈ; હવે સુધરાઈનો ડાક્ટર આવી મોતનું સર્ટિફિકેટ કાઢી આપશે.'

થોડી વાર બાદ જુદી જાતનો અવાજ આવવા લાગ્યો. ફોશલવેં બોલ્યો, લો, ડાક્ટર પાછો ચાલ્યો; હવે સરકાર તરફથી મડદાપેટી આવશે. તે પેટીમાં મડદું મુકાઈ જશે એટલે પછી મારે જઈને ખીલીઓ ઠોકી, તેનું ઢાંકણ જડી દેવાનું. પછી તે પેટીને બીજે દિવસે સાંજના કબ્રસ્તાનમાં પહોંચાડવા પણ મારે જવાનું.'

એટલામાં ચોથી જાતનો ઘંટ વાગ્યો. ફોશલવેં તરત ઊભો થઈને બોલ્યો, 'આ વખતે ઘંટ મારે માટે વાગે છે.

અધ્યક્ષ-માતા મને બોલાવી રહ્યાં છે. હું જાઉં છું. તમે જરાય આઘાપાછા ન થતા. આજ કંઈ અવનવું બનતું હોય એમ લાગે છે.'

દશ મિનિટ બાદ ફોશલવેં અધ્યક્ષ-માતાની રૂબરૂમાં જઈને ઊભો રહ્યો.

'ફોવેં ડોસા, મેં તમને બોલાવ્યા છે, તે એક ખાસ વાત કરવા માટે.'

'ભલે માતાજી, હું આપની સેવામાં હાજર છું. આપની પરવાનગી હોય, તો મારે પણ એક વાત આપને કરવાની છે.'

'ઠીક, પહેલાં તમારી વાત કહો; પણ પછી અમારી વાત તમારે આજે ખાસ લક્ષમાં લેવાની છે. તમને વિશ્વાસુ માનીને એ વાત અમે કરવાનાં છીએ.'

'જી, આપનો મારા ઉપર વિશ્વાસ છે, એ મારા ઉપર આપની ખાસ કૃપા છે એ હું જાણું છું. મારી વાત એટલી જ છે કે, હું આજ સુધી આ મઠની સેવા વફાદારીથી અને નિષ્ઠાથી કરતો આવ્યો છું. મઠના બગીચાને મેં જાતમહેનતથી સુધાર્યો છે અને તેમાં રૂડાં ફળ હવે નીપજે છે. હું જાતે જ થેલા ભરીને તે બહાર વેચી આવું છું. પણ હવે મારું શરીર ભાગતું જાય છે, અને મઠનું કામ બગડે એ મારાથી સહન થતું નથી. આવી ઠંડી હિમભરી રાતોમાં તો બધાં કોળાં-તરબૂચ ઢાંકી દેવાં પડે છે. મારો એક બુઠ્ઠો ભાઈ છે; તે મારા કરતાં વધુ મજબૂત છે અને બાગકામ વધારે સારું જાણે છે. તેને મારી મદદમાં લાવવા દો. તો મઠનો બગીચો સ્વર્ગના બગીચા જેવો બની રહે. તેને વળી એક નાની દીકરી છે. તે અહીં જ ભણશે અને સંભવ છે કે ભવિષ્યમાં તે સાધ્વી પણ બને.'

ફોશલવેંનું બોલવું પૂરું થયું એટલે તરત અધ્યક્ષ-માતા હાથમાંની માળા બંધ કરીને બોલી ઊઠ્યાં — 'ડોસા, આજ સાંજ સુધીમાં તમે એક લાંબી મજબૂત કોશ મેળવી શકશો?'

'શું કરવા?'

'ભોંયતળમાંથી એક મોટો પથરો ઊંચો કરવા.'

'હા માતાજી.'

પછી માતાજીએ ડોસાને અત્યંત ચૂપકીદીથી જે વાત કહી, તેનો સાર એ હતો કે, જે સાધ્વી આજે મરણ પામ્યાં છે તે ક્રૂસી૦ માતા ભારે ચમત્કારી બાઈ હતાં. મરણ બાદ પણ તે બીજા ચમત્કારો કરીને આ મઠની અદ્ભુત સેવાઓ કરશે એવી સૌને ખાતરી છે. તેમણે પોતાની અંતિમ ઈચ્છા એ બતાવી હતી કે, ગમે તેમ કરીને તેમનું કૉફિન (મડદાપેટી) વેદી નીચેના ભોંયરામાં જ ઉતારવું — બહારના કબ્રસ્તાનમાં દાટવા લઈ ન જવું. સરકારે ભલે વેદી નીચે ભોંયરામાં શબ ઉતારવાની અને રાખવાની સખત મના કરી હોય.

ફોશલવેંએ એ કામ છૂપી રીતે પતવવામાં મદદ કરવાની ખુશીથી તૈયારી બતાવી. પણ પછી સવાલ એ થયો કે, પેલું જે સરકારી કૉફિન આવે તેનું શું કરવું? તેને તો સ્મશાનમાં લઈ જઈ દાટવું જ જોઈએ. કૉફિન ઊંચકનારા તે ખાલી છે એમ જાણી જાય, તો સરકારી તપાસ થાય.

ફોશલવેંએ ઉપાય સૂચવ્યો કે, 'એ કૉફિનમાં હું માટી ભરી કાઢીશ, એટલે ઊંચકનારાઓને ખાલી નહીં લાગે.'

'ઠીક, તો એ ખાલી કૉફિન સ્મશાનમાં જાય, અને દટાય ત્યાં સુધીનું બધું બરાબર હેમખેમ પાર ઉતારવાનું તમારે માથે. એ બધું પતી જાય એટલે તમારા ભાઈને અને તેની દીકરીને કાલે મારી ભેગાં કરજો. અમે તેમને રાખવાનો જરૂર વિચાર કરીશું.'

ફોશલવેં ડોસો આનંદથી કૂદતો કૂદતો જીન વાલજિન પાંસે આવ્યો. બધી વાત તેને કહી. 'હું જો ખાલી કૉફિનને ઠેકાણે પાડવામાં મદદ કરું, તો અધ્યક્ષ-માતા મારા ભાઈને અને ભત્રીજીને મઠમાં રાખવા કબૂલ થયાં છે. ભત્રીજીને તો

હું ફળના થેલામાં ભરીને બહાર લઈ જાઉં અને મારી ઓળખીતી એક ડોસીને ત્યાં એક દિવસ માટે મૂકી આવું. પણ તમને બહાર શી રીતે લઈ જાઉં?'

જીન વાલજિને હવે ફોશલવેંને મદદ કરવા માંડી. તેણે કહ્યું કે, 'ખાલી કૉફિનમાં માટી ભરવી એ પણ સલામત નથી. માટી સરકચા કરે, તો ઉપાડનારાને વહેમ જાય જ. તેને બદલે એ કૉફિનમાં તું મને જ સુવાડી દે ને!'

ફોશલવેં ઊછળીને ઊભો થઈ ગયો. 'તમને?'

'શા માટે નહિ? મારે અહીંથી બહાર તો જવું જ જોઈએ ને! રાતે એ કૉફિનના ઓરડામાં મને છાનામાના લઈ જવાય એવું છે કે નહિ?'

'છે; પણ કાલે બપોરે છેક ત્રણ વાગ્યે એ કૉફિન ઉપાડનારા આવે અને છેક રાત પડચે એ કૉફિન કબ્રસ્તાનમાં પહોંચે, ત્યાં સુધી તમે શ્વાસ લીધા વિના જીવતા રહેશો શી રીતે?'

'મોંના ભાગ આગળ પાટિયામાં થોડાં કાણાં પાડી રાખજે. મને ચિંતા એ બાબતની નથી; પણ સ્મશાનમાં પહોંચ્યા પછીનું શું?'

"એ વાતની મને જરાય ચિંતા નથી! ઘોરખોદિયો ડોસો મૅસ્ટ્રીન મારો દોસ્ત છે, અને પાકો ગરાડી છે. હું તેને કહીશ: 'પીઠું બંધ થાય તે પહેલાં ચાલ જરા ગળું ભીંજવી આવીએ.' એ જરૂર આવશે. પછી હું તેને દારૂથી તરબોળ કરી દઈને ઠૂણકું બનાવી દઈશ અને પછી એકાદ ટેબલ નીચે સરકાવી દઈશ. ત્યાર બાદ તેના ખિસ્સામાંથી કબ્રસ્તાનનો પરવાનો કાઢી લઈ, એકલો કબ્રસ્તાનમાં પાછો આવીશ. મારી પાસે મારો પરવાનો તો હશે જ. એટલે બે પરવાનાઓથી આપણે બે ચપટી વગાડતાંમાં કબ્રસ્તાનની બહાર નીકળી જઈશું!"

બીજે દિવસે સૂરજ આથમવા આવ્યો, ત્યારે કબ્રસ્તાનને રસ્તે એક કૉફિન-ગાડી ધીમે ધીમે આગળ વધતી હતી. પોલીસધારા હેઠળ આ કબ્રસ્તાનના દરવાજા પણ રાત પડ્યે બંધ થઈ જતા; પણ પી૦ના મઠની સાધ્વીઓનાં શબ આ કબ્રસ્તાનમાં એક જુદા ખૂણામાં રાતે જ દાટવાની ખાસ પરવાનગી હતી. સાધ્વીઓનાં શબ દાટવા જે ઘોરખોદુઓ અંદર રહેતા, તેમને પછી મોડી રાતે પરવારીને બહાર નીકળવા માટે ખાસ પરવાના આપવામાં આવતા. બહાર નીકળવા ઇચ્છનારો માણસ પોતાનો પરવાનો દરવાનની ઓરડીના બાકામાંથી નાખે, એટલે દરવાન કકડતી ઠંડીમાં ઓરડીની અંદર રહ્યો રહ્યો એક દોરી ખેંચીને દરવાજાની બારી ઉઘાડે, જેમાંથી પેલો બહાર નીકળી જાય. પરવાના વગર અંદર રહેનાર ઘોરખોદુને બહાર નીકળવા દરવાનને ખાસ ઓળખ આપવી પડે, અને તેનો ૧૫ ફ્રાંક દંડ થાય તે જુદો.

કબ્રસ્તાનનો દરવાજો આવતાં ફોશલવેં સાથે ઘોરખોદુ તરીકે આવનાર મજૂર પાવડો લઈને હાજર થયો. ફોશલવેં એ અજાણ્યા તરફ જોઈને બોલ્યો, 'તું ભાઈ કોણ છે?'

'ઘોરખોદુ.'

'પણ ઘોરખોદુ તો મૅસ્ટ્રીન બાપુ છે.'

'તેની તો ઘોર ખોદાઈ ગઈ!'

ફોશલવેં જાણે એમ જ માનતો હોય કે, ઘોરખોદુને તો કદી ઘોરમાં સૂવાનું હોય જ નહીં, તેમ બોલી ઊઠ્યો, 'વાહ, એ તે કંઈ બને?'

'કેમ વળી? નેપોલિયન પછી લૂઈ અઢારમો રાજા ગાદીએ આવ્યો; તેમ મૅસ્ટ્રીન પછી હું ગ્રીબિયર આવ્યો છું!'

કોઈ માણસની છાતીની વચ્ચે તોપનો ગોળો વાગે ને તે જીવતો રહે, તો તેનું મોં બુઢ્ઢા ફોશલવેં જેવું થાય.

ખોદેલી કબરના ઢગલા પાસે જઈને હવે ગાડી ઊભી રહી. ફોશલવેંના કપાળેથી પરસેવાનાં ટીપાં સર્યે જતાં હતાં. કૉફિનની પેટીને દોરડું બાંધી અંદર ઘોરમાં ઉતારવામાં આવી. પાદરીએ પ્રાર્થનાના છેલ્લા બોલ ઉચ્ચાર્યા અને પછી સૌ વિદાય થયા. પેલા ઘોરખોદુએ હવે પાવડો ઊંચો કર્યો, અને માટીના ઢગલામાં જોરથી ખૂંપાવીને માટી સરકાવી. ફોશલવેં એકદમ ગાંડાની માફક પેલાને વળગ્યો, 'ચાલ દોસ્ત, હવે આપણે બેને જ વારંવાર ભેગા થવું પડવાનું; એટલે આપણી દોસ્તી સામેની વીશીમાં જઈ દારૂથી પાકી કરી આવીએ.'

પેલો બોલ્યો, 'ડોસા, હું તો ભણેલો છું; હું દારૂ પીતો નથી.'

'પણ તારાથી દોસ્તીની આ મારી પહેલી માગણી પાછી ઠેલાય જ નહીં. ગળાની તરસ છિપાવીએ, તો જ દિલની તરસ પણ છીપે.'

'કામ પહેલું, પછી બીજી વાત. ડોસા મારે સાત છોકરાં ઘેર ખવરાવવાનાં છે; તેમની ભૂખ જ મારી તરસને સૂકવી નાખે છે.'

આમ બોલી પેલાએ બીજો પાવડો ભરીને માટી સરકાવી. પછી ત્રીજો પાવડો માટી સરકતાં તો કૉફિનનું એક વધુ કાણું બંધ થયું અને અત્યાર સુધી હોશમાં રહેલો જીન વાલજિન અંદર બેહોશ બની ગયો.

ગ્રીબિયર હવે ચોથો પાવડો ભરવા નમ્યો. તે વખતે તેના જાકીટના ખિસ્સાનું મોં જરા પહોળું થયું. ફોશલવેંની ચકળવકળ ફરતી આંખો તેમાંથી ડોકિયું કરતા પરવાના ઉપર સ્થિર થઈ. તરત જ તેણે પેલાને ખબર ન પડે તેમ હાથ લંબાવી તે પરવાનો કાઢી લીધો. પછી પૂરી ઠંડાશથી તેના સામું જોઈ તે બોલ્યો, 'કેમ અલ્યા શિખાઉ, તારું કાર્ડ તો લેતો આવ્યો છે ને?'

'શાનું કાર્ડ?'

'આ સૂરજ આથમ્યો, એટલે કબ્રસ્તાનના દરવાજા બંધ થશે. પછી કાર્ડ નહિ હોય તો તું બહાર શી રીતે નીકળીશ?'

'અરે કાર્ડ આ રહ્યું', એમ કહી પેલાએ ખિસ્સું દબાવ્યું. પણ ત્યાં કાર્ડ ન હતું!

પછી તો તેણે બંને ખિસ્સાં અંદર હાથ નાખી ઉલટાવી નાખ્યાં. 'હું ઘેર ભૂલીને આવ્યો કે શું?'

'પરવાનો ન હોય તો પંદર ફ્રાંક દંડ!'

'પંદર ફ્રાંક?' એટલું બોલતાંમાં તો ઘોરખોદિયાના હાથમાંથી પાવડો પડી ગયો.

'જો હજુ દોડતો જાય, તો દરવાજા બંધ નહીં થયા હોય; તું ઘેરથી જલદી કાર્ડ લઈ આવ. તારું ઘર ક્યાં છે?'

'નં. ૮૭, રુ દ વૉગીઠમાં. બુઢ્ઢા, તેં તો આજે મને જીવતદાન દીધું.' એમ કહી તે મૂઠીઓ વાળીને નાઠો.

પછી થોડી વારમાં ડોસાએ કૉફિનનું ઢાંકણું ટાંકણા વડે ઉખાડી નાખ્યું. જીન વાલજિન અંદર બેહોશ પડેલો હતો. ડોસો એકદમ તો ગભરાઈ ગયો, અને જીન વાલજિનને ઢંઢોળવા લાગ્યો. થોડી વારે જીન વાલજિને ચોખ્ખી હવા મળતાં અને શરીર સારી પેઠે ઢંઢોળાતાં આંખો ઉઘાડી.

પછીની વાત ટૂંકી જ છે. બંને જણ કબર ઉપર માટી વાળવાનું કાત પતવી બે પરવાના વડે બહાર નીકળી ગયા. ડોસાએ ઘોરખોદુને ઘેર જઈ ખબર આપી કે, 'તારું કાર્ડ તો તારા ખિસ્સામાંથી માટીના ઢગલામાં પડેલું, તે મને જડ્યું છે. કબરનું કામ મેં પૂરું કર્યું હોવાથી હવે તારે કશી ચિંતા કરવાની જરૂર નથી. તારું કાર્ડ મારા કાર્ડ ભેગું દરવાનની ઓરડીમાં નાખ્યું છે.'

એક કલાક પછી રાતના અંધારામાં બે માણસો અને એક બાળક પીઠના મઠના દરવાજા આગળ આવીને ઊભાં રહ્યાં.

દરવાજો ઊઘડતાં જ ફોશલવેં સીધો અધ્યક્ષ-માતા પાસે પહોંચી ગયો. તે તેની રાહ જોતાં જોતાં જ માળા ફેરવ્યા કરતાં હતાં. ફોશલવેંએ બધું બરાબર પતી ગયાની ખબર કહેતાં તેમણે નિરાંતનો દમ ઘૂંટ્યો. પછી ફોશલવેંએ જીન વાલજિનને તથા કોસેટને તેમની સમક્ષ રજૂ કર્યાં.

બીજે દિવસે બાગમાં એક નહીં પણ બે ઘૂઘરા સંભળાવા લાગ્યા. થોડી વારમાં મઠને ખૂણે ખૂણે વાત ફેલાતાં વાર લાગી નહીં કે ફોવેં ડોસાના ભાઈને મદદનીશ તરીકે લેવામાં આવ્યો છે અને તેની દીકરી મઠની શાળામાં જોડાઈ છે.

૧૩

નવા ચહેરા, નવી પિછાન

જીન વાલજિન જે મકાનમાં કોસેટ સાથે પહેલાં રહ્યો હતો, તે નં. ૫૦-૫૨ તરીકે ઓળખાતા મકાનમાં આજકાલ ઘણા ફેરફાર થયા હતા. ફેરફાર વધુ ગરીબાઈ અને કંગાલિયત તરફના જ હતા. એ મકાન સામાન્ય રીતે ખાલી જ રહેતું, અને હંમેશ તેના ઉપર 'ઓરડા ભાડે મળશે'નું પાટિયું ઝૂલ્યા જ કરતું. પણ નવાઈની વાત એ છે કે, અત્યારે તેમાં કેટલાક ભાડવાત રહેતા હતા. એ મકાનમાં જે ભાડવાતો અત્યારે રહેતાં હતાં, તેઓમાં સૌથી મુફલિસ કહેવાય તેવું ચાર જણનું એક કુટુંબ હતું : બાપ, મા, અને લગભગ ઉંમરે પહોંચેલ બે પુત્રીઓ.

મા-બાપને ઉપરાંતમાં બાર વરસનો એક છોકરો હતો; પણ તે આ કુટુંબનો મટી, પેરીસ શહેરનો — જાહેર સંતાન બની ગયો હતો. માબાપે તેને ફગાવી દીધો હતો અને બચપણથી તેને પોતાની પાંખો વાપરવી પડી હતી.

એ છોકરાનું નામ ગેવ્રોચ હતું. તેના બાપનું નામ જોન્ડ્રેડ હતું. છોકરો કોઈ દિવસ ઘેર આવી ચડતો, ત્યારે મા

એટલું જ પૂછતી : 'કેમ પધરામણી થઈ છે બેટમજી?' અને બાપ પૂછતો : 'કયાંથી આવ્યો, અલ્યા?'

જ્યારે છોકરો પાછો જવા નીકળતો, ત્યારે બાપ વિદાય આપતો : 'કયાં સવારી ઊપડી?'

આ લોકોની ઓરડી માળિયા ઉપર છેક છેડે આવેલી હતી. તેની આ બાજુની ઓરડીમાં મોં. મેરિયસ પોન્ટમર્સી નામે એક અતિ કંગાળ જુવાનિયો ભાડે રહેતો હતો.

મેરિયસનાં મા અને બાપ તો ગુજરી ગયાં હતાં, પણ તેની માના બાપ — દાદા જીલેનોર્માંડ જીવતા હતા. મેરિયસને તે પોતાને ત્યાં રાખતા આવ્યા હતા અને રાખવા ઈચ્છતા હતા; પણ મેરિયસ પોતે તેમનો ત્યાગ કરી, આ કંગાળ હાલતમાં રહેવા આવ્યો હતો.

વાત એમ હતી કે દાદા જીલેનોર્માંડ હડહડતા રાજભક્ત હતા. પણ ફ્રાંસમાં થોડા વખત પહેલાં ક્રાંતિનાં પગરણ થયાં હતાં અને રાજા તથા રાજભક્તોની માઠી વલે થઈ હતી. હમણાં વળી ક્રાંતિનાં વળતાં પાણી થયાં હતાં અને રાજા તથા રાજ-ભક્તો જોરમાં આવ્યા હતા. મોં. જીલેનોર્માંડને લોકશાહી ક્રાંતિ અને નેપોલિયનના પક્ષના લોકો તરફ ભારે નફરત હતી. પણ તેમની બે દીકરીઓમાંથી નાની અને વહાલી દીકરી, ક્રાંતિના જમાનામાં, નેપોલિયનના લશ્કરના પરાક્રમી સૈનિક કર્નલ પોન્ટમર્સીને પરણી હતી. વૉટર્લૂના મહાયુદ્ધ વખતે રણમેદાન ઉપર નેપોલિયને પોન્ટમર્સીની બહાદુરીથી ખુશ થઈ, તેને કર્નલનો હોદ્દો અને બૅરનનું પદ એનાયત કર્યાં હતાં.

પણ એ બધું બક્ષનારા નેપોલિયનનો તે જ રણમેદાનમાં અસ્ત થયો. કર્નલ પોન્ટમર્સીની આખી ટુકડી ઓહેઇનના નાળા ઉપર કતલ થઈ ગઈ, અને તે પોતે બેહોશ થઈ મડદાંના ઢગલા નીચે દટાઈ ગયો. મોડી રાતે રણભૂમિ ઉપર મડદાંનો માલસામાન ચોરવા આવેલા થેનારડિયરે તેના બહાર દેખાતા

હાથ ઉપરની વીંટી કાઢવા જતાં, તેને જીવતો જોઈ ઢગલામાંથી બહાર ખેંચી કાઢ્યો.

નેપોલિયનના પતન બાદ ફ્રાંસમાં રાજવંશની ફરી સ્થાપના થઈ. રાજા લૂઈ ૧૮માએ નેપોલિયને આપેલા કશા હોદ્દા કે પદવીઓ મંજૂર ન રાખ્યાં. ૧૮૧૫માં મૅડમ પોન્ટમર્સી એક બાળક પુત્ર મેરિયસને પાછળ મૂકી મરણ પામી. એ પુત્ર બાપની એકલવાયી જિંદગીમાં આનંદનું સ્થાન થઈ પડત. પણ મોં. જીલેનોર્મન્ડે તે બાળક પોતાના હાથમાં સોંપી દેવામાં આવે તો જ તેને પોતાની મિલકતનો વારસદાર બનાવવાનું જાહેર કર્યું; અને હવે ગરીબ બની ગયેલા બાપે છોકરાનું હિત વિચારી એ વાત કબૂલ રાખી. તે પોતે વર્નોનમાં સીન નદીના ડાબા કિનારા ઉપરની નાની વાડીમાં રહેતો અને કામકાજ કરતો.

મોં. જીલેનોર્મન્ડ પોતાના જમાઈને ચેપી રોગ જેવો ગણી તેની સાથે કોઈ પણ જાતનો સંબંધ રાખતા નહીં. જમાઈ ચોરીછૂપીથી પુત્રને મળવાનો કે તેની સાથે વાતો કરવાનો પ્રયત્ન પણ ન કરે, તેની તે ખાસ કાળજી રાખતા. નાના મેરિયસને એવો ખ્યાલ ઠસાવવામાં આવ્યો હતો કે, તેનો બાપ છે, તે પણ સારો માણસ નથી; અને તેની સાથે કશો સંબંધ રાખવો એ પાપ છે.

મેરિયસ પોતાની ૫૦ વર્ષની કુંવારી માસી સાથે સેંટ સલ્પાઈસના દેવળમાં પ્રાર્થના માટે આવતો. ત્યારે પોન્ટમર્સી પણ એક-બે મહિને ગુપચુપ વર્નોનથી પેરીસ આવી, એ દેવળમાં એક જગાએ થાંભલા પાછળ બેસી, દૂરથી પોતાના છોકરા તરફ આંસુભરી આંખે જોઈ રહેતો. વર્નોનના પાદરીનો ભાઈ મેબોફ પેરીસના એ દેવળનો વૉર્ડન — અધિકારી હતો. તેણે ઘણી વાર એ દૃશ્ય નિહાળ્યું હતું. અને પછી પૂછપરછથી તેની કહાણી જાણી લીધી હતી.

૧૮૨૭માં મેરિયસે ૧૮મા વર્ષમાં પ્રવેશ કર્યો હતો, ત્યારે એક સાંજે તેના દાદાએ તેને ખબર આપ્યા કે, 'કાલે તારે વર્નોન જવાનું છે; તારા બાપ અતિશય બીમાર છે અને તને મળવા માગે છે.' એક ગાડી તે દિવસે જ વર્નોન જતી હતી, પણ કોઈએ ખબર ન કાઢી અને મેરિયસ બીજે દિવસે જ વર્નોન જવા નીકળ્યો. સાંજ પડતાં તે વર્નોન પહોંચ્યો, ત્યારે સવારના અરસામાં જ મગજના સોજાના તાવથી પટકાયેલો કર્નલ ઘેલછામાં 'મારો પુત્ર હજુ ન આવ્યો; હું તેને મળવા જાઉં છું' કહીને પથારીમાંથી કૂદી પડચો હતો અને તરત તેના પ્રાણ નીકળી ગયા હતા. મેરિયસે પહેલી વાર અને છેલ્લી વાર પિતાના પુરુષાતનભર્યા ચહેરા ઉપર નજર કરી; અને પછી તેના દફનનો વિધિ આટોપ્યો.

પથારી આગળથી નોકરડીના હાથમાં એક ચબરકી જેવું કાંઈ આવ્યું, તે તેણે મેરિયસને આપ્યું. કર્નલે પોતાને હાથે તેમાં લખ્યું હતું—'मारा पुत्र માટે. શહેનશાહ નેપોલિયને મને વૉટર્લૂના રણમેદાન ઉપર બૅરન બનાવ્યો છે. મારું લોહી રેડીને મેળવેલા એ પદને અત્યારનું તંત્ર સ્વીકારતું નથી, પણ હું એ પદ મારા પુત્રને બક્ષું છું. તેણે તે ધારણ કરવું. તે એ પદને લાયક નીવડશે, એવી મને ખાતરી છે.'

તે ચિઠ્ઠીની પાછળ કર્નલે ઉમેર્યું હતું—'વૉટર્લૂના એ જ યુદ્ધમેદાનમાં એક સાર્જંટે મારું જીવન બચાવ્યું હતું. એ માણસનું નામ થેનારડિયર હતું. થોડા સમય પહેલાં, મારી જાણ મુજબ, તે પેરીસના કૅલે કે મોંટ૦ પરામાં એક વીશી ચલાવતો હતો. મારો પુત્ર જો તેને મળે, તો તેણે તેને માટે પોતાનાથી બનતું કરી છૂટવું.'

મેરિયસ ૪૮ કલાક વર્નોનમાં રહ્યો. દફનક્રિયા બાદ તે પેરીસ પાછો ફર્યો અને કાયદાશાસ્ત્રના પોતાના અભ્યાસમાં

જોડાઈ ગયો. તેનો બાપ કદી જીવતો હતો, એવો ખ્યાલ પણ તેને ન રહ્યો.

મેરિયસે નાનપણની ટેવો ચાલુ રાખી હતી. એક રવિવારે તે સેંટ સલ્પાઈસના દેવળમાં પ્રાર્થના સાંભળવા ગયો, ત્યારે તેનું મન કંઈક તરંગે ચડી ગયું. હતું, એટલે થાંભલા પાછળની એક બેઠક ઉપરનું નામ વાંચ્યા વિના તે તેના ઉપર બેસી ગયો. તે બેઠક ઉપર 'મૉં. મેબોફ — દેવળના વૉર્ડન' એવું નામ લખેલું હતું. પ્રાર્થના હજુ શરૂ થતી જ હતી, તેવામાં એક વૃદ્ધ માણસ ત્યાં આવ્યો અને બોલ્યો, 'ભાઈ, આ મારી બેઠક છે.'

મેરિયસ તરત ત્યાંથી ઊઠી ગયો. પ્રાર્થના પૂરી થતાં તે વૃદ્ધ માણસ ફરી તેની પાસે આવ્યો, અને બોલ્યો — 'તમને મેં એ બેઠક ઉપરથી ઉઠાડ્યા તે બદલ ક્ષમા માગું છું. પણ તે બેઠક ઉપર દસ વર્ષ સુધી એક કંગાળ પણ બહાદુર પિતા પોતાના પુત્રને જોવા આવીને બેસતો. પેલા પુત્રને તો પોતાને બાપ છે કે નહીં તેનો ખ્યાલ પણ નહીં હોય. ત્યારથી મારી નજરે આ બેઠક પવિત્ર બની ગઈ છે, અને પરમ પિતાને યાદ કરવા મને એ બેઠક ઉપર જ બેસવાનું ગમે છે. એ બાપ વૉટર્લૂના રણમેદાનમાં નેપોલિયનના સૈનિક તરીકે લડ્યો હતો, માટે તેના સસરાએ તેના પુત્રને હંમેશને માટે તેના હાથમાંથી ખસેડી લીધો હતો. બાપ વર્નોનમાં રહેતો હતો, ત્યાં મારો ભાઈ પાદરી છે. તે માણસનું નામ પોન્ટમરી કે મોન્ટપસ એવું કંઈક હતું.'

'પોન્ટમર્સી!' મેરિયસ ફીકો પડી જઈ બોલી ઊઠ્યો.

'બરાબર, એ જ નામ હતું. તમે તેમને ઓળખો છો કે શું?'

'એ જ મારા બાપુ!'

બુઢ્ઢો પોતાના બંને પંજા દબાવી બોલી ઊઠ્યો 'ભાઈ, તું જ તેમનો દીકરો થાય? ઠીક બેટા, તું અભિમાન લઈને

કહી શકે છે કે, તારે એવો બાપ હતો જે તને ખૂબ ચાહતો હતો !'

તે દિવસે મેરિયસ તે ભલા ડોસા સાથે વાતો કરતો કરતો તેના મકાન સુધી ગયો. પછી ત્રણ-ચાર દિવસ પ્રવાસનું અને શિકાર-પાર્ટીનું બહાનું કાઢી, ફરી વર્નોન આવી, પિતાની કબરને વળગી, કલાકોના કલાકો સુધી તે રડ્યો.

ત્યાંથી પાછા ફરી, કૉલેજની લાઇબ્રેરીમાં જઈ, 'મૉનિટર' નામના લશ્કરી છાપાની ફાઇલ કેટલાય દિવસ સુધી કલાકોના કલાકો બેસી, તેણે આખી જ વાંચી કાઢી.

નેપોલિયન મહા-સૈન્યનાં બુલેટિનો વાંચતાં વાંચતાં જ્યારે પહેલી વાર તેને પોતાના પિતાનું નામ અને તેમના પરાક્રમનો અહેવાલ વાંચવા મળ્યાં, ત્યારે તેને થરથરાટી સાથે તાવ ચડી આવ્યો, અને તે તાવ પૂરું એક અઠવાડિયું રહ્યો. પોતાના પિતાએ જે જે સેનાપતિઓના હાથ નીચે કામ કરેલું, તે બધાને તે મળી આવ્યો. મેરિયસ હવે આ વિરલ, ભવ્ય તથા નમ્ર માણસને — પોતાના પિતાને — સમજવા લાગ્યો. સમજવા લાગ્યો એટલે ચાહવા લાગ્યો, અને ચાહવા લાગ્યો એટલે પોતાના એ પિતાથી હંમેશને માટે પોતાને અળગો પાડનાર દાદાને અંતરથી ધિક્કારવા લાગ્યો.

મેરિયસ હવે પોતાના પિતાએ આપેલ પદના સ્વીકાર રૂપે 'બૅરન મેરિયસ પોન્ટમર્સી' નામનાં સો કાર્ડ છપાવી લાવ્યો. એ થપ્પી તે પોતાના ખિસ્સામાં જ રાખતો. પિતાએ છેવટના લખેલો કાગળ માદળિયામાં ઘાલી તેણે ગળે બાંધવા માંડ્યો. પિતાની અંતિમ ઇચ્છા મુજબ તે મોંટ૦ પણ જઈ આવ્યો અને થેનારડિયર નામના વીશીવાળાની શોધ કરી આવ્યો. પણ તેને ખબર મળી કે, થેનારડિયરે દેવાળું કાઢ્યું હતું, અને તે ક્યાં ચાલ્યો ગયો તે કોઈ જાણતું ન હતું.

પણ મેરિયસની આ ગેરહાજરીઓ તથા તેના સ્વભાવમાં પડતા જતા ફેરફારથી ધીમે ધીમે તેના દાદા કંઈક ચિંતામાં પડ્યા. એક વખત તેવી ત્રણ દિવસની ગેરહાજરી પછી મેરિયસ વહેલી સવારે પેરીસ પાછો આવ્યો. પિતાની કબર પાસે બે રાતોના ઉજાગરાથી તેને થાક લાગ્યો હતો. તેથી તરવાના કુંડમાં નાહવા જવા તે પોતાનું માદળિયું અને કોટ પથારી ઉપર નાખી, ચાલ્યો ગયો.

તેના દાદા તેના આવ્યાનો અવાજ સાંભળી તેને મળવા થોડી વાર બાદ ઉપર આવ્યા. ત્યારે તેમને મેરિયસ નહીં પણ તેનું માદળિયું અને કપડાં જોવા મળ્યાં. તેમણે માદળિયામાંની ચિઠ્ઠી તથા ખિસ્સામાંનાં કાર્ડ વાંચી જોયાં અને તેમને બધું સમજાઈ ગયું.

મેરિયસ પાછો આવ્યો એટલે તેમણે ગુસ્સામાં આવી તેને સંભળાવી દીધું, 'બદમાશ કુત્તા! મારા ઘરમાંથી નીકળ, હરામજાદા:'

મેરિયસ ઘર છોડીને ચાલતો થયો.

ક્યાં જવું, તે એ પોતે જ જાણતો ન હતો. રસ્તામાં તેની કૉલેજનો એક સહાધ્યાયી લેઈગલ તેને મળ્યો. આગલે દિવસે કૉલેજમાં મેરિયસ ગેરહાજર હોવાથી તેના નામ વખતે 'હાજર' એમ બોલતાં તે પકડાયો હતો, અને તેને કૉલેજમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો. તે વાત સાંભળી મેરિયસને તેના તરફ સહાનુભૂતિ પેદા થઈ. લેઈગલ એ. બી. સી. મિત્રમંડળ નામના એક ક્રાંતિકારી યુવકમંડળનો સભ્ય હતો. એન્જોલ્રસ, કોમ્બીફેર, કોર્ફેરાક વગેરે તે મંડળના આગેવાનો હતા. તેઓ એક હોટલમાં ગુપચુપ મળતા તથા ચર્ચાઓ કરતા અને ક્રાંતિની યોજનાઓ ઘડતા. લેઈગલ મેરિયસને એ મંડળમાં લઈ ગયો. તે મિત્રમંડળની થોડીઘણી મદદ તથા સલાહથી મેરિયસ કોઈ બુકસેલરને ત્યાં કામે રહ્યો. તે બુકસેલર વિશ્વકોષ

જેવું તૈયાર કરતો હતો. તેને માટે જર્મન કે અંગ્રેજી ભાષાના લેખોનો અનુવાદ કરી આપવાનું કામ મેરિયસે કરવાનું હતું.

લાંબે વખતે સખત પરિશ્રમ, અતિશય સાદાઈ અને કરકસરથી તે વર્ષે સાતસો ફ્રાંક કમાતો થયો. તેનું વાર્ષિક કુલ ખર્ચ ૬૫૦ ફ્રાંકથી વધુ નહોતું. અર્થાત્ વરસે દહાડે ૫૦ ફ્રાંક જેટલો તે તવંગર થતો હતો! જોકે આ 'સારી' સ્થિતિએ પહોંચતાં તેને વરસો વીત્યાં હતાં: મુશ્કેલી અને તંગીનાં કપરાં વરસો. પણ મેરિયસ એકે પ્રસંગે હિંમત હાર્યો ન હતો અને દેવું કરવા સિવાય બીજું બધું જ કામ તેણે કર્યું હતું.

દાદાને ત્યાંથી નીકળી ગયે મેરિયસને ત્રણ વર્ષ થયાં હતાં, અને હવે તેની ઉંમર ૨૦ વર્ષની થઈ હતી. મેરિયસ વકીલ થયો હતો, પણ તે કોર્ટમાં વકીલાત કરવા જવાની ઇચ્છા રાખતો ન હતો. તેને પોતાનું લેખકનું કામ વધુ પસંદ હતું.

૧૮૩૧ના મધ્યભાગમાં તેની ઓરડીનું કામકાજ કરતી ડોસીએ તેને જણાવ્યું કે, તેની પડોશમાં રહેતા જોન્ડ્રેટ કુટુંબને મકાનમાંથી હાંકી કાઢવાનું છે. મેરિયસ મોટા ભાગનો સમય ઘરની બહાર જ કાઢતો હોવાથી તેને ખબર પણ ન હતી કે તેને પડોશીઓ હતા. તેણે પૂછ્યું:

'તેમને શા માટે હાંકી કાઢવાના છે?'

'કારણ કે તેમણે ભાડું ભર્યું નથી. બે હપ્તાના થઈને ૨૦ ફ્રાંક ચડી ગયા છે.'

મેરિયસની પાસે ૩૦ ફ્રાંકની બચત હતી. તેણે કહ્યું, 'ડોસીમા, આ ૨૫ ફ્રાંક લો; તેમનું ભાડું ભરી દેજો અને પાંચ ફ્રાંક તેમને ખાધા-ખર્ચા માટે આપજો. તેમને કહેશો નહીં કે કોણે આપ્યા છે.'

૧૪
મેરિયસનો પડોશી

આ બધા સમય દરમ્યાન મેરિયસના હૃદયમાં તેના પિતાના નામની સાથે બીજું એક નામ પણ કોતરાયેલું રહ્યું હતું — થેનારડિયરનું. રણમેદાનમાં ગોળીઓના વરસાદ વચ્ચે પોતાના બહાદુર પિતાની જિંદગી બચાવનાર એ માણસની આસપાસ તેણે વિચિત્ર ભાવભક્તિ સરજ્યાં હતાં. મેરિયસે અવારનવાર વખત કાઢીને તથા ખર્ચ કરીને થેનારડિયરને શોધવા આખો પ્રદેશ તળે ઉપર કરી નાખ્યો હતો.

છેલ્લા એક વર્ષથી વધુ વખત થયાં, મેરિયસ લક્ષમબર્ગ બગીચાના એક એકાંત વિભાગ તરફ રોજ ફરવા જતો. તે જ વિભાગમાં એક એકાંત જગ્યાએ એક માણસને તથા તેની દીકરીને એક જ બાંકડા ઉપર રોજ આવીને બેઠેલાં તે જોતો. ડોસો અને તેની દીકરી કોઈની નજર ન પડે તથા કોઈની ઉપર નજર ન કરવી પડે તે રીતે જ વર્તતાં અને મેરિયસ એ બાબતમાં આદર્શ માણસ હતો. તેને આસપાસ નજર કરવાને આંખો જ ન હતી; અને તેમાંય સ્ત્રીઓ તરફ તો તે ભૂલેચૂકે પણ નજર કરતો નહીં. તે એમ માનતો કે તેનાં કંગાળ કપડાં અને તેથી પણ વધુ કંગાળ દેખાવ પર જુવાન છોકરીઓ તુચ્છકારભરી નજરે જ જુએ છે. જોકે, ખરી વાત એ હતી કે, મેરિયસનો નિર્દોષ છતાં દૃઢ નિશ્ચયી અને ગંભીર છતાં સરળ ચહેરો નજરે પડતાં જ દરેક સ્ત્રીના હૃદયમાં વહાલ અને વાત્સલ્યનો તાર ઝણઝણ્યા વિના રહી શકતો ન નહીં.

પેલી છોકરી બાપ સાથે સતત કંઈ ને કંઈ બોલ્યા જ કરતી. જાણે એના અંતરનો અખૂટ આનંદ તેના મીઠા શબ્દો

દ્વારા નિરંતર વહ્યા જ કરે છે. અને ડોસો પણ જાણે તે શબ્દો ઝીલવા જ ઉત્સુક હોય, તેમ પોતે બહુ થોડું બોલતો અને પોતાની દીકરી તરફ જ અવર્ણનીય વાત્સલ્યના ભાવથી જોઈ રહેતો.

બગીચામાં ફરવા આવનારા જુવાનિયાઓ એ છોકરીને તેના ધ્યાનપાત્ર કાળા પોશાકને કારણે 'કુમારી લેનૉઇર' (કાજળ-કાળી) કહેતા, અને ડોસાને તેના ધોળા વાળને કારણે 'મહાશય લેબ્લાન્ક' (શ્વેત-ફીણ) કહેતા. વખત થાય અને એ જોડી નજરે પડે એટલે દરેક જણ બોલી ઊઠતું, 'લો! લેબ્લાન્ક ડોસા તેમના બાંકડે પધાર્યા!'

પછીને વર્ષે એવું બન્યું કે, મેરિયસે કશા ખાસ કારણ વિના ૧૦ મહિના સુધી લક્ષમબર્ગ તરફ ફરવા જવાનું છોડી દીધું. છેવટે એક દિવસ ફરીથી જ્યારે તે ત્યાં ગયો, અને પેલા ડોસા તથા તેમની દીકરીના બાંકડા આગળ થઈને પસાર થયો, ત્યારે મેરિયસને લાગ્યું કે, જાણે તેને ઘણે વખતે આવેલો જોઈ, પેલી છોકરીના મોં ઉપર એક મધુર સ્મિત પસાર થઈ ગયું. મેરિયસ સામાન્ય રીતે બગીચાના એ લાંબા રસ્તા ઉપર પાંચ કે છ આંટા મારતો. બીજા આંટા વખતે જ્યારે તે એ લોકોના બાંકડા પાસે થઈને પસાર થયો, ત્યારે પેલી જુવાન છોકરીએ પોતાની આંખો અચાનક ઊંચી કરી. મેરિયસના બાકીના આંટા એ લોકોના કશા ખ્યાલ વિના પોતાના ચિંતનની લહેરમાં પૂરા થયા.

પછીના દિવસોએ મેરિયસ પહેલાંની માફક ત્યાં ફરવા જવા લાગ્યો. ત્યારે બાપ-દીકરીની મોજૂદગી તેના લક્ષમાં આવતી. એ સિવાય તેમનો કશો ખ્યાલ તેના મનમાં રહેતો નહીં.

એક દિવસ હવા ખુશનુમા હતી. બગીચો સૂર્યના પ્રકાશ અને છાયાથી ઊભરાઈ રહ્યો હતો. આકાશ જાણે દેવદૂતોએ વહેલી સવારે ધોઈ કાઢ્યું હોય તેવું નિર્મળ હતું. મેરિયસે પ્રકૃતિના આ દિવ્ય પ્રવાહને ઝીલવા જાણે પોતાના અંતરને ખુલ્લું કરી દીધું હતું. એવી અર્ધસમાધિની દશામાં તે પેલા બાંકડા આગળ થઈને પસાર થતો હતો, તેવાંમાં પેલી છોકરીએ આંખો ઊંચી કરી, અને બંનેની નજર એકઠી થઈ.

તે રાતે મેરિયસ પોતાની ઓરડીએ પાછો ફર્યો, ત્યારે પહેલી વાર તેની નજર પોતે પહેરેલાં કંગાળ કપડાં તરફ ગઈ. પોતે આ કપડાંમાં રોજ બગીચામાં ફરવા જતો હતો, એ વિચારીને તેનું હૃદય જાણે બેસી જવા લાગ્યું.

બીજે દિવસે કશા ખ્યાલ વિના મેરિયસ પોતાની પાસે જે એક જોડ નવાં કપડાં હતાં, તે પહેરીને લક્ષમબર્ગ તરફ ચાલ્યો. પણ આજે તેણે રોજના રસ્તા ઉપર ફરવાને બદલે એક ફુવારાની આસપાસ વિના કારણ ચક્કરો માર્યા કર્યાં. પછી નાછૂટકે તે પોતાની રોજની ફરવાની જગા તરફ ધીમો ધીમો વળ્યો. બાંકડો બેત્રણ ઝાડ જેટલો દૂર રહ્યો, પરંતુ તેના પગ જાણે આગળ વધવાની આનાકાની કરવા લાગ્યા. તેને લાગ્યું કે છોકરીનું મોં તેના તરફ થોડું વળેલું છે. છતાં તેણે ભારે હિંમતપૂર્વક બહાદુરી દાખવીને આગળ ધપવા માંડ્યું. પણ કોણ જાણે આજે બાંકડા આગળ થઈને તે પસાર થવા લાગ્યો, ત્યારે કાનનાં ટેરવાં સુધી તે લાલ લાલ થઈ ગયો હતો. પેલી છોકરી શાંતિથી તેના બાપુ સાથે વાતો કર્યે જતી હતી, પરંતુ મેરિયસ તે તરફ નજર પણ કરી શક્યો નહીં!

બીજે દિવસે તે બગીચામાં ગયો, ત્યારે બાંકડા સુધી જવાને બદલે અધવચ જ એક બેઠક ઉપર બેસી રહ્યો. દૂરથી પેલી છોકરીનાં કપડાં જ તેની નજરે પડતાં હતાં.

ત્રીજે દિવસે પણ, બાંકડા સુધી પહોંચ્યા વિના જ ચોપડી વાંચતો વાંચતો અને નિર્દોષ ચકલાંની ખેલકૂદ જોતો જોતો તે દૂર જ બેસી રહ્યા.

આમ એક પખવાડિયું પસાર થઈ ગયું. તે બગીચામાં રોજ જતો, પણ હવે પલા બાંકડાથી દૂર જ બેસી રહેતો.

બીજા અઠવાડિયાના છેવટના એક દિવસે મેરિયસ પોતાની બેઠક ઉપર ચોપડી હાથમાં લઈ બે કલાકથી બેસી રહ્યો હતો. તેવામાં અચાનક તે ધ્રૂજી ઊઠયો. એક મોટો બનાવ બની રહ્યો હતો. મોં. લેબ્લાન્ક અને તેની દીકરી પોતાને બાંકડેથી ઊઠી ધીમે ધીમે મેરિયસ બેઠો હતો તે તરફ આવી રહ્યાં હતાં. તેને લાગ્યું કે લેબ્લાન્ક તેના ઉપર ખૂબ ચિડાઈને નજર ફેંકી રહ્યા છે. તેણે પોતાનું માથું નીચે ઢાળી દીધું. પરંતુ પેલી જુવાન છોકરી ત્યાં આગળથી પસાર થઈ, ત્યારે મેરિયસ તરફ તેણે કરેલી નજર સ્થિર, મધુર તથા ચિંતાભરી હતી. જાણે મેરિયસને ઠપકો આપતી હોય કે, 'કેટલા બધા વખતથી મને દુ:ખી કરવા જ જાણે અમારા બાંકડા તરફ ફરવા આવતા નથી, અને દૂર બેસી રહો છો; તેથી આજે મારે જ મારા બાપુજીને અનેક બહાનાં કાઢી આ તરફ ફરવા લાવવા પડયા!'

એક આખો મહિનો આ રીતે પસાર થઈ ગયો. મેરિયસ હજુ પણ એ બાંકડા આગળ ફરતો નહીં; પરંતુ પાસે એવી જગાઓએ બેસતો કે પેલી છોકરી તેને જોઈ શકે, અને પોતે તે છોકરીને જોઈ શકે. પેલી છોકરી સ્વસ્થતાથી પોતાના બાપ સાથે વાતોમાં મશગૂલ રહેતી, છતાં મેરિયસ તરફ તેની આંખો અવારનવાર ઢળતી રહેતી.

લેબ્લાન્ક ડોસાની નજર બહાર આ વાત લાંબો વખત રહી નહીં. તેણે હવે પોતાની જગા બદલી નાખી – એ જોવા કે મેરિયસ તે તરફ આવે છે કે નહીં. પણ મેરિયસ એ ભૂલ કરી જ બેઠો. બાપે હવે બગીચામાં આવવાનું જ અનિયમિત

કરી નાખ્યું – કેટલીક વાર તે એકલો જ આવતો. ત્યારે મેરિયસ બગીચામાંથી વહેલો ચાલ્યો જતો – એ બીજી ભૂલ.

પછી તો મેરિયસે તે છોકરીનું ઘર ક્યાં છે તે શોધી કાઢવા તેમની પાછળ પાછળ જવા પ્રયત્ન શરૂ કર્યો. એ ત્રીજી અને મોટી ભૂલ! થોડા દિવસ બાદ મોં. લેબ્લાન્કે પોતાનું ઘર જ બદલી નાખ્યું.

ઉનાળો પૂરો થયો અને શિયાળો બેસી ગયો. મોં. લેબ્લાન્ક કે તેમની જુવાન પુત્રી એ બેમાંથી કોઈએ લક્ષમ-બર્ગના બગીચામાં ફરી પગ મૂક્યો ન હતો. મેરિયસને હવે પોતાની ભૂલ સમજાઈ.

એક દિવસ શિયાળાની અધવચ કારમી ઠંડીનાં છ અઠવાડિયાંની શરૂઆતમાં થોડો ઘણો ઝબકેલો સૂર્ય આથમવાની તૈયારીમાં હતો, તેવામાં મેરિયસ હોટલ તરફ જમવા નીકળ્યો. તે વિચારમગ્ન દશામાં નીચે મોંએ ચાલતો હતો, તેવામાં સામેથી દોડતી આવતી બે ચીંથરેહાલ છોકરીઓ સાથે તે ટિચાયો. તે બંને છોકરીઓ 'પોલીસદાદા' વિષે વાતો કરતી કરતી, જાણે તેમના હાથમાં પકડાતી ભાગી છૂટી હોય તેમ, પાછું જોતી જોતી નાસતી હતી. એ છોકરીઓ પાસેથી તે જ વખતે કશુંક પરબીડિયા જેવું નીચે ગબડી પડ્યું. મેરિયસે તે ઉપાડીને જોયું તો તેમાં કાગળો હતા. તેણે થોડાં ડગલાં પાછા ફરી તેમને બૂમ પાડી, પણ પેલી છોકરીઓ દૂર નીકળી ગઈ હતી.

ઘેર જઈ, કંઈ સરનામું મળે તો તે કાગળ ટપાલમાં રવાના કરવાને હિસાબે મેરિયસે વાંચવા માંડ્યા. તે કાગળો ચાર જુદા જુદા સજ્જનો અને સન્નારીઓ ઉપર લખેલા હતા. કાગળોના હસ્તાક્ષર એક જ જાતના હતા, પણ દરેકમાં લખનારનું નામ અને વિનંતિ જુદી જાતનાં હતાં. એક કાગળમાં તેણે પોતાની જાતને પરદેશી નિર્વાસિત જણાવ્યો હતો. તો

બીજામાં પોતાને તંગી વેઠતો સાહિત્યકાર કે કલાકાર જણાવીને પૈસાની મદદ માગી હતી. એક કાગળમાં તો પોતાને પતિથી તજાયેલી બીમાર—અપંગ બાઈ તરીકે ઓળખાવી હતી અને પોતાની છોકરીઓને મદદની આશાએ મોકલી છે, એમ જણાવ્યું હતું. છેલ્લો કાગળ અમુક દેવળમાં નિયમિત હાજરી આપતા દયાળુ દાનવીર સદ્ગૃહસ્થને લખેલો હતો. તેમાં તો પુત્રી સાથે પોતાને ઘેર પધારી પોતાની કંગાળ પરિસ્થિતિ નજરે જોઈ મદદ કરવા વિનંતિ કરી હતી; અને પોતાના ઘરનું સરનામું બરાબર મેરિયસની તદ્દન જોડેની ઓરડીનું જ આપ્યું હતું! મેરિયસને તરત સમજાઈ ગયું કે, પોતાની પડોશમાં રહેતો કુટુંબી જ આ કાગળોનો લખનાર છે, અને આ રીતે જુદે જુદે નામે મદદ માટે કાગળો લખીને ગુજરાન ચલાવે છે! એ આખા મકાનમાં એના અને મેરિયસના સિવાય બીજું કોઈ ભાડવાત હતું જ નહીં.

સવારમાં ઊઠીને મેરિયસ પોતાના રોજના લખવાના કામે બેસતો જ હતો, તેવામાં તેની ઓરડીના બારણા ઉપર ટકોરો પડ્યો. તેણે બારણું ઉઘાડ્યું, તો એક છોકરી સામે ઊભી હતી.

‘આપને માટે એક કાગળ છે, મોં. મેરિયસ.’

મેરિયસે કાગળ વાંચ્યો. અંદર લખ્યું હતું:

‘મારા માયાળુ પડોશી, જુવાન મિત્ર!

‘તમે છ મહિના પહેલાં મારું ભાડું ચૂકવી દઈને મારા તરફ દર્શાવેલી મમતાથી હું વાકેફ છું. મારી મોટી દીકરી કહી શકશે કે અમે ચાર જણાંએ બે દિવસથી મોંમાં એક કોળિયો પણ મૂક્યો નથી. મારી સ્ત્રી પથારીવશ છે. આપ જરૂર કંઈક મદદ કરશો.

આપનો,

જોન્ડ્રેટ

'તા. ક. મારી દીકરી આપનો હુકમ મળતા સુધી આપની તહેનાતમાં હાજર રહેશે.'

આ કાગળે મેરિયસના મનમાં રહીસહી શંકા પણ નાબૂદ કરી દીધી. તેનો પડોશી આ રીતે જ પોતાનો નિર્વાહ ચલાવતો હતો. તેની છોકરીઓ પણ જે રીતે પોલીસનું નામ દેતી દેતી ભાગી છૂટી હતી, તે ઉપરથી સમજાતું હતું કે, તેઓ પણ અંધારાના છાના ધંધા પોતા થકી ચલાવતી હતી. તે છોકરીઓની ઉંમર, કંગાલિયત અને ભ્રષ્ટતાનો વિચાર આવતાં મેરિયસને કમકમાં આવી ગયાં.

પેલી છોકરી આ દરમ્યાન આખા ઓરડામાં જરા પણ સંકોચ વિના ફરતી હતી તથા બધી ચીજો ઉપાડી ઉપાડીને જોતી હતી. અરીસો દેખી તે તરત તેમાં મોઢું જોવા મંડી તથા નાટકનું ઈશ્કી ગાયન ગાવા લાગી. ચોપડીઓ દેખી એકાદ હાથમાં લઈ તે બોલી ઊઠી : 'મને વાંચતાં આવડે છે; જુઓ વાંચું?' એમ કહી એક ચોપડીમાંથી એક વાક્ય તેણે વાંચ્યું. તેમાં વૉટર્લૂ શબ્દ આવતાં તે બોલી ઊઠી, 'વૉટર્લૂ! હું તેની વાત જાણું છું. મારા બાપુ ત્યાં લશ્કરમાં હતા.'

પછી ટેબલ ઉપર કલમ પડેલી દેખી તે બોલી, 'મને લખતાં પણ આવડે છે; જુઓ લખું?' એમ કહી, ટેબલ ઉપર પડેલી એક ચબરકી ઉપર તેણે લખ્યું — 'પોલીસદાદા આવી પહોંચ્યા.'

પછી મેરિયસની પાસે જઈ તેને ખભે હાથ મૂકી તે બોલી, 'કહું છું, જુઓ અક્ષર કેવા છે? હું અને મારી બહેન નાનપણમાં ભણ્યાં હતાં. અમે પહેલેથી આવાં ન હતાં; અમે સારા ઘરનાં માણસ હતાં. તમે પણ મોં મેરિયસ બહુ સુંદર જુવાન છો. તમે મારી તરફ કદી નજર કરતા નથી; પણ હું તમને દાદર ઉપર ઘણી વાર ભેગી થાઉં છું. તમારા વાળ તમારા મોં ઉપર કેવા શોભે છે!'

મેરિયસ એકદમ તેની પાસેથી દૂર ખસી ગયો; અને ઠંડા શબ્દોમાં બોલ્યો, 'બાનુ, મારી પાસે આ પરબીડિયું છે; તે કદાચ આપનું હોય એમ લાગે છે. કાલે રસ્તા ઉપરથી મને મળ્યું હતું.'

એ પરબીડિયું જોતાં જ તે તાળી પાડતી બોલી ઊઠી, 'હું ને મારી બહેન કાલે તેને કેટલું બધું શોધતાં હતાં? અમે રસ્તા ઉપર થઈને ભાગતાં હતાં ત્યારે મારી નાની બહેને તે પાડી નાખ્યું હતું. તે ખરેખર ગધેડી છે. મારની બીકે અમે ઘેર આવી એવું જ કહ્યું હતું કે, બધા કાગળો પહોંચાડી દીધા છે. હવે સમજાયું! મારી બહેન અને હું દોડતાં દોડતાં એક જણ સાથે ટિચાયાં હતાં, તે તમે જ હશો!'

પછી તેમાંથી દેવળવાળા દાનવીર સદ્‌ગૃહસ્થનો કાગળ જુદો કાઢીને તે બોલી, 'આ ભાઈસાહેબને દેવળમાં આપવાનો આ જ વખત છે. કદાચ નાસ્તા જોગું તો આપશે.'

પછી તેણે હસતાં હસતાં ઉમેર્યું કે, 'આજે અમને નાસ્તો મળે, તો અમે શું ખાધું કહેવાય, ખબર છે, મોં. મેરિયસ? પરમ દિવસનો નાસ્તો અને ભોજન, તથા ગઈ કાલનો નાસ્તો અને ભોજન — એ બધું આજે સવારે એકી વખતે અમે પામ્યાં એમ કહેવાય!'

એની આ કરુણ મજાકથી મેરિયસને છોકરીના આવવાનું કારણ યાદ આવ્યું. તેણે ખિસ્સાં ફંફોસીને પાંચ ફ્રાંક અને ૧૬ સૂ કાઢ્યા. દુનિયામાં અત્યારે તેની પાસે એટલી જ મૂડી હતી. તેણે તે દિવસના ભોજન પેટે ૧૬ સૂ કાઢી લઈ, પાંચે ફ્રાંક પેલી છોકરીને આપી દીધા. છોકરી ચાલી ગઈ.

મેરિયસ હવે પોતાની જાતને ધિક્કારવા લાગ્યો. તેની પાસે જ — એક ભીંતની આડ પાછળ આ બધું દુઃખદારિદ્ર્ય તેની સોળે કળાએ ઘૂઘવતું હતું; છતાં તેણે પોતાની લહેમાં મગ્ન રહીને તે તરફ નજર પણ કરી ન હતી. જે ભીંત

પોતાના આ દુઃખી પડોશીઓથી પોતાને છૂટી પાડતી હતી, તે તરફ તેણે અચાનક નજર કરી. એ ભીંત થાંભલા અને પાતળી ચીપટો ઉપર કરેલા પાતળા પ્લાસ્ટરની જ હતી. મેરિયસની નજર અચાનક ભીંતના ઉપરના ભાગમાં એક જગાએથી પ્લાસ્ટર નીકળી જવાથી પડેલા ત્રિકોણ બાકા ઉપર પડી. જે દુઃખદારિદ્રય તરફ તે અત્યાર સુધી આંધળો રહ્યો હતો, તેના પ્રત્યક્ષ દર્શનથી પોતાના પસ્તાવાને શાંત પાડવા, મેરિયસ પથારીમાંથી એક કબાટ ઉપર ચડીને એ બાકામાંથી ઓરડાની અંદર જોવા લાગ્યો.

ત્યાં જે ગંદકી, અવ્યવસ્થા અને માણસનો તથા વસ્તુનો ભંગાર મેરિયસની નજરે પડયાં, તેથી તે કંપી ઊઠયો. થોડી વાર બાદ પેલી મોટી છોકરી હાંફતી હાંફતી તે ઓરડામાં દાખલ થઈ અને રાજી થતી થતી બોલી —

'તે આવે છે!'

'કોણ?' બાપે પૂછ્યું.

"પેલા દાનવીર સદ્‌ગૃહસ્થ, દેવળવાળા! મેં દેવળમાં તેમને કાગળ આપ્યો તે વાંચીને જ તે બોલ્યા કે, 'મારી દીકરીને કંઈક વસ્તુઓ ખરીદવાની છે; તે પરવારીને, હું તથા તે બંને તમારે ત્યાં આવીએ છીએ.'"

તરત જોન્ડ્રેટે ચારે બાજુ ભાંગફોડ શરૂ કરી દીધી — ફાટેલાં કપડાં વધુ ફાડી નાખ્યાં, ખુરશીની તૂટેલી ગાદી વધુ તોડી નાખી, અને નાની દીકરી પાસે મુક્કી મરાવીને બારીનો એક કાચ તોડાવી નાખ્યો. કાચ ફોડવા જતાં છોકરીના હાથની ચામડી ચિરાઈ ગઈ અને તે રડવા લાગી. એટલે બાપે પોતાના ફાટેલા ઝભ્ભામાંથી તરત એક ચીંદરડો ફાડયો અને તેને બાંધ્યો. તે ચીંદરડાને લોહીથી તરબોળ થયેલો જોઈ, બાપને અત્યંત સંતોષ થયો. પોતાની સ્ત્રીને પણ ધમકાવીને તેણે કહ્યું કે, 'તું પથારીમાં ગોટપોટ થઈને સૂઈ જા. નહીં તો

તારું બળદિયા જેવું શરીર જોઈ, કોઈ તને માંદી નહીં માને. મેં ચિઠ્ઠીમાં તો લખ્યું છે કે, તું મરવા પડેલી છે!'

પેલી સ્ત્રી પતિએ આપેલા ઈલકાબથી ઘૂરકતી ઘૂરકતી પથારીમાં લપાઈ ગઈ.

મેરિયસ બાકામાંથી આ નાટક તરફ કૌતુક અને દુઃખ સાથે જોઈ રહ્યો. થોડી વારમાં બારણા ઉપર ટકોરા પડ્યા અને જે બે જણ તે ઓરડામાં દાખલ થયાં, તેમને જોઈને મેરિયસ કબાટ ઉપરથી પડતો પડતો રહી ગયો. તે બે મોં. લેબ્લાન્ક અને કુમારી લેનૉઈર જ હતાં! જોકે લેનૉઈર આજે શોકનાં વસ્ત્રોમાં ન હતી. જોન્ડ્રેટની મોટી દીકરી તો તેનો રેશમી પોશાક અને તેના મોહક પ્રસન્ન મુખ તરફ મેલી નજરે જોઈ રહી.

જોન્ડ્રેટે પોતાની કરુણ કહાણી હૃદયદ્રાવક રીતે રજૂ કરી. પણ મેરિયસને લાગ્યું કે, તે વચ્ચે વચ્ચે આ 'દાનવીર સદ્‌ગૃહસ્થ' તરફ કોઈ વિચિત્ર નજરે જોયા કરતો હતો. પેલાં બાપ-દીકરી હવે જોન્ડ્રેટની ઘવાયેલી નાની દીકરીને તેના ઘા બાબત પૂછપરછ કરવા વળ્યાં. તે દરમ્યાન જોન્ડ્રેટ પોતાની ધણિયાણીની પથારી તરફ સરકી ગયો અને તેના કાનમાં ધીમેથી કહી આવ્યો, 'આ ડોસાને બરાબર ધ્યાનથી જોઈ લેજે, કંઈ ઓળખાણ પડે છે?'

પેલા ડોસા બને તેટલી સહાનુભૂતિ પ્રગટ કરીને છેવટે ઊઠ્યા, અને બોલ્યા, 'અત્યારે તો મારી પાસે પાંચ જ ફ્રાંક છે, તે લો. તમે કહો છો કે, તમારે ઘરભાડું આજ સાંજે આઠ વાગ્યે જ ચૂકવવાનું છે, નહીં તો તમારે આ ઓરડો પણ ખાલી કરવો પડશે; તો હું આજ સાંજે છ વાગ્યે સાઠ ફ્રાંક જરૂર જાતે આવીને આપી જઈશ.'

મોં. લેબ્લાન્ક પોતાની દીકરી સાથે ઘોડાગાડીમાં બેસી ચાલતા થયા. મોં. મેરિયસને એક વાર મોં લેબ્લાન્કની

પાછળ બીજી ઘોડાગાડીમાં દોડી જઈ તેમનું નવું રહઠાણ જોઇ આવવાનું મન થયું; પણ તેની પાસે ઘોડાગાડીના ભાડાના પૈસા જ ક્યાં હતા? છેલ્લા પાંચ ફ્રાંક તેણે આ પડોશીને જ આપી દીધા હતા.

આમ વિચારમાં અને મૂંઝવણમાં તે પડ્યો હતો, તેવામાં ભીંત પાછળથી તેને જોન્ડ્રેટનો કર્કશ અવાજ સંભળાયો: 'મને પૂરેપૂરી ખાતરી છે કે, મેં તેને બરાબર ઓળખ્યો છે.'

એ ડોસા વિષે જ વાત ચાલે છે એમ જાણી, મેરિયસ ફરી કબાટ ઉપર ચડી પેલા બાકામાંથી જોવા લાગ્યો. એ ડોસા અને તેની દીકરી વિષે માહિતી મેળવવા તો તે આકાશ-પાતાળ એક કરવા તૈયાર હતો.

જોન્ડ્રેટની સ્ત્રી આભી બની પૂછવા લાગી, 'હેં ખરી વાત? તમને ખાતરી છે?'

જોન્ડ્રેટે કહ્યું, 'આઠ વર્ષ પહેલાંની વાત છે; પણ મેં તેને બરાબર ઓળખી કાઢ્યો છે. એ બદમાશ કોસેટને લઈ ગયો તેમાંથી જ આપણી આ અવદશા શરૂ થઈ છે. અને એ કોસેટડી તો જો, કેવી રાજરાણીની પેઠે ઠઠારો કરીને ફરે છે?'

પેલી ધણિયાણી એથીય વધારે ફૂંફાડો કરતી બોલી, 'એ રાંડનું કાળજું તોડીને ચાવી ખાઉં! મારી છોકરીઓ ઉઘાડે પગે અને ફાટેલે કપડે ભીખ માગતી ફરે, અને એ ડાકણ રેશમી કપડાં અને મખમલની હૅટ પહેરે! એ હૅટ જ બસો ફ્રાંકથી વધુ કિંમતની હશે.'

પેલો હવે ધીમે ધીમે મક્કમતાથી બોલ્યો, 'બસ, હું બહુ દહાડા ભૂખે મરતો અને ટાઢે થથરતો માણસ રહ્યો. પણ હવે એ બદમાશ મારા હાથમાં આવ્યો છે. આજે જ હું થોડા ગુંડાઓની સગવડ કરી આવું છું. આજે સાંજે સાઠ ફ્રાંક આપવા તે અહીં આવવાનો છે; તે વખતે આપણો પડોશી જુવાન તો જમવા ગયો હશે, અને અગિયાર વાગ્યા

વિના તે પાછો ફરતો નથી, મકાનવાળી ડોશી પણ વાસણ માંજવા શહેરમાં ગઈ હશે. બસ તે ઘડીએ જ બરાબર લાગ છે. એ ડોસાને નિચોવી આજે લખપતિ ન થાઉં, તો કાલથી મને ગધેડો કહેજે!'

જોન્ડ્રેટે ત્યાર બાદ ધણિયાણીને બે ફ્રાંક આપ્યા અને કહ્યું, 'કોલસાની વખારમાંથી કોલસા ખરીદી લાવી સગડી બરાબર ધિકાવ!'

ધણિયાણીએ થોડાક પૈસા ખાવાનું લાવવા માગ્યા; ત્યારે તેણે કહ્યું, 'નહીં, નહીં, આજે તો મારે હજુ ઘણી ઘણી ચીજો લાવવી પડશે. એક તો મોટી ફરસી લાવવી છે. તેને તપાવીને લાલચોળ કરીને તેના વડે જ તિજોરીની પેઠે પેલાને કોચી કોચીને બધા પૈસા કઢાવવા છે. આજે જરા ધાનની ભૂખ વેઠ; કાલથી તો તું સોનું જ જમતી હોઈશ, સોનું!'

મેરિયસને હવે થેનારડિયરની યોજનાની કંઈક સમજ પડવા લાગી. કુ. લેનોઈરને જ એ કોસેટ નામે કહે છે, એ પણ તેને સમજાયું. એ લોકોનું પેલા વૃદ્ધ સદ્ગૃહસ્થે કોસેટના સંબંધમાં શું નુકસાન કર્યું હતું, તે એને બરાબર ન સમજાયું; પણ આજે આ લોકો કેટલાક જાણીતા ભાડૂતી ગુંડાઓની મદદથી અને તપાવેલી ફરસીના ત્રાસથી તેની પાસે પૈસા પડાવવા જાનને જોખમે પ્રયાસ કરવાના, એની તેને ખાતરી થઈ ગઈ.

૧૫
મેરિયસ પગલાં ભરે છે

પોતે જેને અંતરથી પ્રેમ કરતો હતો, તે કોસેટને તથા તેના પિતાને જાનના જોખમમાંથી બચાવવાની તક પોતાને મળી, તેથી મેરિયસ એકદમ ઉત્સાહમાં આવી ગયો. પણ તેમને આ જોખમમાંથી બચાવવાં શી રીતે, તેની તેને સમજ પડતી ન હતી.

તે બાપ-દીકરીના સરનામાની તેને ખબર ન હતી; એટલે તેમને તે ચેતવે શી રીતે? પોતે બહાર રસ્તા ઉપર ઊભો રહી, મોં. લેબ્લાન્કને મકાનમાં જતા રોકવા જાય, તો જોન્ડ્રેટ અને તેના મળતિયા તેને જોઈ જાય અને પહેલો તેને જ પૂરો કરે!

એક વાગી ચૂક્યો હતો. અને એ કારમો બનાવ બનવા વચ્ચે હવે પાંચ જ કલાક બાકી હતા.

તરત તે પાસેના પોલીસથાણા તરફ દોડ્યો. વડા સાહેબ હાજર નહોતા; તેમના વતી ઈન્સ્પેક્ટર ત્યાં બેઠો હતો. મેરિયસે તેની પાસે જઈ, આખા કાવતરાની વાત તેને કહી, અને પૂરેપૂરું સરનામું બતાવ્યું.

ઈન્સ્પેક્ટર બહુ થોડું બોલનાર માણસ હતો. તેણે કહ્યું, 'એ મકાનને હું બરાબર જાણું છું. ત્યાં રહેનારા બધા ભાડવાતો રાતે અંદર દાખલ થવા માટે દાદરના બારણાના ઉલાળાની પોતપોતાની જુદી ચાવી રાખે છે; તમારી ચાવી મને આપી દો.'

મેરિયસે ચાવી આપી. જવાબમાં પેલાએ પોતાનાં બે જંગી ખિસ્સાંમાંથી બે નાની પિસ્તોલો કાઢીને મેરિયસને આપી અને કહ્યું, 'આ દરેકમાં બબ્બે કારતૂસ છે. તમે અબઘડી

છાનામાના તમારી ઓરડીમાં જઈને સંતાઈ જાઓ. તે લોકોને એમ જ લાગવું જોઈએ કે, તમે બહાર જ ચાલ્યા ગયેલા છો. તમારે તમારી ઓરડીના બાકામાંથી જોયા કરવું. એ માણસોને તેમના કામમાં થોડા આગળ વધવા દેજો. પછી જ્યારે તમને લાગે કે છેવટની અણી આવી ગઈ છે, ત્યારે આમાંની એક પિસ્તોલ છત તરફ ફોડજો. એ નિશાની થતાં, બાકીનું બધું હું બરાબર સંભાળી લઈશ. તમે વકીલ છો એટલે આવી બાબતમાં છેવટની અણી કઈ કહેવાય, તે બરાબર સમજી શકશો. દરમ્યાન મારી કંઈ જરૂર પડે, તો અહીં આવજો, અથવા મને ખબર કહેવડાવજો. મારું નામ ઈન્સ્પેક્ટર જાવર્ટ છે.'

મેરિયસ ઘર ભણી આવવા નીકળ્યો, ત્યારે રસ્તામાં તેણે જોન્ડ્રેન્ટને એક દુકાનમાંથી ધોળા લાકડાના હાથાવાળી એક મોટી ફરસી લઈને નીકળતો જોયો. મેરિયસ એકદમ થોભી ગયો. જોન્ડ્રેટ બીજી તરફ ચાલ્યો ગયો, પછી તે મકાન તરફ આવ્યો; અને અંગૂઠા ઉપર ચાલતો હોય તેમ દાદર ઉપર ચડ્યો. ભાડે આપવાની ખાલી કોટડીઓના બારણા પાસે થઈને પસાર થતી વખતે મેરિયસે જોયું કે, એક કોટડીમાં બારી નીચે ચારેક માથાં છુપાઈને ગોઠવાયેલાં છે.

મેરિયસ સામાન્ય રીતે બહાર જતી વખતે પોતાની ઓરડીના બારણાની ચાવી બારણામાં જ રહેવા દેતો. મકાનવાળી ડોસી તેને વારંવાર કહેતી કે, 'તમારો ઓરડો લૂંટાઈ જશે!' મેરિયસ હસીને જવાબ આપતો, 'મારા ઓરડામાંથી મારી દરિદ્રતા સિવાય બીજું શું લૂંટી જવાનું છે?' આજે પણ મેરિયસ બારણાની ચાવી બારણામાં રાખીને જ અંદર પેસી ગયો, જેથી તે હજુ બહારથી આવ્યો જ નથી, એમ રોજ જોનારને લાગે.

જોન્ડ્રેટ વખતસર ઘરમાં આવી ગયો. પત્નીને ફરસી અંગારામાં મૂકવા તેણે કહ્યું, તે મેરિયસે સાંભળ્યું, પછી છ

વાગ્યાનો અરસો થતાં જોન્ડ્રેટે પોતાની બંને દીકરીઓને રસ્તા ઉપર ચોકી રાખવા ધીમેથી કંઈક સૂચનાઓ આપી. પછી પાછો મોટેથી તેનો અવાજ સંભળાયો —

'ડોસી શહેરમાં ગઈ ને?'

'હા.'

'આપણા પડોશીના ઓરડામાં કોઈ નથી એની ખાતરી છે ને?'

'આજ આખો દિવસ તે આવ્યો જ નથી; અને અત્યારે તો તેને જમવા જવાનો વખત પણ થયો.'

'તોપણ ખાતરી કરી જોવામાં શું બગડે છે? બેટા, મીણબત્તી લઈને જોઈ આવ તો!'

મેરિયસ તરત ખાટલા નીચે સરકી ગયો. પેલી મોટી છોકરી બારણું ઉઘાડી અંદર આવી, અને અરીસામાં પોતાનું મોં જોઈ પોતાના વાળ સમા કરી, ગાતી ગાતી બારણું બંધ કરીને ચાલી ગઈ.

થોડી વાર બાદ બંને છોકરીઓ રસ્તા ઉપર ચોકી રાખવાના કામે દાદર ઊતરી વિદાય થઈ. ત્યાર બાદ મેરિયસ બાકા આગળ જઈને ખડો થઈ ગયો.

જોન્ડ્રેટ પોતાની પત્નીને તેનું કામ સમજાવતો હતો. 'જો આ ઋતુમાં તે ઘોડાગાડીમાં જ આવશે. તું ફાનસ સળગાવીને નીચે ઊભી રહે. તે દાદર ઉપર ચડે ત્યાં સુધી તેને ફાનસ ધરજે, પછી તે આપણી ઓરડીમાં દાખલ થાય એટલે તરત નીચે જઈ પેલા ઘોડાગાડીવાળાને પૈસા ચૂકવીને વિદાય કરી દેજે. લે આ પૈસા.'

જોન્ડ્રેટ હવે ઓરડીમાં એકલો પડ્યો. તેણે અંગારા ઉપરની ફરસીને થોડી ફેરવી જોઈ; તેની આગળ કશી આડ જેવું ઊભું કર્યું. પછી ખૂણામાં પડેલા દોરડાંના ઢગલા તરફ તે ગયો અને કશુંક તપાસવા લાગ્યો. મેરિયસે જોયું કે તે

લાકડાના ગોળવા બાંધેલી દોરડાની નિસરણી હતી. દોરડાને બે છેડે ભરવવા માટે લોઢાના બે મોટા આંકડા બાંધેલા હતા. બીજો પણ લોઢાનાં ઓજારોનો ઢગલો નવો ખડકેલો હતો.

છને ટકોરે મોં. લેબ્લાન્ક ઓરડામાં દાખલ થયા. તેમણે ૮૦ ફ્રાંક ટેબલ ઉપર મૂકયા અને કહ્યું, 'આ તમારા ભાડા માટે તથા બીજી તાત્કાલિક જરૂરિયાત માટે છે. હવે વધુ કેટલા જોઈએ તે માટે આપણે વિચાર કરીએ.'

પણ એ વિચાર શરૂ થાય તે પહેલાં એક પછી એક ચાર માણસો મેશથી મોં રંગીને અંદર આવ્યા અને એક બાજુ ગોઠવાયા. જોન્ડ્રેટે હસીને કહ્યું, 'તેઓ મિત્રો છે, અને નજીકમાં રહે છે; કોલસામાં કામ કરવાનું, એટલે તેઓ કાળા છે.'

પણ એટલામાં તો બીજા ત્રણ માણસો કાળા કાગળના બુરખાઓ પહેરી અંદર દાખલ થયા. તેમના હાથમાં લોઢાની મોગરી, ત્રિકમ અને કુહાડી જેવાં હથિયારો હતાં.

જોન્ડ્રેટે હવે પોત પ્રકાશ્યું. તે સીધો મોં લેબ્લાન્ક તરફ ધસ્યો અને ત્રાડ નાખીને બોલ્યો, 'તેં હજી મને ઓળખ્યો કે નહીં? મારું નામ થેનારડિયર, હું મોંટ૦નો વીશીવાળો! હવે મને ઓળખ્યો?'

મેરિયસે તેની ઓરડીમાં રહીને આ સાંભળ્યું, તેની સાથે તેના માથા ઉપર વીજળી તૂટી પડ્યા જેવું થઈ ગયું. પિસ્તોલનો ઘોડો દબાવવા જતો તેનો જમણો હાથ ધીરે ધીરે નીચે નમી ગયો. જે નામ તેણે વર્ષો સુધી રટ્યા કરીને હૃદય ઉપર પોતાના પિતાના વીલ સાથે ધારણ કરી રાખ્યું હતું, તે નામ ધારણ કરનાર માણસ મળ્યો ત્યારે તે કોણ નીકળ્યો? એક ડાકુ, બદમાશ, રાક્ષસ! એક નાગરિક તરીકે તેણે એને એક કારમું કૃત્ય કરતો રોકીને પોલીસના હાથમાં જ સોંપવો જોઈએ. પણ એ માણસ માટે જ બનતું બધું કરી છૂટવાનો વારસો

પિતાએ તેને અંતિમ પળોએ આપ્યો હતો! આથી તેની અક્કલ જ બહેર મારી ગઈ.

દરમ્યાન જોન્ડ્રેટ ઘૂરકતો અને ફૂંફવતો ટેબલ પાસે પેંતરા ભરવા લાગ્યો હતો. તે હવે મોં. લેબ્લાન્ક તરફ મુક્કી ઉગામીને બોલ્યો, 'બેટા દાનવીર! તું મોટો ઢીંગલીઓ આપનારો! તું જ પેલી ૧૮૨૩ની નાતાલની રાતે ફાટેલાં કપડાંમાં આવીને ફેન્ટાઈનની પોરીને મારે ઘેરથી લઈ જનારો! તું પાછો મને ઓળખતો નથી! પણ મેં તો તને આજે સવારે આ ઓરડીમાં પેઠો ત્યારથી ઓળખી કાઢ્યો હતો. હવે તને ખબર પડશે કે, લોકોની વીશીમાં ફાટેલે કપડે પેસી તેમનો એકમાત્ર આધાર ઝૂંટવી લેવો અને નિર્જન વનમાં એકલા હોય ત્યારે દંડો બતાવીને તેમને ડરાવવા, એ કેટલા શેરની વાત છે!'

પોતાના જ ઉશ્કેરાટથી હાંફતો હાંફતો થોડો થોભીને પાછો તે લાલચોળ થઈ જઈને બોલ્યો, 'તું જ મારા કમનસીબનું મૂળ છે. પંદરસો ફ્રાંકમાં તું મારે ત્યાંથી એક છોકરીને ઉપાડી ગયો કે જે કોઈ તવંગર લોકોની છોકરી હતી અને જેને લીધે મને સારી પેઠે પૈસા મળતા હતા, તથા આખી જિંદગી ચાલે તેટલા મળવા જોઈતા હતા!'

આટલું બોલી તે પોતાના સાથીદારો તરફ ફર્યો. આ તકનો લાભ લઈ, મોં લેબ્લાન્કે એકદમ ખુરશીને પગ વડે ધકેલી દીધી, તથા ટેબલને હાથ વડે ધક્કો મારી એક કૂદકો ભર્યો; અને થેનારડિયર પાછો વળીને જુએ ત્યાર પહેલાં તે બારીએ પહોંચી ગયો. એક સેકંડમાં બારી ઊઘડી ગઈ, અને તે બહાર પણ નીકળી ગયો. પણ એટલામાં તેને છ મજબૂત હાથે પકડ્યો અને પાછો ઓરડામાં ઘસડી આણ્યો. મેશના મોં વાળા ત્રણ જણા તેની ઉપર કૂદી પડ્યા અને થેનારડિયર બાનુએ તેના વાળ પકડ્યા.

મેરિયસથી હવે વધુ થોભાય તેમ ન હતું. કઈ ક્ષણે એક જ લોઢાનું હથિયાર ખરાબ જગાએ વાગતાં લેબ્લાન્કનું મરણ થઈ જાય, તે નક્કી ન કહી શકાય. તેણે મૃત પિતાની ક્ષમા માગી અને પિસ્તોલના ઘોડા તરફ આંગળી લંબાવી. પણ એટલામાં થેનારડિયરનો અવાજ સંભળાયો –

'તેને બાંધી દો; કશી ઈજા ન કરતા.'

મેરિયસે પણ, હવે આગળ શું થાય છે તે જોવા, પિસ્તોલ ફોડવાનું મોકૂફ રાખ્યું. કદાચ એવો રસ્તો નીકળે કે પોતાના પિતાને બચાવનાર પણ બચી જાય અને કોસેટનો પિતા પણ બચી જાય!

મોં. લેબ્લાન્કને ખાટલાના પાયા સાથે જકડીને બાંધી દેવામાં આવ્યા. ત્યાર બાદ થેનારડિયર તેમની સામે ખુરશી લાવીને બેઠો અને શાંતિથી બોલ્યો, 'મહાશય, આપે બારી-માંથી કૂદી જવા પ્રયત્ન કર્યો, તે ભૂલ કરી; કદાચ આપનો પગ ભાગી ગયો હોત! મેં પણ જરા આકળા થઈને વાત કરી, એ ભૂલ કરી. જુઓ સાહેબ, આપને લખપતિ કહું તો ખોટું ન લગાડતા; કારણ, આપ કદાચ કરોડપતિ હશો. પણ તેનો મારે કંઈ વાંધો નથી. સોનાનું ઈંડું મૂકનાર મરઘીને છેક જ મારી નાખનાર જેવો હું નથી. હું અર્ધે રસ્તે જઈને મારા ભાગમાંથી થોડુંઘણું જતું કરવા તૈયાર છું; તમારે પણ તમારા મોટા ખર્ચ માટે પૈસા જોઈએ જ. મારે માત્ર બે લાખ ફ્રાંક જોઈએ છે. એટલાથી હું મારું જીવન જેમ તેમ કરી સંતોષથી વ્યતીત કરવા તૈયાર છું. મારા આ મિત્રો પણ કંઈ બેચાર આનાનું ચવાણું ફાકવા જેટલું જ મળવાની આશાએ નથી પધાર્યા. તેમને પણ ઠીક ઠીક ખુશ કરવા જ પડશે. એટલે, પેલી ગરમ કરેલી લાલચોળ ફરસીનો ઉપયોગ

ન કરવો પડે તે માટે, ભલા થઈને, હું કહું તેમ આ પ્રમાણે એક ચિઠ્ઠી લખી આપો —

'મારી વહાલી દીકરી —

'તું એકદમ આવ. મારે અત્યંત જરૂરનું કામ છે. જે માણસ આ ચિઠ્ઠી લાવે, તે તને મારી પાસે લઈ આવશે. હું તારી રાહ જોઈ રહ્યો છું.'

'હવે', થેનારડિયરે કહ્યું, 'નીચે આપની સહી કરો અને સરનામું પણ સાચેસાચું લખી દો.'

એ બધો વિધિ પતી ગયો એટલે થેનારડિયરે પોતાની સ્ત્રીને એ કાગળ આપ્યો અને કહ્યું, 'નીચે બગી તૈયાર રાખી છે; તેમાં તું આમાંથી એક ભાઈને સાથે લઈને આ કાગળ ઉપર લખેલા સરનામે પહોંચી જા.'

પેલી તે પ્રમાણે વિદાય થઈ એટલે મેરિયસ કંઈક નિશ્ચય ઉપર આવવા લાગ્યો. કોસેટને લેવા જ થેનારડિયર બાનુ ગઈ હોય, તો તે આવતાંની સાથે પોતે ગમે તે ભોગે પણ તેને બચાવી લેવા પ્રયત્ન કરશે. ભલે પછી થેનારડિયરનું ગમે તે થાય.

અર્ધો કલાક થઈ ગયો. થેનારડિયર કોઈ ઘેરા વિચારમાં ડૂબી ગયો હતો, તે હવે અચાનક જાગ્યો અને કેદીને સંબોધીને બોલ્યો, "જુઓ વધુ વખત ન બગડે, તે માટે હું તમને મારી યોજના પહેલેથી સમજાવી લઉં. મારી પત્ની તમારી પુત્રીને લઈને આવવા નીકળશે, ત્યાં વચ્ચે જ બે ઘોડાની એક સુંદર ગાડી ઊભી રાખેલી હશે. તમારી દીકરી અને મારો સાથી તેમાં બેસી જશે, અને મારી પત્ની તેમનાથી છૂટી પડીને 'આલબેલ' કહેવા અહીં આવશે. તમારી દીકરીને એક ગુપ્ત જગાએ શાંતિથી પૂરી રાખવામાં આવશે. પછી જે ઘડીએ તમે મેં માગેલી નાનીસરખી રકમ મને લાવીને આપી દેશો, તે જ ઘડીએ તમારી પુત્રીને તમારે

ત્યાં પહોંચાડી દેવામાં આવશે. પણ જો તમે મને કે મારા સાથીઓને પકડાવી દેવા પ્રયત્ન કરશો, તો મારો સાથી તમારી પુત્રીને શું કરશે, તે કહેવાની જરૂર નથી."

મેરિયસને હવે પોતાની ભૂલ સમજાઈ. પેલી કોસેટને અહીં લાવવાની જ નથી! પિસ્તોલ ફોડવાથી પણ હવે કશું ન વળે; કારણ કે આ લોકો અહીં પકડાય, તો પેલો ખવીસ કોસેટને તો મારી જ નાખે!

અચાનક દાદરનું બારણું ઊઘડ્યું અને વસાયું. કેદી પોતાના દોરડામાં સળવળ્યો. એટલામાં થેનારડિયર બાનુ ધમ ધમ કરતી અને હાંફતી હાંફતી દાખલ થઈ, અને ત્રાડ નાખતી બોલી, 'ખોટું સરનામું!'

થેનારડિયર ગુસ્સે થઈને ઊભો થઈ ગયો, અને કેદી પ્રત્યે બોલ્યો: 'ખોટું સરનામું! તેં એથી શાની આશા રાખી હતી?'

'વખત મેળવવાની!' કેદીએ રણકતે અવાજે જવાબ આપ્યો. અને એ જ ક્ષણે તે પોતાનું દોરડાંનું બંધન ખંખેરી નાખીને ઊભો થયો અને સીધો ભઠ્ઠી પાસે પહોંચી ગયો. તેમાંથી તરત તેણે પેલી લાલચોળ થયેલી ફરસી ઉપાડી લીધી.

આ બનાવને અંતે જે પોલીસ-તપાસ થઈ હતી, તે દરમ્યાન પોલીસના હાથમાં તાંબાનો એક-સૂનો સિક્કો આવ્યો હતો. તેને વિચિત્ર રીતે ફાડેલો હતો. એવા સૂ વહાણ ઉપરના કેદીઓ છુટકારાની આશાએ સાદાં સાધનોથી અથાગ ધીરજ અને મહેનતથી બનાવે છે. છરી વડે ઢબૂ જેવા 'સૂ'ના સિક્કાની બે ફાડ બનાવવામાં આવે છે. બંને ફાડોને અંદરની બાજુએથી ખોતરીને કરાય તેટલી પોલી કરવામાં આવે છે અને છેડા તરફ પેચ જેવો એક આંટો પાડીને બંને ફાડ પાછી બરાબર વળગાડી દેવાય તેવું બનાવવામાં આવે છે. એના પોલાણમાં ઘડિયાળની સ્પ્રિંગનો કટકો સંતાડી રખાય છે.

તેને જો બરાબર વાપરવામાં આવે, તો સાંકળની કડીઓ કે બારીના સળિયા વહેરી નાખી શકે. દોરડાંને તો કાપી જ શકે.

આ જાતના એક મોટા સૂનાં બે ફાડિયાં જોન્ડ્રેટના ઓરડામાં પથારી આગળથી પોલીસના હાથમાં આવ્યાં હતાં; અને એક ભૂરા પોલાદની નાની કરવતી પણ દોરડાંના કકડામાં વળગેલી મળી આવી હતી. ડાકુઓએ જ્યારે કેદીને બાંધવા માંડ્યો, ત્યારે તેણે કદાચ આ સૂને પોતાની આંગળી-ઓમાં છુપાવી રાખ્યો હશે; અને સહી કરવા છૂટા કરવામાં આવેલા જમણા હાથે પછી તેણે સૂનો પેચ ફેરવીને અંદરથી કાઢેલી કરવતી વડે દોરડાના આંટા કાપ્યા હશે.

કેદીએ છૂટા થઈ, ફરસી હાથમાં લઈને પેલાઓને કહ્યું, 'ભલાદમીઓ, મારે જે ન બોલવું હોય તે તમે મારી પાસે બોલાવી શકો કે મારે ન લખવું હોય તે લખાવી શકો એમ તમે માનતા હો, તો તેનો જવાબ જુઓ આ રહ્યો —'

એમ કહેતાંની સાથે તેણે પોતાના હાથની બાંય ઊંચી ચડાવીને ત્યાં પેલી જમણા હાથે પકડેલી લાલચોળ ફરસી ભારપૂર્વક ચાંપી દીધી. પછી માંસ બળીને થયેલા ઘામાંથી તેને ખેંચી કાઢીને, ઉઘાડી બારી વાટે, બહાર ફેંકી દીધી.

થેનારડિયર હવે ગર્જ્યો: 'એને પકડી લો. હવે એને પૂરો કરવો એ એક જ રસ્તો બાકી રહે છે, અને તે કામ હું મારે પોતાને હાથે કરીશ.' એમ કહી, તેણે ટેબલના ખાનામાંથી એક છરો કાઢ્યો.

મેરિયસ હવે પિસ્તોલનો ઘોડો દબાવવા તત્પર થઈ ગયો. પણ તેના અંતરમાં હજુ પણ એકસાથે બે વિરોધી અવાજોની કારમી ગડમથલ મચી રહી હતી. અચાનક તેની નજર ચંદ્રના અજવાળામાં પોતાના ટેબલ ઉપર ઝબકતા કાગળના ટુકડા ઉપર પડી. તેના ઉપર આજે સવારના જ

થેનારડિયરની મોટી દીકરીએ મોટા અક્ષરે લખેલી લીટી ઊભા ઊભા વાંચી શકાતી હતી –

'પોલીસદાદા આવી પહોંચ્યા.'

મેરિયસના મનમાં વીજળીની પેઠે એક વિચાર ચમકી ગયો. તે તરત નીચે નમ્યો અને ટેબલ ઉપરથી લાંબે હાથે તે કાગળ ઉપાડી લઈ, ભીંત ઉપરથી એક પોપડો ઉખાડી, તેના ઉપર તે કાગળ વીંટી, તેણે બાકામાંથી ઓરડા વચ્ચે ફેંક્યો.

થેનારડિયર છરો લઈ કેદી તરફ ડગલું ભરવા જતો હતો, તેવામાં કશુંક પડ્યું જાણી થોભ્યો. થેનારડિયરે કાગળ ઉપાડીને સરખો કરી વાંચ્યો. 'અરે, આ તો મારી મોટી દીકરીએ આપણને ચેતવણી મોકલી છે: પોલીસો આવી પહોંચ્યા છે. જલદી ભાગો. દોરડાની નિસરણી ભેરવી દો.'

બધા એકબીજાને ધકેલતા બારીએ ટોળે વળ્યા. થેનારડિયરે બૂમ પાડી કહ્યું, 'બધા સાથે ઊતરી શકવાના નથી. દોરડું એક સાથે એક જણનો જ ભાર ખમશે, એનો વિચાર કરો; નહિ તો બધા સાથે જ મરશો.'

આમ કહી, તે પોતે પહેલો ઊતરવા ગયો. પણ ગુંડાઓએ તેને પકડ્યો. 'પહેલાં અમે, પછી તું.'

'મૂરખાઓ આ રકઝકમાં જ પોલીસ આવી પહોંચશે.'

'તો ચિઠ્ઠીઓ નાખો, કોણ પહેલો જાય!'

'ગધેડાઓ, તમારું ચસક્યું છે? ચિઠ્ઠીઓ લખો, પછી એક ટોપામાં નાખી ચિઠ્ઠીઓને –' થેનારડિયર આગળ બોલવા જતો હતો, તેવામાં એક મજાકભર્યો અવાજ બારણામાંથી આવ્યો –

'મારો ટોપો તમારા કામમાં આવશે વારુ?'

બધાએ પાછા ફરીને જોયું, તો જાવર્ટ પોતાનો ટોપો હાથમાં લઈ ઊભો હતો. મેરિયસની પિસ્તોલનો અવાજ સાંભળવાની રાહ જોઈને તે થાક્યો હતો. મેરિયસને કંઈ થયું

હશે, એમ માની છેવટે તે પોતે જ માણસો સાથે ઉપર ધસી આવ્યો હતો.

બધા ગુંડાઓને ગિરફ્તાર કરી, તે વિધિસર કાગળિયાં તૈયાર કરવા ટેબલ આગળ બેઠો. તે વખતે પેલા સદ્‌ગૃહસ્થનું નામ પૂછવાની જરૂર પડતાં, તેણે તેમને છોડીને પોતાની પાસે લાવવા કહ્યું. પણ નવાઈની વાત! તે ત્યાં ન હતો. ચારે બાજુ નજર કરીને પછી બારી બહાર જોયું, તો દોરડાની નિસરણી છેડા આગળ થોડી હાલતી હતી, અને આજુબાજુ કોઈ ન હતું!

જાવર્ટ દાંત કચડતો બોલ્યો, 'એ માણસ આ બધાના મોંમાં થૂંકે તેવો હોવો જોઈએ! નહીં તો પોલીસથી ડરીને આમ ભાગી જવાની તેને શી જરૂર?'

મેરિયસને પણ એના ગુપચુપ નાસી જવાની વાત જરાય સમજાઈ નહીં.

૧૬

થોડાક પાછળ

૧

પી૦ના મઠમાં જીન વાલજિનને બધી વાતનું સુખ થયું હતું. તેને જે સુરક્ષિતતા જોઈએ તે પણ મળી હતી; કોસેટનું ભણવા-ગણવાનું પણ ગોઠવાઈ ગયું હતું; અને સૌથી વધારે તો કોસેટને સુખી થયેલી જોવાનો આનંદ તેને પ્રાપ્ત થયો હતો.

પરંતુ થોડાં વર્ષ બાદ તેને વિચાર આવવા લાગ્યો કે, બહારના જગતમાં પોતાને માટે ભય છે, તેથી કરીને કોસેટને તે દુનિયાથી અલગ પાડી, આ મઠની દીવાલો વચ્ચે અકાળે સાધ્વી જીવન ગાળવા નાખી મૂકવી, એ તેના જીવનને છૂંદી નાખવા બરાબર છે.

એવામાં બુઢ્ઢો ફોશલવેં ગુજરી ગયો; અને કોસેટનો મઠની શાળાનો અભ્યાસક્રમ પણ પૂરો થવા આવ્યો. એટલે

જીન વાલજિને અધ્યક્ષ-માતાને વિનંતિ કરી કે, મને મઠની નોકરીમાંથી છૂટો કરો. કોસેટ ભવિષ્યમાં સાધ્વી જ થશે, એ આશાએ મઠમાં તેની કેળવણીનું ખર્ચ લેવાયું ન હતું. તેથી જીન વાલજિને પાંચ વર્ષના તેના ખર્ચના પાંચ હજાર ફ્રાંક અધ્યક્ષ-માતાને અર્પણ કર્યા. તેમણે તેને ખુશીથી રજા આપી.

૨

બહાર પણ, જીન વાલજિનને, કોસેટને ખાતર સુરક્ષિતપણે રહેવાની જરૂર તો હતી જ. એટલે તેણે રુ-પ્લુમેટ જેવી દૂરની જગાએ એક સરસ સુરક્ષિત મકાન શોધી કાઢયું અને ખરીદી લીધું. શેરી ભણી મોટી વાડવાળો બગીચો હતો, અને તેની વચ્ચે એ નાનું સરખું સુંદર મકાન આવેલું હતું. તે મકાનની પાછળ નોકરચાકર માટે જુદું મકાન હતું.

કોસેટ પેલા વચલા સુંદર મકાનમાં ટુસેં નામની બુઢ્ઢી બાઈ સાથે રહેતી; અને જીન વાલજિન તેની પાછળ નોકર માટેના પેલા જુદા મકાનમાં રહેતો. આ ઉપરાંત તેણે દૂર દૂર બીજાં બે મકાન પણ પૂર્ણપણે સુસજ્જ રાખ્યાં હતાં. અવાર-નવાર કોસેટ સાથે તે એ મકાનમાં પણ થોડા દિવસ રહેતો.

જીન વાલજિને બે ટેવો રાખી હતી : રોજ સાંજે કોસેટ સાથે જરા નિર્જન ગણાય તેવા લક્ષમબર્ગ બગીચામાં ફરવા જવું, અને દર રવિવારે એક દૂરના દેવળમાં પ્રાર્થના માટે જવું. દેવળ જતાં તે ગરીબગુરબાંને ઠીકઠીક દાન આપતો; અને એ ખ્યાતિથી જ થેનારડિયરે તેને પત્ર લખી મદદ માટે પુત્રી મારફત યાચના કરી હતી.

આ ઉપરાંત વધુ સુરક્ષિતતા માટે તે નેશનલ-ગાર્ડની ટુકડીમાં પણ ભરતી થયો હતો. વરસમાં ત્રણ કે ચાર વખત તેને ફરજ ઉપર હાજર થવું પડતું.

કોસેટને આખો બગીચો પોતાની મરજી મુજબ ખેલવા-કૂદવા અને સજાવવા માટે મળ્યો હતો. જીન વાલજિનને તો

વાંચવાનો શોખ વધુ હતો. તે એકાદ ખૂણે વાંચતો હોય, ત્યાં કોસેટ થાકીને દોડી આવે. જીન વાલજિન તેને માથે હાથ ફેરવી, ખોળામાં સુવાડે અને પોતે વાંચેલામાંથી કંઈ સંભળાવવા જેવું હોય તે સંભળાવે.

જીન વાલજિન પોતાના આ સુખથી અધીર અધીર થઈ જતો અને પરમાત્માને ધન્યવાદ આપ્યા કરતો.

૩

સમય સમયનું કામ કર્યે જતો હતો, અને કોસેટ પોતાનું બાળપણ છોડી શરીર અને મનથી વિકસતી જતી હતી. એ અરસામાં મેરિયસની નજરે તે પડી અને તેની નજરે મેરિયસ પડ્યો. બગીચામાં રોજ આવવાનો ક્રમ બંનેનો હતો; એટલે સ્વાભાવિક રીતે બગીચામાં આવતાં જ એકબીજાની હાજરી બંનેને લક્ષમાં આવતી. તેમાંથી જ્યારે કોઈ ગેરહાજર હોય, ત્યારે હાજર રહેનારને લાગે કે, આજે 'તે' નથી. પછી ધીમે ધીમે એકની હાજરી ન હોય, ત્યારે બીજાને તરત ખટકા જેવું પણ લાગવા માંડ્યું. અને પછી તો એકબીજાને રોજ જોવાં, એ બંને માટે એક આવશ્યકતા જેવું જ બની ગયું.

જીન વાલજિનના લક્ષમાં એ વાત જ્યારે આવી, ત્યારે તે એકદમ તો ચોંક્યો. સ્વાભાવિક રીતે જ તેને પોતાની તથા કોસેટની સુરક્ષિતતા માટે પણ એ વસ્તુ જોખમરૂપ લાગી. અને તેથી તેને મેરિયસ ઉપર ગુસ્સો લાગવા માંડ્યો. તેણે મેરિયસને ટાળવાનો પ્રયત્ન શરૂ કર્યો. ત્યારે મેરિયસે જે પીછો પકડવા જેવું કર્યું, તેથી તેની શંકા અને ભય વધુ દૃઢ થયાં.

૪

પછી તો થેનારડિયરવાળો પ્રસંગ બન્યો; એટલે જીન વાલજિને બહાર જવાનું બંધ જ કરી દીધું. હવે તો તે પોતાના મકાનમાંથી બહાર બગીચા સુધી પણ બહાર નીકળતો

નહીં, થેનારડિયર તથા તેના સાગરીતો તો પકડાઈ ગયા હતા; પણ જાવર્ટને કદાચ વહેમ ગયો હોય તો? જોકે, કોસેટને મકાનના બગીચામાં એકલી ફરવા તે ખાસ આગ્રહ કરતો.

થેનારડિયર અને તેના સાગરીતો જેલમાં પડ્યા હતા. પણ તે બધા પેરીસના ભૂગર્ભના કસબી માણસો હતા, તેમના બહારના મળતિયાઓ તેમને જેલમાં પણ બધી પ્રકારની મદદ કરવા તત્પર રહેતા. તેઓમાંથી કેટલાકની દાઢમાં રુ-પ્લુમેટવાળું મકાન અને તેનાં નવાં માલિકો આવી ગયાં હતાં. જોકે, તેમાં રહેનાર મોં. લેબ્લાન્કને પકડવા જતાં જ પોતે સૌ પકડાયા હતા, એ તેઓ હજુ જાણતા ન હતા. તેથી જેલમાં હતા ત્યારે, તેમજ તેમાંથી નાસી છૂટવાની તૈયારીઓ તેઓ કરતા હતા ત્યારે પણ એ મકાનની તપાસ રાખવાનું કામ ચાલુ હતું. એ કામ થેનારડિયરની મોટી છોકરી એપોનીનને માથે હતું.

૫

જે દિવસે તે છોકરી મેરિયસને જોન્ડ્રેટનો પત્ર બતાવી પાંચ ફ્રાંક લઈ ગઈ હતી, તે દિવસે બપોરના તે મેરિયસને પાછી ભેગી થઈ હતી. ત્યારે તેણે મેરિયસને ચિઠ્ઠીચપાટી, સંદેશા વગેરેનું કામકાજ હોય તો પોતાને ખુશીથી કહેતા રહેવાનું જણાવ્યું હતું. મેરિયસે તેને મોં. લેબ્લાન્ક અને તેમની દીકરીના ઘરનું સરનામું જાણી લાવવા કહ્યું હતું. ત્યારથી એપોનીન સમજી ગઈ હતી કે મેરિયસ કોસેટના પ્રેમમાં છે. તેણે તે સરનામું લાવી આપવાનું કબૂલ્યું હતું; અને મેરિયસે પણ બદલામાં તે માગે તે આપવાની તૈયારી બતાવી હતી!

પરંતુ, તે જ રાતના થેનારડિયર વગેરે સૌ કોઈ પકડાઈ ગયા બાદ, મેરિયસ બીજા દિવસથી તેના ક્રાંતિવાદી મિત્ર કોર્ફેરાકની ઓરડીમાં રહેવા ચાલ્યો ગયો. એક તો આ ઘરમાં બનેલી કારમી ઘટનાઓ પછી તેને ત્યાં રહેવાનું મન રહ્યું નહોતું; અને બીજું, થેનારડિયર ઉપર કામ ચાલે તે

વખતે તેની સામા જુબાની આપવાની પણ તેને ઈચ્છા ન હતી.

તેનું મન હવે કામકાજમાં લાગતું ન હતું. અર્થાત્ તેને હવે કમાણી પણ રહી ન હતી. તો પણ દર અઠવાડિયે થેનારડિયરને જેલમાં પાંચ ફ્રાંક એક બારિસ્ટર મિત્ર મારફતે નામ જણાવ્યા વિના તે પહોંચાડતો. એ પૈસા તેને કોર્ફેરાક પાસેથી જ ઉછીના લેવા પડતા. એક વખત તે પ્રમાણે પાંચ ફ્રાંક લઈ તે નીકળ્યો હતો. તેનું મન કોસેટનો પત્તો ન મળવાથી ખિન્ન થઈ ગયું હતું, અને તે એકાદ નિર્જન બગીચા જેવા મેદાનમાં આમતેમ આંટા મારતો હતો. એટલામાં તેનું ઠેકાણું શોધતી એપોનીને તેને ઓળખી કાઢ્યો.

'લો! છ અઠવાડિયાથી હું તમને કેટલા શોધ શોધ કરું છું? કંઈ સમજો છો? પણ, આ તમારો ટોપો આવો કેમ? અને તમારા ખમીસમાં આગળ જ આવું બાકોરું કેમ? લાવો હું તમને સાંધી આપું! પણ, તમે મને જોઈને રાજી થયા નથી લાગતા. પણ હું ધારું તો તમને હમણાં જ રાજી કરી દઉં, સમજ્યા?'

'એનો શો અર્થ?'

'જુઓ, મને દુઃખ તો થાય છે; પણ તમે આવા ખિન્ન રહો, એ મારાથી વેઠાતું નથી. તમે શા કારણે ખિન્ન રહો છો, તે હું સમજું છું; મારું દુઃખ ભલે વધે; પણ તમને હું ખિન્ન જોઈ શકતી નથી. પણ તમે મને વચન આપ્યું છે કે, હું માગું તે મને આપશો, તો તે વચન પાળશો તો ખરા ને?'

'પણ તું શું કહેવા માગે છે, તેની તો સમજણ પાડ!'

'જુઓ, તમે મને પેલીનું સરનામું શોધી કાઢવા કહ્યું હતું ને? તે મેં શોધી કાઢ્યું છે.'

'હેં? ખરી વાત? મને તું તરત ત્યાં લઈ જા. તું જે માગે તે હું આપવા તૈયાર છું. તારા જેવું ભલું કોઈ નહીં!'

'જુઓ, તમે કેવા રાજી થઈ ગયા? જોકે, તમે તેને ચાહો છો, એ હું જાણું છું. અને મને...... તો ઠીક; એ વાત રહેવા દો ચાલો.'

મેરિયસમાં તેની અણકથી રહેલી વાત સમજવાની અત્યારે ધીરજ કે શક્તિ ન હતાં. તે તેની પાછળ પાછળ ચાલવા લાગ્યો. પણ એટલામાં એપોનીને થોડી પાછી ફરીને કહ્યું, 'પણ જોજો! મને તમે વચન આપ્યું છે તે યાદ રાખજો!'

મેરિયસે તરત ખિસ્સામાંથી પેલો પાંચ ફ્રાંકનો સિક્કો કાઢ્યો અને તેને ધર્યો. પેલીનો હાથ જાણે દાઝી ગયો હોય તેમ તેણે તે સિક્કો હાથમાંથી નીચે જ પડી જવા દીધો. તે એકદમ જુસ્સામાં આવી જઈને બોલી ઊઠી :

'મારે તમારા પૈસા નથી જોઈતા!'

૬

જીન વાલજિન અવારનવાર, ત્રણ ત્રણ દિવસની મુસાફરીએ ચાલ્યો જતો. તે ક્યાં જતો તે કોઈ જાણતું ન હતું. કોસેટ પણ નહીં. પરંતુ આપણે જાણીએ છીએ કે, જ્યારે પૈસા ખૂટે ત્યારે તે મોંટ૦ પાસેના જંગલમાં પોતાને ગુપ્ત સ્થાને જતો અને ત્યાંથી પૈસા લઈ આવતો. તેની આવી એક લાંબી ગેરહાજરી દરમ્યાન કોસેટ એકલી હતી, ત્યારે લાગલાગટ બે દિવસ સુધી કોસેટને લાગ્યું કે રાત્રે કોઈનાં પગલાં અવારનવાર પોતાની આસપાસ સંભળાયા કરે છે. તેણે હવે વેળાસર મકાનનાં બારીબારણાં બરાબર બંધ કરાવી દેવા માંડ્યાં.

એ મકાનનો બગીચો શેરી સુધી લંબાતો હતો. ત્યાં સળિયાની વાડ પાસે એક પથ્થરનો બાંકડો હતો. તેની પાછળ વાડ જેવું ઉગાડી, રસ્તા ઉપરથી કોઈની નજર ન પડે તેવું કરેલું હતું. એક સાંજે જીન વાલજિન બહાર ફરવા ગયો હતો

અને કોસેટ એકલી તે બાંકડા ઉપર બેઠેલી હતી. થોડી વાર બાદ તે જરા ઉદ્વેગ સાથે ઊભી થઈ અને બગીચામાં ટહેલવા લાગી. પરંતુ વિચારમાં ન વિચારમાં બાંકડા પાસે તે પાછી આવી, ત્યારે તે બાંકડા ઉપર એક પથ્થર મૂકેલો તેની નજરે પડ્યો. તે ત્યાંથી ઊઠી હતી ત્યારે એ ન હતો. જરૂર સળિયાની જાળી અને વાડની અંદરથી હાથ ખોસીને તે પથરો કોઈકે એ બાંકડા ઉપર તરતમાં જ મૂક્યો હોવો જોઈએ. તે એકદમ બીની ઊઠી અને ઘરમાં ચાલી ગઈ.

બીજે દિવસે સવારે તે એ બાંકડા પાસે પાછી ગઈ, તો એ પથ્થર ત્યાં ને ત્યાં પડેલો હતો. પણ સૂર્યના પ્રકાશમાં એ વસ્તુ તેને કાલ સાંજ જેટલી ભયજનક ન લાગી. તેણે તે પથ્થર સહેજ ખસેડી જોયો, તો નીચે એક પરબીડિયું!

એ પરબીડિયું કોઈકે જરૂર તેને માટે જ મૂકેલું હોવું જોઈએ. કારણ કે, તે જ ત્યાં રોજ બેસતી. એ પરબીડિયું કોણે ત્યાં મૂક્યું હોય, તે વિષે તેને અચાનક કંઈક આનંદ-જનક કલ્પના આવી ગઈ. તેણે તેમાંથી કાગળો કાઢી વાંચવા માંડ્યા.

કોઈનું નામ ન હતું, પરંતુ રોજ રોજ નિર્મળ પ્રેમથી ઊભરાતું પોતાનું હૃદય, કવિતા જેવી ભાષામાં, કોઈ સ્નેહી વ્યક્તિને ઉદ્દેશીને ઠાલવ્યું હોય, એવાં વાક્યો તેમાં હતાં. કોસેટ સમજી ગઈ કે આ બધું કોણે લખ્યું છે!

તે સાંજે પણ જીન વાલજિન બહાર ગયો, ત્યારે કોસેટ ફરીથી તે બાંકડા પાસે ગઈ. આજે બાંકડા પાસે જતાં તેનું હૃદય આનંદથી ધબકતું હતું. 'તે' જરૂર રોજ ત્યાં આવતા હોવા જોઈએ. આજે પણ તે કદાચ પાસે જ હશે. અંધારું થવા લાગ્યું અને અચાનક કોસેટને લાગ્યું કે તેની બરાબર પાછળ કોઈક ઊભું છે! તેણે પાછળ નજર કરી અને તે ઝટ ઊભી થઈ ગઈ. મેરિયસ જ ત્યાં ઊભો હતો; પણ કેટલો બધો

ખિન્ન, નિરાશ, મલિન! કોસેટ ઝટ એક ઝાડના થડને ટેકે ઊભી રહી, નહીં તો તે ગબડી જ પડી હોત.

મેરિયસ પાસે આવીને ખિન્નતા ભરેલે અવાજે બોલ્યો, 'હું અહીં આવીને આમ ઊભો છું, તે બદલ ક્ષમા આપશો. પણ હું હવે વધુ જીવી શકું તેમ નથી, તેથી જ છેવટે ભારે હિંમત કરીને આવ્યો છું. હું મારા જીવનનો અંત લાવવાની તૈયારીમાં જ હતો, તેવામાં અણધારી રીતે મને તમારા સરનામાની ભાળ મળી; અને હવે હું રોજ અહીં આવું છું. હું રાતે જ આવું છું. મને કોઈની બીક નથી લાગતી. કોઈ વખત તમને હું નજરે જોવા પામું છું; કોઈ વાર તમારા ગીતનો અવાજ મારા કાને પડે છે. એટલાથી પણ મને બહુ સુખ થાય છે. મારું મન ભાગી પડ્યું છે. જેટલા દિવસ હું જીવું, તેટલા દિવસ મને અહીં આસપાસ ફરવા દેવાની રજા આપશો?'

'ઓ મા રે!' કોસેટ બોલી ઊઠી. તે ફરીથી ગબડી પડવાની તૈયારીમાં હતી, તેવામાં મેરિયસે તેને ટેકો આપી ઊભી રાખી. મેરિયસને કોસેટના ખિસ્સામાં પોતાનું પરબીડિયું દેખાયું. તે જોઈ તે થોથડાતી જીભે બોલી ઊઠ્યો, 'તો શું તમે મારા ઉપર ગુસ્સે નથી થયાં? મારા આ કાગળો તમે વાંચ્યા? ગુસ્સે થઈ ફાડીને ફેંકી નથી દીધા?'

'તમે પોતે જ જાણો છો કે, હું ગુસ્સે નથી થઈ; ઊલટા તમે મને હંમેશ એમ કરીને જ દુઃખ દેતા આવ્યા છો!' કોસેટે બેધડક જવાબ આપ્યો.

૭

દરમ્યાન, થેનારડિયર અને તેના સાગરીતો એક રાતે યોજના કરીને જેલમાંથી નાસી છૂટ્યા, અને બહાર ઊભેલા પોતાના દોસ્તોને મળ્યા. પોતાના છુટકારાનો પ્રસંગ તેમણે કોઈ જગાએ ધાડ પાડીને ઊજવવાનું જ નક્કી કર્યું! અને સૌએ

એક અવાજે રુ-પ્લુમેટવાળા મકાન ઉપર છાપો મારવાનું ઠરાવ્યું.

મેરિયસ અને કોસેટ હવે એ બાંકડા ઉપર રોજ રાતે. મળતાં. સાથે બેસવું, કંઈ કંઈ નજીવી વાતો કરવી અને બીજા દિવસે મળવાનો આગ્રહભર્યો વાયદો કરીને છૂટા પડવું, એ તેમનો કાર્યક્રમ થઈ ગયો હતો. તેમની આ મુલાકાતોનો સાક્ષી એપોનીન હતી. તે રોજ મેરિયસને એક સળિયો ખસેડી અંદર જતો જોતી.

એક રાતે સૌ આ પ્રમાણે પોતપોતાની જગાએ બેઠેલાં હતાં, તેવામાં બહાર થેનારડિયર અને તેના સાગરીતોની ટોળી આવી પહોંચી. એપોનીને તે લોકોને જોયા એટલે તરત જ તે તેમની સામે જઈને ઊભી રહી. તેણે કહ્યું, 'હું બરાબર તપાસ રાખું છું, અહીં કશું મળે તેમ નથી; કશું છે જ નહીં. માટે પાછા ચાલ્યા જાઓ."

પેલાઓએ કહ્યું, 'ભલે કંઈ ન મળે; પણ આજે અહીં સુધી આવ્યા છીએ, તો અંદર તો ફેરો મારના જ જઈએ. તું દૂર હટ!'

એપોનીને વચ્ચેથી ખસવા ના પાડી; એટલે થેનારડિયર ગુસ્સે થઈ તેનો ટોટો પીસી નાખવા તેના તરફ ધસ્યો. એપોનીન જરા પાછળ ખસીને હસી પડી. 'વાહ, મને મારી નાખવી છે, ખરું? અને અડધા દહાડા ભૂખી અને અડધા દહાડા ટાઢે મરતી મને મરવામાં વિશેષ નવું શું લાગવાનું છે વારુ? પણ હું અત્યારે એક બૂમ પાડીશ, તો આખું પેરીસ ભેગું થઈ જશે, તેની ખબર છે?'

છ ગુંડામાંનો એક જરા શુકન-અપશુકનમાં માનનારો હતો. તેણે હવે વચ્ચે પડીને સૌને કહ્યું, 'આજે આપણે નીકળ્યા ત્યારથી જ મને લાગતું હતું કે, આજે નીકળવા જેવું નથી. ઉપરાંત આ દેડકી પણ હવે અહીં આડી થઈને બેઠી છે. માટે આ પગરણ પડતું જ મૂકો!'

સૌ ચાલ્યા ગયા. મેરિયસ અને કોસેટ અંદર બેઠાં હતાં, તેમને આમાંથી કશાની ખબર ન હતી. પરંતુ તે બંને પણ જુદે જ કારણે દુઃખી દશામાં હતાં. કોસેટ મેરિયસને કહેતી હતી કે, 'મારા બાપુ એકાદ અઠવાડિયામાં ઇંગ્લંડ ચાલ્યા જવા માગે છે; અને તેથી આજે અમે સૌ અમારાં કપડાં-લત્તાં બાંધવા મંડ્યાં છીએ.'

મેરિયસને આ સમાચાર સાંભળી પોતાની આખરી ઘડી નજીક આવી ગયેલી લાગી. તેણે ત્યાં ને ત્યાં કોસેટનો હાથ પકડી, ઘૂંટણિયે પડી, પોતાની ભીષણ પ્રતિજ્ઞા જાહેર કરી કે, કોસેટ ઇંગ્લંડ જશે તેની સાથે જ તે પોતે ગમે તે રીતે આત્મહત્યા કરશે. કોસેટ એ સાંભળી એકદમ આભી થઈ ગઈ.

મેરિયસ અને કોસેટ બંને દુઃખના ભાર નીચે દબાઈ ગયાં હોય તેમ થોડી વાર ચૂપ થઈ ગયાં. પછી કંઈક વિચાર આવતાં મેરિયસ બોલ્યો, 'કોસેટ, આવતી કાલે તું મારી રાહ ન જોતી. હું પરમ દિવસે રોજની જેમ મળવા આવીશ.'

'પણ કાલે નહીં કેમ આવો?'

'તને પછી ખબર પડશે.'

'પણ તમે એક દિવસ ન આવો એ કેમ ચાલે? એ તો અશક્ય.'

'નહીં કોસેટ, એક દિવસનો ભોગ આપણે આપીએ; કદાચ તેથી આખી જિંદગી ભેગા રહેવાનું આપણને મળી જાય! એ માણસ કોઈને સાંજ પહેલાં મળતો જ નથી; એટલે કાલે મારાથી નહીં જ આવી શકાય.'

'કયો માણસ?'

'એ બધું તને પરમ દિવસે કહીશ. પણ દરમ્યાન કંઈક જરૂર પડે, તો હું મારું સરનામું અહીં ભીંત પર કોતરી રાખું છું. તે મારા મિત્ર કોર્ફેરાકનું ઠેકાણું છે: નં. ૧૬, રુ-દ-લ'વેરીરી.'

૧૭

સ્ત્રીની ઇર્ષ્યા

૧

મેરિયસનો વિચાર પોતાના દાદા જીલેનોર્મન્ડ પાસે જઈ, કોસેટ સાથે લગ્ન કરવા માટે તેમની પરવાનગી લઈ આવવાનો હતો. કારણ કે, તે જો આ લગ્નમાં સંમત થાય, તો કોસેટનો બાપ કદાચ તેની સાથે કોસેટનું લગ્ન કરવા કબૂલ થાય.

દાદા જીલેનોર્મન્ડ મેરિયસ ક્યારે પાછો આવે, તેટલા જ માટે ટાંપી રહ્યા હતા. ઘરડા માણસને પૌત્ર માટે કેવા ભાવ હોય છે, તે જુવાનિયાંને ઝટ સમજાતું નથી. દાદા બહારથી જેટલો ગુસ્સો બતાવતા, તેટલા જ અંદરથી મેરિયસ માટે બળ્યા કરતા હતા. પરંતુ તેમનો આકળો ઉગ્ર સ્વભાવ એવો હતો કે, પોતાનો પ્રેમ વ્યક્ત કરવા માટે પણ તે બૂમ-બરાડા અને ઘૂરકાટ સિવાય બીજી રીત જાણતા ન હતા.

મેરિયસના જ વિચારોમાં તે ચિંતિત થઈને બેઠા હતા; અને તે બાબતની પોતાની લાગણી, પોતાની કુંવારી દીકરી પાસે મેરિયસને ગાળો દઈને, તથા તેને ફરી કદી ઘરમાં ન પેસવા દઉં, એમ કહીને વ્યક્ત કરતા હતા. તેવામાં મેરિયસ આવીને સામો ઊભો રહ્યો.

મેરિયસને જોઈ, ડોસા પોતાની ઢબે જ તેનો સત્કાર કરવા લાકડી વીંઝતા ઊભા થયા. પણ મેરિયસનો કંગાળ દેખાવ, તેનાં કંગાળ કપડાં, અને તેની ગાંડા જેવી ચકળવકળ થતી આંખો જોઈ, તેમની આંખમાં આંસુ આવી ગયાં.

મેરિયસે જ્યારે પોતાના આગમનનું પ્રયોજન જણાવ્યું, ત્યારે તેમણે પૂછ્યું કે, 'તું શું કમાય છે, અને તે છોકરી પાસે કેટલી મિલકત છે?'

મેરિયસે જ્યારે જણાવ્યું કે, બંને પક્ષે પૈસાની જરા પણ સગવડ નથી, ત્યારે ડોસા છેડાઈ પડ્યા. આમ, ગમે તેવાં ગરીબગુરબાં સાથે પોતાનો પૌત્ર લગ્નસંબંધથી જોડાવા ઇચ્છે, તે વસ્તુ તેમને પોતાના કુળને લજાવનારી લાગી. તેમણે કહ્યું કે, એ જાતની છોકરીઓ સાથે લગ્ન કરવાની જરૂર નથી હોતી; તેમને તો પૈસાથી હાથમાં રાખ્યા કરવી એટલે બસ. અને એ માટે જોઈતા પૈસા તેને આપવા તેમણે તૈયારી બતાવી.

પણ મેરિયસ માટે એ વસ્તુ અસહ્ય હતી. તે બોલી ઊઠ્યો, 'પાંચ વર્ષ પહેલાં તમે મારા પિતાનું અપમાન કર્યું હતું; આજે તમે મારી પત્નીનું અપમાન કર્યું છે. મારે તમારી પાસેથી કંઈ જોઈતું નથી. બસ, સલામ!'

આટલું કહી તે તરત જ ઘરમાંથી બહાર નીકળી ગયો. ડોસા એ વસ્તુ માની જ શક્યા નહીં. તેમણે તેની પાછળ દોડી બૂમ પાડી, 'મેરિયસ, મેરિયસ!'

પણ મેરિયસ ક્યારનો તેમના અવાજની મર્યાદાની બહાર નીકળી ગયો હતો. ડોસા લમણે હાથ પછાડતા એક ખુરશીમાં ફસડાઈ પડ્યા : 'હવે એ પાછો નહીં આવે! તે ગાંડો થઈ જવા આવ્યો છે; મેં તેને આવું શા માટે કહ્યું?'

૨

તે જ દિવસે જીન વાલજિન જુદી જ ચિંતાઓમાં પડ્યો હતો. તે અરસામાં આ જ વિભાગમાં તેને બે વખત થેનારડિયરનો ભેટો થઈ ગયો હતો. જોકે જીન વાલજિનના કંગાળ પહેરવેશને કારણે થેનારડિયરે તેને જરા પણ ઓળખ્યો ન હતો; પરંતુ તે આટલામાં જ ફર્યા કરતો હોવાથી, તે ક્યારે ભેગો થઈ જાય અને પોતાને ઓળખી કાઢે, તેનું શું ઠેકાણું? એટલે જ જીન વાલજિને ફ્રાન્સ છોડી ઇંગ્લંડ ચાલ્યા જવાનો વિચાર કર્યો હતો. વળી, ફ્રાન્સમાં અને ખાસ કરીને

પેરીસમાં થોડો સમય થયાં રાજકીય ક્રાંતિ અને બળવાની હવા ચાલુ થઈ હતી. ગમે તે ઘડીએ જ્વાળામુખી ફાટી પડે, એવું વાતાવરણ હતું. હથિયાર, ગુપ્તમંડળ, હુકમ, આગેવાનો, એવી વાતો જ ચારે બાજુ સંભળાતી હતી. રાજસત્તાવાળા પણ એ કારણે સજાગ બની ઊઠ્યા હતા અને ક્રાંતિવાદી ગુપ્ત મંડળોને પકડી પાડવા ખૂણોખાંચરો તળે-ઉપર કરી રહ્યા હતા. એવી સખત તપાસ ચાલતી હોય, ત્યારે રાજકીય ગુનેગાર ઉપરાંત બીજા ચાલુ ગુનેગાર પણ ઝડપાઈ જવાનો પૂરો સંભવ.

પાસપોર્ટ શી રીતે મેળવવો, કઈ રીતે અઠવાડિયામાં બધી તૈયારી પૂરી કરવી, એવા વિચારમાં તે મકાનના બગીચામાં ફરતો હતો; તેવામાં તેની નજરે ભીંત ઉપર ખીલાથી કોતરેલા નીચેના અક્ષરો પડ્યા : 'નં. ૧૬, રુ-દ-લ' વેરીરી.'

જીન વાલજિનને એ શબ્દોનો કશો અર્થ ન સમજાયો. અને કશો અર્થ ન સમજાયો, એટલે તેનો ભય અત્યંત વધી ગયો. આ મકાન તો તરત જ છોડી દઈ, પોતાના બીજા મકાનમાં ચાલ્યા જવાનો નિશ્ચય કરી જેવો તે પાછો ફરવા જાય છે, તેવી જ એક ચિઠ્ઠી નાના ઢેફા સાથે વીંટળાઈને તેના પગ પાસે પડી : 'જોખમ; એકદમ ભાગો!'

૩

મેરિયસ પોતાના દાદાને ત્યાંથી છેવટની નિરાશા લઈને નીકળ્યો. તેનું માથું ભમી ગયું હતું અને તેને લગલગ તાવ ચડ્યો હતો. તે હવે પોતે ક્યાં ચાલતો હતો અને કેટલી ઠોકરો ખાતો હતો, તેની પણ તેને પરવા ન હતી. કારણ કે હવે તેણે જીવનનો અંત આણવાનું નક્કી કરી દીધું હતું. માત્ર આજે રાત્ર નવ વાગ્યે છેલ્લી વાર કોસેટની વિદાય લેવા જવાનું બાકી હતું.

તે પોતાના મિત્રને ઘેર પહોંચ્યો, ત્યારે ત્યાં બધું ક્રાંતિવાદી મંડળ ભેગું થયું હતું. તેઓ બહાર જવાની તૈયારીમાં

હતા. કોર્ફેરાકે મેરિયસને જોઈને પૂછ્યું, 'તું જનરલ લેમાર્કની સ્મશાનયાત્રામાં આવે છે ને?'

મેરિયસે ના પાડી. કોસેટને આજે રાત્રે ગમે તેમ કરીને પણ મળી લેવાનું હતું. અને ક્રાંતિની વાતોમાં તેના જેવાને હવે શો રસ? આજે રાત્રે જ પોતે આત્મહત્યા કરવાનો હતો!

મેરિયસ યથાસમયે કોસેટના ઘર તરફ ગયો. બાંકડા પાસે કોઈ ન હતું! રાહ જોઈને પછી તે સીધો ઘર તરફ જ ચાલ્યો. ઘરમાં અંધારું હતું અને બારીઓ બંધ હતી! તેણે ગાંડપણમાં આવી જઈ એક બારી જોરથી ખખડાવી; અને છતાં કશો જવાબ ન મળ્યો, એટલે 'કોસેટ', 'કોસેટ' કહીને ઉપરાઉપરી બૂમો પાડવા માંડી!

મેરિયસના પગ ત્યાં ને ત્યાં ભાગી ગયા. આખું ઘર ખાલી કરવામાં આવ્યું હતું. હવે? હવે મૃત્યુ સિવાય બીજું શું બાકી રહેતું હતું?

તે જ ક્ષણે પાસેની વાડ પાછળથી અવાજ આવ્યો: 'મોંશ્યોર મેરિયસ! ક્રાંતિ શરૂ થઈ છે; તમારા મિત્રો રુ-દ-લ ચાનવ્રેરી આગળ મોરચામાં ઘેરાઈ ગયા છે. તેઓ તમારી રાહ જુએ છે.'

૪

જનરલ લેમાર્ક નેપોલિયનના પ્રસિદ્ધ સેનાપતિઓની સાથે રહીને લડેલો જૂનો જોગી હતો. લોકોમાં તે જાણીતો અને માનીતો હતો, તેનું મૃત્યુ લોકોને માટે એક મોટી ખોટરૂપ અને સરકારને માટે એક તકરૂપ હતું. લોકો પોતાની લાગણી શી રીતે દર્શાવવી તેના ઉશ્કેરાટમાં હતા; સરકાર એ ઉશ્કેરાટને હંમેશને માટે શી રીતે ધૂળ ભેગો કરી દેવો, તેની ચિંતામાં હતી.

ધાર્યા મુજબ જ સરકારી ટુકડીઓ અને લોકોનાં ટોળાં વચ્ચે ઠેરઠેર અથડામણો શરૂ થઈ.

એ છૂટી છૂટી તાપણીઓ મળીને એક મોટો ભડકો થાય, તે માટે એક જગાએ સરકારી ટુકડીઓનો વ્યવસ્થિત સામનો કરવો જોઈએ. નહીં તો લોકોના છૂટાછવાયા પ્રયત્નો સરકારી આક્રમણ હેઠળ ઝટ દબાઈ જાય. તેથી કોર્ફેરાક વગેરે મેરિયસના ક્રાંતિવાદી મિત્રોએ રુ-દ-લ ચાનવ્રેરી શેરીમાં મોરચાબંધી ઊભી કરીને સામનો ટકાવી રાખવાનો વિચાર કર્યો.

જે કાંઈ સામાન હાથ આવે તે શેરીમાં ખડકીને ત્યાં મોરચો ઊભો થવા માંડ્યો. થેનારડિયરનો રખડતો છોકરો નાનો ગેવ્રોચ નાનાં મોટાં બધાં કામોમાં ગાતો ગાતો ઉત્સાહથી ભાગ લેવા માંડ્યો. મોરચામાં પચાસ મરણિયાઓ જે હથિયાર હાથ આવે તે લઈને ભેગા થયા હતા.

દરમ્યાન, મોરચામાં ઘૂસેલો એક માણસ પોલીસ અધિકારી છે, એવી ગેવ્રોચને શંકા ગઈ. તેણે તરત મોરચાના નાયકને વાત કરી. તે માણસની ઝડતી લેતાં, 'જાવર્ટ' નામવાળો તેનો પાસ તથા ક્રાંતિકારી મંડળની તપાસ કરવાનો તેને મળેલો હુકમ મળી આવ્યા. જાવર્ટને બાંધી દેવામાં આવ્યો; અને મોરચો તૂટે તેની બે મિનિટ અગાઉ તેને ઠાર કરવાનો હુકમ નાયકે આપ્યો.

૫

મેરિયસ નિરાશ થઈ, હવે મૃત્યુ શોધતો મિત્રોના આ મોરચા પાસે આવી પહોંચ્યો, ત્યારે એક સરકારી ટુકડીએ દૂરથી ગોળીબાર શરૂ કરી દીધો હતો. મિત્રો એ ગોળીબારથી ઠાર થયેલાઓને મકાનમાં લઈ જતા હતા અને ગેવ્રોચ એકલો જાવર્ટની બંદૂક લઈ મોરચાની ટોચે એક ખૂણે ચોકી રાખતો ઊભો હતો. પણ એટલામાં તેણે જોયું કે સરકારી ટુકડીનાં માણસો સંગીનો ખુલ્લાં કરી મોરચાના ઢગલા ઉપર ચડવા લાગ્યાં હતાં. ગેવ્રોચે બૂમ પાડતાં જ બધા મિત્રો મોરચા ઉપર દોડી આવ્યા; પણ તેઓ મોડા પડ્યા. સરકારી ટુકડીનાં

કેટલાંક માણસો ઉપર આવી ગયાં હતાં. ક્રાંતિકારીઓમાંનો એક ઠાર થયો; કોર્ફેરાક સામે એક બંદૂક તકાઈ રહી અને બીજી ગેવ્રોચ સામે.

તે જ ઘડીએ બે અવાજ ઉપરાઉપરી થયા; અને કોર્ફેરાક તથા ગેવ્રોચ સામે તકાયેલી બંદૂકો નીચે તૂટી પડી. એ બંને બાર મેરિયસે કર્યા હતા. પણ હવે તો છંછેડાયેલા સરકારી સૈનિકો મોજાંની પેઠે ઉપર ધસી આવ્યા. મોરચા-બંધીની અંદર કૂદી પડતા પહેલાં તેઓ વિચાર કરવા લાગ્યા કે, અંદર કશી છૂપી જાળ ગોઠવેલી છે કે નહીં.

મેરિયસ તેમની આ આનાકાની જોઈ ગયો. એક દારૂ-ગોળાના મસાલાનું અર્ધું વપરાયેલું પીપ સામે પડ્યું હતું. તે ખેંચી લાવવા મેરિયસ દોડ્યો. તરત એક બંદૂક તેના ઉપર તકાઈ. પણ તે ફૂટે તે પહેલાં એક હાથ બંદૂકના મોં ઉપર દબાયો. બંદૂક ફૂટી, પેલો હાથ તૂટી પડ્યો; અને ગોળી હાથ ધરનારની છાતીમાં થઈને પસાર થઈ ગઈ. મેરિયસ બચી ગયો.

દરમ્યાન સામે ગોઠવાઈ ગયેલા ક્રાંતિકારીઓને નાયકે હુકમ કર્યો : 'ગોળી ચલાવો!' સરકારી ટુકડીના હવાલદારે પણ તેવો જ હુકમ આપ્યો. બંદૂકો ફૂટી અને ધુમાડો થોડો ઓછો થયો ત્યારે જણાયું કે, બંને હરોળ આછી બની ગઈ હતી, અને બાકી રહેલાઓ તાલબદ્ધ રીતે બંદૂકો ફરી ભરી રહ્યા હતા. તે જ વખતે મોરચા ઉપરથી એક અવાજ આવ્યો : 'ભાગો બેટાઓ, નહીં તો આખો મોરચો ઉડાવી દઉં છું!'

સામસામા ગોળીબારનો ધુમાડો ગોટાઈ રહ્યો હતો તે દરમ્યાન મેરિયસ પીપ લઈને મોરચા ઉપર શેરીના પથ્થરોના પાંજરા સુધી પહોંચી ગયો હતો અને ત્યાં ક્રાંતિકારીઓએ સળગતી રાખેલી મશાલ હાથમાં લઈ પીપ ઉપર ચાંપવા જતો હતો. મોરચા ઉપર ચડી આવેલા સરકારી ટુકડીના સૈનિકો

દિગ્મૂઢ થઈ ગયા. એક જમાદાર બોલ્યો, 'હા, પહેલો તું પણ ઊડી જશે ને?'

'હા, હું પણ!' મેરિયસે જવાબ આપ્યો.

એ ગાંડા જેવા દેખાતા માણસની આ હિંમત જોઈને જ, થોડી વારમાં બધા સરકારી સૈનિકો મોરચાબાંધી ઉપરથી ઊતરીને શેરીના છેડા સુધી નાઠા અને અંધારામાં અદૃશ્ય થઈ ગયા.

ક્રાંતિકારીઓ જયનાદ કરતા મેરિયસને ઘેરી વળ્યા. કોર્ફેરાક તેને ગળે વળગ્યો,

સરકારી સૈનિકો હવે ફરી હુમલો કરવાને બદલે મોરચા-બંધીના ઢગલાને દૂરથી જ ઉડાવી મૂકવા માટે તોપ ઘસડી લાવવા દોડયા. દરમ્યાન ક્રાંતિકારીઓ મોરચાને સમારવા, મરેલા મિત્રોને ખેંચી લાવવા તથા પડેલા શત્રુઓનાં હથિયારો ઉતારી લાવવાની પેરવીમાં પડયા. મેરિયસ બીજી બાજુનો નાનો મોરચો તપાસવા દોડયો. ત્યાંથી તે પાછો ફરતો હતો, તેવામાં અંધારામાંથી એક મંદ અવાજ આવ્યો, 'મોંશ્યોર મેરિયસ!'

મેરિયસે નીચે નમી જોયું તો એપોનીન ત્યાં ઢગલો થઈ પડેલી હતી. તેનો હાથ ઊડી ગયો હતો, અને ગોળી પીઠ પાછળથી નીકળી ગઈ હતી. બંદૂક સામે આડો હાથ ધરી, એપોનીને જીવને ભોગે, મેરિયસને બચાવ્યો હતો.

મેરિયસ તેને સારવાર માટે અંદર લઈ જવા નીચો વળ્યો, પણ એપોનીને કહ્યું; 'હવે બધું નકામું છે. તેના કરતાં તમે થોડી વાર મારી પાસે બેસો. તમે જાણો છો, હું તમને કેટલા બધા ચાહું છું? પણ, પણ, જવા દો એ વાત! હવે તમે કોઈ બચવાના નથી. તમને હું જ અહીં ખેંચી લાવી હતી. શા માટે? સમજ્યા? તમે પેલીને બહુ વહાલ કરતા હતા; તે મારાથી નહોતું વેઠાતું. હવે હું, તમે બધા મરીશું — કોઈ અહીંથી જીવતું જશે નહીં. સરકારી લશ્કર ચારે બાજુથી

આ આખી શેરી ઉડાવી દેવા તૈયારી કરી રહ્યું છે. છતાં, જ્યારે પેલી બંદૂક તમારા ઉપર તકાઈ, ત્યારે મેં હાથ વચ્ચે ધરી દીધો શાથી? સમજો છો? તમને હું એટલા બધા ચાહું છું. પણ હવે આખર ઘડીએ તમને નહીં છેતરું. મારા ખિસ્સામાં પેલીએ ટપાલમાં નાખવા આપેલો કાગળ છે. તે તમારા સરનામાનો છે. મારે તે તમને નહોતો આપવો, પણ હવે તમે તે કાઢી લો. આપણે મર્યા બાદ જલદી પાછાં ભેગાં થઈશું જ. તે વખતે તમે એ કાગળ ન આપવા બદલ મને પાછા વઢો! ખરું ને? પણ તમે મને એક વસ્તુ આપવાનું વચન આપ્યું છે, તે હવે આપશો? જુઓ હવે હું આખર વેળામાં છું. મારા મર્યા બાદ પ્રેમ કરીને મારા કપાળે તમે ચુંબન કરજો. એ ચુંબન હું જરૂર પામીશ. બોલો, એમ કરશો ને?'

મેરિયસે તેના ખિસ્સામાંથી કાગળ કાઢ્યો તેટલામાં તો એપોનીનના હાથ લાકડાની પેઠે મેરિયસના ઢીંચણ ઉપર પડ્યા. મેરિયસે, પોતા ઉપર અજાણતાં આટલો પ્રેમ રાખતી તે હતભાગી છોકરીના કપાળ ઉપર કરુણાથી ગદ્ગદ થઈને ચુંબન કર્યું.

૬

કોસેટના કાગળમાં આટલી લીટીઓ હતી :

"પ્રિય સ્નેહી — મારા પિતા મને અબઘડી અહીંથી લઈ જાય છે. આજ સાંજે અમે નં. ૭ રુ-દ-લ' હોમ આર્મ એ સ્થળે અમારા બીજા મકાનમાં હોઈશું, અને અઠવાડિયામાં તો લંડન. — કોસેટ, જૂન ૪."

એપોનીને ઈર્ષ્યા અને પ્રેમ એ બે વૃત્તિઓથી પ્રેરાઈને આ બધું કર્યું હતું. પોતાના પિતા અને તેના સાગરીતોના હાથમાંથી તેણે મેરિયસને અને કોસેટને બચાવ્યાં હતાં; પણ કોસેટને મેરિયસથી છૂટી પાડવા જીન વાલજિનને આ ઘર છોડી ચાલ્યા જવા ભેદી ચેતવણી આપી હતી. કોસેટે ઘરમાંથી નીકળતાં નીકળતાં પોતાના નવા ઘરનું સરનામું જણાવતી

ચિઠ્ઠી લખી ટપાલમાં નાખવા તૈયાર કરી. પણ પછી બીજો કશો ચારો ન જોતાં, વાડના સળિયા બહાર ફરતી અજાણી એપોનીનને પાંચ ફ્રાંક મહેનતાણાના આપી, કાગળ ટપાલમાં નાખી દેવા ગુપચુપ આપી દીધો. તેણે ટપાલમાં તે ન નાખ્યો.

એપોનીન બીજે દિવસે મેરિયસને શોધતી કોર્ફેરાકને ત્યાં ગઈ, ત્યારે તેને બળવો શરૂ થવાની, અને ક્રાંતિકારીઓએ જમાવેલી મોરચાબંધીની ખબર પડી. વિરોધી બનેલા બાપના હાથે પોતાનું મોત જ્યારે ત્યારે નિશ્ચિત ગણી, તથા કોસેટ તરફ આકર્ષાયેલા મેરિયસનો પ્રેમ પોતાને મળવો અશક્ય ગણી, એપોનીને એ મોરચાબંધીમાં જ ખપી જવાનો નિશ્ચય કર્યો. પણ સાથે સાથે કોસેટના સુખની ઈર્ષાથી પ્રેરાઈને તેણે મેરિયસને પણ એ મોરચાબંધીમાં ઘસડી લાવવાનો વિચાર કર્યો. તેને ખાતરી હતી કે મેરિયસ તે રાતે કોસેટને મળવા રુ-પ્લુમેટ તરફ જવાનો જ; એટલે તે ત્યાં ગઈ અને કોસેટને ન જોવાથી હતાશ થયેલા મેરિયસને મોરચાબંધીમાં મિત્રોનું નામ દઈ ખેંચી લાવી.

૭

કોસેટની ચિઠ્ઠી વાંચીને મેરિયસને પણ ચિઠ્ઠી લખી આખરી વિદાય લેવાનો વિચાર આવ્યો. ગેવ્રોચનું ઓળખાણ એપોનીને હમણાં જ કરાવ્યું હતું. થેનારડિયરના છોકરાને આ મોરચાબંધીમાંથી દૂર કરી બચાવી લેવાય તો સારું, એમ વિચારી તેણે કોસેટ ઉપર નીચે મુજબ ચિઠ્ઠી લખી કાઢીને તે આપવા ગેવ્રોચને મોકલવાનો વિચાર કર્યો: 'આપણું લગ્ન અશક્ય હતું; મારા દાદાએ ના પાડી. કારણ, મારી પાસે પણ મિલકત ન હતી, અને તારી પાસે પણ ન હતી. હું તારે ઘેર દોડી ગયો, પણ તું ત્યાં ન હતી. મેં તને કહ્યું હતું કે, તું જશે એટલે હું જરૂર મરવાનો. હું તે વચન પાળું છું — અહીં હવે મોરચામાં ગમે ત્યારે આખરી હુમલો થવા વકી છે: હું

મરવાની તૈયારીમાં છું. હું તને ચાહું છું. અને જ્યારે તું આ કાગળ વાંચતી હઈશ, ત્યારે મારો આત્મા હસતો હસતો તારી સામે જોઈ રહ્યો હશે.'

આ ચિઠ્ઠી લખ્યા પછી, પોતાની ડાયરીમાં પહેલે પાને એ જ પેન્સિલથી મોટા અક્ષરે તેણે લખી રાખ્યું: 'મારું નામ મેરિયસ પોન્ટમર્સી છે. મારા શબને — મારા દાદા મોં. જીલેનોર્માંડને ત્યાં, નં. ૬ રુ-દ-ફિલે ડુ કેલવેરમાં પહોંચાડવું.'

આટલું કામ પતવ્યા બાદ તેણે ગેવ્રોચને બોલાવ્યો: "ભાઈ, તું મારું એક કામ કરીશ?'

'હા, સાહેબ; તમે કહો તે. તમે તો હમણાં મારો જાન બચાવ્યો છે.'

'જો આ કાગળ છે. તે લઈને તું આ ઘેરામાંથી નીકળી જા. કાલે સવારે આ કાગળ નં. ૭ રુ-દ-લ' હોમ આર્મે એ સરનામે પહોંચાડી દેજે.'

'પણ સાહેબ, ત્યાં સુધીમાં તો આ મોરચા ઉપર હુમલો આવી જાય. હું તે વખતે હાજર નહીં હોઉં તે?'

'હજુ આ મોરચા ઉપર કાલ સવાર સુધી હુમલો આવે એવી વકી નથી; તથા અહીંની તૈયારી જોતાં કાલ બપોર સુધી આ મોરચો પડે તેમ નથી.'

છોકરો ચિઠ્ઠી લઈને તરત નાઠો. તેના મનમાં એવો વિચાર હતો કે, હજુ તો મધરાત થવા આવી છે; ચિઠ્ઠી આપીને પાછા ફરતાં બહુ વાર નહીં લાગે!

૮

જીન વાલજિન ઘણો મૂંઝાયો હતો. તેને કોઈ અણગમતા ભાવીના ઓળા આસપાસ ઘેરી વળતા દેખાતા હતા. તેણે મકાન એટલી ઝડપથી તથા એટલી ગુપ્ત રીતે છોડયું કે, ટુંસેં કે કોસેટ કશો સામાન પણ લઈ શકયાં નહીં. આજુબાજુ આટલા બધા દુશ્મનો ફરતા હોય ત્યારે પેટી-પટારા લઈને

ઘર ખાલી કરવું, એ તો મોટી જાહેરાત જ થઈ જાય. તોપણ ટુસોંએ થોડાં કપડાં તથા કાંસકા-કાંસકી લઈ લીધાં અને કોસેટે ચિઠ્ઠી-ચપાટી માટેના કાગળવાળી બ્લૉટિંગ-બુક લઈ લીધી. જીન વાલજિને અંધારું થયે જ નીકળવાનું વિચાર્યું હોવાથી, કોસેટ ચિઠ્ઠી લખી ટપાલમાં નાખવા એપોનીનને આપી શકી હતી, એ આપણે જોઈ ગયા છીએ.

નવે ઘેર પહોંચ્યા પછી જીન વાલજીનની ચિંતા કંઈક ઓછી થઈ. કોસેટે કંઈક ખાધું-પીધું. પછી માથું દુખતું હોવાથી તે સૂઈ ગઈ. જીન વાલજિન જ્યારે ખાવા બેઠો, તે વખતે ટુસોંએ પેરીસમાં બળવો શરૂ થયાના સમાચાર તેને કહી સંભળાવ્યા. જીન વાલજિન ભોજન પૂરું કરી શાંતિથી મુખ્ય ઓરડામાં ફરવા લાગ્યો. ત્યાં ફરતાં ફરતાં અચાનક આયનામાં તેને કંઈક અક્ષરો નજરે પડ્યા. ટેબલ ઉપર કોસેટની બ્લૉટિંગ-બુક ઉઘાડી પડેલી, તેમાં મેરિયસને લખેલી ચિઠ્ઠીના અક્ષરો ઊંધા પડેલા, તે આયનામાં ફરી ઊંધા થવાથી છતા બની ગયા હતા અને વાંચી શકાતા હતા!

જીન વાલજિન એ જોઈને ચોંક્યો! કોસેટ — પોતાની વહાલી બાળકી કોસેટ હવે યુવતી થઈ હતી — અને પોતાના પ્રેમી સાથે છૂપી રીતે પત્રવ્યવહાર ચલાવતી હતી!

જીન વાલજિનના અંતરનો સઘળો સ્નેહ કોસેટમાં જ સર્વતોભાવે કેન્દ્રિત થયેલો હતો.

જીન વાલજિને સર્વ પ્રકારનાં સંકટોનો — શરીરને તોડી નાખે એવાં દુઃખોનો કશી ચિંતા વિના સામનો કર્યો હતો. પરંતુ પોતાના અંતરને ચીરી નાખે એવું આ જાતનું દુઃખ તેણે કદી અનુભવ્યું ન હતું. કોસેટની આસપાસ તેણે પોતાનું કલ્યાણ, પોતાનો આધાર, પોતાનું કુટુંબ, પોતાનો દેશ અને પોતાનું સ્વર્ગ ગૂંથ્યાં હતાં. તે બધું એકે સપાટે જાણે ખતમ

થયું, એમ તેને લાગ્યું. કોસેટ બીજાને ચાહતી હતી — બીજાની બની ચૂકી હતી!

તેણે ઝટપટ બધા તાંતણા જોડવા માંડયા, જરૂર એ પેલો લક્ષમબર્ગના બગીચાવાળો યુવાન જ હોવો જોઈએ! પોતાના સમગ્ર જીવન ઉપર આવો કારમો ફટકો લગાવનાર એ હરીફ પ્રત્યે તેના અંતરનો સર્વ ધિક્કાર — સર્વ દ્વેષ, એકદમ ધરતીના પેટાળમાંથી ઊછળી આવતા લાવા રસની પેઠે, બાળતો — પ્રજાળતો ઉપર ઊછળી આવ્યો.

અંધારું થઈ ગયું હતું છતાં જીન વાલજિન નિર્જન શેરીમાં નીકળી ઘર આગળના બાંકડા ઉપર બેસી ગયો અને શહેરમાં દૂરદૂર થતી ધમાલ અને ગોળીબારના અવાજ ધ્યાન દઈ સાંભળવા લાગ્યો. જાણે એ વસ્તુઓ જ અત્યારે તેના હૃદયની લાગણીઓને કંઈક સાંત્વન આપી શકે તેમ હોય!

૯

રાતના કલાક વહી જવા લાગ્યા. પણ જીન વાલજિન મડદાની પેઠે બાંકડા ઉપર સ્થિર બેસી જ રહ્યો. તેવામાં તેણે એક નાના છોકરાને ઘરોનાં બારણાં ધારી ધારીને જોતો જોયો. એક ફાનસ પાસે પહોંચતાં જ તે છોકરે તરત એક પથરો ઉપાડી, તે ફાનસ ફોડી નાખ્યું. 'વાહ! હજુ શેરીમાં ફાનસો લહેરથી સળગે છે, એ શું? આ તે કંઈ ક્રાંતિનાં લક્ષણ કહેવાય?'

જીન વાલજિને તેની પાસે જઈ તેને પૂછ્યું, 'બેટા, તું શું કરે છે?'

'નાગરિક! સજજ થાઓ! ક્રાંતિ શરૂ થઈ છે! ઈન્કિલાબ ઝિંદાબાદ!'

આટલું ભાષણ ઠઠાડી દીધા બાદ, ગેવ્રોચે તરત તેને પૂછ્યું, 'પણ નાગરિક! તમે આ શેરીના વતની છો?'

'હા, ભાઈ.'

'નં. ૭ કયાં છે? બતાવી શકશો?'

'નં. ૭નું તારે શું કામ છે?' જીન વાલજિને કંઈક ચોંકીને પૂછ્યું.

પણ આટલું પૂછ્યા બાદ, જીન વાલજિને તરત પોતાનો પ્રશ્ન બદલી નાખ્યો : 'ભાઈ, હું જે કાગળની રાહ જોઉં છું, તે તો તું નથી લાવ્યો ને? હું જ નં. ૭માં રહું છું.'

'પણ, તમે સ્ત્રી ક્યાં છો? ભલા નાગરિક, એ કાગળ તો સ્ત્રી માટે છે!'

'કાગળ કોસેટ બાનુ માટે છે ને? તેમણે જ મને અહીં ઊભો રાખ્યો છે!'

ગેવ્રોચ ભરમાઈ ગયો. તેણે મોરચા ઉપર પાછા ફરવાની ઉતાવળમાં કાગળ જીન વાલજિનને આપી દીધો, અને પોતે લશ્કરી ઢબે રાઈટ-લેફ્ટ, રાઈટ-લેફ્ટ કરતો મોરચા તરફ પાછો કૂચ કરી ગયો.

જીન વાલજિને મકાનમાં જઈ મીણબત્તી સળગાવી અને કાગળ વાંચવા માંડ્યો. તેનાં ભવાં ચડતાં ગયાં. પણ જ્યારે છેલ્લી લીટી આવી કે, 'હું મરવાની તૈયારીમાં છું...... અને જ્યારે તું આ કાગળ વાંચતી હોઈશ, ત્યારે મારો આત્મા હસતો હસતો તારી સામે જોઈ રહ્યો હશે' — ત્યારે જીન વાલજિનના અંતરમાં થઈને આનંદની એક લહેર પસાર થઈ ગઈ. 'ત્યારે હવે આ માણસનો અંત હાથવેંતમાં છે — તેના ગયા પછી કોસેટ ફરી પાછી સમગ્રરૂપે મને પાછી મળશે!'

છતાં તેના અંતરમાં પાછું બીજું કંઈક સળવળવા લાગ્યું! તેને કોસેટના પ્રથમ સ્નેહીનો આવો અંત આવે તેથી આનંદ થવામાં કંઈક હીણું લાગવા માંડ્યું. થોડા વખત બાદ તે નેશનલ-ગાર્ડનો પોશાક પહેરી, હાથમાં બંદૂક લઈ, મોરચા તરફ જવા નીકળી પડ્યો,

૧૮

મોરચો પડ્યો

૧

મોરચાબંધીના નાયકે બે કલાકના આરામનો હુકમ આપ્યો હતો. મેરિયસને મોરચાના તારણહાર તરીકે સર્વાનુમતે નાયક જેટલા જ હક આપવામાં આવ્યા હતા. નાયક એક બાજુની ગલીમાં થઈને આસપાસના સમાચાર જાણવા બહાર ગયો હતો. મોરચામાં સૌ કોઈને આશા હતી કે, આ વખતે આખું પેરીસ સળગી ઊઠવાનું છે, અને કાલ સાંજ પહેલાં તો રાજસત્તા ઊથલી પડી હશે. પણ નાયકે બહાર જઈ આવ્યા બાદ સૌને ભેગા કરીને જણાવ્યું : પેરીસ શાંત છે; આખું સરકારી લશ્કર બહાર પડ્યું છે. તેનો ત્રીજો ભાગ આ મોરચાને ઉડાવી દેવા ચારે બાજુ ગોઠવાઈ ગયો છે. ક્યાંયથી જરા પણ મદદની આશા હવે નથી. લોકોએ આપણને તજી દીધા છે. એક કલાકમાં આ મોરચો હતો-ન-હતો થઈ ગયો હશે.'

નાયકે ગણતરી કરી, તો ૩૭ માણસો મોરચામાં હતા. તેણે કહ્યું, 'આપણે અહીં ત્રીસ માણસો જેટલાં સાધનો છે. બાકીનાઓની નાહક કતલ શા માટે થવા દેવી? માટે ત્રીસ જણા જ રહો, અને બાકીના બહાર નીકળી જાઓ.'

પણ કોઈ મોરચો છોડવા તૈયાર થયું નહીં.

છેવટે નાયકે જેઓના ઉપર કુટુંબનો આધાર હોય, તેવાઓને પોતાની મેળે બહાર આવવાનો હુકમ કર્યો. પાંચ જણ બહાર તો આવ્યા; પણ તેઓ મોરચો છોડવા તૈયાર ન હતા.

નાયકે કહ્યું, 'તમે લોકો મોતથી ડરીને જાઓ છો એમ નથી; પણ આપણી ક્રાંતિની જ્યોત જલતી રાખવા માટે જ જાઓ છો, એમ માનજો.'

પરંતુ ચારે બાજુ ઘેરાયેલી સ્થિતિમાંથી તે લોકોએ નીકળવું પણ શી રીતે? નેશનલ-ગાર્ડનાં ચાર મડદાં ઉપરથી ઉતારી લીધેલાં કપડાં ત્યાં હતાં. ચારને તે પહેરવાનો હુકમ થયો. પણ તેઓ પાંચ હતા, અને દરેક જણ કપડાં વગરનો રહેવા જ તૈયાર હતો?

એટલામાં અચાનક નેશનલ-ગાર્ડના પોશાકની પાંચમી જોડ આકાશમાંથી પડી! મેરિયસે નજર કરી અને તે જોડ નાખનાર તરીકે કોસેટના પિતાને ઓળખ્યા. જીન વાલજિન તે જ ઘડીએ મોરચામાં દાખલ થયો હતો. મેરિયસે જણાવ્યું કે, 'હું તેમને ઓળખું છું', એટલે તેમને મોરચામાં આવવા દેવામાં આવ્યા. તેમની પાસે તેમની પોતાની બંદૂક હતી જ.

પેલા પાંચ જણા રડતા રડતા અને પોતાના અંદર રહેલા બંધુઓને ભેટતા ભેટતા બહાર ચાલ્યા ગયા. હવે જાવર્ટનું પતવવાનું રહ્યું. તેણે પીવાનું પાણી માગ્યું; તે તેને આપવામાં આવ્યું. આખી રાત તે એક થાંભલા સાથે બંધાયેલો રહ્યો હતો; તેણે પોતાને ટેબલ ઉપર આડો પાડી બાંધવાનું કહ્યું. તેની તે વિનંતી પણ સ્વીકારવામાં આવી. તેણે પોતાનો તરત ફેંસલો કરી નાખવાનું પણ કહ્યું; પરંતુ નાયકે જણાવ્યું કે અમારી પાસે ગોળીઓ થોડી છે, એટલે છેવટે જ્યારે ગોળીઓનો ખપ નહીં રહે, ત્યારે જ તને ખતમ કરવા માટે ગોળી વાપરવામાં આવશે.

જાવર્ટે બંધાતાં બંધાતાં જીન વાલજિનને ઓળખી લીધો હતો. મેરિયસને પણ તેણે ઓળખ્યો હતો. બધા બળવાખોરોને નજરે જોઈને ઓળખી કાઢવા માટે તો તે અહીં આવ્યો હતો. ધીમે ધીમે સવાર પડી ગઈ.

દરમ્યાન મોરચા સામે તોપ ગોઠવાઈ ગઈ હતી, અને પહેલો ગોળો ફૂટવાની સેકંડો ગણાતી હતી. એવામાં કેટલાક સૈનિકો મોરચાની અંદરની સ્થિતિ જોવા માટે બાજુનાં ઘરો ઉપર ચડ્યા. પણ જીન વાલ્જિન, કે જેણે કોઈ માણસને મારવા પોતાની બંદૂક અત્યાર સુધી વાપરી ન હતી, તેણે એક પછી એક ત્રણ બાર કરીને ત્રણ સૈનિકોના ટોપા ઉડાવી દીધા. એ જોઈ બધા સૈનિકો એકદમ નીચે ઊતરી ગયા. નાયક જીન વાલજિનની કામગીરીથી ખુશ થઈ ગયો. પણ એટલી ટીકા તેણે કરી કે, 'ભલા માણસ તું જરા નીચેથી ખોપરી ઉપર નિશાન લેત, તો કેવું સારું થાત?'

૨

તોપે પોતાનું ખતરનાક કામ હવે શરૂ કર્યું. મોરચામાંના માણસો તે જોઈ ચોંકી ઊઠ્યા. મોરચો ધૂળના ઢગલાની પેઠે ઊડી જવા લાગ્યો. બળવાખોરો હવે તોપચીઓને નિશાન બનાવીને પોતાનું સઘળું જોર અજમાવવા માંડ્યા. કેટલાય તોપચીઓ માર્યા ગયા. સરકારી સેનાપતિએ તે જોઈ હવે દૂરથી ફોડી શકાય તેવી મોટી તોપ લાવવાનો હુકમ કર્યો; જેથી પોતાના માણસોની નાહક હત્યા ન થાય. એ દરમ્યાન ગેવ્રોચ મોરચાની બહાર આવીને મરેલા કે ઘાયલ થયેલા સરકારી સૈનિકોના કારતૂસના પટાઓ છોડવા લાગ્યો. મોરચાવાળાઓ પાસે હવે કારતૂસો ખૂટી ગઈ હતી.

દૂર રહ્યાં રહ્યાં સરકારી સૈનિકો ગેવ્રોચ ઉપર ગોળીઓ છોડવા લાગ્યા. ગેવ્રોચ ડર્યા વિના પોતાનું કામ કર્યે જતો હતો. તેણે સારી પેઠે કારતૂસો ભેગી કરી; પણ હવે તેની આસપાસ ધાણીની પેઠે ગોળીઓ ફૂટી રહી હતી.

થોડી વારમાં એક પછી એક ચાર ગોળીઓ એ નાના ઉંદરડા જેવા છોકરાના શરીરમાંથી પસાર થઈ ગઈ; અને

છેલ્લી વાર બે હાથ ઊંચા કરી, સંગ્રામ-ગીતની કડી બોલતો બોલતો ગેવ્રોચ મડદું થઈ જમીન ઉપર ઢળી પડ્યો.

મોરચામાંથી એક ચીસ આકાશ ભેદતી ચાલી ગઈ. બીજી જ ક્ષણે મેરિયસ મોરચાની બહાર કૂદી પડ્યો. પોતાના પિતાને રણક્ષેત્રમાંથી જીવતો બચાવી લાવનાર થેનારડિયરનું ઋણ અદા કરતો હોય તેમ, તેના મૃત પુત્રને ઉપાડી લાવવા, તે દોડ્યો. તે નીચો નમ્યો તે જ ઘડીએ એક ગોળી તેની ખોપરીને ઘસાઈને ચાલી ગઈ. મેરિયસનું મોં લોહીથી ભરાઈ ગયું. છતાંયે તે પેલા બહાદુર છોકરાને ઊંચકીને મોરચામાં લઈ આવ્યો. પોતાના મૃત્યુની કિંમતે નાના ગેવ્રોચે મોરચામાંના દરેક માણસને પંદર કારતૂસો પૂરી પાડી હતી.

મોરચો પૂરેપૂરો ઊડી ગયો હતો. નાયકે બળવાખોરોને હવે મરતા પહેલાં દુશ્મનો પાસેથી આકરામાં આકરી કિંમત વસૂલ કરવાનો હુકમ આપ્યો. છવ્વીસમાંથી વીસને બહાર રાખવામાં આવ્યા અને છને પહેલે માળ બારીએ રહી ગોળીબાર કરવાનો હુકમ મળ્યો. મેરિયસે બહારની બાજુએથી હુકમો આપવા અને નાયકે અંદરની બાજુએથી હુકમ આપવા, એમ પણ નક્કી થયું. પછી નાયકે એક પિસ્તોલ ટેબલ ઉપર મૂકીને કહ્યું, 'આ જાસૂસની ખોપરી ઉડાવી દો.'

'અહીં આ જગાએ જ?' એક અવાજે પૂછ્યું.

'ના; પાછલા નાના મોરચાની બહાર ગલીમાં લઈ જઈને. આપણા ભેગું તેનું મડદું ન પડવું જોઈએ.'

એવામાં જીન વાલજિન આગળ આવ્યો. તેણે નાયક પાસે જાવર્ટની ખોપરી ઉડાવી દેવાની પરવાનગી માગી. નાયકે જીન વાલજિને બજાવેલી કામગીરીના ઈનામ તરીકે તેની વિનંતી મંજૂર રાખી.

જીન વાલજિન બંદૂકનો ઘોડો ચડાવી, જાવર્ટને દોરડા વડે દોરીને લઈ ચાલ્યો. મેરિયસ જીન વાલજિનને જતો જોઈ રહ્યો.

ગલીમાં લઈ જઈ, જીન વાલજિને જાવર્ટને કહ્યું, 'જાવર્ટ, મને ઓળખ્યો?'

'તારું વેર લઈ લે! બરાબર છે.' જાવર્ટે જવાબ આપ્યો.

જીન વાલજિને ખિસ્સામાંથી ચાકુ કાઢ્યું. જાવર્ટ તે જોઈને બોલ્યો: 'તારા જેવા ડાકુને એ જ છાજે! ભલે તું મને એના વડે મારી નાખ.'

જીન વાલજિને એ ચાકુથી જાવર્ટના બધા બંધ કાપી નાખ્યા. અને પછી તેને કહ્યું, 'જા, તું છૂટો છે!'

જાવર્ટ ચોંકીને ઊભો રહ્યો.

જીન વાલજિને કહ્યું, 'હું આ મોરચામાંથી જીવતો છૂટવાનો નથી; પરંતુ કદાચ હું બચી જાઉં, તો હું ફોશલવેંના નામથી નં. ૭, રૂ-દ-લ' હોમ આર્મમાં રહું છું.'

જાવર્ટ જવાબમાં માત્ર ઘૂરકયો, અને તે સરનામું યાદ રાખવા ફરી બોલી ગયો. બે ડગલાં ગયા પછી તે પાછો ફર્યો અને બોલ્યો, 'તેં મને મારી નાખ્યો હોત, તો જ સારું નહોતું?'

જીન વાલજિને માત્ર કહ્યું: 'ભલો થઈને ચાલતો થા.'

એક ક્ષણ બાદ જીન વાલજિને હવામાં પોતાની બંદૂકનો બાર કર્યો. મેરિયસ દૂરથી એ અવાજ સાંભળીને પણ ચોંકી ઊઠયો. જાવર્ટને જીન વાલજિન ચાહીને મારવા લઈ ગયો, તે તેને ગમ્યું ન હતું.

જીન વાલજિને મોરચામાં પાછા આવી કહ્યું, 'બધું પતી ગયું.'

૩

પણ ક્ષણ વારમાં તો સરકારી સૈનિકોનો વ્યવસ્થિત પ્રસારો શરૂ થયો. ગોળીબારથી બળવાખોરોની આગલી હરોળ તરત તૂટી પડી. સૌ હવે મકાનનો આશરો લેવા નાઠા. નાયક

અને મેરિયસ સરકારી સૈનિકોને ખાળવા આગળ ઊભા રહ્યા અને તેમની પાછળ થઈને સૌ મકાનમાં ઘૂસી ગયા. છેક છેલ્લો નાયક પેઠો અને બારણું ભિડાઈ ગયું.

મેરિયસ મકાનમાં પેસી શકયો ન હતો. એક ગોળીથી તેના ખભાની હાંસડી તૂટી જતાં તે ગબડી પડયો હતો. તેની આંખો કદાચ છેવટની મીંચાઈ, અને તેનું ચેતન લુપ્ત થયું, તે ઘડીએ તેને એટલું લાગ્યું કે એક બળવાન હાથે તેને બાજુએ ખેંચી લીધો છે.

મકાનમાં બેઠેલા બળવાખોરોની પછીની વાત જેટલી ટૂંકી છે, તેટલી જ બલિદાન અને બહાદુરીની દૃષ્ટિએ ઉજ્જવળ છે. એકેએક માણસ કંઈક ને કંઈક સામનો કરીને જ મર્યો. છેવટે છાપરા ઉપર ચડી ગયેલો એક બળવાખોર પોતાને પકડવા આવેલા સૈનિક ઉપર કૂદકો મારી તેને બાથમાં લઈને જ છેક નીચે શેરીમાં પડી ફેંદેફેંદા થઈ ગયો. સૈનિકોએ આખી શેરીનાં બધાં મકાનોની ઝડતી શરૂ કરી દીધી.

૪

જીન વાલજિને મોરચામાં રહ્યાં રહ્યાં સામા પક્ષના કોઈની હત્યા કરી ન હતી. છતાં તે એક ક્ષણ નકામો પણ બેસી નહોતો રહ્યો. ઘાયલ થઈને પડના દરેકને ઉપાડી લેવો, મકાનમાં સુરક્ષિતપણે ખેંચી જઈ તેની બનતી સારવાર કરવી, મોરચાનું સમારકામ કર્યા કરવું, મેરિયસના ઉપર નજર રાખ્યા કરવી, વગેરે કામોમાં તે આખો વખત રોકાયેલો રહ્યો હતો. જે ઘડીએ મેરિયસ ઘાયલ અને મૂર્છિત થઈ ઢળી પડયો, તે જ ઘડીએ તે તેના ઉપર વાઘની ચપળતાથી કૂદી પડયો; અને વાઘ પોતાનો શિકાર લઈ ચાલતો થાય, તેમ મેરિયસને ઉપાડી ત્યાંથી ખસી ગયો.

પણ આ ઘેરાઈ ગયેલી શેરીમાંથી હવે બહાર નીકળવું શી રીતે? ચારે બાજુ સરકારી સૈનિકો બચી ગયેલા કે છુપાઈ

રહેલા બળવાખોરોની કડક તપાસ ચલાવી રહ્યા હતા. મોરચામાંથી એક પણ માણસ કયાંયથી જીવતું છટકી શકે તેમ નહોતું.

જીન વાલજિન ચારે તરફ નજર કરી વળ્યો. તે ઊભો હતો તે ખૂણો અત્યારે મડદાં તથા શેરીના ભંગારના ઢગલાની આડે થોડી વાર પૂરતો સૌ કોઈની નજર બહાર હતો. પરંતુ કોઈ પણ ક્ષણે સરકારી સૈનિકો ત્યાં આવી પડે તેવો સંભવ હતો. જીન વાલજિનની સ્થિતિ પી૦ના મઠનો વંડો ચઢી ઊતરતી વખતે થઈ હતી તેવી થઈ રહી. તેનું મગજ વેગથી કામ કરવા લાગ્યું. કયાંય કશો રસ્તો દેખાતો ન હતો.

અચાનક તેની નજર રસ્તા ઉપરના એક જાળીદાર ઢાંકણા ઉપર પડી. પેરીસના મહા-સુરંગનું એ ઢાંકણ હતું. પેરીસ શહેરમાં જમીનની નીચે જંગી સુરંગોનું બીજું શહેર ફેલાયેલું હતું. એક ક્ષણ પણ કશો વિચાર કર્યા વિના મેરિયસને પોતાના બંને ખભા ઉપર નાખી, ગટરના ઢાંકણાને પોતાના જોરેદાર પંજાઓ વડે ખસેડી, પોતાની કૂણીઓ અને ઘૂંટણના જોરે, સીડી ઉપરથી ઊતરતો હોય તેમ, બંને બાજુની ભીંતોને આધારે તે નીચે ઊતરવા માંડયો. દશ ફૂટ નીચે જતાં તેના પગ જમીનને અડયા. મેરિયસને ત્યાં જ ટેકવી, તે ઉપરનું ઢાંકણું ખસેડીને બરાબર ગોઠવી દેવા પાછો ઉપર ચડી ગયો. અને જેવું તે ઢાંકણું તેની જગાએ ગોઠવાયું, કે તરત થોડે દૂરથી દોડતાં પગલાંનો અવાજ તેને એ તરફ આવતો સંભળાયો. ઢાંકણું બેસી જતાં ઉપરની આખી દુનિયા લુપ્ત થઈ ગઈ.

આંખનો અંધારપટ દૂર થયો એટલે મેરિયસને ઊંચકી, એકદમ તો તે આગળ ચાલ્યો. સુરંગો રસ્તાની નીચે નીચે જ જતી હોય છે; અને તે વખતે પેરીસમાં ૨૨૦૦ રસ્તાઓ હતા. એ બધી જાળમાંથી કદી કયાંય સહીસલામત જગાએ નીકળાશે કે પછી એમાં જ અટવાઈને છેવટે જિંદગીથી હાથ

ધોઈ નાખવા પડશે, તેનું કશું ઠેકાણું ન હતું. મેરિયસ પણ ઘવાયેલો હતો; અને તેનો ઘા લાંબો વખત સારવાર વિનાનો રહે, તો તેના જીવનનો પણ કેટલો ભરોસો?

શરૂઆતમાં તો બળવાન સ્થાનેથી દૂર ખસવું એટલો જ જીન વાલજિનને ખ્યાલ હતો. પરંતુ તેને પણ ધીમે ધીમે બીક લાગવા માંડી. ચાલતાં ચાલતાં અર્ધો કલાક થઈ ગયો હતો. પોતે શહેરના કયા ભાગની નીચે છે. તે જાણવાનું પણ કાંઈ ઠેકાણું ન હતું. એટલામાં અચાનક સામે પ્રકાશનો એક ગોળો તગતગતો હોય તેમ એને લાગ્યું. તેની પાછળ આઠ નવ ભૂત જેવા ઓળા નજરે પડચા. ક્રાંતિકારીઓ શહેર નીચેની સુરંગોમાં સંતાઈ રહેવાના, એવો ખ્યાલ પોલીસોને હોવાથી, મુખ્ય મુખ્ય ભાગોની સુરંગોમાં એકસામટી અનેક જગાએથી પોલીસ-ટુકડીઓ ઉતારવામાં આવી હતી. આ ભાગની ટુકડીને કોઈકનાં પગલાંનો અવાજ થોડોક વખત થયાં સંભળાતો હતો. જમાદારે ફાનસ ઊંચું કરીને આંખ ખેંચીને જોવા પ્રયત્ન કર્યો. જીન વાલજિન તરત ચેતી ગયો અને ભીંત સરસો દબાઈને ઊભો રહ્યો. પોલીસોને દૂર સુધી કંઈ દેખાય તેમ તો હતું નહીં; એટલે થોડી વાર ચૂપ રહીને તેમણે અવાજ સાંભળવા પ્રયત્ન કર્યો. પણ પછી ભ્રમ થયો હશે એમ માની, તે તરફ બંદૂકનો બાર કરીને તેઓ બીજી તરફ વિદાય થયા. જીન વાલજિન ઊભો હતો ત્યાં પાસે પ્લાસ્ટરનું દગડું ગોળી વાગવાથી તૂટી પડચું અને પાણીમાં પછડાયું.

૫

એક બાજુ મોટા બળવા જેવા તોફાન સામે બાથ ભીડવામાં સરકારી લશ્કર રોકાયું હતું, ત્યારે પેરીસની પોલીસ પોતાના ચાલુ કામકાજમાં જરા પણ ફરક પડવા દીધા સિવાય પોતાનું કામ કર્યે જતી હતી. પેરીસ વચ્ચે થઈને વહેતી સીન નદીના જમણા કિનારે આજે ઉંદર-બિલાડીનો એક ખેલ જામ્યો

હતો. એક ચીંથરેહાલ માણસ આડું અવળું જોતો જોતો, પોતાની પાછળ પડેલા પોલીસના માણસને થાપ આપી છટકી જવા પ્રયત્ન કરતો ચાલતો હતો. તેનો પીછો પકડનાર પોલીસ તેને ઝટ પકડી શકે તેમ હતું; પરંતુ તેને એવો લોભ હતો કે પેલા ગુંડાને પોતાના છુપાઈ રહેવાને સ્થળે જવા દેવો, જેથી તેના બીજા સાગરીતો પણ હાથ આવે. પોલીસના માણસે એક ઘોડાગાડીને પસાર થતી જોતાં તેને પાછળ પાછળ આવવા નિશાની કરી.

નદીનો ઢાળ આવ્યો, ત્યારે આગળ ચાલનાર ગુંડો ભૂલથી કે જાણી જોઈને કિનારે કિનારે સીધો ચાલવા માંડયો. આગળ જ્યાં નદીનો ખૂણો પડતો હતો, ત્યાં કિનારો બંધ થતો હતો અને પાણી ભેખડને ઘસાઈને જ વહેતું હતું. આ રસ્તે આગળ જવું એ તો જાણી જોઈને છેવટે પોલીસના હાથમાં કે નદીના મોંમાં જઈ પડવા જેવું જ હતું. પોલીસવાળો રાજી થતો થતો તેની પાછળ જરા જલદી ચાલવા લાગ્યો.

ભેખડ જ્યાં પાણીને અડતી હતી તે તરફ જતાં વચમાં સાતઆઠ ફૂટ ઊંચો કચરાનો ઢગલો હતો. પેલો ગુંડો તે ઢગલા પાછળ જઈ પહોંચ્યો એટલે તરત પેલા પોલીસવાળાએ પોતાનો વેગ વધાર્યો. એ ઢગલાને પાર કરીને તેણે જોયું તો પચીસેક ડગલાં આગળ નદી ભેખડને અડતી હતી, પણ વચ્ચેની જગામાં પેલો માણસ ન હતો! તે હવામાં ઓગળી ગયો કે પાણીમાં પેસી ગયો તેની કશી ખબર ન પડી.

પોલીસવાળાએ ભેખડ સુધી જઈને આસપાસ બારીક નજરથી જોયું. ત્યાં બાજુ ઉપર એક મોટી જાળી હતી. કોઈને કોઈ મહા-સુરંગનું તે બારણું હતું. ત્રણ જંગી મિજાગરાં ઉપર ઊઘડતી એ જાળીને રાક્ષસી તાળું હતું. પેલો માણસ એ તાળું ઉઘાડી તે સુરંગમાં પેઠો હોય એમ બને. એટલે પાછો તે બહાર નીકળે તેની રાહ જોતો પોલીસવાળો પેલા ઢગલાની

આ બાજુએ છુપાઈને નિરાંતે બેઠો. એ જાણતો હતો કે, એ સુરંગમાં થોડા સમય માટે પેસી ભલે રહેવાય; પણ તેમાં થઈને આગળ જીવતા ક્યાંય નીકળાય જ નહિ.

૬

આ તરફ જીન વાલજિને સુરંગમાં પાછું આગળ ચાલવાનું શરૂ કર્યું હતું. પગ નીચેની જગા લપસણી અને ભીની હતી. અને ધીમે ધીમે પાણીનો ભરાવ વધતો જતો હતો. હવે વધુ વખત અંદર ને અંદર અટવાયા કરવાનો કશો અર્થ ન હતો; ગમે તે રીતે સીન નદીને કિનારે પહોંચી જવું જ જોઈએ. તેથી તેણે બે રસ્તા આવ્યા ત્યારે જે બાજુ ઢાળ વધારે હતો તે બાજુ જવાનું જ પસંદ કર્યું.

કેટલેય દૂર ગયા પછી ઉપરની જાળીમાંથી પ્રકાશના ધાબા જેવું આવતું તેને લાગ્યું. ત્યાં ઊભા રહી તેણે મેરિયસની શી હાલત છે તે જોઈ લેવાનો વિચાર કર્યો. તેનું મોં તો ફિક્કું પડી ગયેલું હતું; પણ હૃદય હજુ ધબકતું હતું. જીન વાલજિને પોતાનું ખમીસ ફાડીને જ્યાં ઘા જેવું લાગ્યું ત્યાં મેરિયસને પાટા બાંધી દીધા. પછી તેનાં ખિસ્સાં ફંફોસતાં તેમાંથી એક ડાયરી જેવું હાથ આવ્યું. તે ઉઘાડીને વાંચતાં પહેલે પાને મેરિયસે પોતાનું શબ પોતાના દાદાને ત્યાં પહોંચે તે માટે લખેલું સરનામું તેની નજરે પડ્યું.

પછી થાક ખાઈ, થોડું જોર લાગતાં તેણે મેરિયસને ઉપાડીને પાછું ચાલવા માંડ્યું. પણ હવે પાણી એકદમ વધવા લાગ્યું, તથા પગ ચોટવા લાગ્યા. જીન વાલજિન ચોંકી ઊઠ્યો.

આ લાંબી લાંબી સુરંગોમાં ઘણી વાર એવું બનતું કે નીચેના તળિયામાંથી જમીન અચાનક બેસી જતાં કેટલાય ભાગમાં ખાડો પડી જતો અને તેમાં પાણી ભરાઈ રહેતું. એ ખાડો કેટલો ઊંડો હોય કે કેટલો લાંબો હોય તે કહી ન શકાય. થોડાં ડગલાંમાં પણ તે પૂરો થઈ જતો હોય, કે પછી

તે બસો ત્રણસો ફૂટ જેટલો લાંબો પણ હોય, તેમાં જો પાણીનો ભાગ વધુ હોય, તો માણસ તરત જ અંદર ઊતરી પડે અને ડૂબી જાય; જો કાદવનું પ્રમાણ વધુ હોય, તો માણસ અંદર ચુસાતો જાય; અને એ મોત થોડી મિનિટ મોડું આવે.

જીન વાલજિને ધીમે ધીમે પગલાં ભરવા માંડયાં. થોડી વારમાં કાદવ એકદમ ઢીંચણ સુધી અને પાણી કમર સુધી આવી ગયું. જીન વાલજિન જમીનમાં જાણે ચુસાવા લાગ્યો. હવે પાછા ફરાય તેમ હતું જ નહીં. જીન વાલજિનના શરીરમાં રાક્ષસી તાકાત હતી. પરંતુ હવે તો ઊંડાણ પૂરું થઈ જલદી પગ અડે તેવી જગા આવે, તો જ જીવતા રહેવાય. પાણી ધીમે ધીમે બગલો સુધી આવી પહોંચ્યું. જીન વાલજિને મેરિયસને બે હાથ ઉપર ઊંચો કરાય તેટલો કરવા પ્રયત્ન કર્યો. હવે તો જીન વાલજિનનું માથું જ બહાર રહ્યું હતું અને મેરિયસને ઊંચકતા બે પંજા. પાછો તે થોડો વધુ કળ્યો. એટલે જીન વાલજિનને શ્વાસ લેવા માટે જ પોતાના મોંને પાછળ બોચી તરફ ઊંચું કરવું પડયું.

હવે આગળ શું હતું? મોત કે જીવન? જીન વાલજિને મરણિયા થઈને એક ડગલું ભર્યું, અને અચાનક તેના પગનું તળિયું કઠણ જમીનને અડયું!

ત્યાં છેલ્લું જોર કરીને બંને પગે તે સ્થિર થયો. છેલ્લી કટોકટીની ઘડીએ આમ જીવનની આશા ઊભી થાય, ત્યારે અંતર ઈશ્વરને ધન્યવાદ આપી કેવું ગળગળું બની જાય છે!

થોડી વાર પ્રયત્ન કરીને જીન વાલજિન પૂરેપૂરો કાદવની બહાર આવી ગયો. કળણ પૂરું થયું અને કઠણ ફરસબંધી આવી ગઈ. તે જ ઘડીએ દૂર પ્રકાશનો લીસોટો તેની નજરે પડયો. થોડેક આગળ ચાલતાં દરવાજાની જાળી અને તેનું જંગી તાળું સ્પષ્ટ દેખાવા લાગ્યાં.

જીન વાલજિને નજીક જઈ મેરિયસને ભીંતને ટેકે ગોઠવ્યો અને પછી જાળીના સળિયા એક પછી એક હલાવી જોયા, એકાદ સળિયો પણ ઢીલો કે નમાવી શકાય તેવો નીકળે, તો તેની મદદથી પછી મિજાગરાં ઉતારી શકાય કે તાળું તોડી શકાય. પણ બધા સળિયા સખત મજબૂત હતા!

જીન વાલજિને બચવાની આશા મૂકી. આટલે દૂર આવ્યા બાદ, આ જાળી આગળ પોતાનો છુટકારો હાથવેંતમાં જોયા પછી ભૂખે અને તરસે મરવાનું તેને નિશ્ચિત દેખાયું. બહાર સીન નદી ઘૂઘવતી જતી હતી. પેલા કાદવમાં થઈને પાછા ફરવાનો તો કશો અર્થ જ ન હતો.

૭

તે ઘડીએ તેના ખભા ઉપર કોઈનો હાથ પડ્યો અને નજીકથી કોઈ બોલ્યું: 'અર્ધો ભાગ!'

જીન વાલજિન પોતે સ્વપ્નમાં છે કે જાગતો છે, એ સમજી જ ન શક્યો. કોઈનાં પગલાં તેણે સાંભળ્યાં ન હતાં કે કોઈનો ઓળો તેણે જોયો ન હતો. અને અચાનક આ કોણ? થોડે પાસેથી આંખ માંડીને જોયું તો તે થેનારડિયર હતો!

અનુભવી જીન વાલજિને કશો ગભરાટ દેખાવા ન દીધો. થેનારડિયરનું મોં તો સ્પષ્ટ હતું. જીન વાલજિનનું આખું શરીર નીચેથી નાક સુધી જાડા કાદવથી ખરડાયેલું હતું. એટલે થેનારડિયર તેને ઓળખી શકે તેમ હતું નહીં.

જીન વાલજિને થેનારડિયરને જ બોલવા દીધો.

'અહીંથી તું બહાર નીકળીશ શી રીતે?'

જીન વાલજિને કશો જવાબ ન આપ્યો. એટલે થેનારડિયરે જ કહ્યું: 'આ તાળું તોડી શકાય તેમ નથી; અને છતાં તારે બહાર તો નીકળવું જ પડશે ને?'

'હાસ્તો; તાળું તૂટે તેવું નથી.'

તેથી તો કહું છું કે અર્ધો ભાગ. તું આ માણસને લૂંટીને તેના મડદાને વગે કરવા સુરંગમાં ઊતરી પડ્યો. પણ તને ખ્યાલ ન રહ્યો કે અહીં મોટા તાળાવાળી જાળી છે. હું તને ઓળખતો નથી; પણ તું મારો ધંધાદારી ભાઈ જ છે એ નક્કી. હું તને મદદ કરી શકું તેમ છું. તું મને અર્ધો ભાગ આપે, તો હું તને ચાવીથી તાળું ઉઘાડી આપું. અને તને બહાર જવા દઉં.'

જીન વાલજિન થેનારડિયરે બતાવેલી ચાવી જોઈ ભગવાન મળ્યા હોય તેટલો રાજી થઈ ગયો. થેનારડિયરે પાછું પોતાના ખિસ્સામાંથી એક દોરડું કાઢ્યું અને કહ્યું, 'વધારામાં આ દોરડું પણ તને આપું છું. તેના વડે પથરો બાંધી આ મડદાને તું તરત નદીમાં નાખી દેજે, એટલે બસ! તું કદાચ તેના મડદાને નદીમાં વગે કરવા જ વચલા કળણને ઓળંગીને આટલે આવ્યા હશે. જોકે હું એ કળણનો ભરોંસો ન કરું. એ કળણ વરસોથી કોઈએ ઓળંગ્યું નથી!'

જીન વાલજિન એટલું જોઈ શક્યો કે થેનારડિયર બહુ ધીમેથી બોલતો હતો. અને એક વાર જીન વાલજિન કંઈક મોટેથી જવાબ આપવા ગયો ત્યારે થેનારડિયરે તેને એકદમ ધીમેથી બોલવા જણાવ્યું હતું. તેનો અર્થ જીન વાલજિન એવો સમજ્યો કે થેનારડિયરના બીજા સાગરીતો પણ આસપાસ છે; અને તેમને કોઈને તે આ સોદામાંથી ભાગ ન આપવો પડે તે રીતે કદાચ બધું પતવવા ઈચ્છે છે!

થેનારડિયરે હવે જીન વાલજિનનાં ખિસ્સાં ફંફોસવા માંડ્યાં. જીન વાલજિન સામાન્ય રીતે થોડીઘણી રકમ સાથે લીધા વિના કદી બહાર ન નીકળતો. પણ આજે નેશનલ-ગાર્ડનો પોશાક પહેરીને તે બહાર નીકળ્યો હોવાથી, તેની પાસે ત્રીસેક ફ્રાંક જેટલી જ રકમ હતી. થેનારડિયરે તે બધી કાઢી લીધી અને કહ્યું, 'ભલા, તેં કંઈ મોટી રકમ માટે તેને ઝબ્બે કર્યો

નથી લાગતો. કદાચ તને વધુ રકમ મળી હશે, જે તેં ઉપર જ રહેવા દીધી હશે. ઠીક, મારે આટલા બસ છે.' આમ કહી તેણે મેરિયસનાં ખિસ્સાં ફંફોસી જોયાં અને પછી જીન વાલજિન જાણે નહીં તેમ મેરિયસના ડગલામાંથી એક પટ્ટી ફાડી લીધી. એ પટ્ટીને આધારે કદાચ એ કોણ હતો તેની તથા તેના ખૂનીની ખબર મેળવી કંઈક વધુ પૈસા ભવિષ્યમાં ઉપજાવી શકાય!

એ સિવાય થેનારડિયરથી બીજું થઈ પણ શું શકે તેમ હતું? પોતાના કરતાં જબરા દેખાતા જીન વાલજિન આગળ એકલાથી બીજું કશું જોર અજમાવાય તેમ તો હતું નહીં; તથા જીન વાલજિન એક પૈસો પણ આપ્યા વિના માત્ર તેનું ગળું દાબીને જ તેની ચાવી ઝૂંટવી લે, તોપણ તેનાથી શું થાય? વળી બહાર જાવર્ટ બેઠેલો હતો. તે થોડા વખતમાં આ તરફ વધુ તપાસ શરૂ કર્યા વિના રહે નહીં. એટલે જાવર્ટના હાથમાં આવો બીજો ખૂની મડદા સાથે પહોંચી જાય, તો તેટલી પોતાની પણ સુરક્ષિતતા ખરી ને? એટલે તેણે તરત ચાવી વડે જાળી ઉઘાડી; અને જીન વાલજિનને મડદા સાથે બહાર કાઢી, પોતે તાળું વાસી, પાછો સુરંગમાં અંદર ચાલ્યો ગયો.

૮

જીન વાલજિને બહાર નીકળી મેરિયસને પાણી પાસે સુવાડ્યો અને તેના મોંમાં ચાંગળું ભરીને પાણી રેડ્યું. ફરી તે ચાંગળું ભરીને મેરિયસ તરફ ફરવા જતો હતો, તેટલામાં તેને ખભે એક હથોડા જેવો હાથ પડ્યો. જીન વાલજિને હાથ મૂકનારને ઓળખ્યો.

જાવર્ટને જીન વાલજિને મોરચા બહાર જીવતો જવા દીધો, ત્યાર પછી તે પોતાના ઉપરી અધિકારી પાસે જઈ બધો અહેવાલ આપી આવ્યો હતો. ત્યાર બાદ તે અધિકારીએ, સીન નદીના જમણા કિનારા ઉપર કેટલાક ગુનેગારોનો અડ્ડો

છે એવી ખબર મળી હોવાથી, જાવર્ટને તે તરફ તપાસ કરવા રવાના કર્યો હતો.

જીન વાલજિને તરત જ કહ્યું, 'ઈન્સ્પેક્ટર જાવર્ટ, આજ સવારથી જ મેં મારી જાતને તમારા કેદી તરીકે ગણી લીધી છે. મેં મારા ઘરનું સાચું સરનામું તમને જાણી જોઈને આપ્યું હતું. પરંતુ આ વખતે મારી એક વિનંતી તમારે સ્વીકારવી પડશે. આ જુવાનિયો મોરચામાં ઘાયલ થઈને પડ્યો હતો; તેણે તેના દાદાનું સરનામું તેની ડાયરીમાં લખી રાખ્યું છે. તેને એના દાદાને ત્યાં પહોંચાડવાની મારી ઇચ્છા છે. ત્યાર પછી તમે મારું જે કરવું હોય તે કરી શકો છો.'

જાવર્ટે મેરિયસની નાડી જોઈ. તે બોલ્યો, 'આ તો મડદું છે.'

જીન વાલજિને કહ્યું, 'મને હજુ લાગે છે કે તે જીવે છે. કાંઈ નહીં તો તેના મડદાને પણ તેના દાદાને ત્યાં પહોંચાડવાની તેની અંતિમ ઈચ્છા તેણે ડાયરીમાં દર્શાવી છે. તો મારી આ છેલ્લી વિનંતી તમે મંજૂર રાખો.'

જાવર્ટે તરત પોતે રોકી રાખેલી ઘોડાગાડી પાસે બોલાવી અને જીન વાલજિનની મદદથી મેરિયસને અંદર મૂકી, બંને પછીથી તેમાં બેસી ગયા. જાવર્ટે ઘોડાગાડીવાળાને કહ્યું, 'નં. ૬, રુ-દ-ફિલે ડુ કેલવર.'

ઘોડાગાડી ત્યાં પહોંચતાં જાવર્ટે દરવાનને બોલાવ્યો. 'મોં. જીલેનોર્મન્ડને કહે કે, તેમનો છોકરો મોરચા આગળ માર્યો ગયો છે, આ તેનું મડદું છે.'

જાવર્ટ અને જીન વાલજિને મડદું ઉપલે માળ ચડાવ્યું; ઘરમાં બધાં સૂતેલાં હતાં. તેમને ઉઠાડવાની પંચાતમાં પડ્યા વિના જાવર્ટે તરત જીન વાલજિનને ખભે હાથ મૂકી નીચે ઊતરવા નિશાની કરી.

જીન વાલજિને ગાડી આગળ પહોંચતાં જાવર્ટને કહ્યું, 'હજુ એક મહેરબાની કરો; મને થોડી વાર મારા ઘેર સુધી લઈ જાઓ. ત્યાંથી પછી મને લઈ જવો હોય ત્યાં લઈ જજો.'

જાવર્ટે ઘોડાગાડીવાળાને કહ્યું, 'નં. ૭, રુ-દ-લ' હોમ આર્મ.'

જીન વાલજિનનો એક જ વિચાર હતો : ઘેર પહોંચી કોસેટને મેરિયસનું ઠેકાણું બતાવી દેવું; તથા પૈસા બાબત કેટલીક સૂચનાઓ આપી દેવી. મેરિયસ જો બચી જાય, તો કોસેટને તે રવડતી નહીં રહેવા દે, એની તેને ખાતરી હતી.

ગાડી ઊભી રહેતાં જ જાવર્ટે ઘોડાગાડીવાળાને પૈસા ચૂકવી આપ્યા અને ગાડી વિદાય કરી દીધી. જીન વાલજિનને ખાતરી થઈ કે, જાવર્ટ હવે તેને ભયંકર ગુનેગારની પેઠે પગે ચાલતો જ પોલીસ-થાણે લઈ જવા માગે છે.

જાવર્ટે પછી જીન વાલજિનને કહ્યું, 'જા, હું તારી રાહ જોઈ અહીં જ નીચે ઊભો છું.'

જીન વાલજિન પોતાના કાનનો વિશ્વાસ કરી શક્યો નહીં. છતાં તેણે એમ માન્યું કે, હવે પોતે નાસી છૂટવાનો પ્રયત્ન નહીં કરે એવી જાવર્ટને ખાતરી થઈ હશે, એટલે તે આમ પોતાને એકલો ઘરમાં ઉપર જવા દે છે.

જીન વાલજિને થોડું ઉપર ચડી પાછી નજર કરીને જોયું કે જાવર્ટ ખરેખર ત્યાં ઊભો છે કે, પાછળ આવે છે. પરંતુ આ શું? જાવર્ટ તો ચાલતો થયો હતો!

૧૯
દાદાને ત્યાં

૧

દાદા જીલેનોર્મન્ડે જાગ્યા બાદ જ્યારે મેરિયસનો ધોળો પૂણી જેવો ચહેરો જોયો, અને દાક્તરે ધોવા માંડેલા ઘા જોયા, ત્યારે તે કપાળે હાથ પછાડીને બોલ્યા, "દીકરા, આ બુઢ્ઢા સેતાન ઉપર આટલો બધો ગુસ્સો? તારે એક જ શબ્દ બોલવાનો હતો કે, દાદા, 'હું આવ્યો છું, મને પાછો સ્વીકારો', તો હું તને તેડીને નાચત અને મારી મોટામાં મોટી ખુરસી તને બેસવા આપત. પણ તું જો સહેજ નીચો નમે, તો તારા બાપનો દીકરો શાનો? એટલે આ રીતે લડાઈમાં કપાઈ મરીને તેં મારા ઉપર વેર લીધું!"

આટલું બોલીને તેમણે મેરિયસ ઉપર છેવટની નજર નાખવા તેના મોં સામું જોયું. તે જ વખતે મેરિયસે પોતાની આંખ ઉઘાડી. 'બેટા, ખરેખર, તું જીવે છે?' એટલું બોલી ડોસા બેભાન થઈ ગબડી પડચા.

૨

આ તરફ જાવર્ટ ઘેનમાં ચાલતો હોય, તેમ જીન વાલજિનના ઘર આગળથી ચાલી નીકળ્યો. જીવનમાં પહેલી વાર તેના મનમાં દ્વિધાનો ભાવ ઊભો થયો હતો. એક ભયંકર ગુનેગારે તેને જીવતદાન બક્ષ્યું હતું; તે જ ગુનેગાર તેના હાથમાં આવ્યો, ત્યારે તેણે તેના ઉપકારના બદલામાં તેને હાથમાંથી જવા દીધો હતો! પરંતુ પોતાના વ્યક્તિગત જીવનના બદલામાં તે પોતાના જાહેર કર્તવ્યને જતું કરી શકે? પોતાના અંતરાત્માને સંતોષવા સમાજને તે દગો દઈ શકે? અને છતાં પેલા ગુનેગારે પોતાનું જીવન તેના હાથમાં હોવા છતાં, તેને જતું કરવા જેટલી મોટાઈ દાખવી હતી; તો શું પોતે

સરકારી અમલદાર હોવાથી જ તેના જેટલી મોટાઈ કે ઉદારતા ન દાખવી શકે?

જાવર્ટને જીન વાલજિનનો ચહેરો યાદ આવ્યો; તેની પાછળ મોં. મેડલીનનું ઉદાત્ત વ્યક્તિત્વ તેને દેખાયું. જાવર્ટને લાગ્યું કે, પોતે એ માણસને સામાન્ય ગુનેગાર ગણીને તેનું જીવન ધૂળ મેળવવામાં કોઈ અગમ્ય ભૂલ કરી છે. મોં. મેડલીને રખડતા જર્વિસના જે થોડા પૈસા પડાવી લીધા હતા, તેના કરતાં લાખો ગણા વધારે સમાજને પાછા બક્ષિસ આપ્યા હતા. તેણે કોઈ માણસની હત્યા કરી જ ન હતી; ઊલટું પોતાના જાનના જોખમે બીજાઓને જ બચાવ્યા હતા.

છતાં, કર્તવ્યની બાબતમાં આવું ઢીલપણ ધારણ કર્યે ચાલે? કર્તવ્યનો માર્ગ કઠોર છે; અને તેથી જ તેની મહત્તા છે. જાવર્ટે હાથમાં આવેલા ગુનેગારને છોડી દઈને સમાજના કાયદાની અવગણના કરી ન હતી? અને તેય શા માટે? પોતાનું જીવન પેલાએ બચાવ્યું હતું તે માટે!

તો શું ફરી પાછા જઈ, જીન વાલજિનને પકડવો?

જાવર્ટે ઝટપટ નિશ્ચય કરી લીધો. તે પાસેની પોલીસ-ચોકી તરફ ગયો. ત્યાં જઈ એક કાગળ ઉપર કંઈક લખ્યું, અને નીચે પોતાની સહી કરી. પછી તે કાગળ બીજે દિવસે વડી પોલીસ-કચેરીએ પહોંચાડવાનું ત્યાંના પોલીસને કહી, તે સીધો સીન નદીના પુલ ઉપર આવ્યો. પુલની એક કમાન નીચે પ્રવાહમાં ભયંકર તાણ હતું અને તે ભાગમાં હોડી સાથે પસાર થતાં ભલભલા ખલાસીઓ પણ બીતા. જાવર્ટ તે કમાન ઉપરના પુલના કઠારા ઉપર ચડ્યો. દૂરથી તે તરફ આવતા એક વટેમાર્ગુએ ભૂતની પેઠે ઊભેલો ઊંચો ઓળો જોયો. તે કોણ છે એ તે બીતો બીતો વિચારવા જાય, ત્યાર પહેલાં તો તે ઓળો ત્યાં ન હતો! નીચે ધડૂમ દઈને ધબાકો સંભળાયો. જોરથી વહેતા પાણીએ પોતા ઉપર પછડાયેલી

એ ચીજ ઉપર પોતાના જોરદાર સપાટા એક બે ક્ષણ લગાવ્યા; અને પછી તેને પોતાના ભયંકર પેટાળમાં હંમેશ માટે સમાવી દીધી.

૩

ચાર મહિના મેરિયસ જીવન અને મરણ વચ્ચે ઝોલાં ખાતો રહ્યો. તેના દાદા પણ એ જ રીતે તેની પથારી પાસે ભાન અને બેભાન વચ્ચેની સ્થિતિએ જીવતા હતા. મેરિયસના મોંમાંથી લવારામાં અવારનવાર ‘કોસેટ’, ‘કોસેટ’ એટલા જ શબ્દો નીકળતા.

દરરોજ, અને કોઈક વખત દિવસમાં બે વખત એક ધોળા વાળવાળો અને સારા પોશાકવાળો સદ્‌ગૃહસ્થ ડોસો મોં. જીલેનોર્માંડને ઘેર આવતો. તે નીચેથી જ મોં. મેરિયસની ખબર પૂછી જતો તથા ઘા ઉપર મૂકવાનું લીન્ટનું મોટું પાર્સલ આપી જતો. તે જમાનામાં લીન્ટ બનાવવા હાથ વડે મહેનત કરીને કપડાની એક બાજુને રૂ જેવી રૂવાંટીવાળી પોચી કરવી પડતી. બરાબર ૭મી સપ્ટેમ્બરે ડાકટરે જાહેર કર્યું કે, હવે મેરિયસ ભયમુક્ત થયો છે; જોકે તેને હરતોફરતો થતાં બીજા બે મહિના વધુ થશે.

દાદા જીલેનોર્માંડ બધાંના આગ્રહ છતાં એક પણ રાત મેરિયસ પાસેથી ખસતા નહીં. ઘા ધોવાય ત્યારે પણ તે હાજર રહેતા; અને જે કાંઈ કાંજી જેવું મેરિયસને પાવાનું હોય, તે પોતાના સુકલકડી ઘરડા હાથોમાં પકડીને જ પિવરાવતા. ડાકટરે જ્યારે ભયમુક્તિના સમાચાર કહ્યા, ત્યારે એ ઘરડા ડોસા ખરેખર આખા ઓરડામાં ભમરડી ફરતા ફરતા નાચ્યા. નોકર નવાઈ પામી તેમના તરફ જોઈ રહ્યો હતો તેને હાથમાં એકદમ મોટી બક્ષિસ આપીને તેમણે ધમકાવી કાઢ્યો. મેરિયસ પાસે જઈને તે પોતાને મોંએ બોલ્યા, ‘બૅરન મેરિયસ, ઈન્કિલાબ ઝિંદાબાદ !’

મેરિયસ જ્યારે ઊંઘતો હોય, ત્યારે તે પોતાની ઘરડી આંખોએ તેના સામું ટગર ટગર જોઈ રહેતાં ધરાતા જ નહીં.

પણ મેરિયસના મનમાં હવે એક ધૂન જામતી જતી હતી. તે એમ જ માનતો હતો કે તેના દાદા તેના ઉપર અત્યારે આ બધો ભાવ બતાવે છે, પણ કોસેટની વાત આવશે, એટલે તે તરત બદલાઈ જવાના. જો પોતે કોસેટને છોડવા પ્રાણાંતે તૈયાર ન હોય, તો પછી દાદાજીને અત્યારથી જ કહી દેવું શું ખોટું? અને જો તે ના પાડે, અને ગુસ્સે થાય, તથા યદ્વાતદ્વા બોલે, તો પોતાના બધા પાટાપટ્ટી તોડી-છોડી નાખવા, બધા ઘા ખુલ્લા કરી પોતાની જોડાવા આવેલી હાંસડી ફરી તોડી નાખવી, અને ખાવાપીવાનું બંધ કરી દેવું.

એક દિવસ મેરિયસે દાદાની આગળ ધીમેથી પરંતુ મક્કમતાથી વાત ઉપાડી. 'જુઓ, હું તમને છેતરવા નથી માગતો; હું પરણવાનો છું.'

ડોસા એકદમ જોરથી હસી પડ્યા: 'હા ભાઈ હા; તું પરણવાનો જ છે.'

'પણ, પણ કોને ......?'

'હા, હા, પેલી નાની દુત્તીને — જેણે તારા માટે લીન્ટ બનાવી બનાવી આંખો દુ:ખાડી મૂકી છે, અને જે એક ઘરડા ડોસાને વેશે દિવસમાં બબ્બે વખત આવી તારી ખબર લઈને પાછી નં. ૭, રુ-દ-લ' હોમ આર્મ તરફ ચાલી જાય છે; અને તું સાજો ન થયો હોત તો એક સાથે આ ઘરમાંથી બે નહીં પણ ત્રણ ઠાઠડીઓ જ નીકળત, તારી, મારી અને તેની. બેટમજી, તેં તો એમ માન્યું હશે કે, દાદાને આ વાત કહીશું, તે ના પાડશે, અને આપણે વકીલ થયા છીએ એટલે મોટું ભાષણ આપીશું, ગુસ્સો બતાવીશું અને પાછા લેફ્ટ-રાઈટ, લેફ્ટ-રાઈટ કરતા ચાલતા થઈશું! પણ તારો દાદો તારા માથાનો છે. લે, હવે ભાષણ આપ ને? હવે હાથ

પછાડ ને? તારો દાદો શિયાળનો પણ ગુરુ છે. તે જાણે છે કે, આ બેટમજી આપણા ઉપર જરાય વહાલ રાખતા નથી. તો એ બદમાશ મારા ઉપર થોડુંક વહાલ રાખતો થાય તે માટે મારે શું કરવું? બસ, તારા દાદાને અક્કલ સૂઝી. એ બેટમજી ભલે આપણને ન ચાહે, પણ આપણી કોસેટ તો છે ને! એ બિચારી તો મને દાદા દાદા કહીને એક પળ પણ જીભ મોઢામાં નહીં ઘાલે. બસ આપણે એ કોસેટ પેલા જાનવરને બક્ષિસ આપીશું, એટલે એ બેટમજી આપણને જરૂર ચાહવા લાગશે. એટલે વકીલ સાહેબ, આપના કરતાં આ બુઢ્ઢાની ખોપરીમાં વધારે ભૂસું ભરેલું છે. જાઓ કોસેટ તમને આપી; હવે?'

આટલું કહી, ડોસા એકદમ ડૂસકે ચડ્યા, અને મેરિયસનું માથું પોતાની છાતીએ દબાવવા લાગ્યા.

મેરિયસ પણ દાદાના અંતરનો આ પ્રેમભાવ જોઈને ગળગળો થઈ ગયો. તે બોલ્યો, 'બાપુજી, બાપુજી!'

ડોસાનું ગળું ભરાઈ આવ્યું; મહાપરાણે તે બોલ્યા, 'હેં, તેં મને બાપુજી કહીને બોલાવ્યો? તારા મોંના એ બે શબ્દો સાંભળવા મેં કેટલી રાતો જાગતાં જાગતાં કાઢી છે!'

૪

કોસેટ અને મેરિયસ ભેગાં થયાં. એ પ્રસંગ શબ્દમાં ઉતારવાની અમારી મરજી નથી. કોસેટ મેરિયસની પથારીવાળા ઓરડામાં દાખલ થઈ, ત્યારે આખું ઘર મેરિયસની પથારીની આસપાસ ખડું હતું. કોસેટની આંખોમાં શું ઊભરાતું હતું? તેના માથાની આસપાસ આ શાનો પ્રકાશ દેખાતો હતો?

કોસેટની પાછળ એક ધોળા વાળવાળા સદ્ગૃહસ્થ પણ એ ઓરડામાં દાખલ થયા હતા.

દાદા જીલેનોર્માંડ તરત મોં. ફોશલવેં તરફ વળ્યા અને બોલ્યા, 'મોંશ્યોર, આપની સુપુત્રીનું હું મારા પૌત્ર બૅરન મેરિયસ પોન્ટમર્સી માટે માગું કરું છું.'

'આપનું માગું હું આભાર સાથે સહર્ષ સ્વીકારું છું.' મોં. ફોશલવેંએ જવાબ વાળ્યો.

પછી દાદા જીલેનોર્માંડે મેરિયસ અને કોસેટના ચાર હાથો પોતાના દૂબળા પંજામાં સમેટી લઈ કોસેટ સામું જોઈને કહ્યું, 'બેટા, શી ભગવાનની કારીગરી છે? તું બૅરનની પત્ની થઈ, પણ ખરી રીતે રાજરાણી થવી જોઈતી હતી. મારે ડોસાને ઘેર આવી તું બૅરનના ઘરનું સુખ પણ નથી પામી શકવાની. મારી બધી આવક મારી જાત પૂરતી જ છે. હું નહીં હોઉં ત્યારે તારા આ ગુલાબી હાથને કામકાજ કરી ખરબચડા થવું પડશે. હું ક્યાં જાણતો હતો કે તું મારું ઘર ઉજાળવા આવવાની છે? નહીં તો મારા બધા પૈસા હું વેડફી ન નાખત.'

આ વખતે એક ધીર અવાજ સંભળાયો—

'શ્રીમતી યુફ્રેસી ફોશલવેં છ લાખ ફ્રાંકની માલિક અને હકદાર છે.'

'શ્રીમતી યુફ્રેસી કોણ?' ચોંકેલા દાદાએ પૂછ્યું.

'હું.' કોસેટે જવાબ આપ્યો.

'છ લાખ ફ્રાંક!' દાદા જીલેનોર્માંડે ફરી પૂછ્યું.

'ઓછા ચૌદ કે પંદર હજાર, કદાચ.' જીન વાલજિને કહ્યું.

આટલું કહી તેણે ટેબલ ઉપર પોતાની સાથેનું ચોપડી જેવું દેખાતું એક પાર્સલ મૂક્યું. તેણે પોતે જ તે ઉઘાડ્યું. તેમાં નરી નોટો ભરેલી હતી. ગણી જોતાં પાંચ લાખ ૮૪ હજાર ફ્રાંક થયા.

મેરિયસ સાજો થવા આવ્યો હતો, એટલે આ પૈસાની હવે જરૂર પડશે એમ માની, જીન વાલજિન વચ્ચે મોંટ૦ જઈ આવીને બધી રકમ કાઢી લાવ્યો હતો. તેમાંથી માત્ર

પાંચસોં ફ્રાંક તેણે પોતાની પાસે અલગ રાખ્યા હતા. કુલ રકમ છ લાખની જ હતી. જે કાંઈ ઓછા થયા, તે આ દરમ્યાન થયેલા ખર્ચના હતા.

લગ્ન બાદ મેરિયસે અને કોસેટે દાદા જીલેનોર્માંડને ઘેર જ રહેવું એવું નક્કી થયું. દાદાએ મેરિયસની વકીલની ઑફિસ માટે એક ઓરડો ખાસ સજાવવા માંડ્યો.

૫

રોજ કોસેટ મોં. ફોશલવેં સાથે આવતી. મેરિયસની સ્થિતિ હજુ બહુ રખડારખડ કરાય તેવી ન હોવાથી આ વ્યવસ્થા કરવામાં આવી હતી. મેરિયસ સાથે ફોશલવેં ખાસ વાતચીત કરતા નહીં.

મેરિયસને કોણ જાણે તેમના મોં સામું જોઈને મોરચા વખતે જાવર્ટને મારવા લઈ જનાર એક માણસનું મોં યાદ આવતું હતું, જે બરાબર આમના જેવું જ હતું. મોરચા ઉપર તો તેણે એમને કોસેટના બાપ માનીને જ કહ્યું હતું કે, 'હું એમને ઓળખું છું.' એક દિવસ તેણે આડકતરી રીતે મોરચાની શેરીની વાત કાઢીને તેમને પૂછ્યું, 'તમે એ શેરી કદી જોઈ છે?'

ફોશલવેંએ તરત જવાબ આપ્યો, 'ના, એ શેરીનું નામ પણ મારી જાણમાં નથી.'

આ જવાબથી મેરિયસના મનમાંનો ખ્યાલ દૂર થઈ ગયો. લગ્નનો દિવસ નજીક આવતો ગયો, તેમ તેમ મેરિયસને બે વ્યક્તિઓ યાદ આવવા લાગી : પોતાના પિતાને વૉટર્લૂમાંથી બચાવનાર થેનારડિયર, અને પોતાને મૂર્છિત દશામાં મોરચા ઉપરથી ઉપાડી લાવીને દાદાને ઘેર મૂકી જનાર અજ્ઞાત માણસ. તેને મનમાં રહ્યા જ કરતું કે આ બે જણ પ્રત્યેનું ઋણ ગમે તેમ કરી ઝટ પતવવું જ જોઈએ.

તેણે જુદી જુદી રીતે એ બંનેની ખૂબ તપાસ કરાવવા માંડી. થેનારડિયર વિષે એટલી ખબર મળી કે, તેની પત્ની જેલમાં જ મરી ગઈ હતી. થેનારડિયર પોતે જેલમાંથી નાસી છૂટયો હતો. તેની નાની દીકરી જીવતી હોઈ શકે; પણ બાપ-દીકરી બંને કયાં હતાં તેનો પત્તો લાગતો ન હતો. મોટી દીકરી એપોનીન તો મોરચામાં મરી ગઈ હતી, એ મેરિયસ પોતે જ જાણતો હતો.

પોતાને બચાવનાર અજ્ઞાત માણસ અંગે ઘોડાગાડીવાળા પાસેથી એટલી જ માહિતી મળી કે એક પોલીસ અધિકારીએ તેની ગાડી સીન નદીના જમણા કિનારે ઊભી રખાવી હતી અને પછી એક માણસ કોઈ મરેલા માણસ જેવાને ઉપાડીને ઘોડાગાડીમાં લાવ્યો હતો. પછી તે બંને જણા ઘોડાગાડીમાં બેસીને અહીં આવી તે મડદાને મૂકી ગયા હતા. ત્યાર પછીની તે બેની કશી વાત કોઈ જાણતું ન હતું. પણ નવાઈની વાત એ હતી કે મેરિયસ તો રુ-દ-લ ચાનવ્રેરીની શેરીમાં ઘાયલ થઈને પડયો હતો, તો પછી સીન નદીના કિનારે તે કયાંથી આવ્યો? સુરંગમાં થઈને? કોણ એ ભયંકર ભૂગર્ભમાં થઈને તેને ઊંચકીને નદી ઉપર સહીસલામત લઈ આવ્યું?

૬

એક દિવસ, પોતાને બચાવનાર તે માણસને શોધી કાઢવા પોતે કરેલા પ્રયત્નની વાત મેરિયસ કોસેટ અને જીન વાલજિનને કહી બતાવતો હતો. તે વખતે જીન વાલજિને મોં ઉપર જે ઠંડી ઉપેક્ષા જેવો ભાવ ધારણ કરી રાખ્યો હતો, તે જોઈ મેરિયસને ખોટું લાગ્યા જેવું થયું. તે જરા તપી જઈને બોલી ઊઠયો: "ભલે બધા ગમે તે કહે કે માને; પણ તે માણસે જે મહેનત લીધી છે અને જે જોખમ ઉઠાવ્યું છે, તે વિચારીને હું ગળગળો થઈ જાઉં છું. કોસેટના ૬ લાખ ફ્રાંક જો મારા હોય, તો હું—"

જીન વાલજિન તરત વચ્ચે બોલી ઊઠચો, 'ને તમારા જ છે.'

'તો, હું' મેરિયસે વાક્ય પૂરું કર્યું, 'એ આખી રકમ એ માણસને શોધવામાં ખર્ચી નાખું, અને મારું અને કોસેટનું આખું જીવન જરૂર હોય તો તો તેની સેવામાં અર્પણ કરું.'

જીન વાલજિન ચૂપ રહ્યો.

૧૬મી ફેબ્રુઆરી, ૧૮૩૩ની રાતે મેરિયસ અને કોસેટનાં લગ્ન હતાં. ટુસેં દાસીની હવે જીન વાલજિનને જરૂર ન હોવાથી તેને તેણે કોસેટને ત્યાં મોકલાવી દીધી. કોસેટ એથી ઘણી જ રાજી થઈ. જીન વાલજિન પણ લગ્ન પછી દાદા જીલેનોર્માંડને ઘેર જ આવીને રહેશે, એવી કબૂલાત કોસેટે જીન વાલજિન પાસે લીધી જ હતી.

પરંતુ લગ્નના થોડા દિવસ અગાઉ અકસ્માત તેના જમણા હાથના અંગૂઠાને કાંઈ વાગ્યું, એટલો પાટો બાંધી હાથ ઝોળીમાં રાખવો પડચો. પરિણામે લગ્નને દિવસે કન્યા તરફથી તેના વડે કાંઈ સહી થઈ ન શકી. દાદા જીલેનોર્માંડે જ કન્યાના વાલી તરીકે પણ સહી કરી.

લગ્ન બાદ વરકન્યાની ગાડીઓ ઘર તરફ પાછી વળતી હતી, ને વખતે શેરીમાં એક જગાએ ઊભેલાં બે જણ ગુસપુસ વાત કરતાં હતાં – 'બેટા, આ વરઘોડામાં હાથ ઝોળીમાં નાખીને બેઠેલા માણસને જાણે હું ઓળખતો હોઉં એમ લાગે છે. અને તે જે ઘોડાગાડીમાં બેઠા છે, તે જોતાં મને લાગે છે કે, તે કન્યાનો બાપ હોવો જોઈએ. મારાથી વધુ વખત રસ્તા ઉપર રહેવાય તેમ નથી. તું આ વરઘોડાની પાછળ પાછળ જઈને તે ક્યાં જાય છે તે જોઈ લે, અને મને પછી મારી બખોલમાં આવીને કહી જજે. તારાથી બને તો પરણનારી કન્યાનું મેં પણ જોઈ લેજે. મારી ગણતરી ખરી હોય, તો તું જરૂર એ કન્યાને ઓળખી શકીશ!'

૨૦
એકરાર

જીન વાલજિન વરઘોડા સાથે પાછો આવ્યા બાદ, હાથમાં વધુ દુ:ખાવો થયાનું દરવાનને જણાવી, બારોબાર પોતાને ઘેર ચાલ્યો ગયો. ઘેર જઈ તેણે દીવો સળગાવ્યો. આખું ઘર તેને ખાવા ધાવા લાગ્યું. કોસેટની બધી યાદગીરીઓ ત્યાં જેવી ને તેવી મોજૂદ હતી; પણ તે પોતે ન હતી.

તેણે કોસેટનો નાનપણનો કાળો પોશાક – જે પહેરાવીને તે થેનારડિયરની વીશીમાંથી તેને લઈ આવ્યો હતો, તે કાઢ્યો. તે દિવસે જંગલમાં થઈને તેઓ પેરીસ આવ્યાં હતાં ત્યારે કોસેટ કેવી અસહાય હતી? આખા જગતમાં તેને જીન વાલજિનનો જ આશરો હતો. આજે હવે તેને પાંખો આવી હતી અને તે ઊડી ગઈ હતી.

પરંતુ જીન વાલજિનનું જીવન કોસેટની આસપાસ અને તેને આધારે કેટલું બધું ગૂંથાયું હતું, તેનો પુરાવો તેને અત્યારે તેના વિના લાગતી શૂન્યતાથી મળી ગયો. હજુ પણ તે હક કરીને કોસેટ અને મેરિયસના ઘરમાં જઈને રહી શકે છે, તથા તેમને પોતાની આંખ આગળ પહેલાંની જેમ રાખી શકે છે. પણ હવે તે યોગ્ય કહેવાય ખરું? કોસેટ ઉપર તેનો એવો શો અધિકાર હતો કે જેથી પોતાનો બધો ભૂતકાળ હંમેશને માટે આ બે નિર્દોષ પ્રેમીઓની સાથે જડી રાખે, અને એ રીતે તેમના આનંદને અને તેમની પ્રતિષ્ઠાને કાયમનાં જોખમમાં રાખી મૂકે?

આખી રાત તે આવા વિચારોમાં અટવાતો રહ્યો. સવાર થઈ ગઈ, અને તે ચમકીને ઊઠ્યો. કંઈક નિશ્ચય ઉપર

આવતાં તે તરત ઉતાવળો મોં. જીલેનોર્મન્ડને ઘેર આવ્યો. તેણે દરવાનને કહ્યું, 'મારું નામ દીધા વિના, તું મેરિયસ સાહેબને, કોઈ મળવા બોલાવે છે એમ કહી, નીચે તેડી લાવ.'

જીન વાલજિનને જોતાં મેરિયસ બોલી ઊઠ્યો, 'વાહ બાપુજી, તમે આ રીતે મને અહીં બોલાવ્યો! કાલે જમતી વખતે તમે ગેરહાજર હતા, તેથી મને અને કોસેટને કેટલી ચિંતા થઈ. તમારે હાથે હવે કેમ છે? કોસેટ હવે તમને ભાગ્યે જ અહીંથી જવા દે. કાલે તમે બારોબાર ચાલ્યા ગયા, એની કેવીય કપરી સજા તમારે કોસેટને હાથે વેઠવાની થશે, એ હું ન જાણું!'

જીન વાલજિને એકાંત જોઈ એટલો જ જવાબ આપ્યો: 'સાહેબ, હું સજા પામેલો ગુનેગાર છું. મારા હાથને કંઈ થયું નથી; પણ તમારા જીવનના આવા પવિત્ર અને મોટા પ્રસંગે મારે જાણીબૂજીને હાજર ન રહેવું, એવા વિચારથી જ હું ગેરહાજર રહ્યો હતો, અને હવેથી પણ રહીશ.'

આટલું કહી તેણે અંગૂઠા ઉપરનો પાટો છોડી નાખ્યો.

મેરિયસ તે જોઈ તોતડાતો એટલું જ બોલ્યો: 'આનો શો અર્થ?'

'અર્થ એટલો જ કે, હું વહાણ ઉપર કેદની સજા પામેલો ગુનેગાર છું. મેં ૧૯ વર્ષ ત્યાં ગાળ્યાં છે. ત્યાર બાદ બીજા ગુના માટે મને જન્મટીપની સજા થઈ છે, પરંતુ હું નાસી છૂટ્યો છું અને સંતાતો ફરું છું.'

મેરિયસને આ સાંભળી કંપારી આવી ગઈ. 'પણ તમે કોસેટના સગા છો ને?'

'ના સાહેબ. હું ફેવ૦નો કંગાળ ખેડૂત છું, અને કઠિયારાનો ધંધો કરતો હતો. મારે અને કોસેટને જરા પણ સગપણ નથી. દશ વર્ષ ઉપર તેના અસ્તિત્વની પણ મને

ખબર ન હતી. તે માબાપ વિનાની—અનાથ હતી. તેને મારી ઓથની જરૂર હતી. અને એ રીતે મારે અને તેને સંબંધ થયો. કોસેટના જે પૈસા છે, તે મારા હાથમાં સોંપાયેલી થાપણ છે. તે થાપણ મારા હાથમાં શી રીતે આવી, તેની પંચાતમાં પડવાની જરૂર નથી; પણ તે થાપણ તેને હું પાછી સોંપી દઉં છું. મારું ખરું નામ જીન વાલજિન છે, એટલે હું કહી દઉં, એટલે મારે કહેવાનું બધું પૂરું થાય છે.'

મેરિયસ જવાબમાં એટલું જ બોલ્યો: 'પણ આ બધું મને કહેવાની જરૂર શી છે? એ કહેવાની તમને કોઈએ ફરજ પણ પાડી નથી. તમારી આ ગુપ્ત વાત તમે દબાવી રાખી હોત, તો શો વાંધો હતો? તમારો કોઈએ પીછો પકડ્યો નથી કે તમને જ્યાં હો ત્યાંથી હાજર થવા સરકારી જાહેરાત પણ થઈ નથી. તો પછી, તમે આ બધું જે કહ્યું તેની પાછળ તમારો કોઈ જુદો હેતુ હોવો જોઈએ; એ હેતુ શો છે?'

'હેતુ? એ હેતુ બીજો કશો નથી; અને જે છે તે મારી જાતને લગતો છે. શ્રીમતી પોન્ટમર્સી માટે જ્યાં સુધી મારે આ જૂઠાણું ચલાવવાની જરૂર હતી, ત્યાં સુધી મેં તે ચલાવ્યું. પણ તે હવે પરણી ગઈ. હવે હું વધુ વખત તે જૂઠાણું ચલાવ્યા કરું, તો તે મને તેની સાથે રહેવાનું મળે તેટલા માટે, એટલે કે મારા સ્વાર્થ માટે કર્યું કહેવાય. તમે મને પૂછ્યું કે, આ બધું કહી દેવાની ફરજ મને કોણ પાડે છે? મારો પોતાનો અંતરાત્મા જ મને એ ફરજ પાડે છે. શ્રીમતી પોન્ટમર્સીને હું અત્યંત ચાહું છું, તેથી જ તેને છેતરવાની હિંમત હું નથી કરી શકતો. પહેલાં જીવવા માટે મેં એક રોટી ચોરી હતી; પણ હવે હું જીવવા માટે એક નામ ચોરવા નથી માગતો.'

'જીવવા માટે?' મેરિયસે પૂછ્યું.

'હા, સાહેબ; જીવવા માટે. હું જાણું છું કે હું મારી જાતને આ કબૂલાતથી જે સ્થિતિમાં મૂકી રહ્યો છું, તે સ્થિતિમાં મારાથી વધુ વખત જીવી શકાવાનું નથી. પરંતુ તે બાબતનો કશો વિચાર કરવાપણું આપને માથે ન જ હોય.'

મેરિયસ કંઈક વિચારમાંથી જાગી ઊઠયો હોય તેમ બોલ્યો, 'તમે કોસેટની થાપણ પ્રમાણિકપણે સાચવી રાખીને તેને પાછી સોંપી છે, એ બાબતનો મારે કંઈક વિચાર કરવો જોઈએ. બોલો તમારે કેટલું ઇનામ જોઈએ? તે રકમ તમે ઘણી મોટી કહેશો તો પણ વાંધો નથી.'

'તમારો આભાર માનું છું, સાહેબ, મારે કાંઈ નહીં જોઈએ. જો આપવા માગતા હો, તો હું એક વસ્તુ વિનંતી કરીને પણ માગવા ઈચ્છું છું.'

'કહો.'

'મારી બધી હકીકત જણાવી દીધા પછી, હું હવે કોસેટને ફરી મળવાની આશા રાખી શકું ખરો?'

'તે આશા ન રાખો તો વધુ સારું, એટલે હું જરૂર કહું,'

'વારુ, હું હવે ફરી તેને મળવા પ્રયત્ન નહીં કરું.' આટલું કહી, તે બારણા તરફ વળ્યો; પણ તરત આંસુભરી આંખે પાછો ફરી બોલ્યો, 'સાહેબ, નવ વર્ષ મેં સુખમાં-દુ:ખમાં કોસેટ સાથે ગાળ્યાં છે, અને મને તેની સોબતની મારા સુખ માટે નહીં પણ છેવટના દિવસોમાં શાંતિ માટે અતિશય આવશ્યકતા છે. તમે કહો તો હું તમે કહો તે રીતે, તમે કહો તે ઠેકાણે તેને કોઈ કોઈ વાર મળું. તદ્દન મળ્યા વિના જીવતા રહેવું મારે માટે કદાચ અશક્ય બની જશે.'

'ઠીક, તમે રોજ સાંજે એક વાર તેને અહીં આવીને મળી શકો છો.'

જીન વાલજિન મેરિયસનો આભાર માની ધીમે પગલે બારણા બહાર નીકળી ગયો.

મેરિયસને હવે એક વાતનો ખુલાસો મળી ગયો. થેનારડિયર અર્થાત્ જોન્ડ્રેટને ઘેર જાવર્ટ આવ્યો, ત્યારે આ માણસ બારીએથી છટકી ગયો હતો તેનું કારણ એ કે, આ માણસ નાસી છૂટેલો કેદી હતો. પણ આ ખુલાસો મળવાની સાથે બીજો એક ખુલાસો પણ તેને મળી ગયો. આ માણસે જ મોરચા આગળ જાવર્ટને ગોળીથી ઉડાવી દેવાની ખાસ પરવાનગી મેળવી હતી. એ માણસ ત્યાં મોરચે આવ્યો જ શું કામ હતો? જાવર્ટ ત્યાં મોરચામાં સપડાયો હોવાની ખબર કોઈ રીતે મળવાથી તેના ઉપર પોતાનું વેર લેવા જ તે ત્યાં આવેલો. આવો ભયંકર ખૂની એ માણસ છે. આવા માણસને રોજ પોતાના ઘરમાં આવી કોસેટને મળવાની પરવાનગી આપવા બદલ મેરિયસને પસ્તાવા થવા લાગ્યો.

બીજે દિવસે જીન વાલજિન કોસેટને મળવા આવ્યો. દરવાને તેને કહ્યું, 'બૅરન સાહેબે પુછાવ્યું છે કે તમે નીચે જ મળવા ઈચ્છો છો કે ઉપર?'

જીન વાલજિને જવાબ આપ્યો: 'હું અહીં નીચે જ મળીશ.'

દરવાને એક ભંડારિયા જેવું અંધારિયું ઘોલકું ખોલી આપ્યું. તે હવડ હતું તથા ત્યાં કોઈ કદી વાળઝૂડ કરતું હોય તેમ લાગતું નહોતું. એક ખૂણામાં દેવતા તાજો સળગાવેલો હતો. તેની સામે બે ખુરશીઓ મૂકેલી હતી. જીન વાલજિન નીચે જ બેસવા ઈચ્છશે એવી ગણતરી રાખવામાં આવી હતી.

એટલામાં કોસેટ ત્યાં દાખલ થઈ. તેણે કહ્યું, 'બાપુજી, તમારી કેટલીક ધૂનો વિચિત્ર હોય છે, એ હું જાણું છું; પણ મને અહીં નીચે આ ઘોલકામાં જ મળવાની તમારી ધૂન તો મને પણ નવાઈમાં નાખી દે છે. ખરેખર, તમે મેરિયસને એમ કહ્યું હતું ખરું કે તમે મને અહીં જ મળવા માગો છો?'

'હા, અને મને બાપુજી પણ ન કહો અને માત્ર મોં. જીન કહો એવી પણ મારી ઇચ્છા છે.'

'એટલે તમારે નામ પણ બદલવું છે શું?'

'કેમ, તમે પણ નામ બદલીને મૅડમ પોન્ટમર્સી બન્યાં, તો હું પણ મૉંશ્યોર જીન બનું, એમાં શું નવાઈ પામવા જેવું છે?'

'ખરેખર, હું સુખી થઈ એથી જ તમે મારા ઉપર આમ ગુસ્સે થયા છો, ખરું ને?'

જીન વાલજિન ચોંકી ઊઠયો. તેનું મોં ફીકું પડી ગયું.

પરંતુ બીજે દિવસે જીન વાલજિન તે જ સમયે આવ્યો, ત્યારે કોસેટે કશો આગ્રહ ન કર્યો કે કશા સવાલ ન પૂછયા. મેરિયસ પાસેથી આગ્રહ કરીને કોસેટે કેટલીક વાતો જાણી લીધી હતી. મેરિયસે તેને કશું ખાસ કહ્યા વિના તેની ઉત્કંઠા શમાવી દીધી હતી. પ્રેમીજનોને એ રીતે સમજાવતાં અને માની જતાં આવડે છે.

મેરિયસ આ મુલાકાતો વખતે જાણી જોઈને ઘરમાં જ રહેતો નહીં. પણ ધીમે ધીમે એવું બનવા માંડયું કે, સહેજ વધુ વખત એ મુલાકાત લંબાય કે, ઉપરથી તેડું આવ્યું જ હોય. એક દિવસ એ ઓરડીમાં દેવતા સળગાવવામાં ન આવ્યો. જીન વાલજિને એ વાત લક્ષમાં લીધી; પણ કોસેટ આગળ તો એમ જ કહ્યું કે, મેં જ ના પાડી હતી.

પછી બીજે દિવસે ખુરશીઓ જ મૂકવામાં નહોતી આવી. જીન વાલજિને તો કોસેટને એમ જ કહ્યું કે, મારાથી વધુ બેસાય તેમ નહોતું એટલે ઊભા ઊભા મળીને જવા ખાતર મેં જ ખુરસીઓ મૂકવા ના પાડી હતી. કોસેટે તેને કહ્યું, 'આજે મેરિયસે મને એક વિચિત્ર સવાલ પૂછયો હતો. તેમણે કહ્યું કે દર વર્ષે દાદાની આવકના જે ત્રણ હજાર ફ્રાંક આવે છે, તેટલા વડે જ જીવવા તું તૈયાર થાય કે કેમ? મેં તેમને પૂછયું કે આવો સવાલ કેમ પૂછો છો? ત્યારે તેમણે કહ્યું કે, મારે

માત્ર જાણવું છે.' ત્યારે મેં કહ્યું કે, તમે સાથે રહેવાના હો, તો હું તેથી પણ ઓછા ફ્રાંક ઉપર જીવવા તૈયાર છું.'

જીન વાલજિન સમજી ગયો કે હવે તે અહીં ન આવે એમ જ મેરિયસ ઇચ્છે છે; તથા તેણે કોસેટને આપેલા છ લાખ ફ્રાંક પણ કોઈ ગુનાના જ પૈસા હોય એવો તેને વહેમ છે, એટલે તે પૈસાને તે અડવા પણ નથી માગતો.

જીન વાલજિન દુઃખી થઈને ચાલ્યો ગયો. બીજે દિવસે તે કોસેટને મળવા ન ગયો. ત્યાર પછીને દિવસે પણ તે ન ગયો.

કોસેટે ત્યાર બાદ પૂછવા નોકર મોકલ્યો કે ગઈ કાલે કેમ નહોતા આવ્યા?

જીન વાલજિને કહ્યું, 'હું બે દિવસથી નથી આવ્યો! હું વચ્ચે વચ્ચે લાંબી મુસાફરીએ જાઉં છું, એ તારાં બાનુ-સાહેબ જાણે છે. મારી તબિયત સારી છે, કહેજે કશી ચિંતા ન કરે.'

પણ નોકરનેય જીન વાલજિનના 'હું બે દિવસથી નથી આવ્યો' એ શબ્દોનો કશો ખાસ અર્થ ન લાગ્યો. પણ જીન વાલજિને એ શબ્દો બોલવામાં કેટલું બધું દુઃખ વ્યક્ત કર્યું હતું? પોતે કેટલા દિવસથી મળવા નથી આવ્યો તેનો ખ્યાલ પણ કોસેટને હવે રહ્યો નથી!

જીન વાલજિન હવે રોજના વખતે પોતાના ઘેરથી કોસેટના ઘર તરફ જવા નીકળતો ખરો; પણ અધવચથી જ પાછો આવી જતો. છેલ્લા થોડા વખતથી જીન વાલજિન હવે કોસેટને મળવા આવવાનું બંધ કરે એમ જ મેરિયસ ઇચ્છતો હતો. તેમ કરવાનું તેને એક નવું કારણ મળ્યું હતું. વકીલાતના એક કેસમાં તેને લેફાઇટ બેંકના એક માજી હિસાબનીસની સાથે કામ પડ્યું હતું. તે દરમ્યાન તેને કોસેટના છ લાખ ફ્રાંક બાબત કંઈક માહિતી મળી હતી, જેની તે પૂરી તપાસ કરી શક્યો ન હતો. તે માહિતી ઉપરથી તેને એટલી ખાતરી

થઈ કે, એ છ લાખ ફ્રાંકની રકમનો ખરો માલિક જીન વાલજિન નહોતો; એટલે તે રકમ તેણે તેના ખરા માલિકને જલદી પાછી સોંપી દેવી જોઈએ, તથા તેના માલિકને શોધી કાઢવો પણ જોઈએ.

એક દિવસ જીન વાલજિન રોજને સમયે ઘર બહાર નીકળ્યો, પણ થોડે દૂર જઈને બેસી પડયો. થોડો વખત ત્યાં બેઠા બાદ તે પોતાને ઘેર પાછો ફર્યો તે ફર્યો. હવે તે જીવતો આ ઘર છોડવાનો ન હતો.

કામવાળી બાઈ બહુ ભલી હતી. તે રોજ જોતી કે ખાવાનું ઢાંકેલું એમ ને એમ પડી રહે છે; માત્ર પાણીનું વાસણ તળિયા સુધી ખાલી થયેલું હોય છે. તેણે પોતાના પતિને કહ્યું કે, 'આ ડોસા હવે બહુ દહાડા નહીં કાઢે. તેમને તાવ આવતો હોવો જોઈએ; તથા મનનું પણ કાંઈ દુ:ખ છે. મને તો લાગે છે કે, તેમની દીકરી પરણીને ગઈ, એ બાબતનું કાંઈક કારણ હોવું જોઈએ.'

એક સાંજે જીન વાલજિન કંઈક વિચાર આવતાં પથારીમાંથી મહાપરાણે ઊઠયો. પેટીમાંથી કોસેટનાં કપડાંની પેલી જૂની જોડ કાઢીને તેણે ટેબલ ઉપર પાથરી. પછી બિશપની દીવાદાનીઓ કાઢીને નજર સામે મૂકી. ત્યાર બાદ ટેબલ ઉપર કાગળ, કલમ અને ખડિયો લાવીને મૂકયાં. પણ આટલા શ્રમથી કે તેના અંતરમાં ભેગી થયેલી અને જામી ગયેલી તીવ્ર વેદનાના ભારથી તે ખુરશીમાં જ બેભાન થઈ ગયો. થોડી વારે ભાન આવતાં તેણે કાગળ ઉપર લખવા માંડયું : 'જે પૈસા છે, તે ખરેખર મારા જ છે; બીજા કોઈના નથી. મેં પણ પ્રમાણિક વેપારધંધાથી પેદા કરેલા છે. મણકા બનાવવાના ઉદ્યોગમાં મેં એક સાદી સીધી શોધ કરી હતી અને તેમાંથી થયેલો એ નફો હતો.' પણ એટલું લખતાંમાં તો તેને ફરી તમ્મર ચડવા માંડયાં. તે બોલ્યો, 'બસ, હવે

હું કોસેટને ફરી જોવા પામીશ એમ લાગતું નથી. છેવટે એને મળ્યા વિના જ આ કાયમની મુસાફરીએ મારે ઊપડવાનું થશે. ભગવાનની જેવી મરજી. મરતા પહેલાં તેને પાછી જોઈ શક્યો હોત, તેની સાથે વાત કરી શક્યો હોત, તો તેથી કોઈનું કશું બગડત ખરું? પણ પરમાત્મા, જેવી તમારી મરજી. પ્રભુ, પ્રભુ, કોસેટને ન જ મળાયું — એક વાર.'

અને તે જ ઘડીએ બારણા ઉપર ટકોરો પડ્યો.

૨૧
અંત

એ જ દિવસે એટલે કે એ જ સાંજે મેરિયસ ભોજન-ટેબલ ઉપરથી ઊઠવા જતો હતો, તેવામાં તેના નોકરે એક ચિઠ્ઠી લાવીને તેના હાથમાં મૂકી, અને જણાવ્યું કે તે આપનાર આપના હુકમની રાહ જોઈને બહાર ઊભા છે. ચિઠ્ઠીમાં લખ્યું હતું —

'મોં. બૅરન સાહેબ,

આ સેવક પાસે એક વ્યક્તિને લગતી કેટલીક ગુપ્ત વાતો છે. હું તે ગુપ્ત વાત આપની સમક્ષ રજૂ કરીને આપની યત્કિંચિત્ સેવા બજાવવા માગું છું. શ્રીમતી બૅરન બાનુસાહેબા ઉચ્ચ કુટુંબનાં છે, અને જે વ્યક્તિ તેમની ઓથે આપના ઘરમાં ઘૂસેલી છે, તે ભયંકર ડામીજ છે. તેને આપના ઘરમાં એક મિનિટ રહેવાનો અધિકાર નથી. આપના કુટુંબની આ સેવા બજાવીને આ સેવક પોતે પણ કંઈક લાભવાની આશા રાખે છે.

લિ૦

થેનાર્ડ.'

મેરિયસ જોન્ડ્રેટની કલમ તરત ઓળખી ગયો; અને થેનારડિયર જ આમ પોતાની પાસે આવ્યો છે એ જાણી, તેનો

આનંદ પણ થયો. હવે માત્ર પોતાને સુરંગમાં થઈને બચાવી લાવનાર માણસ મળે, તો પોતાના જીવનનાં બંને ઋણ પૂરાં થાય!

થેનારડિયરે બહુરૂપી પોશાકવાળાને ત્યાંથી કોઈ માજી એલચીનો પોશાક ભાડે આણીને પહેર્યો હતો. આંખ ઉપર કાળા રંગનાં ચશમાં ચડાવ્યાં હતાં. છતાં તેને ઓળખી કાઢતાં મેરિયસને બહુ વાર ન લાગી. થેનારડિયરે મેરિયસને કદી નજરે જોયો ન હતો; તેની સાથેનો થોડોઘણો વ્યવહાર તેણે પત્રથી મોટી દીકરી દ્વારા જ ચલાવ્યો હતો. એટલે તે તો મેરિયસને ઓળખી શકે તેમ ન હતું.

તેણે મેરિયસને જોતાં જ ડિંગ મારી કે, 'વાહ બૅરન સાહેબ, આપ અને હું તો રાજકુંવરી બેગ્રેશન તથા ઉમરાવ વાઈકાઉંટ ડેમ્બ્રેને ત્યાં થોડાં વર્ષ પહેલાં મળ્યા હતા, એવું મને આપનો ચહેરા જોતાં જ શાથી લાગી આવે છે?'

મેરિયસે તદ્દન ઠંડકથી જવાબ આપ્યો, 'એ બે ભાગ્યશાળીઓનાં નામ પણ જિંદગીમાં મેં સાંભળ્યાં નથી.'

'તો પછી શેરોબ્રિયાંને ત્યાં તો આપણે જરૂર ભેગા થયા હોવા જોઈએ. કારણ કે, એ સાહેબને મારા વિના પ્યાલી ચડાવવામાં કદી મજા જ પડતી નથી.'

મેરિયસ હવે જરા કડક થઈને તોછડાઈથી બોલ્યો, 'મને એ પ્યાલી-સાહેબ કે જામ-સાહેબની ઓળખાણ કરવાનો મહા-લાભ કદી મળ્યો નથી. પણ હવે તમારે શું કામ છે, તે ઝટ કહી નાખો.'

થેનારડિયર જરા છોભીલો પડ્યો પણ ધીટતાથી સ્વસ્થતાપૂર્વક બોલ્યો, 'જુઓ સાહેબ, અમેરિકામાં પનામા નજીક એક નાનું ગામ છે, તેમાં આઠસો માણસ રહે છે. પ્રદેશ જંગલીઓથી ભરેલો છે, પણ ત્યાં સોનું ઘણું મળે છે. મારે ત્યાં જવું છે. અમે ત્રણ જણ છીએ : હું મારી મહોરદાર

અને મારી દીકરી. મુસાફરી ઘણી લાંબી અને ખર્ચાળ છે, અને મારી પાસે પૈસા નથી.'

'પણ તેમાં મારે શું?'

'જુઓ સાહેબ, મારી પાસે એક ગુપ્ત વાત છે, જે હું આપને વેચવા માગું છું. તે વાત કહેવાની શરૂઆત કાંઈ કિંમત નક્કી કર્યા વિના જ હું કરું છું. પણ થોડી વાર બાદ આપ જાણી શકશો કે એ વાત આપને માટે ઘણી રસિક નીવડે તેવી છે.'

'ઠીક, શરૂ કરો.'

'જુઓ સાહેબ, આપના ઘરમાં એક ડાકુ અને ખૂની જૂઠે નામે પેઠો છે. પણ તેનું ખરું નામ હું આપને મફત કહી દઉં છું.'

'હા, કહો.'

'તેનું નામ જીન વાલજિન છે.'

'હું જાણું છું.'

'તે કોણ છે, તે પણ મફત કહી દઉં છું.'

'બોલો.'

'એ સજા પામેલો ગુનેગાર છે.'

'હું જાણું છું.'

થેનારડિયરની આંખમાંથી એક કાતિલ ઝેરભરી નજર મેરિયસ ઉપર છૂટી. પણ મોં ઉપર હસવું કાયમ રાખીને તે બોલ્યો, 'પણ મેં કહ્યા પછી આપ અવશ્ય એ જાણો છો એમ કહેવાય. પરંતુ હવે હું જે વિશેષ કંઈ કહેવા માગું છું તે તો આપ જાણતા નથી જ. તે વસ્તુ શ્રીમતી બૅરન સાહેબાને લગતી છે. અને તેની કિંમત હું માત્ર વીસ હજાર ફ્રાંક માગું છું.'

'એ ગુપ્ત વાત પણ હું જાણું છું.'

'સાહેબ, આપ દશ હજાર ફ્રાંક આપવાનું કહો, અને હું તરત કહેવા માંડું.'

'હું ફરીથી કહું છું કે, તમે જે કહેવા માગો છો તે હું જાણું છું. તથા ઉપરાંતમાં તમારું પોતાનું ગુપ્ત નામ પણ જાણું છું.'

'મારું ગુપ્ત નામ? મારી ચિઠ્ઠીમાં મેં લખેલું જે હતું એટલે આપ કહી જ શકો ને?'

"ચિઠ્ઠીમાં તો માત્ર 'થેનાર્ડ' હતું; હું વધારીને તેને 'થેનારડિયર' કરી આપું છું."

પેલો જરા ચમકીને બોલ્યો, 'એટલે શું?'

'એટલે જોન્ડ્રેટ, એટલે મોંટ૦નો વીશીવાળો!'

'હું એ વાત સ્વીકારવાની અત્યંત નમ્રતાથી ના પાડું છું, સાહેબ!'

'અને વધારામાં સાંભળવું હોય તો, એ કે તું એક પાકો ગઠિયો, બદમાશ, ગળાફાંસુ છે. પણ લે તારું મોં બાળ.' એમ કહીને મેરિયસે તેના મોં ઉપર પાંચસો ફ્રાંકની એક નોટ નાખી.

પેલાએ એ નોટ ખરી છે કે ખોટી છે તેની ખાતરી કરી જોઈ ને પછી પોતાનાં ચશ્માં ઉતારી હસતાં હસતાં માત્ર કહ્યું કે, "આપ સાહેબ સાચું કહો છો; આટલો પાંચસો ફ્રાંકનો ધપ્પો વાગવાનો હોય, તો હું 'થેનારડિયર' તો શું બીજું આપ કહો તે નામ સ્વીકારી લેવા તૈયાર છું!"

થેનારડિયર હજુ માનતો હતો કે પોતાની પાસે જે વાત કહેવાની છે તે બધી મેરિયસ નથી જ જાણતો. જોકે, પાંચસો ફ્રાંક મળી ગયા બાદ, પોતાની પાસે કહેવાની બાકી રહેલી વાતનું વિશેષ કંઈ ન ઊપજે તોપણ તેને વાંધો ન હતો. મેરિયસ થેનારડિયરને બરાબર પામી ગયો હતો. તેને તો, હવે થેનારડિયર જો કોસેટના છ લાખ ફ્રાંકની મિલકત વિષે કાંઈ જાણતો હોય, તો તે માહિતી જોઈતી હતી. તેથી તેણે જ

શરૂ કર્યું : 'થેનારડિયર, હું ઘણું ઘણું જાણું છું એ તો તેં જોઈ લીધું. જીન વાલજિન ડાકુ અને ખૂની છે એમ તેં કહ્યું. તે ડાકુ છે, કારણ કે તેણે મોં. મેડલીન નામના એક ધનવાન ઉદ્યોગપતિની તમામ મિલકત લૂંટી લીધી હતી અને તેને પાયમાલ કરી નાખ્યો હતો. અને એ ખૂની છે, કારણ કે તેણે ઈન્સ્પેકટર જાવર્ટનું ખૂન કર્યું હતું.'

'હું આપનું કહેવું સમજ્યો નહીં, બૅરન સાહેબ.' થેનારડિયરે કહ્યું.

'જો હું વિગતે સમજણ પાડું. ૧૮૨૨ના અરસામાં કેલે તરફ એક માણસ રહેતો હતો જે સત્તાવાળાઓ સાથે કંઈક અથડામણમાં આવ્યો હતો. પછી તે મૉંશ્યોર મેડલીનનું નામ ધારણ કરીને બીજી જગાએ ગયો અને ત્યાં તેણે પોતાની મહેનત, પ્રમાણિકતા અને આવડતથી એક આખા ગામની સંપત્તિ ઊભી કરી. તેણે ખાનગી મિલકત પણ ઊભી કરી; પરંતુ તેણે દવાખાનાં, શાળાઓ અને સેવાશ્રમો પણ સ્થાપ્યાં. તે આખા ગામનો પિતા બની રહ્યો. પણ એ અરસામાં જેલમાંથી છૂટેલો એક જીન વાલજિન નામનો એક કેદી કે જે આ માણસને પહેલાં થયેલી સજાની વાત જાણતો હતો, તેણે તેને પકડાવી દીધો; અને તેના પકડાયાનો લાભ લઈ તે પેરીસ આવ્યો અને લેફાઈટ-બૅંકમાંથી પાંચ-છ લાખ ફ્રાંકની રકમ મેડલીનની ખોટી સહી કરીને ઉપાડી ગયો. એ આખી વાત મને લેફાઈટ-બૅંકના કેશિયરે પોતે જ કહી છે. અને ખૂનની વાત તો હું પોતે જેટલી જાણું છું, તેટલી તું કદી જાણી ન શકે. જીન વાલજિને ઈન્સ્પેકટર જાવર્ટનું પિસ્તોલ વડે ખૂન કર્યું હતું, તે વખતે હું હાજર હતો.'

થેનારડિયર હવે સમજી ગયો કે મેરિયસ ભારે ગોટાળામાં પડેલો છે. એટલે હવે તેણે વિજેતાની ઢબે કહ્યું, 'બધાં ગપ્પાં!'

'જા, જા, એ બધી વાતો મેં ભારે તપાસને અંતે જાણી છે.'

'જુઓ સાહેબ, આપ જેટલી ખાનરીથી આ બધું સાચું હોવાનું કહો છો, તેનાથી વધુ ખાતરીથી હું કહું છું કે એ બધાં ગપ્પાં છે. જીન વાલજિને મેડલીનને લૂંટયો પણ નથી; અને જાવર્ટને માર્યો પણ નથી.'

'રહેવા દે હવે; તારી વાતનો આધાર શો છે?'

'જુઓ સાહેબ, આપ બીજી શેખી મારવી હોય તેટલી મારજો; પરંતુ આ બાબતમાં તો છેક ભીંત જ ભૂલ્યા છો. તેણે મેડલીનને લૂંટયો નથી, કારણ કે, જીન વાલજિન પોતે જ મોં. મેડલીન છે! જુઓ ૨૫મી જુલાઈ, ૧૮૨૩નું આ છાપું!* એ જૂનું ચીંથરું મેળવતાં મને ભારે તકલીફ ઉઠાવવી પડી છે. અને તેણે જાવર્ટને માર્યો નથી, કારણ કે, જાવર્ટે પોતે જ જાવર્ટનું ખૂન કર્યું છે.'

'એટલે?'

'એટલે કે જાવર્ટે આત્મહત્યા કરી છે.' આમ કહી, તેણે, મેરિયસ બેભાન અવસ્થામાં હતો તે દિવસોનું બીજું છાપું કાઢી, તેમાંથી એક ફકરો આંગળી મૂકીને બતાવ્યો. પોલીસ-વડાએ જાવર્ટની આત્મહત્યાની કરેલી જાહેરાત તેમાં હતી. તેમાં વિશેષમાં જણાવ્યું હતું કે, જાવર્ટ મોરચામાં કેદ પકડાયો હતો; પરંતુ એક બળવાખોરે તેની ખોપરી ઉડાવી દેવાને બદલે પિસ્તોલનો અવાજ હવામાં કરીને, જાવર્ટને ભલમનસાઈથી જીવતો છોડી મૂકયો હતો.

મેરિયસના મનમાં જીન વાલજિનની કિંમત એકદમ વધી ગઈ.

'તો શું જીન વાલજિન આવો મહાન પુરુષ છે? તે પોતે જ મેડલીન હતો? તેણે પોતે જ એ બધી કમાણી

* એ છાપાનો ઉલ્લેખ અગાઉ પાન ૫૪ ઉપર છે, તે જુઓ.

કરી હતી? આખા ગામનો અન્નદાતા અને પાલક પિતા એ જ માણસ હતો? અને જાવર્ટને જીવતદાન દેનાર પણ એ હતો? ખરેખર એ તો એક મહાપુરુષ, સંતપુરુષ કહેવાય!'

'જુઓ સાહેબ,' હવે થેનારડિયરનો મરડમાં બોલવાનો વારો આવ્યો. 'જીન વાલજિન મહાપુરુષ પણ નથી કે સંતપુરુષ પણ નથી. કારણ કે તે ખૂની અને ડાકુ છે.'

'હજુ પણ?'

'હા હજુ પણ. તેણે મોં. મેડલીનને ભલે નથી લૂંટ્યો; છતાં તે લૂંટારુ હતો. તેણે જાવર્ટને નથી મારી નાખ્યો; છતાં તે ખૂની હતો.'

'તું શું ૪૦ વર્ષ પહેલાં તેણે કરેલી નાની સરખી ચોરીની વાત યાદ કરાવવા માગે છે કે જેનું પ્રાયશ્ચિત્ત અને કેટલાય ગણો બદલો તેણે પશ્ચાત્તાપ તથા દાનસેવા ભરેલી પછીની લાંબી જિંદગી દ્વારા આપ્યો છે?'

'જુઓ સાહેબ, હવે હું જે વાત કહું છું તેની કિંમત આપે આપવી હોય તેટલી આપજો. આપ કહેશો કે, હું જીન વાલજિનને જ એ વાત શાથી નથી વેચવા જતો? પણ જુઓ સાહેબ, તેણે પોતાની બધી મિલકત આપને આપી દીધી છે; અને હવે તેની પાસે કાણી કોડી પણ રહી નથી. પરંતુ મારે તો લાંબી ખર્ચાળ મુસાફરીએ જવું છે. તેથી મોટી મિલકતવાળા આપને જ એ વાત હું વેચવા માગું છું. મને એ આખી વાત પુરાવા સાથે મેળવતાં ઘણી મહેનત પડી છે.'

આટલું કહી પછી તેણે વાત વિસ્તારથી શરૂ કરી.

'જુઓ બૅરન સાહેબ, ૧૮૩૨ના જૂનની ૬ ઠ્ઠી તારીખે, આજથી એક વર્ષ પહેલાં, બળવાના દિવસે હું મોટી સુરંગ જ્યાં સીન નદી ઠલવાય છે તે જગાએ હતો.'

મેરિયસે ચોંકીને તરત ખુરસી ઇંતેજારીથી તેની પાસે ખેંચી. થેનારડિયરે વિજેતાના અભિમાન સાથે વાત આગળ ચલાવી —

'મારે તે વખતે આ સુરંગમાં રહેવા જવાની જરૂર પડી હતી; અને મારી પાસે તેની કૂંચી હતી. હું અંદર આરામ કરતો હતો, તેવામાં એક માણસ સુરંગમાં આઘેથી બીજા એક માણસને ખભે ઊંચકી આવતો હતો. તે જેલમાંથી નાસી છૂટેલો રીઢો કેદી હતો અને તેના ખભા ઉપર લોહી નીતરતું મડદું હતું. તેણે પેલાને લૂંટી લેવાના ઇરાદાથી મારી નાખ્યો હતો અને તેને નદીમાં નાખી દેવા તે ઇચ્છતો હતો. જોકે, એ સુરંગમાં વચ્ચે જે મોટો ભૂવો પડેલો કહેવાય છે, તેમાં થઈને તે આટલા ભાર સાથે જીવતો શી રીતે આવ્યો, એ સમજી શકાય તેમ નથી. પરંતુ તેનાથી તો એટલું જ સિદ્ધ થાય છે કે તેણે કેવું કરપીણ ખૂન કર્યું હોવું જોઈએ કે જેને છુપાવીને વગે કરવા તેને આટલું મોટું જોખમ ખેડવું પડ્યું હતું.'

મેરિયસ હવે હાંફતો હાંફતો તદ્દન નજીક સરકી આવીને સાંભળવા લાગ્યો. તેના મોં ઉપરની તમામ નસોમાં જાણે આખા શરીરનું લોહી તેમ જ આખા શરીરનું ચેતન એકઠું થઈ ગયેલું હતું.

થેનારડિયરે હવે હાંકવા માંડ્યું — 'સાહેબ એ માણસમાં ખવીસનું જોર છે, અને તેણે મારી પાસે કૂંચી માગી. તેને ત્યાં અંધારામાં એકલા ના પાડવાનું બને જ કેમ કરીને! મેં પેલા મરેલા માણસનો ચહેરો જોઈ લેવા પ્રયત્ન કર્યો, પણ લોહીથી ખરડાયેલી દશામાં તેનું મોં દેખાય તેમ ન હતું. એટલે વાતચીત કરવામાં વખત કાઢી મેં પેલો ન જાણે તેમ મરેલા માણસના કોટમાંથી એક ટુકડો ફાડી લીધો; જેથી ભવિષ્યમાં કોઈ વખત આ ખૂનનો કિસ્સો પકડવામાં મદદ

થાય. પછી મેં પેલાને દરવાજો ઉઘાડી આપ્યો, અને એના ભયંકર ગુનામાં વધુ સંડોવાવું ન પડે તે માટે હું પાછો સુરંગમાં તાળું વાસીને પેસી ગયો. એ ખૂની માણસ જીન વાલજિન હતો. અને એ મરેલા માણસના કોટનો ટુકડો આ રહ્યો.' એમ કહી તેણે ખિસ્સામાંથી ભારે દબદબાથી લૂગડાનો એક ટુકડો કાઢ્યો.

'બૅરન સાહેબ, એ મરેલો માણસ કોઈ ભારે તવંગર જુવાન પરદેશી હતો. જીન વાલજિને તેને કશીક જાળમાં ફસાવીને તેની પાસેથી ભારે મોટી રકમ પડાવી હોવી જોઈએ. બોલો સાહેબ હવે તે ખૂની અને ડાકુ ખરો કે નહીં? પછી પોતાનો ગુનો છુપાવવા અને આપના પ્રતિષ્ઠિત ઘરની ઓથે આરામથી રહેવા, તેણે પોતાની મિલકત બેરન સાહેબાને ભેટ કરી દીધી!'

'હું પોતે જ તે મરેલો માણસ છું; અને આ રહ્યો તે કોટ, જેમાંથી તેં કકડો ફાડી લીધો હતો.' એમ કહી મેરિયસે પોતાનો સંઘરી રાખેલો લોહિયાળ કોટ લાવીને તેમાંથી ફાટેલા ભાગ ઉપર થેનારડિયરે આપેલો કકડો બરાબર બેસાડી જોયો.

થેનારડિયર એ જોઈ ઠરી જ ગયો.

મેરિયસ હવે ઉતાવળમાં આવી ગયો હતો. તેણે ઝપોઝપ ખિસ્સામાંથી પાંચસો અને હજાર ફ્રાંકની એક એક નોટ કાઢીને થેનારડિયરના મોં ઉપર પછાડી.

'બદમાશ, હરામી, તું એક નંબરનો જાઠ્ઠો દગાબાજ બેશરમ કુત્તો છે. તું એ માણસને કલંકિત કરવા આવ્યો હતો, પણ તેં તેને દેવ પુરવાર કર્યો છે. તું જ ખરી રીતે ડાકુ છે, ખૂની છે. તેં જ એને લૂંટવા લોઢાની ફરસી તપાવી હતી અને મારાઓ ભેગા કર્યા હતા. તને કાયમની જેલમાં ધકેલી દેવા તથા ફાંસીએ લટકાવવા મારી પાસે પૂરતી સાબિતીઓ

છે. પણ તું આ પંદરસો ફ્રાંક લઈને તારું મોં કાળું કર. વૉટર્લૂ તને બચાવે છે!'

'વૉટર્લૂ?'

'હા, વૉટર્લૂમાં તેં એક કર્નલનું જીવન બચાવ્યું હતું. તું હવે તારું કાળું કર, મને તારું મોં ન બતાવીશ. આ બીજા ત્રણ હજાર ફ્રાંક પણ લે. અને આવતી કાલે તું તારી દીકરી સાથે — કારણ કે તારી પત્ની તો મરી ગઈ છે — અમેરિકા જવા નીકળશે, તો હું તને ૨૦ હજાર ફ્રાંક તારું વહાણ ઊપડશે ત્યારે આપીશ.'

થેનારડિયરને આમાંનું ઘણું જરાય સમજાયું નહીં. પણ તે નોટોના મીઠા ભાર નીચે લદાઈને રાજી થતો થતો ઘર બહાર નીકળી ગયો. આપણે એની વાત અહીં જ પૂરી કરી લઈએ. બે દિવસ બાદ તે અમેરિકા જવા દીકરી સાથે નીકળ્યો, ત્યારે મેરિયસે તેના હાથમાં ન્યૂયોર્કની બેંક ઉપર ૨૦ હજાર ફ્રાંકની હૂંડી મૂકી. પરંતુ ત્યાં જઈને પણ તે બીજો કોઈ સારો ધંધો કરવાને બદલે ગુલામોનો વેપારી જ બન્યો.

થેનારડિયર વાત કરીને ચાલ્યો જતાં તરત મેરિયસ દોડતો દોડતો કોસેટ પાસે ગયો અને ગાંડાની પેઠે તેને એક ઘોડાગાડીમાં ધકેલી ગયો. ઘોડાગાડી પવનવેગે દોડાવી મૂકવામાં આવી.

'કોસેટ! કોસેટ! ભારે ભૂંડી થઈ છે. ભારે ભૂંડી થઈ છે. હું બદમાશ છું, ગધેડો છું. કોસેટ! તારા બાપુજી તો માણસ નથી, દેવ છે. તેં મને કહ્યું હતું કે ગેવ્રોચ મારફત મેં મોકલાવેલો કાગળ તને મળ્યો જ નથી. તે કાગળ જરૂર તારા બાપુજીના હાથમાં ગયેલો. તેમણે તે વાંચીને જાણ્યું કે હું મોરચામાં આત્મહત્યા કરવા જ ગયો છું; એટલે તરત તે દોડતા ત્યાં પહોંચ્યા. પ્રથમ તો જાવર્ટને મૃત્યુના પંજામાંથી

છૂટો કરી, મને બેભાન પડેલો જોતાં ઊંચકીને સુરંગમાં ઊતરી પડ્યા. ઓ બાપરે! કેવી સુરંગ? કેટલા માઈલ તેમાં તે અંધારામાં મને ઊંચકીને ચાલ્યા. એક જગાએ તો તેમાં એવડો મોટો ભૂવો પડેલો છે કે, મોટા પર્વતના પર્વત તેમાં ડૂબી જાય. બાપરે! કોસેટ! કોસેટ! હવે તો ગમે તેમ કરીને તેમને આપણે ઘેર લાવવાના છે. ભલે તે હા કહે કે ના કહે! હવે હું અને તું જીવનની એકે એક મિનિટ તેમના માયાળુ અને વહાલભર્યા ખોળામાં માથું મૂકીને જ 'બાપુજી, બાપુજી,' કહેતાં કહેતાં આળોટ્યા જ કરીશું."

કોસેટ આમાંનું કશું સમજી શકી નહીં. પણ મેરિયસ પોતાના બાપુજીને હવે તેડી લાવવા માટે દોડી રહ્યો છે, એટલું જાણી તેને ઘણો જ આનંદ થયો. મેરિયસના પ્રેમના ભાર નીચે તેને દબાવું પડ્યું હતું; પરંતુ મેરિયસનો પોતાના બાપુજી તરફનો અણગમો તેને કદી ગમ્યો ન હતો.

બારણે ટકોરો મારતાં જ અંદરથી ધીમો અવાજ આવ્યો, 'અંદર આવો.'

બારણું ઊઘડ્યું. કોસેટ અને મેરિયસ બારણામાં દેખાયાં. કોસેટ તો એકદમ દોડી ગઈ; મેરિયસ ડૂસકાં ભરતો બારણા વચ્ચે જ લાકડું થઈ ગયો.

'બાપુજી!' કોસેટ બોલી.

જીન વાલજિન ગળગળો થઈ જઈને બોલ્યો, 'બેટા, કોસેટ! અરે બાનુ! ઓ મારા પ્રભુ! તારો જય!' કોસેટની બાથમાં દબાયેલો તે ધીમે ધીમે તૂટક તૂટક બોલ્યો, 'બેટા તું આવી? તેં ત્યારે મને ક્ષમા આપી ખરું?'

મેરિયસ હવે આંખોમાંથી ઢળી પડતાં આંસુ મહા પરાણે રોકતો, નાનું બાળક પોતાના પિતાના ખોળાના લોભમાં હાથ પહોળા કરીને દોડે તેમ જલદી આગળ ધસ્યો અને મહા પરાણે બોલ્યો, 'બાપુજી!'

'તમે પણ મને ક્ષમા આપો છો? વાહ, પ્રભુ, વાહ, તારી દયા અપરંપાર છે. હું હમણાં જ બે ક્ષણ પહેલાં ભગવાનને દોષ દેતો હતો કે, મને કોસેટ છેલ્લી એક વાર પણ નહીં જ મળે? પણ તું તો બેટા તે વખતે દાદર ઉપર જ હોઈશ. ભગવાનની કૃપા કેવી અપરંપાર છે? હે પ્રભુ!'

કોસેટ હવે જીન વાલજિનની અવદશા જોઈને અકળાવા લાગી. 'બાપુજી, તમે આવા કેમ થઈ ગયા? તમારા હાથ આટલા બધા ઠંડા કેમ લાગે છે? મેરિયસ જુઓ તો ખરા, બાપુજીના હાથ આટલા બધા ઠંડા કેમ છે?'

મેરિયસ કોસેટ કરતાં કંઈક વધુ જાણકાર હતો. તે એ હાથોની ઠંડક અનુભવતાં જ ચોંકી ઊઠયો અને કપાળે હાથ દાબી કંપવા લાગ્યો. 'બાપુજી! બાપુજી! આ શું કરી નાખ્યું?'

જીન વાલજિન શાંતિથી એટલું જ બોલ્યો, 'તમે પણ મને બાપુજી કહો છો? તમે ખરે જ મને ક્ષમા આપી?'

મેરિયસ હવે કોસેટને સંબોધીને ફાટી જતા હૃદયે બોલવા લાગ્યો —

'કોસેટ, બાપુજી મારી ક્ષમા વાંછે છે. અને એમણે મારે માટે શું કર્યું છે તે તું જાણે છે? તેમણે મારી જિંદગી બચાવી અને તને મારા હાથમાં અર્પણ કરી. અને મારું જીવન બચાવીને તથા તને મારા હાથમાં અર્પણ કરીને પછી એમણે શું કર્યું? મારા અને તારા હિતમાં તે પોતાનું અંતર તૂટતું હોવા છતાં દૂર ખસી ગયા. તેમણે પોતાના હૃદયના પ્રેમનું બલિદાન આપણા બેના હિત ખાતર આપ્યું. કોસેટ, બાપુજીના ચરણોમાં આખી જિંદગી ધૂળ થઈને પડચો રહું, તોપણ મારા અંતરને શાંતિ થાય તેમ નથી. તે તો દેવ છે, સંત છે. બીજાને માટે ઘસાઈ છૂટવામાં, બીજાને જીવતદાન દેવામાં, બીજાને મદદ કરવામાં જ તેમણે તેમના મહાન જીવનનો એકેએક શ્વાસ ગાળ્યો છે.'

'બસ, બસ, આવું બધું શા માટે બોલો છો?' જીન વાલજિને ધીમેથી કહ્યું.

'પણ તમે આ બધું મારાથી શા માટે છુપાવ્યું? અને જ્યારે તમે પોતાની કબૂલાતને બહાને મને થોડું ઘણું કહી ગયા, ત્યારે તે તો છેક જ તમારી જાતને ઢાંકી દેવા માટે જ હતું. તમે મારા પ્રત્યે આટલી બધી ક્રૂરતા કેમ દાખવી? બાપુજી, શું હું તમારો છોરુ નથી? તમે મારાથી જ અણછતા રહ્યા? આ દુનિયામાં તમે મને તમને ઓળખવાની અને ચાહવાની તક જ ન આપી!'

જીન વાલજિને તેના તરફ માયાળુપણે ધીમેથી કહ્યું, 'બેટા, હવે હું તને ખરેખર પામ્યો! તે વખતે બધું કહીનેય હું તને જેટલો ન પામત, તેથી વધુ હવે હું તને પામ્યો. પ્રભુએ ખરેખર મારા સામું જોયું.'

પણ જીન વાલજિનના હાથ વધુ ને વધુ ઠંડા પડતા જતા હતા. મેરિયસે હવે તેને ઘેર ઉપાડી જવા ઉતાવળ કરવા માંડી. જીન વાલજિને ફીક્કું હસીને મહામહેનતે કહ્યું, 'બેટા, હવે એની કશી જરૂર નથી. હવે મારી છેલ્લી ઘડી છે. મેં જે પૈસા કોસેટને આપ્યા છે, તે મારી સાચી કમાઈના પૈસા છે. તેમાંનો એક પૈસો પણ હરામનો નથી. તમે લોકો એ પૈસાને હાથ નહોતાં લગાવતાં, તેથી મારું હૃદય કેટલું બધું કપાઈ જતું હતું, તે હું જ જાણું છું; મને મારું આખું જીવન ધૂળ મળ્યું એમ જ લાગતું હતું. મેં એક કાગળમાં એ બધી હકીકત લખી છે. એ કાગળ લખવા જ હું ઊઠયો હતો. પણ હવે બસ.'

આટલું કહી છેવટનું જોર કરતો હોય તેમ તે ઊઠયો અને બિશપની દીવાદાનીઓ બરાબર નજર સામે ગોઠવી. કોસેટનાં નાનપણનાં કાળાં કપડાં તો સામે મૂકેલાં જ હતાં.

જીન વાલજિન હવે ટગર ટગર કોસેટ તરફ જ જોઈ રહ્યો હતો. જાણે પોતાની દીર્ઘ મુસાફરી માટે તેની લાંબી યાદગીરી સાથે લઈ જવા માગતો ન હોય! પછી બંને દીવાદાનીઓ કોસેટને સોંપતાં ડૂબતે અવાજે તેણે કહ્યું, 'બેટા આ બે દીવાદાનીઓ તું સાચવજે. તે ચાંદીની જ છે; પણ મારે માટે સોના કરતાં વધુ કીમતી છે. એ દીવાદાનીઓ મને આપનાર મને સ્વર્ગમાંથી જોતો હશે. મારા જીવનથી મેં તેને સંતોષ આપ્યો કે નહીં તે હું નથી જાણતો. પણ જીવનમાં દરેક પલટા વખતે મેં તેને યાદ કરીને જ તે સંતુષ્ટ થાય એમ વર્તવા પ્રયત્ન કર્યો છે.'

થોડી વારમાં તેના હાથ જોરથી પછડાઈને નીચે પડ્યા. કોસેટ અને મેરિયસ તરત ઘૂંટણિયે પડ્યાં અને માથું નમાવી ડૂસકાં ભરી ભરી રડવા લાગ્યાં.

રાત તારા વગરની ગાઢ અંધારી હતી. પરંતુ એ અંધારામાં આ આત્માને લઈ જવા એક મોટો દેવદૂત પાંખો ફેલાવીને રાહ જોતો ક્યાંક જરૂર ઊભો હતો.



પોલીસ ઇન્સ્પેક્ટર જાવર્ટ. પૃ૦ ૪૦.

તેણે મેરિયસને તેના અજવાળામાં એક બાજુએ ભીંત તરફ સુવાડયો. પૃ૦ ૧૫૨.

શતાબ્દી સમિતિનાં
રસપ્રદ નવાં પ્રકાશનો

सत्याग्रह की मीमांसा [हिंदी] [શ્રી મગનભાઈ દેસાઈની 'સત્યાગ્રહની મીમાંસા'નો હિંદી અનુવાદ]		૧૦૦.૦૦
'ले-मिझेराब्ल' હ્યૂગો [हिंदी] સંપા૦ ગોપાળદાસ પટેલ		૨૫૦.૦૦
'સત્યાગ્રહની મીમાંસા' [વિક્રમ સંક્ષેપ] સંપા૦ ડૉ. રજનીકાન્ત જોશી		૧૦.૦૦
માતૃભાષાના હિમાયતી મગનભાઈ દેસાઈ સંપા૦ બિપિન આઝાદ		૧૦.૦૦
વિચાર-માળા ['સત્યાગ્રહ'માંથી સંકલિત] સંકલનકાર: કમુબહેન પુ૦ છો૦ પટેલ		૧૦.૦૦
આત્મ-શોધનમાળા [ડાહ્યા પુરુષોનાં સુવાક્યો] સંકલનકાર: કમુબહેન પુ૦ છો૦ પટેલ		૧૦.૦૦
એક ઝલક – આરોગ્ય-વિજ્ઞાનની [ડૉ. એમ. એમ. ભમગરાનાં લખાણોમાંથી સંકલિત] સંપા૦ ગોપાળદાસ પટેલ		૧૦.૦૦
યોગ અને સાચું પર્યાવરણ [ડૉ. એમ. એમ. ભમગરાનાં લખાણોમાંથી સંકલિત]		૧૦.૦૦
માતૃભાષામાં ન્યાય સંપા૦ જીવણલાલ ગીરધરલાલ શાહ		૧૦.૦૦
સરસ્વતીચંદ્ર [વિક્રમ સંક્ષેપ] સંપા૦ ગોપાળદાસ જીવાભાઈ પટેલ		૫૦.૦૦
'લે મિઝેરાબ્લ' [વિક્રમ સંક્ષેપ] સંપા૦ ગોપાળદાસ જીવાભાઈ પટેલ		૫૦.૦૦
શ્રીકૃષ્ણાર્જુન-સંવાદ અથવા બુદ્ધિયોગ ૩-૪ નિવેદક: મગનભાઈ દેસાઈ		૧૦૦.૦૦
જ્ઞાની ભક્તની પ્રતિભા લેખક: મગનભાઈ દેસાઈ [શ્રીમદ્ રાજચંદ્રનું જીવનચરિત્ર]		૫૦.૦૦

પ્રાપ્તિસ્થાન

નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ-૧૪

શાળા-કૉલેજનાં
પુસ્તકાલયોમાં વસાવવા લાયક પુસ્તકો

'લે-મિઝેરાબ્લ' (વિક્રમ સંક્ષેપ)	૧૦૦.૦૦
હૃદયપલટો ('રિઝરેક્શન'નો સંક્ષેપ)	૧૦૦.૦૦
પિકનિક ક્લબ (ડિકન્સ કૃત નવલકથા)	૧૦૦.૦૦
ડોમ્બી ઍન્ડ સન (ડિકન્સ કૃત નવલકથા)	૧૦૦.૦૦
પ્રીત કિયે દુઃખ હોય (સ્કૉટ કૃત કેનિલવર્થ)	૧૦૦.૦૦
જુગારીની દુહિતર (ધી ઑલ્ડ ક્યુરીયોસીટી શોપ)	૧૦૦.૦૦
અદાલતી ન્યાય (ડિકન્સ કૃત 'બ્લીક હાઉસ')	૧૦૦.૦૦
આત્મ-બલિદાન (ધ બૉન્ડ મૅન)	૧૦૦.૦૦
ઈવાન હો (વૉલ્ટર સ્કોટ કૃત)	૧૦૦.૦૦
હિંમતે મર્દા (ક્વેન્ટિન ડરવાર્ડ)	૧૦૦.૦૦
સરસ્વતીચંદ્ર (સંપાદક : ગોપાળદાસ પટેલ)	૫૦.૦૦
સત્યાગ્રહની મીમાંસા (ડૉ. રજનીકાન્ત જોશી)	૧૦.૦૦
હિંદની અંગ્રેજ વેપારશાહી (સંપાદક : વિદુલા જોશી)	૧૦.૦૦
આત્મ-શોધનમાળા (સંપાદક : કમુબહેન પુ. છો. પટેલ)	૧૦.૦૦
કુદરતની કિતાબ ('સોઈલ ઍન્ડ હેલ્થ'નો સંક્ષેપ)	૧૦.૦૦

પ્રાપ્તિસ્થાન

વિશ્વ સાહિત્ય અકાદમી
૧૭૦, સત્યાગ્રહ છાવણી, સેટેલાઈટ,
અમદાવાદ : ૩૮૦ ૦૧૫.
ફોન : ૬૭૫૧૫૦૧, ૬૭૪૬૫૭૮,

અમૃતા પ્રકાશન
સી-૫, ઓજસ એપાર્ટમેન્ટ,
નહેરુનગર ચાર રસ્તા,
અમદાવાદ : ૩૮૦ ૦૧૫.
ફોન : ૪૦૬૧૯૭